# શ્રીસંખેશ્વર-પાર્શ્વનાથ.

પ્રકાશક,

જૈન સસ્તી વાંચનમાળા.

ભાવનગર.

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

શ્રી જૈનસસ્તી વાંચનમાળા નં. ૧૨.

શ્રી

# સંખેશ્વર-પાર્શ્વનાથ.

લેખક,
મણીલાલ ન્યાલચંદ શાહ.

પ્રકાશક,
જૈનસસ્તી વાંચનમાળા—ભાવનગર.

વીર સં. ૨૪૫૧ વિક્રમ સં. ૧૯૮૧

કિં. રૂા. ૧-૮-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રેમોપહાર.

શ્રીમાન્ ______________________

______________________

______________________

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

પ્રકાશકે—સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# સમર્પણ.

અનેક ગુણસમૂહ વિભૂષિત પ્રાતઃસ્મરણીય શાન્તત્વાદિ ગુણ-ગણાલંકૃત મુનિમહારાજ **શ્રી વિનયવિજયજી** મહારાજજીના સુશિષ્યરત્ન પૂજ્યપાદ્ પન્યાસજી મહારાજ **શ્રી ભક્તિવિજયજી** મહારાજશ્રીના પવિત્ર કરકમળમાં—

આપના જેવા શાંત, સરલ અને ક્રિયાપાત્ર મુનિવર કે જેમણે જંબુસ્વામીની જેમ સપત્નિ અને સહબંધુ તેમજ તેમનાં પત્નિ ચારે જણને સાથે દિક્ષા લેવાનો અમુલ્ય પ્રસંગ સાધી લીધો છે. એ બતાવે છે કે ધર્મ પ્રત્યેની ઉંડી ધગશ અને ચારિત્ર તરફનો પૂર્ણ પ્રેમ-દ્રઢતા આપની રગેરગે વ્યાપેલો છે. આવા દૃષ્ટાંતો પૃથ્વીના ઇતિહાસે વિરલ છે.

આપના અમુલ્ય વચનામૃત સદુપદેશથી ઘણા જૈન ગૃહસ્થો ધર્મ અને નીતિને પંથે વળ્યા છે અને તેમાં પણ રાધનપુર ઉપર તો આપનો મહદ્ ઉપકાર છે.

એવા ! આપશ્રીના અનેક અકથ્ય ગુણોથી આકર્ષાઇ **શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ** ચરિત્રનું પુસ્તક આપને સમર્પી કૃતાર્થ થાઉં છું.

લી. ચરણરજ.

**અચરતલાલ.**

# આભાર.

—•—

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજશ્રીના
સુશિષ્યરત્ન પૂજ્યપાદ્ પ્રાતઃસ્મરણીય પન્યાસજી મહારાજશ્રી
**ભક્તિવિજયજી** મહારાજશ્રીના સદુપદેશથી ભાણવડ-
વાળા **મેતા વશનજી હીરજી**ની વીધવા બાઇ **પુરી-**
**બાઇએ** પોતાના પતિની યાદગીરી નીમિત્તે આ
પુસ્તકની પ્રથમથી બસો નકલના ગ્રાહક થઇને
અમારા આ કાર્યને સહાનુભૂતિ આપી છે
તે માટે ઉક્ત **મહાત્માશ્રીનો** અને
બાઇ **પુરીબાઇ**નો અમો
આભાર માનીએ
છીએ.

લી. પ્રકાશક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમણિકા.

## ખંડ ૧ લો,


| નંબર. | | | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|---|
| પ્રકરણ | ૧ | લું | નમિ વિનમિનું પ્રત્યાગમન | ૧ |
| ,, | ૨ | જું | પરિવર્ત્તન | ૬ |
| ,, | ૩ | જું | નાગરાજ | ૧૨ |
| ,, | ૪ | થું | વિદ્યાધરનું ઐશ્વર્ય | ૧૮ |
| ,, | ૫ | મું | શ્રી પાર્શ્વનાથ | ૨૪ |
| ,, | ૬ | ઠું | ઇતિહાસ પરિચય | ૩૨ |
| ,, | ૭ | મું | નમિ વિનમિની દિક્ષા | ૪૭ |


## ખંડ ૨ જો


| | | | | |
|---|---|---|---|---|
| પ્રકરણ | ૧ | લું | મગધરાજ જરાસંધ | ૫૫ |
| ,, | ૨ | જું | યાદવોની છાવણીમાં | ૬૦ |
| ,, | ૩ | જું | યુદ્ધની તૈયારી વચ્ચે | ૬૫ |
| ,, | ૪ | થું | પરિચય | ૭૦ |
| ,, | ૫ | મું | યુદ્ધની શરૂઆત | ૮૦ |
| ,, | ૬ | ઠું | યુદ્ધનો ત્રીજો દિવસ | ૮૬ |
| ,, | ૭ | મું | જરા નિવારણ-તપ આરાધન | ૯૨ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

,, ૮ મું નાગેંદ્ર સભામાં ખળભળાટ ૯૮
,, ૯ મું શ્રી પાર્શ્વનાથનો પ્રભાવ ૧૦૩
,, ૧૦ મું યુદ્ધનો છેલ્લો દિવસ ૧૦૭
,, ૧૧ મું છેવટ ૧૧૧

## ખંડ ૩ જો.

પ્રકરણ ૧ લું દંડનાયક ૧૧૪
,, ૨ જું રા' સાથે કારભારીની મસલત ૧૧૯
,, ૩ જું હકુમત મંજૂર ૧૨૩
,, ૪ થું શ્રી નેમનાથનાં દર્શન ૧૨૯
,, ૫ મું તીર્થોદ્ધાર ૧૩૪
,, ૬ ઠું કર્ણદેવની કર્ણાવતી ૧૩૮
,, ૭ મું પ્રતિષ્ઠા મહોત્સવ ૧૪૩

## ખંડ ૪ થો.

,, ૧ લું ગુજરાતનો મહા અમાત્ય ૧૪૬
,, ૨ જું શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ ૧૫૧
,, ૩ જું વસ્તુપાલ–તેજપાલનું પરાક્રમ ૧૫૫
,, ૪ થું જૈનોની છેલ્લી જ્યોતિ ૧૬૩
,, ૫ મું શ્રી વર્ધમાનસૂરિ ૧૬૭
,, ૬ ઠું સુભટશાહ ૧૭૦
,, ૭ મું ઇતિહાસ પરિચય ૧૭૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ખંડ ૫ મો.


| | | | | |
|---|---|---|---|---|
| પ્રકરણ | ૧ | લુ | દુર્જનશલ્યનું સૂર્યારાધન | ૧૮૦ |
| ,, | ૨ | જું | સૂર્યદેવની નિર્બળતા | ૧૮૩ |
| ,, | ૩ | જું | શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ | ૧૮૭ |
| ,, | ૪ | થું | ઈષ્ટ ફલની સિદ્ધિ | ૧૯૦ |


## ખંડ ૬ ઠો.


| | | | | |
|---|---|---|---|---|
| પ્રકરણ | ૧ | લું | ઔરંગઝેબનુ શાસન | ૧૯૪ |
| ,, | ૨ | જું | સુબાગિરીની અંધીમાં | ૧૯૬ |
| ,, | ૩ | જું | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર | ૧૯૯ |
| ,, | ૪ | થું | શાહજાદો અને નગરશેઠ | ૨૦૩ |
| ,, | ૫ | મું | બદલામાં | ૨૦૭ |
| ,, | ૬ | ઠું | શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ | ૨૧૦ |
| ,, | ૭ | મું | શ્રી સંખેશ્વર તીર્થપર ધાડ | ૨૧૪ |


## ખંડ ૭ મો.


| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૧ | લું | શ્રી પાર્શ્વનાથને શરણે | ૨૧૭ |
| ,, | ૨ | જું | શ્રી યશોવિજયજી ઉપાધ્યાય | ૨૨૧ |
| ,, | ૩ | જું | ખેડામાં વ્યાખ્યાન | ૨૩૦ |
| ,, | ૪ | થું | જાગતો પ્રભાવ | ૨૩૫ |
| ,, | ૫ | મું | શીઘ્રકવિ ઉદયરત્નજી | ૨૩૯થી ૨૪૫ |


P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

પુસ્તકનાં આરંભમાં પ્રસ્તાવના હોય, તેમ પ્રભુની સમક્ષ તો પ્રેમભર્યું અર્ધ્ય જ શોભે. જીવનભર ઉંઘ્યા પછી આંખો ચોળીને ઉઠતાં પૂર્વાવસ્થાની કંગાલીયત્ સ્થીતિ તરફ કંટાળો ઉપજે અને કાંઈ ' નવીન ' કરવા મન તલ્પે તે નવીનતાનું તત્વ જેમાંથી ઉદ્ભવે છે તેને વિશ્વના વિદ્વાનો " પ્રભુતા " કહે છે.

શરીર પર વૈભવ, વિલાસ, સત્તા, ખુમારી, હુંપદ અને સ્વાર્થાંધતાનો કચરો જામ્યો છે. આદર્શની સંધ્યા આવી પહોંચી છે. આત્મમંદિરમાં રણકાર કરી સચેત બનાવતો ઘંટાનાદ બંધ પડ્યો છે અને એદીના જેવું મુફલીસ મન " નાસ્તીકવાદ " તરફ દોડી જાય છે, ત્યારે આ પુસ્તક તેમના જીવનમાં એક ક્રાન્તિકારક મશીનના સ્વરૂપમાં રગે રગે પોતાનો વિદ્યુત્ પ્રવાહ ભરીને લક્ષ્મીની સાર્થકતા, સાદાઈ, પરોપકારવૃત્તિ, આદર્શ જીવન, ઉદ્યોગલીલા અને પ્રભુતાઇ સિદ્ધ કરવા હાજર થાય છે.

પુસ્તકનું નામ—" સંખેશ્વર પાર્શ્વનાથ " આ જીન પ્રતિમા ક્યારથી પ્રગટ થઇ, ક્યાં ક્યાં ફરી, કોણે કોણે પૂજી, ક્યાં ક્યાં તેનાં ચમત્કારો જગતે અનુભવ્યા અને તેનો ઉદ્ધાર કયા કયા મહાનુભાવોએ ભક્તિના પુરમાં તણાઇને કર્યો ? તેનું સવિસ્તર બ્યાન મધમાખોની માફક જ્યાં ત્યાંથી મળી શક્યું તેટલું સંચય કરીને વાંચકગણ સમક્ષ પીરસવાનો અલ્પ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક લખવામાં મુખ્ય પણે ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર, શત્રુંજય મહાત્મ્ય, હિરસૌભાગ્ય કાવ્ય, પ્રબંધ ચિંતામણી રાસમાલા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુપાળ ચરિત્ર, જૈન ઇતિહાસ આદિ અનેક ઐતિહાસિક પુસ્તકોનો આશ્રય લેવામાં આવ્યો છે.

જેમાં ખાસ કરીને અવસર્પીણી કાલને આશ્રયીને પહેલા આરાથી લઇને અત્યાર સુધીનું ઐતિહારીક વૃતાન્ત રજુ કર્યું છે.

આ પુસ્તકનું આંતરપટ નિહાળતાં જણાઇ આવશે કે સંખેશ્વર પાર્શ્વનાથની ખ્યાતિ જેમ જેમ લોકગણુ વચ્ચે પ્રસરતી ગઇ તેમ તેમ્ તેમના જીવતા-જાગતા ચમત્કારો જોવા અનેક ભક્તજનોએ છેલ્લી સદીઓમાં પણ આરાધન કરીને પ્રત્યક્ષ ફળ મેળવ્યા છે.

એ પ્રભુને મન કોઇને "બચાવવા" નું કે "સંહાર" કરવાનું હોતું નથી. એ તો નિરાગી-અને નિસ્પૃહિ ! છતાંય અનેક ભક્તજનોનુ "ભલું" કરવાની તેને શી પંચાત પડી હશે ? આ પ્રશ્ન આપણુને સ્વાભાવિક થાય. હા ! પ્રભુને કોઈના પર રાગ નથી કે દ્વેષ નથી. પરંતુ એવા નિષ્ક્રીય મહાન્ પ્રભુ તરફ વંદન કરી રહેલા દેવતાઓ એ "પ્રભુને નામે" પ્રભુનું મહાત્મ્ય વધારવા ખાતર પોતાની દેવતાઇ શક્તિનો ઉપયોગ કરી ભકતવૃંદને મનોવાંચ્છીત ફળ આપી ફરજથી મુકત થતા સમજે છે. એવી અનંત કાળ જૂની મહાન્ પ્રભાવીક ચમત્કારીક સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા હજારો-લાખો વર્ષોથી ઘણાય પાવન આત્માઓથી પૂજાતી આજ પણ આપણી સન્મુખ ખડી છે.

વાચક બંધુઓ ! ચાલો, તૈયાર કરેલો હૃદયનો ભક્તિરસ રૂપ અર્ઘ્ય લઇને એમનાં ચરણમાં નમી પડી જીવન કૃતકૃત્ય કરીને આત્મામાં અજવાળાં પ્રસરાવીએ ! આવશોને ? પ્રેમભર્યું આમંત્રણ છે.

પ્રકાશક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આત્મકલ્યાણ અર્થે—

# નવસ્મરણ ગુજરાતીમાં.

## મોટા શુદ્ધ અક્ષરમાં.

ખીસામાં કે પૂજાની પેટીમાં રાખી શકાય તેવું નાની સાઈઝનું સુંદર જોતાંજ મનને આનંદ થાય તેવું અને નવસ્મરણ ઉપરાંત બીજાં સ્તોત્રો, છંદો અને રોજ સ્મરણ કરવા માટેની ઉપયોગી બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે; કાગળ ઉંચા અને બાઇડીંગ પણ સારૂં કરવામાં આવેલ છે. દરેકને સગવડતા રહે માટે કિં. ૦–૪–૦ સો નકલના રૂા. ૨૦)

—•—

## તમને મન ભાવતું.

શુદ્ધ, સુંદર, પોકેટ સાઈઝમાં મોટા ટાઇપમાં સારા કાગળ અને પાકું રેશમી પુંઠું. જ્યાં જાઓ ત્યાં તમારી આવશ્યક ક્રિયા કરી શકો તે માટેજ અને ખીસામાં કે નાની પેટીમાં (પુજાની સામગ્રી સાથે) રાખી શકો, વળી જોતાંજ મનને આનંદ થાય તેવું સુશોભિત—

## પંચ પ્રતિક્રમણ સૂત્ર સંપૂર્ણ.

કે જેમાં વિવિધ અને પ્રસિદ્ધ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, **શ્રી ગૌતમ સ્વામીનો રાસ, છંદો, નવ સ્મરણ** વિગેરે અને તે ઉપરાંત જરૂરી સ્તોત્રો, રત્નાકર **પચીશી**, નવપદ ભાવના આટલી બાબતોનો સંગ્રહ કરીને આ પુસ્તક છપાવવામાં આવેલ છે. પૃષ્ટ ૩૦૦ ઉપરાંત છતાં કિંમત ૦–૧૦–૦ પચાસ નકલ સાથે મંગાવવાથી રૂા ૨૫) માં મળશે.

લખોઃ—**જૈન સસ્તી વાંચનમાળા**

**રાધનપુરી બજાર—ભાવનગર.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી

# સંખેશ્વર પાર્શ્વનાથ.

## ખંડ ૧ લો

### પ્રકરણ ૧ લું

#### નમિ વિનમિનું પ્રત્યાગમન.

માતૃભૂમિનાં આંગણે પાછા ફરતા જંગલની ઝાડીઓ-માંથી પસાર થતાં બે મુસાફરો આનંદભેર ચાલ્યા આવે છે.

"બંધો! આજે આપણે ઘણે દિવસે આપણાં વતન તરફ જઇએ છીએ, તેથી કેટલો બધો હર્ષ થાય છે? વિનિતા તરફ કદમ લંબાવવાને હૈયું હર્ષથી ઉભરાય છે," માર્ગે ચાલતાં બંને મુસાફરોમાંથી એકે બીજાને કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" હા, ભાઈ! એ તો સ્વાભાવીક છે. લાંબી મુસાફરીને અંતે દેશમાં જઈ પોતાના વ્હાલા માતાપતાને મળવાને કોને હર્ષ ન થાય? અરે, પશુ પક્ષીઓ પણ પોતાના પરિવારને મળીને આનંદ પામે તો આપણને કેમ ન થાય?" તેના સાથીદારે કહ્યું.

"અહો! બંધો, આપણાં માતાજી પિતાજી અને પિતામહ વગેરે શું કરતા હશે? પિતામહ તો દુનીયામાં એક સર્વોત્તમ પુરૂષોત્તમ છે. આ ભરતક્ષેત્રમાં એમનાથી બીજો કોણ અધિક છે?" પહેલા રાજકુમારે કહ્યું.

" આપણા પૂજ્ય પિતામહે આપણ બન્નેને દૂર દેશાવર મોકલ્યા. ખરે તે આપણાં અહોભાગ્ય છે."

" એમાં પણ પિતામહનો કાંઈક સંકેત હશે, વડીલો જે કરતા હશે તે ઠીકજ હશે."

" બેશક! આ ભરતક્ષેત્ર હંમેશ તેમના આભારતળે રહેશે તો પછી આપણી તો વાત શી? આ ભરતક્ષેત્રમાં પિતામહજ પ્રથમ રાજા થયા છે. યુગલિક ધર્મ (વ્યવહાર રહિતપણું) નિવારીને વ્યવહારનીતિ, રાજ્યનીતિના આદ્ય પ્રરૂપણા કરનાર તરીકે જગજાહેર થયા છે."

" હા? કાળના પ્રભાવે કરીને કહે છે કે કલ્પવૃક્ષો અદૃશ્ય થવા લાગ્યાં, અને જે હતાં તે પણ રીતસર ફળવા ન લાગ્યાં, ત્યારે ખાધા પીધા વગર અસંખ્ય મનુષ્યો દુ:ખી થવા લાગ્યાં, તેમના ઉપકારની ખાતર વ્યવહારનીતિ પ્રવર્ત્તાવી, આપસ આપસના ઝઘડા નિવારવાને રાજ્યનીતિ ચલાવી."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જોયુંને! અવસર્પીણી (ઉત્તર) કાલનો કેવો પ્રભાવ છે? જમીનમાં સાકર જેવી મીઠાશ હતી. પાણીમાં અમૃત જેવો આસ્વાદ હતો, તેમજ વનસ્પતિમાં પણ રહેલી અતુલ મીઠાશ આજે અનુક્રમે કેવી ઓછી થતી જાય છે? વિધિનું વિધાન તો કંઇ નિરાળુંજ જણાય છે."

"પિતામહની પહેલાનાં મનુષ્યો સરળ, ભોળાં અને અલ્પ વિષય કષાયવાળાં હોવાથી કલ્પવૃક્ષો મોં માગ્યાં ફળ દેતાં હતાં; પરન્તુ કાળના દોષે કરીને એ યુગલિક (જંગલી) મનુષ્યોમાં વિષય કષાયની વૃધ્ધિ થતી ગઇ. તેમ કલ્પવૃક્ષના અધિષ્ઠાયક દેવતાઓ તેમનો અનાદર કરવા લાગ્યા. એવા વિપત્તિના સમયમાં ભરતક્ષેત્રને કોઇ ઉત્તમ પુરૂષની જરૂર હતી. તે શ્રી રૂષભદેવે (પિતામહે) તે ખોટ પૂરી કરી. જગતની વ્યવહાર રચનાને ક્રમસર ગોઠવી, પુરૂષોને બહોંતેર અને સ્ત્રીઓને ચોસઠ કળા શિખવીને રાજ્યનીતિ શરૂ કરી."

"તેથીજ આખું જગત્ આજે પિતામહને એક પ્રભુ તરીકે પૂજી રહ્યું છે. જ્યાં ત્યાં તેમના ગુણાનુવાદ કરી રહ્યું છે. જો જો તેથી આજે વિશ્વનું બંધારણ કેવું નિયમિત થઇ ગયું છે.?"

"પિતામહને રાજ્ય કરતાં આજે (ચોરાસી લાખ ને ચોરાસી લાખે ગુણવાથી જે આંક આવે તે પૂર્વ કહેવાય છે.) ત્રેસઠ લાખ પૂર્વ વરસ વીતી ગયાં, વ્યવહાર ધર્મની કેવી આબાદિ ચઢતી અને ઉન્નત્તિ થઇ ગઇ?"

"આજે દુનિયામાં રાજા કહો, ભગવાન કહો, કે સર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શક્તિમાન ઈશ્વર કહો, કે ગમે તે કહો. પણ આખા ભારતવર્ષ ઉપર એક રૂષભદેવનુંજ અમોઘ શાસન ચાલે છે. બીજા અનેક રાજાઓ તેમના ચરણનું પૂજન કરીનેજ સુખમાં મહાલે છે."

આ પ્રમાણે વાતો કરતા કરતાં બન્ને તરૂણ મુસાફરો દૂર દેશાવરથી પોતાના વતન આવતાં રસ્તો કાપે છે. તે મુસાફર રાજકુમારો બીજા કોઇ નહી, પણ વિશ્વના આદ્ય પુરૂષ રૂષભદેવના પુત્ર કચ્છ અને મહાકચ્છના પુત્ર નમિ અને વિનમિ હતા. વિનયવાન અને સરળ પ્રકૃતિના ભગવાનના તે પૌત્રો રૂષભદેવના હુકમથી દેશાવર ગયા હતા. ત્યાંથી રૂષભદેવનું ફરમાન યથાવસ્થિત પણે બજાવી પાછા ફરતાં હતાં.

આપણી આ વાર્ત્તાનો સમય ઘણોજ પ્રાચિન જણાય છે. નમિવિનમિ રાજકુમારો અને વર્ત્તમાન સમયના વચલા ગાળામાં ચાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમથી અધિક સમય વ્યતીત થઈ ગયો છે, એટલે આ અવસર્પીણી કાલના આરાને અંતે શ્રી રૂષભદેવ પ્રથમ રાજા થયા. તેમના મોક્ષગમન પછી લગભગ સાડાત્રણ વર્ષે બેંતાલીશ હજાર વર્ષે ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો ચોથો આરો બેઠો, તે પૂર્ણ થયો, ને આજે પાંચમા આરાનાં પણ લગભગ ૨૪૫૦ વર્ષ વીતી ગયાં. એટલે પ્રસ્તુત વૃત્તાંત યુગના આદિમાં થયેલા રૂષભદેવ–પહેલા રાજા અને પ્રથમ તીર્થંકરના સમયનું છે. રૂષભદેવને ભરત બાહુબલી આદિ સો પુત્રો હતા. તેમજ પુત્ર પૌત્ર વગેરે અગણિત પરિવાર હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતા, પિતામહ આદિને ઘણે દિવસે મળવાના ઉત્સાહ-થી બળવાન યોધ્ધા જેવા નમિ–વિનમિ રાજકુમારો વાયુવેગે વિનિતા તરફ ધસ્યા જતા હતા. પરંતુ માણસ કંઇ ચિંતવે છે ને શુંય થાય છે! જંગલના ભયંકર પ્રદેશોમાં સિંહ જેવા, દુનીયાને તૃણુ સમાન લેખતા તે બન્ને બાંધવો પિતામહનોજ વિચાર કરતા નિર્ભયપણે હાથમાં ખડ્ગ ધારણ કરીને ચાલ્યા જતા હતા.

“ બંધુ ? આજે આટલી ત્વરાએ આપણે દેશ તરફ જ-ઇયે છીએ છતાં મને લાગે છે કે માર્ગમાંજ આપણી આશા ભંગ થઇ જશે ! આપણે વિનિતા નગરીએ પહોંચશું કે કેમ, એ દૈવ જાણે ” વિનમિએ નમિને કહ્યું, તેનું હ્રદય કંઇક ખિન્ન થયું હતું.

“ ભાઇ ! તને એમ કહેવાને શું કારણ છે ? ” નમિએ ઇંતેજારીથી પૂછયું.

“ મારૂં વામ નેત્ર કોણ જાણે આટલું બધું કેમ ફરકી રહ્યું છે ?

“ જવાદે એ ચિંતા ! પિતા પિતામહો અને બંધુના પરાક્રમો શું ભૂલી ગયો ? આપણું અનિષ્ટ કોણ કરી શકે તેમ છે. ? વાઘ્રની ગુફામાં બકરૂં શું પ્રવેશી શકે છે ? ”

“ હશે ભાઇ ! જે થવાનું હશે તે થશે, પણ આવા અઘોર જંગલમાં વનવાસી પશુઓના ભયથી આપણે સંભાળીને ચાલવું જોઇશે. ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" રે ! તેનો ઈન્સાફ તો આ ખડ્ગજ કરશે "

" પણ, હજુ આપણી વિનિતા દૂર જણાય છે. જો જો રસ્તો તો બરાબર છે ને ? "

" હા ! આજ રસ્તો વિનિતા નગરી તરફ જાય છે, તો આ વનમાંથી બહાર નિકળ્યા પછી જણાશે કે વિનિતા હવે કેટલીક દૂર હશે ? "

આ બન્ને જણા વાતો કરતા ચાલ્યા જતા હતા, ત્યાં કોઈ દિવસે નહી જોયેલાં એવાં વિચિત્ર મનુષ્યો તેમણે છેટેથી જોયાં, તેથી ત્વરાથી બન્ને જણ તેમની પાસે આવ્યા.

# પ્રકરણ ૨ જું.

## પરિવર્તન.

નમિ–વિનમિ જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ તેમને લાગ્યું કે એ કોઈ જંગલી મનુષ્યો છે. તેમણે ભીલ્લ લોકો જેવાં વલ્કલ પહેરેલાં છે, મસ્તકે જટાઓ વધારેલી છે, પૂર્વે તેમણે આવો વેશ કદિ જોયેલો નહી હોવાથી તેમને ઘણીજ અજાયબી લાગી, કેમકે રૂષભદેવ ભગવંતે જગતને સર્વે કળાઓ શિખવી હતી, વ્યવહાર ધર્મની સર્વે કળાઓ, રૂઢિયો તેમણે પ્રચલિત કરી હતી રાજ્યધર્મના, નીતિધર્મના અને ગ્રહસ્થને ઉપયોગી સર્વે ધર્મોના મર્મો તેમણે પ્રગટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી જગતને પીરસ્યા હતા, પણ સાધુ ધર્મનું સ્વરૂપ હજી પ્રગટ કરવામાં આવ્યું નહોતું. ધર્મનું સ્વરૂપ તો પોતે દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારેજ પ્રગટ કરવાનું હતું. તેથી ધર્મ કે ત્યાગ અથવા સાધુ વગેરેનું શું સ્વરૂપ હશે તે લોકો સમજી શકતા નહી, પણ હરેક પ્રયત્ને રાતદિવસ તેઓ માત્ર એક રૂષભદેવનુંજ સ્મરણ કરતા. ચાહે તો સ્નેહથી હો વા તો ઉપકારના ગુણથી કે પોતાના આંતરિક ઉલ્લાસથી, પણ સર્વે કોઇ રૂષભદેવનું ધ્યાન કરતા, તે સિવાય રૂષભદેવના રાજકાળમાં આ સમયના મનુષ્યો બીજું કાંઇ ધર્મકર્મ કરી શકતા કે સમજી શકતા નહી, જેથી નમિ–વિનમીને આવા વિચિત્ર વેશવાળા મનુષ્યોને જોઇને આશ્ચર્ય લાગે તેમાં નવાઇ જેવું કાંઇ નહોતું.

ત્વરાથી ચાલતાં તેઓ છેક નજીકમાં આવ્યા. તો નમિ–વિનમિએ તે ટોળામાં પોતાના પિતા કચ્છ, મહાકચ્છને પણ એજ સ્થીતિમાં જોયા. ત્યારે તેઓ ઘણાંજ અજાયબ થયા " અહો ? આ શું !"

કચ્છ મહાકચ્છે નમિવિનમીને પોતાની સમીપે ઉભેલા જોઇને તેમને ઓળખ્યા. તેઓ તેમની સ્હામુંજ જોઇ રહ્યાં.

"રૂષભદેવ જેવા સાર્વભૌમ રાજાના પુત્રોની આ દશા ?"

નમિ–વિનમિએ પોતાના પિતાને ઉદ્દેશીને કહ્યું.

" પુત્રો ! તમે કાંઇ નવીન વાત જાણો છો કે માત્ર અમને જોઇનેજ આમ એકદમ બોલો છો. ?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"કેમ, વળી શું નવીન કાંઇ બન્યું છે કે!" પુત્રોએ પૂછયું.

નમિ–વિનમિને કાંઇ ખબર નથી કે પોતાના પિતા સાધુ થયા છે. જેથી અજ્ઞાનતાથી તેઓ ચિંતવવા લાગ્યા કે અહો! અંગને ધારણ કરવા યોગ્ય ઝીણાં સુકોમલ વસ્ત્રોને મુકીને આવાં વલ્કલ શાને? સુગંધી પુષ્પોથી ગુંથેલા કેશકલાપ કયાં, ને આ વટવૃક્ષના જેવી લાંબી જટાઓ કયાં? હાથીઓના મસ્તક ઉપર બેસીને ખેલવાનું કયાં, ને આ પગપાળા જંગલમાં ભટકવાનું કયાં?" આમ અનેક પ્રકારે વિચાર કરતાં તેઓ પોતાના પિતાને નમસ્કાર કરવા લાગ્યા.

"પુત્રો! ભગવાન રૂષભદેવ પ્રભુએ રાજ્યપાટ છોડી દઇ ભરતાદિક સર્વ પુત્રોને પૃથ્વી વહેંચી આપી છે. પછી ભગવાનના સાથે અમે ચારહજાર રાજાઓએ સાધુપણું અંગીકાર કર્યું હતું. પણ ક્ષુધા, તૃષા, શીત અને આતાપથી પીડા પામીને અમોએ વ્રત છોડી દીધું છે. પ્રભુની પ્રમાણે વર્ત્તવાને સમર્થ નહિં હોવાથી ગૃહસ્થપણું અંગીકાર ન કરતાં આ તપોવનમાં આવીને કંદમૂળનો આહાર કરી આ દશામાં અમે વસીયે છીએ." તેમના પિતાઓએ જવાબ આપ્યો.

"પરંતુ પિતાજી! પિતામહે રાજ્યનાં ભાગ પાડી સૌ સૌને વહેંચી આપ્યા. ત્યારે અમારો ભાગ કોને આપ્યો છે?"

"પુત્રો ભરત પાસે જાઓ, તે તમને યોગ્ય લાગશે તે આપશે."

"પ્રભુ હયાત છતાં અમે કદાપિ ભરતની સેવા કરશું

નહીં, અમે તો પ્રભુ પાસેથીજ અમારો ભાગ મેળવી લઇશું, માટે અમે પણ પિતામહ પાસેજ હવે જઇશું "

એમ કહીને તરતજ ત્યાંથી વિનિતાનો માર્ગ છોડીને જે રસ્તે પ્રભુ રૂષભદેવ એકાકી ત્યાગીપણે દીક્ષા લઇને વિહરતા હતા, ત્યાં ફરતાં ફરતાં કેટલેક દિવસે ભગવંત સમીપે આવ્યા, રૂષભદેવના સમયના મનુષ્યો ( જીવો ) ઋજુ–જડ હોવાથી ભગવંત હવે તો પરિગ્રહ રહીત થયા છે. બાહ્ય સંસારની સર્વ પ્રવૃત્તિઓ જેમણે ત્યાગ કરેલી છે, એવા મમતારહીત પ્રભુની પાસે આવીને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા "હે ભગવંત ! આપે અમને બન્નેને દૂર દેશાંતર મોકલીને પાછળથી ભરત વગેરેને બધી પૃથ્વી આપી દીધી ! ને અમને તસુભર પૃથ્વી પણ આપી નહી, માટે હે સ્વામિન્ ! અમને કૃપા કરીને રાજ્ય આપો ! અમોએ આપનો શો અપરાધ કર્યો છે કે અમને આમ રખડતા મૂકો છો ?"

નમિ--વિનમીની વિનંતિ સાંભળ્યા છતાં પરિગ્રહ રહીત એવા ભગવંત તો મૌન રહી પ્રતિમારૂપે ધ્યાનમાં ઉભા હતા. દીક્ષા ગ્રહણ કર્યા પછી તીર્થંકરો સંસારની કોઇ પણ ઉપાધિમાં પડતા નથી. દીક્ષા ગ્રહણ કરીને તપમાં કાઉસગ્ગમાં તે મૌનાવસ્થામાંજ પોતાનો સમય પ્રમાદ રહીતપણે વ્યતીત કરીને શેષ રહેલાં સર્વે ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. ત્યારપછીજ ભવ્યજીવોને પ્રતિબોધ આપીને ધર્મ સ્થાપવાને ઉદ્યુક્ત થાય છે.

ત્રણ જ્ઞાનને ધારણ કરનારા રૂષભદેવ ભગવંત નમિ–વિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નમિથી વિદ્યાધરોથી પ્રવૃત્તિ થવાની જાણેલી હોવાથી તેમને દીક્ષા સમયે પોતાનાથી દૂર મોકલ્યા હતા, જ્ઞાનીઓએ જ્ઞાન-પ્રકાશમાં પોતે જે જોયેલું હોય તેનું ભાન બીજા સંસારિક અલ્પજ્ઞ જનોને કયાંથી હોય? જ્ઞાની પુરૂષોની પ્રવૃત્તિ તો ભલેને કદાચ ઉપરથી ઉલટી જણાય છતાં પરિણામે તો હિતનેજ કરનારી હોય છે. પ્રભુએ મૌનાવસ્થામાં નમિ–વિન-મીને ઉત્તર નહિ આપવાથી પુત્રો પુનઃ પૂછવા લાગ્યા

" ભગવંત ! શા માટે અમારી સામુંયે જોતા નથી ? અરે, એવો તે અમે શું અપરાધ કર્યો છે કે જેથી અમે આપની કૃપાને અપાત્ર થયા !"

છતાં ભગવાન તો નિરૂત્તરજ રહ્યા. નિરાગી પુરૂષને જગતની શી પરવા ?

" આપના મનમાં એમ હશે કે ભરત પાસે જઇને અમે યાચના કરીએ, પણ આપ જેવા સ્વામીને પામીને અમે બીજા કોઈ પાસે યાચના કરશું નહી. છતાં તમે તો જવાબ પણ આપતા નથી "

વૈરાગ્ય ગ્રહણ કરીને જેણે સંસારીક સર્વ પાપમય પ્રવૃત્તિઓ સંકેલી દીધી છે. અને જેને મન આખું વિશ્વ એક સરખું ઉપકાર કરવા લાયક છે. એવા ભગવાને મૌનપણું છોડયું નહી, કેમકે તેઓ તો અવધિજ્ઞાનથી જાણી રહ્યા છે કે આવી રીતે વર્ત્તવાથીજ વિધિએ નમિવિનમીનું મહદ્ભાગ્ય કોઇ તૃતીય દિવ્ય શક્તિદ્વારા નિર્માણ કરેલું હતું. જેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વચમાં આવવાંની પોતાને કાંઈપણ જરૂર નથી. અનુકુળ સમય આવતાં, કાલ, સ્વભાવ, નિયતિ, ભાવિભાવ, અને ઉદ્યમ એ પાંચે કારણો એકઠાં થતાં કાર્ય એની મેળે આપોઆપ સ્વત: બની રહે છે. ત્યાં દુનીયાની કોઇ પણ બીજી શકિતઓ વચ્ચે આવી શકતી નથી.

" બંધુ ! જે ભગવંત પ્રથમ આપણી ઉપર અખૂટ હેત બતાવતા હતા, તે આજે આપણી સામુંયે જોતા નથી." વિનમીએ કહ્યું.

" છતાં આપણને તો એ ભગવંતનુંજ શરણ હો ! રૂષભદેવ ભગવંતને મુકીને આપણે ભરતાદિક કોઈની પણ સેવા કરશું નહી, ભાઈ ! તારો શું વિચાર છે. ?"

" જે તમારો વિચાર તે મારો પણ હોય ! આપણને તો પિતાજીજ રાજ આપશે, માટે રાતદિવસ હવે તેમનીજ સેવા કરવી એજ આપણું કર્ત્તવ્ય છે."

આ પ્રમાણે નક્કી કરી બન્ને બાંધવો રાજ્ય મેળવવા અર્થે સેવાનો મંત્ર ગુંજતા ગુંજતા ભગવંત જ્યાં કાઉસગ્ગ-ધ્યાને ઉભા રહે ત્યાંની આજુબાજુની જગ્યાએથી ધૂળ વગેરે દૂર કરી પૃથ્વીને શુદ્ધ કરે છે. સરોવરમાંથી કમલપત્રમાં શુદ્ધ જળ લાવીને પ્રભુના સમીપે છંટકાવ કરે છે. પછી દીવસે દિવસે ધર્મચક્રવર્ત્તી એવા ભગવંતની આગળ સુગંધયુકત એવા પુષ્પો લાવીને પાથરવા લાગ્યા. આમ રાતદિવસ ભગવંતની બન્ને બાજુએ હાથમાં ખડ્ગ ધારણ કરીને બન્ને બાંધવો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવંતની પ્રમાદરહીતપણે સેવા કરવા લાગ્યા. અને દરરોજ ત્રિકાલ અંજલી જોડીને પ્રણામ કરી કહેતા કે "અમે તમારા સેવક છીએ, માટે અમને રાજ્ય આપો, તમારા શિવાય અમારે કોઈ સ્વામી નથી."

કાઉસગ્ગ ધ્યાને ઉભા રહેલા ભગવાન્ આત્મસ્વરૂપમાં ઉંડાને ઉંડા ઉતરતા પોતાનું કાર્ય કરી રહ્યા હતા. અને નમિ તથા વિનમિ પણ તેમની ભકિતમાં હાજર રહેતા હતા.

## પ્રકરણ ૩ જું

### નાગરાજ.

રાજ્ય સિંહાસનો છોડી દરેક તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરી એકાકી નિર્જન પ્રદેશમાં પ્રતિમાસ્વરૂપે કાઉસગ્ગ મુદ્રાએ મૌનપણે પોતાનો સમય વ્યતિત કરે છે. ભગવાન રૂષભદેવ ત્રેસઠ લાખ પૂર્વ પર્યંત રાજ્યસાહેબી અનાસક્તપણે ભોગવીને પ્રથમ રાજા અને પ્રથમ સાધુ તરીકે વિચરવા લાગ્યા. તેમની પહેલાં યુગલીક ( ભોળા—જંગલી ) મનુષ્યોના સમયમાં વ્યવહાર તત્વ કે ધર્મતત્વનું નામ નિશાન મુદ્દલે ન હતું. છતાં યુગલીક મનુષ્યો સરળસ્વભાવી, અલ્પ વિષયકષાયિ હોવાથી મનુષ્યલોકમાં યુગલીક ( જોડકા ) રૂપે જન્મ ધારણ કરીને ઘણા કાલ પર્યંત સુખ ભોગવીને પાછાં દેવલોકમાં જતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતાં. કાળે કરીને પ્રથમાવતાર રૂષભદેવનો જન્મ થયા પછી કેટલાક સમય પછી યુગલિક ધર્મનો નાશ થતાંજ ભગવંતે વ્યવહારનીતિ પ્રવર્ત્તાવી હતી. હવે શ્રમણ ધર્મ પ્રગટ કરવાને, ધર્મની સ્થાપના કરી જગતના જીવો ઉપર ઉપકાર કરવાને ભગવંત પોતેજ શ્રમણ (સાધુ) થયા હતા, તેઓ અપ્રતિબંધ પણે વિહાર કરતા સ્વકર્મનો નાશ કરવાને ઉદ્યમ કરી રહ્યા હતા. નમિ વિનમિએ તેમની અપૂર્વ ભક્તિ કરતા કરતાં કેટલાય માસ પસાર કર્યા. તેઓ ભદ્રિકપણાએ પ્રતિ દિવસ પ્રાર્થના કરતા હતા કે "હે વિશ્વવત્સલ પ્રભુ! અમને રાજ્ય આપો! ભગવંત, પ્રથમ અમારા ઉપર કેટલું બધું હેત રાખતા હતા છતાં અત્યારે તો બોલતા નથી. અમારી અરજ સાંભળતાયે નથી.!" વારંવાર એ મુજબ ભગવાન આગળ પ્રાર્થના કરતા કરતા પરોક્ષ રીતે પોતાના અંતરાયરૂપ પાપ મળને ભગવંતની ભક્તિથી પ્રક્ષાલન કરતા હતા.

કેટલોક સમય વિત્યા બાદ એક દિવસ ભગવંત એક ભયંકર અટવીમાં કાઉસગ્ગ મુદ્રાએ રહેતાં નમિ–વિનમિ પૂર્વોક્ત રીતે તેમની સેવાભક્તિ કરી રહ્યા છે. તેવામાં પાતાલલોકના અધિપતિ અને ભુવનપતિ દેવલોકની બીજી નાગકુમાર નિકાયનો સ્વામી નાગરાજ રૂષભદેવ ભગવાનને ત્યાં આગળ વંદન કરવાને આવ્યો. બાલકની પેઠે સરળ સ્વભાવી એવા બન્ને રાજકુમારોને ધરણપતિએ રાજલક્ષ્મીની યાચના કરતા જોયા. બીજી બાજુ ભગવંત ઉપર તેમની ભક્તિથી આશ્ચર્ય પામ્યો. તેથી મીઠા શબ્દોમાં તેણે તેમને પૂછયું." અરે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે કોણ છો ? અને ભગવંત પાસે દ્રઢ આગ્રહથી શું યાચો છો ?"

નાગરાજને ભગવંતનાં ચરણમાં વંદન કરતો જોઇ કુમારોએ પણ તેને ભગવાનનો સેવક ધારીને કહ્યું કે " આ ભગવંતના અમે પુત્ર છીએ. અમે રાજ્ય માગીએ છીએ."

"ભગવંત તો વીતરાગ છે. મમતા રહીત છે. રાજપાટ તેમણે તજી દીધું છે. તેથી તમે હવે શું યાચો છો ? તેમની પાસે કાંઇજ નથી." સરળ હૃદયી બાળકોને નાગરાજે સમજાવવા માંડયું.

" એ અમારા પિતામહ (દાદાજી) છે. બધા પુત્રોને એમણે ભાગે પડતું રાજ્ય વહેંચી આપ્યું છે તો અમને પણ આપશે." રાજકુમારોએ એજ તાલમાં જણાવ્યું.

"ભગવંતે સર્વ કુમારોને આપ્યું, ત્યારે રાજપાટ તેમની પાસે હતું. પછી પુત્રોને વહેંચી આપી પ્રભુએ તો ત્યાગવ્રત ગ્રહણ કર્યું છે–સર્વસ્વ તજી દીધું છે." ફરીને નાગરાજે કહ્યું.

" અમે દાદાજીનો શું અપરાધ કર્યો હતો કે રાજ્ય પ્રાપ્તિના અમુલ્ય પ્રસંગે અમને બે જણાંને પ્રભુએ દુર દેશાવર મોકલ્યા. ?"

" પ્રભુએ જે કર્યું હશે તે યોગ્યજ હશે. ! કુમારો ! ભરત રાજા પાસે જાઓ, તે તમને રાજ્ય આપશે." ધરણપતિએ ભરત રાજા પાસે જવાને વિનવ્યું.

" ભરતનું કલ્યાણ થાઓ ! ભરતને દાદાજીએજ આપ્યું છે. તો અમોને પણ દાદાજીજ આપશે." કુમારોએ બીજી વાત ધ્યાન પર ન લીધી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તમે જુઓ છો કે સ્વામી પાસે અત્યારે તો કાંઈજ નથી, હાલમાં તેઓ પોતાના શરીર પ્રત્યે પણ મમતા રહીત અને રોષતોષથી વિમુક્ત થયા છે. માટે તે તમને શું આપશે?"

"સ્વામી પાસે છે કે નથી, તે જોવાનો સેવકનો ધર્મ નથી, અમે તો દાદાજીની સેવા કરવી એજ ફરજ માનીયે છીયે. ખુદ દાદાજીનેજ અમારી અરજ છે. શું તે નહીં સાંભળે ?"

"કુમારો ! તમે તો સરળ સ્વભાવી છો. ભગવંત પાસે બાહ્ય વસ્તુઓની અનિત્ય પાપ વર્ધક ચીજોની યાચના કરી શકાય નહી. એમની પાસે ત્રૈલોકયની ઋદ્ધિ–મુક્તિની તમે યાચના કરી આત્માને નિર્મલ કરો"

"મુક્તિ ? મુકિત એટલે શું ? દાદાજી પાસેથી અમારે તો રાજ્યજ જોઇએ છીએ. અને તે દાદાજી જ આપશે. મુકિત જેવી અજાણી વસ્તુનું અમારે શું કામ છે ? અમને તો રાજ્ય-પ્રાપ્તિ સાથેજ કામ છે."

"તો તમે ભરત પાસે શા માટે જતા નથી ? તે પણ ભગવાનનો જયેષ્ટ પુત્ર છે, તમે પણ તેમનાજ પુત્ર છો. તો વડેરા પાસે જવાને તમને શું અડચણ છે.?"

"વડેરા તો દાદાજી છે. વિશ્વમાં અદ્વિતીય પરાક્રમી પિતામહને પામીને અમે બીજાની પાસે જઈ યાચના કરશું નહી. અમારે તો એક દાદાજીજ છે. પ્રાણાંતે પણ દાદાજીની સેવા અમે છોડવાના નથી, ઠીક, પણ ભાઈ તમે કોણ છો ? ને શા માટે અમારી ચિંતા કરો છો? અમારા સ્વામીથી જે થવાનું હશે તે થયા કરશે. તેમાં તમારે શું ?" નાગરાજને પૂછયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરૂણ રાજકુમારોની આવી અપૂર્વ પ્રભુભક્તિ જોઇને નાગરાજ ઘણોજ ખુશી થયો. કુમારોને પ્રભુ ભકિતના બદલામાં તેમની ઇચ્છા પૂર્ણ કરવાને અને પોતે પણ પ્રભુનો સેવક છે તે બતાવવાને વિચારવા લાગ્યા "ખરે ? પ્રભુ ત્રણ જ્ઞાનના ધારણ કરનારા છે. જ્ઞાનથી પોતાના પુત્રોને મહદ્ લાભનું કારણ દેખીને દીક્ષા અવસરે આ બન્નેને દુર દેશાવર મોકલ્યા હશે. હા, એ સમય હવે આવી પહોંચ્યો જણાય છે, ભગવંતની ચાકરી કરનાર કોઇ દિવસ નિષ્ફળ થતો નથી, ભગવંત પોતે સાંસારિક સમૃદ્ધિઓના ત્યાગી અને વિતરાગ છતાં તેમની સેવા કરનારા સેવકો પોતાની દરેક ઇચ્છા સંપૂર્ણપણે સફળ કરી શકે છે, મને લાગે છે કે મારાથીજ એમને લાભ થવાનો હશે. માટે તે બન્ને કુમારોની ઇચ્છા હું પૂર્ણ કરૂં. તેમને "વિદ્યાધરેંદ્રનું" ઐશ્વર્ય આપું." એમ વિચારી ધરણનાથે તેમને કહ્યું કે "જેવી રીતે તમે ભગવાનના પૌત્રો છો, તેવીજ રીતે હું પણ ભગવંતનો સેવક છું. તમારી આવી અચળ ભકિત જોઇ હું તમને ધન્યવાદ આપું છું. હે સત્વવાન્! તમારૂં પ્રારબ્ધ તેજવાન છે. કેમકે આવા ત્રિભુવન સ્વામીની સેવા કરવાથી રાજ્યસંપત્તિઓ સ્વયમેવ પુરૂષને વરે છે. ઉપરાંત બીજી અનેક ઋદ્ધિ સિદ્ધિઓ અનાયાસે પ્રાપ્ત થાય છે અને મોક્ષ પણ સુલભ બને છે. તમે જેમ ભગવાનના કિંકર છો તેમ હું પણ તેમનોજ દાસ છું. તમારી પ્રભુભકિતથી હું તમને જે કંઇ આપું તે ભગવંતેજ આપ્યું છે. એમ તમારે નિ:શંક પણે સમજવું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" રાજ ! તમે શું પાતાલપતિ નાગરાજ છો ? શું તમે પણ પ્રભુના કિંકર છો. ?"

" હું તો શું, પણ મારા કરતાં ઘણી ઋદ્ધિ સમૃદ્ધિવાળા એક એકથી ચઢતા ચોસઠે ઇંદ્રો પ્રભુના ચરણમાં આળોટે છે, તેમની સેવા એ તો મુકિતનો પરવાનો છે."

" નાગરાજ ! તમારા દર્શનથી અમે આજે પ્રસન્ન થયા છીયે. ધન્ય છે અમારા પિતામહને ! કે દેવતાઓ પણ જેમની સેવા કરે છે ! "

" અરે ધન્ય છે અમોને કે આજે ભગવાનની સેવા કરવાનો અમુલ્ય અવસર અમને પ્રાપ્ત થયો છે. આજનો દિવસ અમારો સફલ થયો છે. " નાગરાજે પોતાની અલ્પતા બતાવી. "

" તમે તો મોટા સમૃદ્ધિવંત નાગરાજ છો, અમે પણ ભગવાનની સેવા કરીને મોટું રાજ્ય પ્રાપ્ત કરીને મનુષ્યોના નાથ થઈશું." સરળ હૃદયના બાળકોના મગજમાં રાજ્ય પ્રાપ્ત કરવાની એકજ ધૂન હજુ રમતી હતી, ક્ષત્રીય બચ્ચાં ખરાંને. !

તરૂણ નમિ–વિનમિ કુમારોની રાજ્યતૃષ્ણા પ્રબળ હતી. તેથી " દીક્ષા ગ્રહણ કર્યા પછી ભગવંતે સર્વ તજી દીધું છે " એમ જાણ્યાં પછી પણ ભગવાન પાસે માગણી થાય કે નહિ તેવા વિચારથી રહિત " ઋજુ જડ " એવા તેઓ ભગવાન જ્યાં જતા, ત્યાં તેમની પાછળ પાછળ ભમરા માફક ભમતા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેમની ભક્તિ કરતા, અને વારંવાર રાજ્ય આપવાનેજ વિનંતિ કરતા. આખરે તેમની ભક્તિના પ્રસાદમાં નાગરાજના ત્યાં પધરામણી થઈ. નાગરાજ તેમની ભકિતથી ખુશખુશ થઇ ગયો.

ભગવંત રૂષભદેવ વીશલાખ પૂર્વ કુમારપણે રહ્યા, ત્રેસઠ લાખ પૂર્વ રાજ્યસુખ-ગ્રહસ્થાશ્રમપણું ભોગવ્યું, હાલમાં રાજ પાટ છોડીને વ્રત ગ્રહણ કર્યાનું પ્રથમ વર્ષ પસાર થતું હતું.

# પ્રકરણ ૪ થું.

## વિદ્યાધરનું ઐશ્વર્ય.

" કુમાર ! તમોને દેવતાઓના સરખું મનુષ્યલોકમાં સુખ ભોગવવાને 'વિદ્યાધરોનું ઐશ્વર્ય' આપું છું. જેથી ભગવંતની અલ્પ પણ કરેલી સેવા નિષ્ફળ જતી નથી, એ તમને બતાવી આપું છું."

" આપનો મોટો ઉપકાર, નાગરાજ ! તમારા સરખા ભગવાનના ભકતોને એજ ઉચીત છે."

"ભગવાનની ભકિતના પ્રભાવથી તમારા સર્વ કુટુંબોમાં તમે પૃથ્વી ઉપર મોટા ઐશ્વર્યવાળા થશો, વિદ્યાથીજ સર્વ કાર્ય કરવાવાળા થશો અને દેવતાની માફક મનુષ્યલોકમાં પણ તમે ઐશ્વર્ય સુખના સ્વામી થશો ! " એમ કહીને ધરણ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાથે પાઠ કરવાથી સિદ્ધ થાય તેવી ગૌરી પ્રજ્ઞપ્તિ પ્રમુખ અડતાલીસ હજાર વિદ્યાઓ તે બન્નેને આપી જણાવ્યું કે. "બંધુ! તમે વૈતાઢચ પર્વત ઉપર જઈ બન્ને શ્રેણીમાં નગરો સ્થાપીને અક્ષય રાજ્ય કરો, હું પણ વખતસર ત્યાં આવી પહોંચીશ." આટલું કહેતાં કહેતાં ધરણનાથ અદૃશ્ય થઈ ગયા.

નમિ વિનમિ પણ વિદ્યાની ઋદ્ધિથી સંપન્ન એવા ભગવંતને નમન કરીને તેમણે વિદ્યાના બળથી પુષ્પક નામનું વિમાન બનાવીને તેમાં દેવની માફક આરૂઢ થઈને ચાલ્યા, પ્રથમ તેઓ પોતાના પિતા કચ્છ અને મહાકચ્છ જે વનમાં તપ કરતા હતા ત્યાં આવીને, ભગવંતની સેવાથી પ્રાપ્ત થયેલી સર્વે સમૃદ્ધિનું તેમની આગળ વર્ણન કર્યું, તે પછી પિતાને નમીને પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા (વિનિતા) તરફ ચાલ્યા. વિમાનની ત્વરીત ગતિએ તેઓ અલ્પકાળમાં વિનિતા નગરીમાં આવી પહોંચ્યા. ભરત વગેરે સર્વ પોતાના સ્વજનોને મળી સ્વામી સેવાથી પ્રાપ્ત થયેલી નવીન સંપત્તિનું તેમની આગળ વર્ણન કર્યું.

જગતમાં સામાન્ય એવો નિયમ છે કે પરદેશથી વિજય મેળવીને ઐશ્વર્યસંપન્ન થઇ પુરૂષ જ્યારે પોતાના વતન તરફ આવે છે ત્યારે તેનો રંગ કોઇ નિરાળોજ જણાય છે, પોતાનાં સગાં વ્હાલાંને મળતાં તેને અનહદ આનંદ આવે છે. કુંટુંબી જનોના માન-સત્કાર ને આદરભાવથી તે આ જગતમાં પોતાને કૃતકૃત્ય થયેલો સમજે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવસમી ઋદ્ધિવાળા અને વિદ્યાવડે કરીને ઇચ્છિત વસ્તુઓ ઉત્પન્ન કરનારા નમિ–વિનમિને જોઈને સર્વ કુંટુંબીજનો આનંદ પામ્યા. વિનિતાપતિ ભરતરાય પણ તેમની વિદ્યાઓનું ઐશ્વર્ય જોઇને ખુશી થયા.

કેટલાક દિવસ વિનિતામાં રહી ભરતરાજાની રજા મેળવીને પોતાના કુટુંબને પુષ્પક વિમાનમાં બેસાડીને નમિ-વિનમિ વૈતાઢ્ય પર્વત તરફ ચાલ્યા ગયા.

વૈતાઢ્ય પર્વત ભરતક્ષેત્રની મધ્ય સીમામાં આવેલો છે તેથી ઉત્તર ભરત અને દક્ષિણ ભરત એવા બે ભાગલા પડે છે. અને પૂર્વ પશ્ચિમ તેનો પ્રાંત ભાગ લવણ સમુદ્રના જલ તરંગોથી ચુંબિત થયેલો છે. વૈતાઢ્ય પર્વત એ ઉત્તર દક્ષિણ પચ્ચાસ જોજન વિશાળ છે, સવા છ જોજન ભૂમિમાં ઉંડો અવગાહીને રહેલો છે. અને પૃથ્વીથી પચ્ચીશ જોજન ઉંચો છે. હિમાલયે પોતાના બે બાહુ પ્રસારેલા હોય તેમ, પૂર્વ પશ્ચિમ બે બાજુએ વૈતાઢ્ય પર્વતમાંથી ગંગા અને સિંધુ નદીઓ નીકળેલી છે. તેમાં અનેક ગુફાઓ આવેલી છે. વિવિધ રત્નોમય અને દેવતાઓના રમણ સ્થાનરૂપ એવાં નવ શિખરોને ધારણ કરનારો છે. દક્ષિણ અને ઉત્તર વીશ જોજન ઉંચે બન્ને બાજુએ વ્યતંર દેવતાઓની બે નિવાસ શ્રેણિઓ વૈતાઢ્ય પર્વતની ઉપર રહેલી છે. એવી રીતે મૂળથી તે ચૂલિકા પર્યંત મનોહર સુવર્ણમય તે પર્વત જાણે સ્વર્ગનું એક પાદાભરણ પૃથ્વી ઉપર ખરી પડયું હોય, તેવો નિરંતર શોભી રહ્યો છે. વાયુની મંદ મંદ આનંદદાયક શીત લહે-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીઓથી ચલાયમાન થતી એવા તરૂવરોની મૃદુ લતાઓ –ભૂજાઓથી જાણે દૂરથી બોલાવી રહી હોય એવી વૃક્ષ રાજીથી શોભતા વૈતાઢ્ય પર્વત ઉપર નમિ–વિનમિ બન્ને મહા બળવંત પુરૂષો પોતાના પુષ્પક વિમાનમાં કુંટુંબ સાથે આવી પહોંચ્યા.

પૃથ્વીથી દશ જોજન ઉંચે પ્રથમ મેખલા ઉપર નમિ રાજાએ દક્ષિણ દિશાએ પચ્ચાસ નગરો વસાવ્યાં. તેના મધ્યમાં આવેલા રથનુપુર ચક્રવાલ નગરમાં પોતાની રાજ્યગાદી સ્થાપન કરી ત્યાં નિવાસ કર્યો.

તે પછી ધરણુરાજના શાસનથી વિનમિએ મૂળથી દશ જોજન ઉંચે ઉત્તર બાજુની મેખલા ઉપર સાઠ નગરો વસાવ્યાં, અને તેની મધ્યમાં આવેલા તેના મુગુટ સમાન ગગનવલ્લભ નગરમ વિનમિએ પોતાની રાજ્યધાની સ્થાપી. વિદ્યાધરોની મોટી ઋદ્ધિવાળી બન્ને શ્રેણિઓ જાણે ઉપર રહેલ વ્યંતરની શ્રેણીનાં પ્રતિબિંબ હોય તેવી શોભવા લાગી. તે સિવાય નમિ વિનમિએ બીજા પણ અનેક પરાં, ગામ ને શહેર, વિગેરે વસાવી કેટલાક દેશ સ્થાપન કર્યા. અને જુદા જુદા દેશમાંથી માણસો લાવીને તેમને વિદ્યાઓ શિખવી ત્યાં વસાવ્યા. તે તે દેશના નામ ઉપરથી ત્યાં પણ તે નામ પડયાં. એવી રીતે વર્ણ વ્યવસ્થા કરીને નમિ–વિનમિએ વિદ્યાધરોનું મોટું સામ્રાજ્ય બનાવ્યું. પછી પોતે "વિદ્યાધરેંદ્ર" કહેવાયા.

ભાવિકાલમાં વિદ્યાથી દુર્મદ બનીને કોઈ વિદ્યાધરો અવિનયી બનીને અનર્થ ન કરે, તે માટે નાગરાજે એવી મર્યાદા સ્થાપન કરી કે "જે દુર્મદવાળા વિદ્યાધરો જીનેશ્વર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીનચૈત્ય કે ચરમ શરીરી અથવા તો કાયોત્સર્ગમાં રહેલા કોઇપણ મુનિનો પરાભવ કે ઉલ્લંઘન કરશે તેઓને વિદ્યાઓ તત્કાલ તજીને ચાલી જશે. વળી જે વિદ્યાધર કોઇ સ્ત્રી સાથે અનાચાર કે મારફાડ કરશે તેને પણ વિદ્યાઓ તત્કાલ છોડી દેશે. ” નાગરાજે તે મર્યાદા ઉચ્ચ સ્વરે સર્વે વિદ્યાધરોને કહી સંભળાવી અને હંમેશને માટે કાયમ રહે તેટલા સારૂ રત્નની ભીંત ઉપર પ્રશસ્તિમાં મર્યાદાને લેખિત કરી. પછી નમિ ને વિનમિ બન્નેનો વિદ્યાધરના રાજાપણે અભિષેક કરીને તેમને વિદ્યાધરેંદ્ર બનાવ્યા.

નમિ–વિનમિએ ભકિતથી ઉલ્લસીત હૃદયે નાગરાજને નમન કરતાં કહ્યું “ધરણનાથ ? પિતામહ ઉપર ભકિતવાળા આપે અમારૂં ઘણુંજ ભલું કર્યું. અમારા સર્વે ભાઈઓમાં અમને શ્રેષ્ઠ ઐશ્વર્ય આપ્યું. આપની ભકિતની પણ હદજ !”

“ પ્રભુ ઉપરની અચળ ભકિતનુંજ એ માહાત્મ્ય છે. મેં કાંઇજ નથી કર્યું. તમે પ્રજાહિતનાં કામો કરી નિરંતર પ્રભુના ભકિત કરજો. અનીતિ અને પાપના કાર્યથી પ્રતિ દિવસ ડરતા રહેજો. હંમેશાં ઐશ્વર્યમાં આસકત બનેલા મૂઢ પુરૂષો હીતાહીતનો વિચાર ભૂલી જાય છે પણ તમે ભગવાનના પુત્ર છો એટલે વધારે કહેવાની જરૂર નથી ”

“ તમારૂં હિતકારી વચન અમારે શીરોમાન્ય છે. તેમજ અમારા વિદ્યાધરમાં વડીલ તરીકે તમારીજ ગણના થશે. અને વિદ્યાધરોનાં વંશ વારસો તમારા આભાર તળે રહેશે, આપને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે અમારે એક વાત પૂછવાની છે કે—"પ્રથમ આપના પ્રભાવ થકી અમે વિદ્યાધરોમાં આદ્ય પુરૂષ થયા. પણ પિતામહે રાજપાટ શા કારણે તજી દીધું ? ને શા માટે જંગલમાં ભ્રમણ કરતા દુઃખ સહન કરે છે. ?"

"કારણ કે એ પ્રભુ થવાના છે. જેવી રીતે એ પ્રથમ રાજા થયા, તેવીજ રીતે આ ભારતવર્ષમાં પહેલા તીર્થંકર થશે. શ્રી જૈનધર્મની સ્થાપના કરી ચતુર્વિધ સંઘ સ્થાપીને ધર્મની શરૂઆત કરશે. વ્યવહાર ધર્મના દરેક સિદ્ધાંતો ભગવંતે રાજ્યાવસ્થામાં શરૂ કર્યા છે, પણ એક હજુ ધર્મનો સિદ્ધાંતજ બાકી રાખ્યો છે જે કેવલજ્ઞાન મેળવ્યા પછી ભગવંત તેની પ્રરૂપણા કરશે અને અસંખ્ય ભવ્યજીવોને જૈનતત્વ સમજાવી તેમને મુકિતનો માર્ગ બતાવશે. કેવલજ્ઞાન મેળવ્યા પછી ભગવંત દુનીયામાં જૈનધર્મ ફેલાવશે, જે રાષ્ટ્રધર્મ તરીકે ઘણાકાલ પર્યંત ગણાશે."

"વાહ ? ધન્યભાગ્ય અમારાં ! પૂર્વનાં અમારાં પુણ્ય જાગૃત છે કે એવા પ્રભુના વંશમાં અમે જન્મ ધારણ કર્યો. !"

ભગવાન ઉપર અત્યંત ભકિત–રાગવાળા એવા વિદ્યાધરેંદ્ર નમિ–વિનમિએ પ્રત્યેક ગામ અને નગરમાં પચ્ચાસ અને સાઠ વિશાલ નગરોમાં હૃદયની પેઠે સભાસ્થાનોમાં નાભિનંદનને પૂજવા લાગ્યા. બન્ને બાંધવો પણ સાંસારીક સુખ ભોગવતા છતા નિરંતર ભગવાન રૂષભદેવની ભકિત કરતા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## પાર્શ્વનાથ.

ખેચરેંદ્ર નમિ–વિનમિએ પોત પોતાની વિદ્યાના નામથી વિદ્યાધરોની સોળ જાતિ ઉત્પન્ન કરી. ગૌરી વિદ્યાના નામ ઉપરથી ગૌરેય વિદ્યાધરો કહેવાયા. મનુ વિદ્યાથી મનુ વિદ્યાધરો થયા. ગંધાર વિદ્યાથી ગાંધાર વિદ્યાધરોની ઓળખ થઈ. માનવી વિદ્યાના નામ ઉપરથી તે વિદ્યાધરો માનવ કહેવાયા. એવી રીતે કૌશિકી, ભૂમિલુંડક, મૂલવીર્યક, શંકુક, પાંડુકી, કાલીકેય, શ્વપાક, માતંગી, પાર્વત, વંશાલય, પાંસુમૂલક, અને વૃક્ષમૂલક, એમ સોળ જાતિના વિદ્યાધરોના બે બે ભાગ કરીને આઠ આઠ વિભાગ નમિ વિનમિ રાજાએ ગ્રહણ કર્યા. અને પોતાની જાતિમાં પોતાના દેહની માફક ભક્તિથી તેઓએ વિદ્યાધિષ્ઠાયક દેવતાનું સ્થાપન કર્યું.

" વિદ્યાધરપતિ ? આજે જગતની દૃષ્ટમાં ઉચ્ચમાં ઉચ્ચ વિદ્યાધરેંદ્રનું ઐશ્વર્ય તમને પ્રાપ્ત થયું; છતાં તમારા વિનયવંતપણાથી બીજી એક અણમોલ ચીજ હું તમને આપવા માગું છું. તેને વિદ્યાધરોના અશ્વર્ય કરતાં–તમારાં આત્મા કરતાં અરે ! ખુદ અમારા દેવેંદ્રો કરતાં પણ અનંત દરજ્જે અધિક જાણજો. " નાગપતિએ સર્વ વ્યવસ્થા કરી રહ્યા પછી તેમના ઉપકારની ખાતર એક નવીન વાત કહી સંભળાવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" જેમ જગત ઉપર ઉપકાર કરનાર અમારા પિતામહ ( દાદાજી ) છે. તેમ વિદ્યાધરોના તમે પ્રભુ છો—ઉપકાર કરનારા છો, શ્રી રૂષભદેવના ભક્ત એવા તમે દેવલોકના આભૂષણ સ્વરૂપ છો. કહો, અમારે યોગ્ય તે કઈ વસ્તુ છે ? " નમિ–વિનમિએ આતુરતાથી પૂછયું.

" તે એક દિવ્ય વસ્તુ જે અમને—દેવોને પણ દુર્લભ છે. પૂર્વના પ્રબળ પુણ્યને યોગે જે લઘુકર્મી હોય છે, જેને સંસારથી શીઘ્ર છુટી જવાનું હોય છે; તેનેજ એ વસ્તુ પ્રાપ્ત થઈ શકે છે, એવી એ મહા મહત્વવાળી છે. "

" નાગનાથ ! એ તો અમારા મહદ્ ભાગ્યની નિશાન છે. આપની એ કદરદાનીથી અમારૂં જીવીત અમે સફલ માનીશું, તમારા અણુમોલ ઉપકારનું નિરંતર અમે સ્મરણ કરશું. "

" જેવી રીતે તમે ભગવંતની સેવાભક્તિ કરો છો, તેવીજ રીતે તમારે એની પણ સેવા—ભક્તિ—અહર્નિશ કરવાની છે. રાતદિવસ તમારા આત્માની માફક જતન કરી તમારૂં જીવન તેનાથી પવિત્ર કરવાનું છે. "

" જગતમાં એથી વિશેષ શું અધિક છે ? સંસારનુ ઐશ્વર્ય ભોગવતાં પ્રભુ ભક્તિમાં પણ લયલીન રહેવું એ પણ જીંદગીનું અનુપમ કર્ત્તવ્ય છે. "

" તો જુઓ, એવી અમુલ્ય ભેટ હું તમને આપું છું કે જેને તમે તમારા મંદિરમાં સ્થાપીને માનવજીવનનું સાફલ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરજો. ” આમ કહી નાગરાજે તરતજ પોતાના સેવકો માર્ફતે પાતાલ લોકમાંથી-પોતાના નાગભુવનમાંથી એક પ્રાતમા ધરણેંદ્રના હૃદય સમાન-તેનું જીવીત હોય તેવી તે મહા પ્રભાવિક મૂર્ત્તિ નમિ-વિનમીને બતાવીને નાગેંદ્ર પુનઃકહેવા લાગ્યા.

“ જાણો છો કે આ કોણ છે ? ”

“ નાજી ! આ કયા ભગવંતની મહા પ્રભાવવંતી પ્રતિમા છે ? તેનો પ્રભાવ આપ કૃપા કરીને સમજાવો. ”

“ જુઓ, આ પાર્શ્વનાથ ભગવાનનું મહા પ્રભાવીક બિંબ છે. ”

“ પાર્શ્વનાથ ભગવાન કોણ ? ભગવાન તો આજે શ્રી રૂષભદેવ છે. ” નમિ વિદ્યાધરે જીજ્ઞાસાવૃત્તિથી પૂછ્યું.

“ તમારૂં કહેવું સત્ય છે. છતાં આ વાત કંઈક અધિક છે. ”

“ તો આપ કૃપા કરીને સમજાવશો. ”

“જુઓ ? ભગવાન રૂષભદેવ એ આ ભારતવર્ષમાં પહેલા ભગવાન ( તીર્થંકર ) થવાના છે. તેવીજ રીતે મેં સાંભળ્યું છે કે :તેમની પરંપરામાં કાળે કરીને બીજા તેવીશ તીર્થંકરો થશે. એમ ચોવાશ તીર્થંકરોથી “ ચોવીસી ” એવું ઉપનામ પણ કહેવાશે. એવી ભૂતકાળે અનંતી ચોવીશી વહી ગઇ અને ભવિષ્યકાલમાં અનંતી ચોવીશી થશે.”

“ તો પછી ભવિષ્યની આ ચોવીશીમાં ( અવસર્પીણી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલમાં ) થવાના કોઈ તીર્થંકરનું આ બિંબ છે ? ” વિનમિએ પૂછ્યું.

“ હા, તેમજ છે. ”

“ કયા ભગવાન છે ? ”

“ આ ચોવીશીમાં–અવસર્પીણીકાલમાં હવે પછી થવાના ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનુ આ બિંબ છે. મહાન્ પ્રભાવવાળું, દુઃખ દારિદ્ર અને દૌભાગ્યનો નાશ કરનારૂં અને આત્માને મોક્ષ માર્ગ બતાવનારૂં એવું એ મહા પ્રભાવિક છે. અમોએ તેને પૂર્ણ ભકિતથી પૂજ્યા છે, આપ પણ તેને જીવની પેઠે સાચવજો ”

“ ધરણુનાથ! વતાઓને પણ દુર્લભ એવા ભગવાનનાં દર્શનથી અમારો જન્મારો સફલ થયો, તમારી કૃપાથી આજે અમે આ ભાવિ ભગવાનને જોવા માત્રથી પણ કૃતકૃત્ય થયા.”

“ મનુષ્યલોકમાં પણ તેનો મહીમા ગવાય અને તેના પ્રભાવથી ઘણા ભક્તજનો ઇચ્છિત વસ્તુને પ્રાપ્ત કરીને આનંદ ગૌરવ પ્રાપ્ત કરે. મનુષ્યો તેમની સેવાભકિતથી સુખી થાય. એજ અમારે મન મોટા લાભની વાત છે. અને આ ભગવાનના પૂજનથી તમે પણ અધિક ગૌરવ પ્રાપ્ત કરીને સુખી રહો. તમારાં વિઘ્નો, સંકટો સર્વ નાશ પામો, તમારૂં ઐશ્વર્ય તમે ચિરકાળ પર્યંત ભોગવી પ્રાંતે મોક્ષની અનંત લક્ષ્મીના અનંતકાલ પર્યંત અધિકારી થાઓ, એથી વિશેષ બીજું શું અધિક છે ? ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભગવંત તો હજી ઘણા કાલ પછી થવાના છે. તો આ દીવ્ય પ્રતિમા તમારા ભુવનમા કયાંથી આવી ? કયા પુણ્યવંતે એ ભરાવી ?" ઈતિહાસ જાણવાની ઈચ્છાથી નમિએ પૂછયું.

"વિદેહક્ષેત્રમાં વિહરમાન શ્રી તીર્થંકર ભગવંતના મુખે મેં સાંભળ્યું છે કે ગઈ ચોવીશીમાં આજ ભારતવર્ષ ઉપર નવમા તીર્થંકર શ્રી દામોદર નામે થયા. એક દિવસ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અનેક ભવ્યજનો ઉપર ઉપકાર કરતા ઉપદેશ આપી કેટલાયને મોક્ષપંથ બતાવતા એક મોટા નગરમાં આવીને સમવસર્યા. ત્યાંના રાજા પ્રજા વગેરે સર્વજનો ભગવાનને વંદન કરવાને આવ્યા. દેશના સમાપ્ત થયા પછી એક સમયે તે નગરના રહીશ મહા આઢ્ય એવા આષાઢી શ્રાવકે ભગવાનની દેશનાથી વૈરાગ્ય પામી સંસાર ઉપરના ઉદાસિનપણાથી ભગવંતને પૂછયું કે—"ભગવાન્! કોઇ પણ કાલે મારો મોક્ષ થશે કે કેમ ?"

"હા, તારો મોક્ષ થશે. પણ હજી તે સમયને ઘણી વાર છે"

"કેટલી વાર છે ? શું આ સમયમાં—ઉત્સર્પીણીકાલમાં મારો મોક્ષ નહીં થાય કે ?"

"નહીં ! આ ઉત્સર્પિણીમાં મારા પછી બીજા ચૌદ તીર્થંકરો એક એકથી અધિક આયુષ્ય, બળ અને તેજવાળા થશે, તે વખતે આ બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોડી સાગરોપમનો ત્રીજો આરો પૂરો થશે, તે પછી ચોથો આરો બેસશે, તે પછી સાડાત્રણ વર્ષ બાદ ચોવીશમા તીર્થંકરનો જન્મ થશે. તેમના મોક્ષ ગમન પછી કલ્પવૃક્ષ પ્રગટ થશે, યુગલિક ધર્મ પ્રવર્ત્તશે, તેમ તેમ મનુષ્યો અલ્પ કષાયી, સરલ પ્રકૃતિવંત, અને સર્વે સમાન પુણ્યવાળા હોવાથી, રાજ્યધર્મ, વ્યવહાર ધર્મ અને ધર્મતત્વનો આપોઆપ નાશ થશે, છતાં એ યુગલિક ધર્મવાળાં મનુષ્યોને ધર્મ કે કશાની જરૂર પડશે નહી, તોપણ સરળ અને અલ્પ કષાયી હોવાથી કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થશે. એવો ચોથો આરો બે કોડાકોડી સાગરોપમનો પુરો થશે, તે વખતે પાંચમો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો બેસશે. તે થકી પણ અધિક મહત્વવાળો છઠ્ઠો આરો ચાર કોડાકોડી સાગરોપમનો આવશે, એમ આ ઉત્સર્પિણી કાલના છએ આરા પૂરા થશે, ત્યારે અવસર્પિણીકાલનો પહેલો આરો આવશે. બીજા અને ત્રીજા આરાના અંતે રૂષભદેવ પહેલા રાજા અને પ્રથમ તીર્થંકર થઈને ધર્મની શરૂઆત કરશે; એવી રીતે ઉત્સર્પિણીકાલના ચોથા આરાની શરૂઆતથી ચોવીશમા તીર્થંકર મુકિત ગયા પછી કેટલેક કાળે વ્યવહાર તત્વને ધર્મતત્વનો નાશ થશે, તે અવસર્પિણીકાલના ત્રીજા આરાને અંતે લગભગ અઢાર કોડાકોડી સાગરોપમ વર્ષ પછી રૂષભદેવથી પ્રગટ થશે, હે આષાઢી શ્રાવક ! એ અવસર્પિણીકાલના ચોથા આરાને અંતે રૂષભદેવ પછી ત્રેવીશમા તીર્થંકર અનુક્રમે પાર્શ્વનાથ થશે. તેમના શાસનમાં હે આષાઢી ! તું તેમનો ગણધર થઇને મોક્ષે જઇશ.”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવમા દામોદર તીર્થંકરની આવી માધુર્ય ભરી વાણીથી આષાઢી શ્રાવક ઘણોજ હર્ષ પામ્યો.

" તીથંકરો જો કે બળ, અતિશય, લક્ષ્મી અને શકિત આદિ ગુણોમાં સર્વે સમાન હોય છે, છતાં આવતી અવસર્પીણીના ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ જગતમાં પુરૂષોને ચિંતામણી સમાન એવા પુરૂષાદાની તરીકે પ્રગટ થશે. અને "પ્રગટ પ્રભાવી" તરીકે ભાવી કાલમાં તે પ્રસિદ્ધ થશે. એટલુંજ નહી પણ ભિન્ન ભિન્ન એવા એક હજારને આઠ નામે તે તે કાલમાં ( અવસર્પીણીકાલમાં ) જાહેર થશે. લઘુકર્મી એવા મહાનુભાવ આષાઢી શ્રાવકે ભક્તિથી પુલકિતમને તે સમયે આગામી અને પોતાના ઉપકારી એવા પાર્શ્વનાથ તીર્થંકરની પ્રતિમા ભરાવી. ઉત્તમ ગુરૂ પાસે તેની પ્રતિષ્ઠા વગેરે કરાવી નિરંતર તેની સેવાભક્તિ કરવા લાગ્યો. આષાઢી શ્રાવક એવી રીતે ભગવાનની સેવા-ભક્તિ કરતો અને શ્રાદ્ધ ધર્મનું આરાધન કરતો દેવલોકમાં ગયો. તે પછી અસંખ્યાતો કાલ એ પ્રતિમા આ ભરતક્ષેત્રમાં મનુષ્ય લોકથી પૂજાણી, પછી દેવતાઓમાં ભિન્ન ભિન્ન સ્થાનકે પૂજાઇ. આજ કેટલાક સમયથી મારી પાસે આવેલી છે. આજે તમારા ભાગ્ય યોગે તે પાછી મનુષ્ય લોકમાં આવે છે. માનો કે તમારૂં કલ્યાણ કરવા ભવભ્રમણપણું નિવારવાને આવી છે. "

નાગનાથનું આવું ભકિતભાવવાળું વચન સાંભળીને નમિ-વિનમિ બન્ને બાંધવો ઘણા ખુશી થયા અને એક વિશાળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુવર્ણમય પ્રાસાદ બનાવી પોતાના હૃદયની જેમ પાર્શ્વનાથની પ્રતિમાને પધરાવી રાત દિવસ તેની સેવા–ભક્તિ કરવા લાગ્યા.

" તમારા હૃદયની જેમ આ પ્રતિમાની સેવા કરજો. મેં સાંભળ્યું છે કે–આગામી કાલે આ પાર્શ્વનાથ જગતમાં "સંખેશ્વર પાર્શ્વનાથ" તરીકે પ્રગટ થશે, જેનો મહાન્ પ્રભાવ ત્રણ લોકમાં ગવાશે. વાસુદેવો અને ચક્રીઓ પણ તેની સેવાના ભૂખ્યા રહેશે. "

" અહો ! ધનભાગ્ય ! ઘણીજ પુરાતની આ પ્રતિમા જણાય છે. ખરે તે મોટા મહાત્મ્યવાળી છે. " નાગનાથની વાણી સાંભળીને વિદ્યાધર પતિ આનંદ પામતાં બોલ્યા.

" સો વર્ષની પ્રતિમા પણ પ્રભાવંત કહેવાય છે. તો આની વાતજ શી કરવી ? ખુદ ઇંદ્રોએ પણ તેને પૂજીને તેનું માહાત્મ્ય વધાર્યું છે. એવી આ પ્રતિમા તમારા ભાગ્ય યોગેજ આજે તમારે ત્યાં આવે છે. " નાગરાજ એવી રીતે યોગ્ય સમજાવી તરતજ અદૃશ્ય થઈ ગયા.

નિરંતર રૂષભદેવ અને પાર્શ્વનાથની સેવા કરતાં નમિ વિનમિ વિદ્યાધરપતિઓ પોતાનો કાળ દેવેન્દ્રોની માફક સુખમાં વ્યતીત કરવા લાગ્યા. દેવતાઓ જેમ સંકલ્પ માત્રથી કાર્યના સાધવાવાળા હોય છે. તેવીજ રીતે વિદ્યાધરો વિદ્યાના પ્રભાવે કરીને ગમે તેમ કરવાને પૂર્ણ શકિતવંત હોય છે. ઇચ્છા માત્રે કરીને વિદ્યાથી વિમાન રચીને તેમાં બેસીને ગમે ત્યાં જવાને શક્તિવાન થતા હતા. તેઓ સ્વતંત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણે ગમે ત્યાં વિહરતા હતા. તેઓ પ્રથમ તો રાજા થયા, ઐશ્વર્ય પ્રાપ્ત થયું, વિદ્યાધરોના સ્વામી થયા. અને પૂર્વના પુણ્યને જોગે શ્રાવક થયા. પછી શ્રાવકની સંપત્તિનું તો એજ ફલ છે. એમ ધારીને નંદીશ્વરાદિક તીર્થોમાં શાશ્વત પ્રતિમાઓનું પૂજન કરવાને પણ જતા હતા. કદી કદી વિમાનોમાં બેસીને મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી અરિહંતના સમવસરણની અંદર જઇને તીર્થંકરની ચોત્રીશ ગુણયુક્ત વાણીનું પાન કરતા હતા. આમ સમકિત અને અક્ષય ભંડારની મહાન્ ઠકુરાઇવાળા તેઓ વિદ્યાધરોના પરિવાર યુકત ત્રણે વર્ગને (ધર્મ અર્થ અને કામ) પરસ્પર બાધા ન આવે તેવી રીતે શાંતિથી રાજ્ય ભોગવતા હતા.

# પ્રકરણ ૬ ઠું.

## ઇતિહાસ પરિચય.

જેવા ઉત્સર્પિણી કાલના છ આરા હોય છે, તેવીજ રીતે અવસર્પિણી કાલના સુષમા વગેરે છ આરા હોય છે. ઉત્સર્પિણી એટલે બળ, બુદ્ધિ, સુખ સૌભાગ્ય, શરીર આયુષ્ય તેમાં ચડતો–વૃદ્ધિ પામતો કાળ અને અવસર્પિણી એટલે ક્રમે ક્રમે હાની કરતો કાળ કહેવાય છે ઉત્સર્પિણી અને અવસર્પિણીનાં વીશ કોડકોડી સાગરોપમ વર્ષ પ્રમાણ કાળ થાય છે. એટલે એકેકનાં દશ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રમાણ હોય છે. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવસર્પિણી કાલમાં પહેલો સુષમા આરો ચાર કોડાકોડી સાગરોપમનો બેઠો. શરૂઆતમાંજ યુગલીયા મનુષ્યો ત્રણ ગાઉના શરીર પ્રમાણવાળા અને ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. ચોથે દિવસે જુજ આહાર કરનારા, સમચતુરસ્ર સંસ્થાન ( આકૃતિ ) વાળા, સર્વ લક્ષણોથી સુશોભિત, વજ્ર રૂષભનારાચ સંઘયણ ( શરીરનાં બાંધા ) વાળા અને સદા સુખી હોય છે. ક્રોધ, માન, માયા અને લોભથી રહીત, સ્વભાવથીજ અન્યાય માર્ગનો ત્યાગ કરનારા, દેવકુરૂ અને ઉત્તરકુરૂની પેઠે ઇચ્છિત સુખનો ઉપભોગ કરનારા હોય છે. જુદા જુદા યક્ષોથી અધિષ્ઠીત એવાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષો તેમની દરેક ઇચ્છાઓ ચિંતન માત્રમાંજ પૂર્ણ કરનાર હોય છે. પરન્તુ યુગલીક મનુષ્યો મોહ મમતાથી રહીત હોય છે. કરોડોના ખર્ચે પણ તૈયાર ન થાય એવું દેવભુવન પણ યુગલીકો ક્ષણ માત્રમાં ઉપભોગ કરીને તરતજ તેને સર્પની કાંચળીની જેમ તજી દે છે, પણ કાલના પ્રભાવે કરીને તેમજ પોતાના અલ્પકષાયે કરીને તેવી અણમોલ ચીજો ઉપર પણ તેને મોહ બંધન થતું નથી.

પ્રથમ આરાની શરૂઆતમાં જમીનની ધુળ–માટીમાં પણ સાકર જેટલી મીઠાશ હોય છે, નદી કુંડ સરોવર વગેરેનાં જળ અમૃત સમાન મધુરતા વાળાં હોય છે, એવી રીતે એકાંત સુષમાનામે ચાર કોડાકોડી સાગરોપમનો પહેલો આરો અનુક્રમે આયુષ્ય, સંઘયણ, બળ વગેરેના પ્રભાવને ન્યુન કરે છે, તે પછી સુષમા નામે બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે, તે કાલમાં શરૂઆતમાં યુગલીક મનુષ્યો બે ગાઉના શરીર પ્રમાણુવાળા અને બે પલ્યોપમના આયુષ્યવાળા હોય છે. ત્રીજે દિવસે તેઓ અલ્પ પ્રમાણુ ભોજન કરનારા હોય છે, તે કાળે પ્રથમ આરા કરતાં કલ્પવૃક્ષો કાંઇક ન્યુન પ્રભાવવાળાં પૃથ્વી, જલ પણુ કંઇક ઓછા સ્વાદવાળાં હોય છે. તે પણુ જેમજેમ બીજો આરો ચાલ્યો જાય છે તેમ તેમ ઓછા પ્રભાવવાળાં થાય છે.

સુષમા દુષમા નામે અનુક્રમે ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો આવે છે, તે આરાની શરૂઆતમાં યુગલીયાઓનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે, શરીર પ્રમાણુ એક ગાઉનું હોય છે. બીજે દિવસે ભોજન કરનારા હોય છે. તે પણુ જેમ જેમ કાળ ચાલ્યો જાય છે તેમ તેમ હાની પામતો જાય છે, પૃથ્વીની મીઠાશ, જલનું માધુર્યપણું, શરીર અને આયુષ્યનું પ્રમાણુ ન્યૂન થતું જાય છે. કલ્પવૃક્ષનો મહિમા પહેલાં કરતાં ઓછો થાય છે.

ત્રીજા આરાના અંતમાં પલ્યોપમના દશમા ભાગ જેટલું આયુષ્યવંત અને નવસેં ધનુષ્યના શરીરનું પ્રમાણુ એવું એક યુગલીક જોડકું આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયું. વજ્રરૂષભનારાચ શરીર અને સમચતુરસ્ર સંસ્થાન એવું તે યુગલ દેવતાની માફક સુખ ક્રીડા કરતુ આનંદ કરતું હતું.

એક વખતે કોઇ હસ્તી ફરતો ફરતો તે યુગલીક પુરૂષ પાસે આવ્યો, તેને જોઇને પૂર્વના રૂણાનુબંધે કરીને ગજરાજને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્નેહ ઉત્પન્ન થયો, જેથી પોતાની સૂંઢથી તેને સુખ થાય તેવી રીતે સ્પર્શ કરીને–આલીંગન કરીને તેની ઇચ્છા નહી છતાં તેને પોતાની સ્કંધ ઉપર બેસાર્યો. એક બીજાના દર્શનના અભ્યાસથી થોડા વખતના થયેલા પરિચયની જેમ તેમને પૂર્વજન્મનું સ્મરણ થયું. હવે હાથીના સ્કંધ ઉપર બેઠેલા આ યુગલીયાને જોઇને બીજા અનેક યુગલીયાઓ તેને ઇંદ્રની જેમ જોવા લાગ્યા; આસપાસ મળેલાં બધા યુગલીઆઓ તેને "વિમલ વાહન" એવા નામથી બોલાવવા લાગ્યા. ત્યારથી જાતિસ્મરણે કરીને સર્વ પ્રકારની વ્યવહાર નીતિને જાણનારો તે સર્વનો રાજા થયો. અર્થાત સર્વ યુગલીયાઓ તેને અધિક માન સન્માન આપવા લાગ્યા. કાળના દોષે કરીને કલ્પવૃક્ષોનો પ્રભાવ મંદ થયેલો હોવાથી યુગલીયાઓને કલ્પવૃક્ષો પાસેથી ઓછું ઓછું અને વિરસ એવું મળવા લાગ્યું. જેથી કલ્પવૃક્ષો ઉપર યુગલીયાઓને મમતા થવા લાગી; અને એક યુગલીયાએ સ્વીકાર કરેલા કલ્પવૃક્ષોનો બીજો યુગલીક આશ્રય કરે તો પ્રથમનો યુગલીક પોતાનો મોટો પરાભવ થયો હોય તેમ માનવા લાગ્યો. એમ એક બીજાનો પરાભવ નહી સહન કરવાથી સર્વે યુગલીકોએ એ વિમલવાહનને પોતાના સ્વામી તરીકે માન્ય રાખ્યો અને તેની પાસે યુગલીયાઓ ફરિયાદ કરવાને આવવા લાગ્યા.

એવી રીતે વિમલવાહનના સમયમાં ત્રીજા આરાને અંતે આ ભરતક્ષેત્રમાં યુગલીક મનુષ્યોમાં કંઈક કષાયની પ્રવૃત્તિ થતી જોવામાં આવી, તે અનુક્રમે વૃદ્ધિ પામતીજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલુ રહી. જેથી જાતિસ્મરણ પામેલા વિમલવાહને વૃદ્ધ પુરૂષો જેમ પોતાની લક્ષ્મી કુટુંબીજનોને વહેંચી આપે તેમ યુગલીયાઓને કલ્પવૃક્ષો વહેંચી આપ્યાં અને જો કોઇ યુગલીયું બીજાના કલ્પવૃક્ષ પાસે જતું અને મર્યાદાનો ત્યાગ કરતું, તો તેને શિક્ષા કરવાને વિમલવાહનનાં "હું! તેં દુષ્કાર્ય કર્યું ?" એટલા વાકયથી તો યુગલીયાને મરવા કરતાં અધિક લાગતું. જેથી કોઇ યુગલીક તેની મર્યાદાને ઉલ્લંઘન કરતા નહી.

છ માસ આયુષ્ય બાકી રહ્યું ત્યારે વિમલવાહનને ચંદ્રયશા સ્ત્રીથી એક યુગલીક ઉત્પન્ન થયું. પ્રથમ સંઘયણ અને પ્રથમ સંસ્થાનવાળા એવા તે શ્યામવર્ણે કરીને યુકત આઠસો ધનુષ્ય પ્રમાણ ઉંચા શરીરવાળા અને અસંખ્યાત પૂર્વના આયુષ્યવાળા થયા. ચક્ષુષ્માન અને ચંદ્રકાંતા એવા નામ પાડ્યાં, છ માસ પર્યંત અપત્ય પાલના કરી વિમલવાહન ભુવનપતિની સુવર્ણકુમાર જાતિમાં દેવ થયો અને ચંદ્રકાંતા નાગકુમાર દેવલોકમાં દેવી પણે ઉત્પન્ન થઇ, પેલો હાથી પણ મરણ પામીને નાગલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

વિમલવાહન પછી સર્વ યુગલીકોએ ચક્ષુષ્માનને સ્વામી તરીકે કબુલ રાખ્યો, તે પણ હાકાર નીતિજ ચલાવતો હતો. છમાસ શેષ રહે છતે યશસ્વી અને સુરૂપા એ જોડકું ઉત્પન્ન થયું. જયારે તેના અંકુશનું ઉલ્લંઘન થવા લાગ્યું ત્યારે યશસ્વીએ "મા" એવી તિરસ્કાર સૂચક માકાર દંડનીતિ દાખલ કરી. કેમકે એક ઔષધથી રોગ સાધ્ય ન થાય તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજું ઔષધ આપવું જોઇએ. તેવી રીતે " હા " કાર પછી " મા " કાર વપરાવા લાગ્યો.

આયુષ્યના પ્રાંતભાગે અભિચંદ્ર અને પ્રતિરૂપા નામે યુગલ યશસ્વીને ઉત્પન્ન થયું. માતા પિતાથી કાંઈક અલ્પ આયુષ્યવાળા અને સાડાછસેં ધનુષ્ય પ્રમાણ દેહવાળા તેઓ થયા. માતાપિતા દેવલોકમાં ઉત્પન્ન થયાં. અભિચંદ્રે પણ પિતાનીજ નીતિ ચાલુ રાખી હતી. તે પછી તેને પ્રસેનજીત અને ચક્ષુ:કાંતા નામે યુગલ માતાપિતાથી કાંઈક ન્યૂન આયુષ્યવાળા અને શરીરવાળા થયા. પિતાની પેઠે પ્રસેનજીત પણ યુગલીકનો રાજા થયો. આ વખતે યુગલીકો–હાકાર માકાર નીતિનો પણ અનાદર કરવા લાગ્યા. ત્યારે પ્રસેનજીતે " ધિક્કાર " એવી ત્રીજી નીતિ દાખલ કરી ! અંકુશથી જેમ હાથીને શિક્ષા કરે, તેમ ત્રણે નીતિથી યુગલીયાઓને શિક્ષા કરવા લાગ્યો. કાલાંતરે તેમને મરૂદેવ અને શ્રીકાંતા નામે યુગલ સાડાપાંચસે ધનુષ્ય પ્રમાણ શરીરવાળું ઉત્પન્ન થયું. અને માતાપિતા દેવલોક ગયા. પિતાની નીતિ પ્રમાણે મરૂદેવ યુગલીકોપર સામ્રાજ્ય ચલાવવા લાગ્યો, તે પછી તેમને નાભિ અને મારૂદેવા નામે યુગલિક ઉત્પન્ન થયું. સવાપાંચસે ધનુષ્યના શરીર પ્રમાણવાળા, અને સંખ્યાત પૂર્વના આયુષ્યવાળા ઉત્પન્ન થયા. માતાપિતા કાળ કરીને દેવલોકમાં ગયા. એવી રીતે વિમલવાહન કુલકરથી લઈને નાભિ કુલકર સાતમા કુલકર (યુગલીયાના રાજા) થયા. તેપણ ત્રણે નીતિથી રાજ્ય કરવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજા આરાના ચોરાશીલાખ પૂર્વ અને નેવાશી પખવાડીયાં જ્યારે બાકી રહ્યાં, ત્યારે નાભિરાજા અને મારૂદેવા માતા થકી શ્રી રૂષભદેવ અને સુમંગલા યુગલીકપણે ઉત્પન્ન થયાં. પાંચસે ધનુષ્ય પ્રમાણુ શરીર અને ચોરાશીલાખ પૂર્વનું આયુષ્ય એવા તેઓ થયા.

રૂષભદેવ જયારે સર્વાર્થસિદ્ધ વિમાનેથી ચવીને મારૂદેવા માતાના ગર્ભમાં આવ્યા, ત્યારે માતાએ નિર્મળ એવાં ચૌદ સ્વપ્નાં જોયાં. પણ તે વખતે સ્વપ્નપાઠકો કે જ્યોતિષી વગેરે કાંઈ નહોતું, કાંઈક કષાયની પ્રવૃત્તિવાળા સર્વે યુગલીક મનુષ્યોજ હતા. છતાં એ ચૌદ સ્વપ્ન જો અતિ વિશુદ્ધ હોય તો જગતમાં તીર્થંકરનો અવતાર થાય છે. અન્યથા ચક્રવર્ત્તી જન્મે. મારૂદેવા માતાએ અતિ વિશુદ્ધ સ્વપ્નો જોવાથી સ્વપ્નફળને અનુસારે રૂષભદેવ તીર્થંકરનો જન્મ થયો. અનુક્રમે રૂષભદેવ વર્ષ દિવસના થયા, ત્યારે શક્રેન્દ્ર નાભિરાજા પાસે શેરડી લઇને આવ્યા, રૂષભદેવે શેરડી લેવાને રમતાં રમતાં ઇંદ્રપ્રાત હાથ લાંબો કર્યો, જેથી શક્રેન્દ્રે નાભિરાજાનું ઈક્ષ્વાકુ વંશ એવું આ ભરતક્ષેત્રમાં પ્રથમ વંશનું નામ પડયું.

અનુક્રમે રૂષભદેવને બાલ્યાવસ્થામાં ક્રીડા કરતાં ચૌદ લાખ પૂર્વ વર્ષ વ્યતીત થયાં. પછી દેવતાકૃત મહોત્સવવડે વિવાહ વિધિથી આ ભરતક્ષેત્રમાં સુમંગલા અને એક બીજી સુનંદા કન્યા સાથે લગ્ન સંબંધથી જોડાયા. એવી રીતે આ અવસર્પિણી કાળમાં આ પ્રથમજ લગ્ન થયાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિવાહ વિધિ પછી ભગવાન રૂષભદેવે કંઈક ન્યુન છ લાખ પૂર્વ વર્ષ સાંસારીક સુખ ભોગવતાં વ્યતીત કર્યાં. તેવારે સુમંગલાથી ભરત અને બ્રાહ્મીનું યુગલીક અને સુનંદાથી બાહુબલી અને સુંદરીનું યુગલ ઉત્પન્ન થયું. તે પછી સુમંગલાએ ઓગણપચ્ચાસ જોડકાંનો જન્મ આપ્યો.

હવે કાળ દોષે કરીને કલ્પવૃક્ષોનો પ્રભાવ જેમ જેમ ઘટવા લાગ્યો, તેમ તેમ યુગલીકોમાં ધીમે ધીમે અધિક કષાય ઉત્પન્ન થવા લાગ્યો. તેઓ હાકાર, માકાર, અને ધિક્કાર નીતિનું પણ ઉલ્લંઘન કરવા લાગ્યા. તેથી બીજા ડાહ્યા યુગલીઆઓ રૂષભ આગળ આવીને વારંવાર સર્વ બનાવોનું વર્ણન કરીને ફર્યાદ કરવા લાગ્યા. જેથી ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત અને અવધિજ્ઞાન) ના જાણનારા રૂષભે કહ્યું કે " લોકમાં જે મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેને શિક્ષા કરનાર રાજા હોય છે, અને તેનો વિધિ પ્રમાણે રાજ્યાભિષેક કરવામાં આવે છે. તેની પાસે સૈન્ય, હાથી, ઘોડા વગેરે સર્વે સમૃદ્ધિ હોય છે અને અખંડિત શાસનવાળો હોય છે.

" સ્વામી ! ત્યારે તમેજ અમારા રાજા થાઓ ? આવા સમયમાં અમારી ઉપેક્ષા તમારે ન કરવી જોઇએ, કેમકે આજે આપના સરખો કોઈ મહાન્ પુરૂષ અમારા જોવામાં આવતો નથી. "

" તમે નાભિ રાજા પાસે જાઓ:! તે તમારા રાજા છે. યોગ્ય લાગશે તે કરશે ને તમારૂં દુઃખ નિવારશે "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂષભદેવનાં આવાં વચન સાંભળીને યુગલીયાઓએ સાતમા નાભિકુલકરની પાસે જઇને પોતાની સર્વ હકીકત જાહેર કરીને પ્રાર્થના કરી, ત્યારે કુલકરમાં અગ્રણી એવા નાભિરાજાએ કહ્યું કે " હવેથી રૂષભજ તમારો રાજા થાઓ "

હર્ષથી પ્રફુલ્લિત હૃદયવાળા એવા યુગલીયાઓ રૂષભ આગળ ફરીથી આવીને કહેવા લાગ્યા કે " આજથી તમનેજ અમારા રાજા થવાની નાભિકુલકરે આજ્ઞા આપી છે. " એમ કહીને સર્વે યુગલીકો, રૂષભદેવનો અભિષેક કરવાને જળ લેવા ગયા.

અહીં દેવતાઓ કૃત મહોત્સવ વડે પ્રભુનો રાજ્યાભિષેક થયો અને ઇંદ્રે કુબેરને બાર જોજન લાંબી, ને નવ જોજન વિસ્તારવાળી રૂષભદેવને માટે નગરી વસાવવાનો હુકમ કર્યો. એટલામાં યુગલીયાઓ જલ લઇને આવ્યા, તો રૂષભદેવને અલંકાર તથા વસ્ત્રાભરણોથી સુશોભિત દેખીને કમલપત્રમાં લાવેલા જલનો કયાં અભિષેક કરવો, તે માટે વિચારમાં પડ્યા. કાળના પ્રભાવે કરીને યુગલીકોમાં આ પ્રથમજ વિચાર થયો કે આવા અલંકારોથી સુસજ્જીત રૂષભદેવના મસ્તકે જળ નાખવું નહી, પછી તેમને ભગવાનનો ચરણ ખુલ્લો જણાયો, તેથી તેની ઉપર સર્વે જણાએ જલાભિષેક કર્યો. તેમનામાં આ પ્રથમજ વિનય પ્રાપ્ત થયેલો જોઇ શક્રેંદ્ર ખુશી થયા અને નગરીનું "વિનિતા" એવું નામ પાડી ભગવાનનો રાજ્યાભિષેક કરીને ધન ધાન્ય અને સુવર્ણ, મણી, માણેકથી ભરેલી વિનિતામાં સર્વે યુગલીકોને વસાવ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે જન્મથી વીશ લાખ પૂર્વ વહી ગયાં, ત્યારે વ્યવહાર ધર્મનું પાલન કરવા માટે રૂષભદેવ આ ભરતક્ષેત્રમાં પ્રથમ રાજા થયા. તેમણે ડાહ્યા ડાહ્યા યુગલીયાઓને મંત્રી (પ્રધાન) તરીકે નીમ્યા. રાજ્યમાં ચોરી વગેરે ઉપદ્રવ ન થાય તે માટે કેટલાક યોગ્ય યુગલીયાઓને આરક્ષક તરીકે જોડ્યા. રૂષભદેવે હાથી ઘોડા વગેરે વાહનોનો સંગ્રહ કરવા માંડયો અને જાણે પૃથ્વીનાં વિમાન હોય એવા કાષ્ટના સુંદર રથો તૈયાર કરાવ્યા. વળી પાયદળ લશ્કર (સેના) પણ એકઠી કરવા માંડી. જબરા યુગલીકોને સેનાના સેનાપતિ તરીકે નીમ્યા. વળી ગાય ભેંસ, બળદ, ઉંટ, મહીષ અને ખચ્ચર વગેરે પશુઓ પણ તેમના ઉપયોગને જાણનારા રૂષભદેવે ગ્રહણ કર્યા. અને આ ભારતવર્ષમાં પહેલ વહેલુંજ રૂષભદેવનું વિધિ પ્રમાણેનું રાજ્ય પ્રવર્ત્યું.

હવે આ સમયે કલ્પવૃક્ષો તદ્દન વિચ્છેદ પામી ગયાં હતાં. જેથી લોકો–યુગલીકો કંદમૂળ અને ફલાદિકનું ભક્ષણ કરતા હતા. તેમજ કાળબળે કરીને ઘઉં, ચણા, મગ, શાલિ વગેરે ઘાસની માફક પોતાની મેળેજ ઉગવા લાગ્યું. અને તે કાચો ને કાચો આહાર ખાવાથી તે યુગલીકોને પેટમાં દુઃખવા લાગ્યું, એટલે તેઓ રૂષભ આગળ ફરીયાદ કરવા આવ્યા.

આજસુધી યુગલીકોને દુઃખનું ભાન સરખું પણ નહોતું, "દુઃખ શું છે" તે પણ સમજતા નહિં, તેઓ હમેશાં ઔદારિક શરીરવાળા હોવા છતાં પણ દેવતાની માફક દીવ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને નિરોગી હોય છે. મરણ સમયે પણ રોગ રહીતપણેજ દેવતાની માફક ચવી જાય છે. કાલના દોષે કરીને હવેજ તેમને પેટમાં દુઃખવા માંડ્યું. છતાં તેમને તેનું જ્ઞાન નહોતું કે એ શું થાય છે? માત્ર "દુઃખ થાય છે" એટલુંજ તેઓ સમજતા!

"રૂષભ! રૂષભ! વનમાં ઉત્પન્ન થયેલ અનાજ ખાધા પછી અમારા પેટમાં અનિવાર્ય પીડા થાય છે?"

રૂષભ તો જ્ઞાનથી સમજતાજ હતા કે "કાચું અનાજ ખાવાથી પેટમાં દુઃખ થાય" છતાં હજી અગ્નિ ઉત્પન્ન થવાનો સમય આવ્યો નહોતો, જેથી તેમણે કહ્યું કે "તમે તેને ચોળીને ફોતરાં કાઢી નાંખીને ખાઓ"

કેટલાક દિવસ પછી તેમ કરવાથી પણ આહાર પાચન થતો નહી, જેથી રૂષભ આગળ પુનઃ ફરિયાદ કરવા આવ્યા, ત્યારે રૂષભે ફરીને કહ્યું કે "તમે એને ચોળી ફોતરા કાઢી નાંખીને હાથમાં ઘસી, અથવા મુઠ્ઠીમાં રાખી કે કાખમાં રાખીને તેને ગરમાવો આપ્યા પછી ખાઓ, એટલે સુખ થશે."

તેમ કરવાથી પણ લોકોને સુખ ન થયું અને યુગલીકો દુઃખી દુઃખી થઈ ગયા. જેથી વારંવાર રૂષભ આગળ ફરીયાદ કરવા લાગ્યા. એક દિવસ વૃક્ષની શાખાના પરસ્પર ઘસારાથી અગ્નિ ઉત્પન્ન થયો. અને તૃણ કાષ્ટાદિકને બાળવા લાગ્યો. લોકો– યુગલીયાઓ પ્રકાશમાન રત્નના ભ્રમથી તેને પકડવા લાગ્યા, પણ તેથી તો તેમના હાથ બળવા લાગ્યા. જેથી ફરીયાદ કરવાને તેઓ એકદમ રૂષભ પાસે દોડી આવ્યા "હે રૂષભ! વનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ નવીન અસુર ઉત્પન્ન થયો છે જે અમને દુ:ખ આપે છે. પકડવા જતાં પકડાતો પણ નથી. ”

રૂષભે જ્ઞાનથી જાણ્યું કે—સ્નિગ્ધ અને રૂક્ષકાળના પ્રભાવે–દોષે કરીને બન્નેના મળવાથી અગ્નિ ઉત્પન્ન થયો છે. કેમકે એકાંત રૂક્ષકાલ કે એકાંત સ્નિગ્ધ કાલમાં અગ્નિ ઉત્પન્ન થતો નથી. પછી તેનો વિધિ બતાવ્યો. અને અનાજને તેમાં પકાવીને કેમ ખાવું તે શીખવ્યું. ભોળા યુગલીકો વનની એ ખાવા યોગ્ય ઔષધિઓને અગ્નિમાં નાંખીને તેની પાસે પાછી માગવા લાગ્યા, પણ તેતો બળીને ભસ્મીભૂત થઇ ગઈ! જેથી પાછા ફરીયાદ કરવાને રૂષભ પાસે દોડી આવ્યા.

એ સમયે રૂષભ હાથી ઉપર બેસીને બહાર ઉદ્યાન તરફ ફરવા જતા હતા, ત્યાં યુગલીકોની બુમ સાંભળીને માટીનો એક પીંડ મંગાવ્યો, ને હાથીના કુંભસ્થળ ઊપરજ તેનું એક પાત્ર બનાવી રૂષભે શીલ્પોમાં પ્રથમ કુંભારનું શિલ્પશાસ્ત્ર પ્રગટ કર્યું, એવી રીતે બીજાં પણ પાત્રો તેમને બનાવતાં શિખવ્યું. પછી તેને અગ્નિમાં નાંખીને તૈયાર કરાવ્યું, બાદ ખાવાની ચીજોને તેમાં નાંખીને યુગલીકોને પકાવીને ખાતાં શીખવ્યું. તેમ કરવાથી યુગલીકોને આહાર સ્વાદિષ્ટ લાગ્યો અને રીતસર પાચન થવા લાગ્યો.

તે પછી રૂષભે ઘર બનાવવાની કળા, ચિત્રકળા, વણાટ-કળા અને નાપિતવિદ્યા શીખવીને લોકોને સુખી કર્યા.

લોકોની જીવિકાને માટે તૃણહર, કાષ્ટહર, કૃષિ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાપાર વગેરે કર્મો રૂષભે પ્રગટ કર્યાં, તેમજ જગતની વ્યવસ્થા માટે શામ, દામ, દંડ અને ભેદ એ ચાર ઉપાયની રચના કરી. પોતાના મુખ્ય પુત્ર ભરતને પુરૂષની બહોંતેર કળા શીખવી. અને ભરતે પોતાના કુંટુંબમાં તેમજ બીજાઓને પણ શીખવી—એમ પરંપરા ચાલી. બાહુબલીને લક્ષણશાસ્ત્ર શીખવ્યું. બ્રાહ્મીને જમણા હાથ વડે અઢાર લીપી બતાવી. સુંદરીને ડાબા હાથે ગણિતશાસ્ત્ર શીખવ્યું. વસ્તુઓનું માન, ઉન્માન તથા મણિ વગેરે પરોવવાની તથા પારખવાની કળા શીખવી, તેમની આજ્ઞાથી વાદી અને પ્રતિવાદીનો વ્યવહાર, રાજા, અધ્યક્ષ કે કુલગુરૂની સાક્ષીથી થવા લાગ્યો. હસ્તી વગેરેની પૂજા, ધનુર્વેદ, વૈદકની ઉપાસના, સંગ્રામ, અર્થશાસ્ત્ર, બંધ, ઘાત, વધ અને ગોષ્ઠિ વગેરે તેમણે પ્રવર્ત્તાવ્યું. " આ માતા, આ પિતા, આ ભાઇ, આ બેન, આ સ્ત્રી, આ ધન, આ ઘર, આ પુત્ર, આ કુટુંબ મારૂં છે " એવી મમતા ત્યારથી લોકોને વિષે ઉત્પન્ન થઈ—શરૂ થઇ.

રૂષભદેવને વિવાહ વખતે વસ્ત્રો વગેરેથી મનોહર જોયા હતા, તેથી લોકોએ વસ્ત્ર આભરણો વગેરે તે પ્રમાણે પહેરવાનો, સંગ્રહવાનો પ્રચાર કર્યો. તેમજ રૂષભદેવની વિવાહવિધિ જોઇને લોકોમાં પણ તે રૂઢી પ્રવર્ત્તી, જે અદ્યાપિ પણ ચાલી આવે છે.

વિશ્વની સ્થીતિ સુધારવામાં મહાન્ સુત્રધાર એવા રૂષભે વર્ણ વ્યવસ્થા પણ કરી, ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રીય એવાં ચાર કુલોથી લોકરચના કરી. દંડના અધિકારી આર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષક તે ઉગ્ર કુલવાળા થયા. મંત્રી વગેરે ભોગકુલવાળા થયા. સમાન વયવાળા મિત્રો વગેરે રાજન્ય કુલવાળા કહેવાયા. અને શેષ રહેલા સર્વે ક્ષત્રીયો કહેવાયા. એવી રીતે વ્યવહાર-નીતિ પ્રવર્ત્તાવીને વિશ્વના બંધારણની અપૂર્વ રચના કરી; જાણે ભરતક્ષેત્ર વિદેહજ ન હોય, તેમ અલ્પ સમયમાં જ થઇ પડયું. નગરો, ગ્રામો, દેશો વસાવી સર્વે રૂઢી પ્રવર્તાવી. ભરતક્ષેત્ર આબાદ કર્યું. યુગલીકો પણ અલ્પકાળમાં વ્યવ-હારમાં નિપુણ બનીને ડાહ્યા મનુષ્યો તરીકે ઓળખાવા લાગ્યા. સારા ખોટાનો ભેદ સમજવા લાગ્યા. કોઇ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતું નહિ. સર્વે લોકો સુખી, સંતોષી ને અલ્પ મમત્વવાળા હોવાથી અનીતિનો પ્રચાર મુદ્દલ ન હતો. એવી રીતે રાજ્યસૂત્ર ચલાવતાં રૂષભદેવને ત્રેસઠ લક્ષ પૂર્વ થયાં. સર્વે રાજ્યનીતિ અને વ્યવહારનીતિ પૂરેપૂરી પ્રવર્ત્તાવ્યા બાદ ધર્મનીતિ ફક્ત શેષ રહી હતી. તે તીર્થંકર થઇને શરૂ કરવાની હતી. તે પછી શુભ અવસરે પોતાનો દીક્ષાનો સમય નજીક જાણીને નમિ વિનમિને સર્વે પુત્રો કરતાં ધરણરાજથી મોટો લાભ થવાનો છે, અને તેમના થકી વિદ્યાધર વંશની ઉત્પત્તિ થવાની છે એમ ધારી તેમને દૂર દેશ મોકલ્યા, અને પાછળ સર્વે પુત્રોને જુદા જુદા દેશો આપીને રાજપાટ વહેંચી આપ્યું.

ઈંદ્રો કૃત મહોત્સવવડે રૂષભનાથે કચ્છ–મહાકચ્છ આદિ ચાર હજાર રાજાઓની સાથે દીક્ષા ગ્રહણ કરી. રૂષભદેવ તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના શરીર ઉપર પણ નિરપેક્ષ એવા મૌનપણે વિહરવા લાગ્યા. તેમજ સાધુઓને કેમ વહોરાવવું, વિગેરેનો વિધિ કોઈ નહી જાણતું હોવાથી જયાં જયાં ભગવાન જતાં, ત્યાં ત્યાંના લોકો ભગવાનને કોઈ ઘોડા, હાથી, લક્ષ્મી વસ્ત્રો ને કન્યાઓ, અલંકારો વગેરે આપતું હતું ! પણ ભગવાન તેમાંનું કશું પણ ગ્રહણ કરતા નહી અને અંતરાય કર્મના ઉદયથી આહાર મળવા ન લાગ્યો, જેથી કચ્છ મહાકચ્છ આદિ અન્ય સાધુઓ ભૂખનું દુઃખ નહી સહન કરવાથી તાપસ બની ગયાં, આવા વિકટ સમયમાં નમિ વિનમિ દાદાજીની આજ્ઞા પૂર્ણ કરીને વિનિતા તરફ જવાને ત્વરાથી ધસ્યા જતા હતા. જે ઈતિહાસ પ્રથમ પ્રકરણમાં આવી ગયો છે.

વરસ દિવસ પર્યંત રૂષભદેવને આહાર વગર રહેવું પડયું, તે પછી રૂષભદેવ ગજપુર નગરમાં આવ્યા, ત્યાં બાહુબલીનાં કુમાર સોમયશાનું રાજ્ય હતું, તેમના પુત્ર શ્રેયાંસકુમારને ભગવંતનો વેશ જોતાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાનથી વહોરાવવાનો વિધિ જાણીને તે વખતે ઇક્ષુરસના ઘડાઓ હાજર હતા તે ભગવંતને ખોબામાં વહોરાવ્યા, અને ભગવંતે તે દિવસે ( વૈશાખ સુદ ૩ ) વરસીતપનું પારણું કર્યું. તે દિવસનું દાન અક્ષય થવાથી તે દિવસ “ અક્ષય તૃતીયા ” ના નામથી પ્રસિદ્ધ થયો. જે આજે પણ ચાલ્યો આવે છે.

સર્વે લોકોને દાન દેવાનો વિધિ શ્રેયાંસે જાતિ સ્મરણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનથી શીખવ્યો. તે પછી લોકો સાધુઓને નિર્દોષ આહાર વહોરાવવા લાગ્યા.

એવી રીતે ત્રીજા આરાના અંતમાં અને રૂષભદેવના રાજ્યત્વકાળમાં આ ભરતક્ષેત્ર સાક્ષાત્ મહાવિદેહ ક્ષેત્ર હોય તેવું થઈ પડયું.

# પ્રકરણ ૭ મું.

## નમિ વિનમીની દિક્ષા.

કાળે કરીને જગતમાં પરિવર્ત્તન થયાંજ કરે છે એકની એક સ્થીતિ દુનીયામાં કોઈની હમેશાં કાયમ રહેતી નથી. સંસારમાં આજે જે સમૃદ્ધિવાન હોય છે તે એક દિવસ રંક બની જાય છે. અને ગરીબ અમીર બનીને પોતાનો સમય સુખ ચેનમાં ગાળે છે. આજે જેમ અલ્પકાળમાં પરિવર્ત્તન થાય છે તેમ તે સમયે ઘણે સમયે પણ પારવર્ત્તન તો થયાંજ કરતું હતું. તેમ છતાં એટલું તો નિઃસંદેહ કે આજના સમય કરતાં તે સમયે વધારે પુણ્યવંત જીવો હતા.

નમિ વિનમિ વિદ્યાધરેંદ્રોને વિદ્યાધરોનું ઐશ્વર્ય ભોગવતાં અને રૂષભ તેમજ પાર્શ્વનાથનું પૂજન કરતાં લગભગ સાઠ હજાર વર્ષ વ્યતીત થયાં. સાઠ હજાર વર્ષનો આજે હિસાબ ગણાય, પણ જ્યાં લાખો પૂર્વનાં દીર્ઘ આયુષ્ય હોય તેવી સ્થીતિમાં તેટલાં વર્ષનો કાંઈ હીસાબ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ નમિ વિનમિ વિદ્યાધરો પોતાની સભામાં ઇંદ્રની માફક ઐશ્વર્ય ભોગવતા બેઠા છે, ત્યાં સભાના મધ્ય ભાગમાં આકાશમાંથી આવેલું એક બાણ તેમના ચરણમાં આવીને પડયું. સભા ક્ષોભ પામી ! વિદ્યાધરપતિઓ ક્રોધથી ધમધમતા તે બાણુને જોઇને વિચાર કરવા લાગ્યા.

" બંધુ ! જંબુદ્વિપમાંના ભરતક્ષેત્રમાં આ ભરતરાજા પ્રથમ ચક્રવર્ત્તી તરીકે ઉત્પન્ન થયો છે. જેવી રીતે કેવલજ્ઞાન પામીને દાદાજી પ્રથમ તીર્થંકર થયા, અને ચાર પ્રકાર (દાન, શિયલ, તપ ને ભાવ ) નો તેમજ બે પ્રકાર ( સાધુધર્મ ને શ્રાવકધર્મ ) નો ધર્મ બતાવીને જગતમાં પ્રથમજ ધર્મની શરૂઆત કરી, તેવી રીતે ભરતે રૂષભકુટ પર્વત ઉપર જઇને ચંદ્ર બિંબની જેમ ત્યાં પોતાનું નામ લખીને પાછા વળતાં તે અહીં આવ્યો જણાય છે. તેણે આપણા વૈતાઢ્યના પાર્શ્વ-ભાગમાં પડાવ નાંખ્યો છે, બધે ઠેકાણે જય મેળવીને ષટ્ ખંડ ભરતને દબાવી ગર્વિષ્ઠ થયેલો તે આજે આપણને દબાવીને નમાવવા ઇચ્છે છે." જુઓ આ બાણ ! તે આપણી પાસે દંડ અને સેવા માગે છે. વિનમિ વિદ્યાધરપતિએ બાણ જોઇને નમિને કહ્યું.

" એ એના મનને શું સમજે છે ? વડીલ થઈને પોતેજ મર્યાદાનો ભંગ કરે છે. તેણે કાંઇ આપણને આપ્યું નથી. આપણને તો દાદાજીએ આપ્યું છે, છતાં નાહક આપણને દબાવવા આવ્યો છે. તો આપણે પણ આપણો ભુજદંડ બતાવવો જોઈએ. " નમિએ ગુસ્સાથી સર્વ સમક્ષ કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આપણા કુટુંબમાં એ વડેરા છે. પૂજ્ય દાદાજી રૂષભદેવે તેમને વડેરા તરીકે સ્થાપ્યા છે. તો તેમણે આપણી ઉપર રહેમની નજરે જોવું તો દૂર રહ્યું, પણ આ તો સેવકની જેમ આપણી પાસે દંડ માગીને તાબેદાર બનાવવા ઇચ્છે છે!"

"ભલે! તો આપણે પણ રૂષભદેવના પુત્રો છીએ. એને પણ આપણું બળ બતાવીએ. વિજયના મદમાં મસ્ત બનેલો ભરત આપણા વિદ્યાધરોનું બાહુબળ ભલે દેખે!" કહી છ ખંડ જીતીને આવેલા ભરતચક્રી સામે યુદ્ધ કરવા તે બન્ને વિદ્યાધરોએ લશ્કર તૈયાર કર્યું. વિદ્યાઓના પ્રભાવથી યુદ્ધની અનેક લીલા કરતાં અને દુશ્મનોને આંજી નાંખતાં તેમનાં સૈન્યો ચક્રવર્ત્તીના સૈન્ય ઉપર ધસી ગયાં. મહા જબ્બર યુદ્ધ થયું. વિદ્યાધરો વિદ્યાઓના બળે કરીને નવાં નવાં સ્વરૂપો કરતા, નવાં નવાં આયુધો રચતાં અને ચક્રીના સૈન્યનો નાશ કરવાને પોતાની સર્વે નવી નવી વિદ્યાશક્તિઓ અજમાવતા, પણ ચક્રવર્ત્તીના સૈન્યમાં રહેલા તેના અંગરક્ષક યક્ષો વિદ્યાધરો કરતાં પણ ઘણી શક્તિવાળા હતા. જેથી વિદ્યાધરોની દરેક વિદ્યાઓ યક્ષો નિષ્ફળ કરવા લાગ્યા! જેમ જેમ વિદ્યાધરો નવીન વિદ્યાઓ અજમાવે, તેમ તેમ યક્ષ દેવતાઓ તેનું નિવારણ કરે! એવી રીતે યુદ્ધ કરતાં નમિ-વિનમીને બાર બાર વર્ષ વીતી ગયાં અને યક્ષોની શક્તિ આગળ વિદ્યાધરોની શક્તિ પાછી હઠી ગઈ; ત્યારે નમિવિનમી વિદ્યાધરપતિઓ હારી જવાથી વિલખા થઈ ગયા.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"રે ! આ શું થઈ ગયું ? આજે આપણું ભાગ્ય પરિપૂર્ણ થયું. દુનીયા તો બળવાનને માટે છે. નિર્બળને માટે નહીજ. આજ સુધી વિદ્યાધરનું ઐશ્વર્ય આપણે ભોગવ્યું—સ્વતંત્રપણે ભોગવ્યું. પણ આજે ભરતચક્રીએ આપણી વિદ્યાધરની સંપત્તિ જીતી લીધી. હવે તો તેની આજ્ઞામાં રહીનેજ જીવવાનું રહ્યું. "બંધુ ! એથી અધિક બીજું શું રહ્યું !" વિનમીએ કહ્યું.

"બંધુ ! વીર માણસે પરાધિનપણે જીવવું એ મરણ સમાન છે. આજ સુધી ભરતની પાસે આપણે યાચના કરી નથી, તેથી હવે જબરાઈથી તે આપણને તાબેદાર બનાવે એના કરતાં તો યમને આ શરીર દઈ દેવું શ્રેયસ્કર છે." નમિએ નિરૂત્સાહ બનવા છતાં કાંઈક ગર્વયુક્ત શબ્દોમાં કહ્યું.

"હા ભાઈ ! તો પછી રણમાંજ દેહ પાડવો ઈષ્ટ છે. સંસારના દરેક ક્ષણીક સુખો અને વિદ્યાધરોનું મોટું સમૃદ્ધિવાળું ઐશ્વર્ય આપણે દીર્ઘકાળ પર્યંત ભોગવ્યું, જગતમાં એથી બીજું શું અધિક છે ?"

"ઠીકજ છે. જન્મવું તે મરવાને માટેજ. અને જીવવું તે સ્વતંત્રતા માટે. બાકી તો સર્વે જન્મે છે અને મરે છે. ભરતે આપણને નાહક સતાવ્યા છે—દબાવ્યા છે, તો તેને પણ કોઈ દબાવનાર જાગશે—તેનો ગર્વ ઉતારશે."

"હે આપ સર્વ શક્તિમાન પ્રભુ ! [illegible] કહો, આવા સંકટના સમયમાં અમારે શું કરવું ? મોટા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાવવાળા પાર્શ્વનાથ ! અમને સદ્દબુદ્ધિ આપો, કાંઇક રસ્તો સુજાડી અમારૂં કષ્ટ કાપો ? ” નમિ તથા વિનમિએ કાંઇક હૃદયની લાગણીએ પાર્શ્વનાથને યાદ કર્યા–સંભાર્યા

બીજી બાજુ સૈનિકો સામસામા પોતાનું વીરત્વ બતાવી રહ્યા છે, ત્યારે નમિ વિનમિ બાંધવો ભગવાનનું સ્મરણ કરતા–પાર્શ્વનાથનું ધ્યાન કરતા હારી ગયેલા છતાં વિદ્યાધરોમાં યુદ્ધનો ઉત્સાહ પ્રેરી રહ્યા છે. એટલામાં જાણે તરતજ ગેબી અવાજ થયો હોય તેમ સાંભળ્યું કે “ રૂષભદેવ પાસે જાઓ ! આત્મકલ્યાણ કરો ! ”

હારીને વિલખા થયેલા તેઓ યુદ્ધને તુરતજ બંધ રખાવીને ભેટણું લઇને ચક્રવર્ત્તીની સમીપે આવી નમન કરી ઉભા રહ્યા.

એવી રીતે તેમને શાંતપણે ઉભેલા જોઇને સભા સહીત ભરત આશ્ચર્ય પામ્યા. “ પુત્રો ! કુશળમાં છોને ? જાઓ નિર્વિઘ્ને તમે તમારૂં રાજ્ય સુખેથી ભોગવો ! દેવતાઓની સાથે સ્પર્ધા કરનારૂં તમારૂં ઐશ્વર્ય તમને મુબારક રહો ! ”

“પૂજ્ય ! અમારૂં ઐશ્વર્ય આજસુધી અમે ભોગવ્યું છે. જે આજથી તમારા બાહુબળે તેને તમારે આધિન બનાવ્યું છે, જેથી તે હવે તમારૂં છે. બસ ! આજથી એક દાદાજી જ અમારૂં શરણુ હો ! ” નમિ વિનમિએ શાંતિ પામેલા હૃદય વડે ચક્રવર્ત્તીને કહ્યું.

ભરત ચક્રવર્ત્તી નમિ વિનમિ પુત્રોને આમ બોલતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાંભળી સ્થંભી ગયા. " ખરે, તમે પિતાજી પાસે જઇ શું કરશો ? તે તો તીર્થંકર–વિતરાગ થયા છે, તે શું તમારી ફરીયાદ સાંભળવાના છે ? "

" અમારે કાંઇ ફર્યાદ–બર્યાદ કરવાની રહી નથી, દાદાજી પાસે જઇને અમે વ્રત ગ્રહણ કરશું. તમારા રાજ્ય સંબંધી રાક્ષસી લોભને અમે તૃપ્ત કરશું ? " નમિ વિનમીએ કહ્યું.

" પુત્રો ! કહો, રાક્ષસી મહત્વાકાંક્ષાનો શું હું દાસ બનેલો છું ! જગતમાં લોભી, સ્વાર્થી પુરૂષોમાં હું અગ્રણીરૂપ છું ? તમારાં વચન સાંભળવા આતુર છું, કહો ! કહો. "

" પૂજ્ય ! ભારતની એવી કઈ દિશા બાકી છે કે જ્યાં તમારી અમોઘ આજ્ઞા ન ફરતી હોય ? છ ખંડ ભરતના તમે એકજ માલેક ( હાકેમ ) હોવાથી ભરત હવે ભારતના નામથી ઓળખાય છે. જ્યાં ત્યાં તમારી પ્રચંડ આજ્ઞા શીરે ધરાય છે. છતાંય તમોને અમને તાબેદાર બનાવવાનો લોભ જાગ્યો ! "

" ઠીક, પુત્રો ! જાઓ, મારી આજ્ઞા માન્ય કરીને તમે તમારૂં ઐશ્વર્ય દીર્ઘકાળ પર્યંત ભોગવો ? ચિરંજીવી રહો !"

"નહી ! કદાપિ નહી ! અમારે એવા રાજ્યથી સર્યું " કહી નમિવિનમી ભરતને ભેટણું આપીને પોતાના પુત્રોને રાજ્યાસન ઉપર બેસાડી તેમજ પોતાની પુત્રી સ્ત્રીરત્ન 'સુનંદા' ભરતચક્રીને આપીને રૂષભદેવ પાસે આવીને વ્રત ગ્રહણ કર્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભરત મહારાજ બન્ને બાંધવોને ખમાવીને તેમના પુત્રોને રાજ્યપાટ સોંપી કિંમતી ભેટણું લઇને ત્યાંથી અનુક્રમે વિનિતા નગરીએ આવ્યા. નમિવિનમી લઘુકર્મી ને અલ્પ કષાયવંત હોવાથી તુરતજ પોતાની હાર થતાં દીક્ષા લઇને ભગવાનના માર્ગને અનુસરવાનો તેમને મહા કલ્યાણકારી વિચાર થયો.

અનુક્રમે નમિવિનમિ વિદ્યાધરો પણ ઘણાકાલ પર્યંત, વ્રત પર્યાય પાળીને શત્રુંજય પર્વત ઉપર બે કરોડ મુનિરાજોની સાથે ફાગણ સુદી ૧૦ને દિવસે મોક્ષે ગયા.

ભગવાન રૂષભદેવ પણ ત્રીજો આરો પૂરો થવાને નેવ્યાશી પક્ષ બાકી રહે છતે ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરીને અષ્ટાપદ પર્વત ઉપર દશહજાર મુનિઓની સાથે અણુસણ, સ્વીકારીને મુક્તિલક્ષ્મીને વર્યા.

કચ્છ અને મહાકચ્છ સિવાયના બીજા સર્વે તાપસોએ કેવલજ્ઞાન પામ્યા પછી ભગવંત પાસે આવીને પ્રાયશ્ચિત કરી આત્માની શુદ્ધિ કરી, જેથી કચ્છ–મહાકચ્છથી તાપસ ધર્મ પ્રવર્ત્યો. દ્રવ્યલીંગ જુદું હતું, છતાં ભાવથી તો તેઓ રૂષભદેવનુંજ ધ્યાન ધરતા હતા.

ભરતનો પુત્ર મરિચી દીક્ષા લીધા પછી દિક્ષા પાળવાને અશક્ત થયો, હવે ઘરે પણ અવાય નહી, તેમ વ્રત પણ પળાય નહીં, તેથી તે ત્રિદંડી થઇ ગયો! અદ્યાપિ તે મત ચાલ્યો આવ્યો છે. એ ત્રિદંડી મરિચી કાળે કરીને આ ભારતમાં પ્રથમ વાસુદેવ થયો. મહાવિદેહ ક્ષેત્રની સુકાપુરીમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રિયમિત્ર ચક્રી થયો અને આજ ભારતવર્ષમાં તે રૂષભદેવના પૌત્ર મરિચી–મહાવીર નામે ચોવીશમા તીર્થંકર થઇને મોક્ષે ગયા.

રૂષભદેવના પુત્રો અને પૌત્રો જૈન એવા મોક્ષેજ ગયા છે, એટલુંજ નહી પણ અયોધ્યામાં ભરતની પાટે થયેલા અસંખ્યાતા રાજાઓ મુક્તિલક્ષ્મીને વર્યા છે.

રૂષભદેવના નિર્વાણ બાદ સાડાત્રણ વર્ષ પછી ૪૨ાા વર્ષે ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો ચોથો આરો બેઠો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૨ જો.

## પ્રકરણ ૧ લું.

### મગધરાજ જરાસંધ

"રે! શું ધાર્યું હતું ને શું બની ગયું? શું મારો મિત્ર સુયોધન પોતાના વિશાળ સૈન્ય સહીત માર્યો ગયો? પાંડવોએ એને માર્યો? નભોમંડલમાં સહસ્ત્ર રશ્મિ ઉદય પામે છતે તારલીઆઓ શું પ્રકાશ આપી શકે? પ્રલયકાલના પ્રચંડ પવન આગળ ક્ષુદ્ર જંતુઓ કયાં સુધી ટકી શકે? ભારતમાં હું એકજ અદ્વિતીય વીર પુરૂષ વિદ્યમાન છતાં એ માંકડા શું મદારીને રમાડી જાય? આહ? શું ધૃષ્ટતા છે? મારી જ રહેમ ઉપર પ્રાણ ટકાવી રાખનારાં મગતરાં આજે મારી પ્રત્યે જ હાથ ઉગામે છે. જોઉં છું કે એ કયાં સુધી ફાવે છે?" અસંખ્ય યોદ્ધાઓથી વીંટાયેલી મહા વિશાળ યુદ્ધ શિબિરની મધ્યના એક રમણીય વિશાળ તંબુના મધ્ય ભાગે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંહાસન ઉપર આરૂઢ થયેલો મહાપ્રરાક્રમી મગધરાજ જરાસંધ ગર્જના કરતો પોતાના સરદારો, સામંતો અને માંડલિકોની આગળ ઉપર પ્રમાણે બોલતો હતો. તાબાના અનેક મુગુટબંધી રાજાઓ અવનત મુખે તેના વચન સાંભળી રહી નવા હુકમની રાહ જોતા હતા.

પોતાના મિત્ર સુયોધનનું રણભૂમિ ઉપર મરણ સાંભળીને તથા તેના મોટા લશ્કરનો નાશ થયો જાણીને અત્યારે મહારાજ મગધાધિશનો ક્રોધ ફાટી નીકળ્યો હતો, આંખમાંથી અગ્નિના તણખા ઝરતા હતા. પ્રચંડ અને મજબુત શરીર ક્રોધથી આરક્ત એવું લતાની માફક કંપી રહ્યું હતું. સાંભળનારા સરદારો જરાસંધના ક્રોધથી થરથરી રહ્યા હતા. યુદ્ધનીતિ, રાજ્યનીતિ, વ્યવહારનીતિ તેમજ શામ, દામ, દંડ અને ભેદનીતિને જાણનારા તેના હજારો મંત્રીઓ હાથ જોડીને ઉભા હતા. સર્વ કોઇ સમજતું હતું કે હવે ભયંકર યાદવાસ્થળી જામવાનો અને મનુષ્યોના ક્ષયનો વિનાશ નજીકમાં આવી પહોંચ્યો છે.

તેઓ સમજતા હતા કે "પ્રતિવાસુદેવ જ્યારે રણમાં ઘુમતા હોય, પોતે જ સ્વયં યુદ્ધ કરતા હોય ત્યારે ત્રણખંડ ધરતીમાં તેમને જીતવાને કોઈ સમર્થ થતું નથી. પ્રતિવિષ્ણુ એક રાજાને ત્યાં અવતાર ધારણ કરીને જન્મથી જ મહાબળવંત એવા અનુક્રમે તે ત્રણેખંડના સોળ હજાર મુગુટ બંધી રાજાઓને જીતીને પોતાના તાબેદાર બનાવી ભારત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર એક છત્રે રાજ્ય કરે છે. તેની આજ્ઞા ભંગ કરવાને કોઇની પણ હિંમત ચાલતી નથી. આજે સમુદ્રવિજય રાજા જરાસંધ સામે લડવા ઉઠ્યા છે.

મુત્સદ્દી અને ન્યાયનીતિના જાણુકાર સોમક નામના રાજાને ભરતપતિ જરાસંધે આજ્ઞા કરી કે "જાઓ! તમે મારૂં ફરમાન સમુદ્રવિજય રાજાને કહો? પ્રથમ તમે સેવકની માફક મારાં દરેક ફરમાનો બજાવ્યે જતા હતા. જ્યારે આજે તમે તમારી શક્તિનો વિચાર કર્યા વગર ભયંકર કેશરીને છંછેડી શું સાર મેળવવાને ઇચ્છો છો! મારા મિત્ર દુર્યોધનનો નાશ એ કંસના નાશ કરતાં પણ મને અધિક સાલે છે. માટે જો તમને તમારૂં જીવીત પ્રિય હોય, અને યુદ્ધભૂમિ ઉપર મનુષ્યોનો ક્ષય કરવાને ન ચાહતા હો તો એકદમ કંસને મારનારા રામકૃષ્ણ અને દુર્યોધનનો નાશ કરનારા પાંડવોને મારે હવાલે કરી દેજો, જેથી તમે સર્વે નિર્ભય રહેશો. અને અમને પણ સંતોષ થશે. મારા સામંત રાજાઓમાં તમે પહેલા જેવા મુખ્ય અને ભક્તિમાન હતા તેવાજ હવેથી રહેશો-ગણાશો. માટે તમારા જેવા સમજુને અમે વિશેષ શું કહીએ! નહિંતર આ જરાસંધના ક્રોધથી યુદ્ધમાં ભસ્મ થવાનું આમંત્રણ સ્વીકારી લેજો."

મહાભુજ મગધપતિનો સમુદ્રવિજયને કહેવાનો સંદેશો લઇને સોમકરાજા સમુદ્રવિજયની છાવણીમાં પોતાના પરિવાર સાથે ચાલ્યો ગયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંદી દેશનો શિશુપાળ, સ્વર્ણનામ, રૂકિમ રાજા વગેરે હજારો રાજાઓ જરાસંધની હજુર તેની આજ્ઞા ઉઠાવવાને તૈયાર હતા. હંસક ડિંડિભ વગેરે કંઇક મંત્રીઓ મગધપતિ જરાસંધને સલાહ આપવાને પોતાના સ્વામીનું હીત કરવાને ઘણાજ ભક્તિમાન હતા. છતાં ભાવીના પટ પર કંઇ નવાજ ભાવ તરતા હતા.

"ભારતમાં મુગુટમણિ એવા આપ અર્ધચક્રી પાસે એ રામકૃષ્ણ કોણ માત્ર છે? એ સમુદ્રવિજય રાજા મને તો સમજાય છે કે પુત્રમોહમાં પોતાનું સર્વસ્વ ખોવાને તૈયાર થયા છે" હીરણ્યનાભ રાજાએ જરાસંધની છાવણીમાં કહ્યું.

"ખરે મહારાજ મગધેશ્વર કોપ્યા નથી ત્યાં લગીજ એમને સુખ છે. હાથે કરીને ઝેર પીનારને શું કહેવું ?" કુંડિનપુરપતિ રૂકિમ રાજાએ કહ્યું.

"મને તો સાફ સમજાય છે કે જે સમયે મગધેશ્વર યુદ્ધમાં ઉભા રહેશે અને યાદવોનો વિનાશ થતો સમુદ્રવિજય રાજા નજરે જોશે ત્યારે તેને પોતાના આ અવિચારીત ઉદ્ધતાઇનો પશ્ચાત્તાપ થશે." હીરણ્યનાભે મત આપ્યો.

"સમુદ્રવિજય એ મારા સામંત રાજાઓમાં મુખ્ય અને પ્રીતિપાત્ર હતો, હંમેશાં તેની ઉપર હું પ્રસન્ન રહેતો, કંઈક અમુલ્ય અવસરે હું તેને યાદ કરતો, મારા સોળહજાર મુગુટબદ્ધ રાજાઓમાં હું તેને અધિક સન્માન અને સત્કારની નજરથી જોતો હતો. આજે એ પોતાના કુટુંબની ચઢતીમાં

મગરૂર બની પૂર્વના દિવસો ભૂલી ગયો છે ! " મગધેશ્વર જરાસંધે પોતાના વિચારો સામંતરાજાઓ અને મંત્રીઓ આગળ રજુ કર્યા.

" પૂર્વે કંસને મારીને રામકૃષ્ણ મનમાં ફુલાયા હતા. છતાં ક્ષમાશીલ મગધેશ્વરે આંખમીંચામણાં કર્યાં હતાં. હાલમાં વળી પાંડવોને આશ્રય આપીને તેજ પાંડવોને હાથે કૌરવ સહીત શતબંધુ સુયોધનનો પણ નાશ કરાવ્યો ! શું ધૃષ્ટતાની હદજસ્તો " રૂકિમ રાજાએ કહ્યું.

" હજી પણ સોમરાજાથી માનશે તો લાભ છે. સમુદ્રવિજય મારો માનીતો સામંત હોવાથી હું તેને માફ કરીશ, નહીંતો પ્રતિજ્ઞા કરૂં છું 'યાદવ રહીત પૃથ્વી કરીશ." મગધપતિ જરાસંધે ગુસ્સામાં પ્રતિજ્ઞા કરી.

" મહારાજ, શાંત થાઓ ! તમારા ક્રોધની આગળ એ યાદવો બિચારાં કોણ માત્ર છે ? " હિરણ્યનાભે ખુશામત શરૂ કરી.

" સમુદ્રવિજય રાજા આજે ભાન ભુલી ગયા છે. ખૂદ વિશ્વમાં અદ્વિતીય વીર એવા મગધેશ્વરને પણ ભૂલી ગયા છે " રૂકિમરાજા પણ ભળ્યા.

રાજાઓનો આ યુદ્ધ પ્રસ્તાવ હજારો મંત્રીઓ પણ સાંભળી રહ્યા હતા. મંત્રીઓમાં મુખ્ય મહામંત્રી હંસકમંત્રી મહા વિદ્વાન અને મુત્સદ્દી હતો, તે સર્વે વસ્તુસ્થીતિ સમજતો હતો જેથી એક તરફ જરાસંધ યુદ્ધ કરવાને આતુર થઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહ્યો હતો, બીજી તરફ હંસકમંત્રીનો વિચાર કંઈક જુદોજ હતો. જોકે વીરમાની જરાસંધને યુદ્ધથી નિવારવો એ અત્યંત દુઃશક્ય હતું; છતાં એક વખત વસ્તુસ્થીતિ સમજાવી પોતાની ફરજ બજાવવી એ તેનો મુખ્ય ઉદ્દેશ પાર પાડવા તે વિચાર કરી રહ્યો હતો.

# પ્રકરણ ૨ જું.

## યાદવોની છાવણીમાં.

"હે સમુદ્રવિજય! ત્રિખંડાધિપ અર્ધચક્રી પ્રતિ વાસુદેવ મહારાજ જરાસંધ 'તમને આજ્ઞા કરે છે કે શા માટે તમે બળીયા સાથે બાથ ભીડો છો? જગતમાં પોતાની અને પરની શક્તિને જાણતાં છતાં પતંગીયાની માફક પડનારો આગમાં બળીને ભસ્મ થઇ જાય છે. તે શું ભુલી જાઓ છો? અમારા ગુન્હેગાર તો રામકૃષ્ણ અને પાંડવોજ છે. તે અમોને સોંપી દઇને તમે સુખેથી પૃથ્વીને ભોગવો! પુત્રમોહની ખાતર શા માટે સમસ્ત યાદવ વંશનો વિનાશ કરાવો છો? પૂર્વે મારા જમાઈ કંસને મારીને રામકૃષ્ણે મારો અપરાધ કર્યો છે. હમણાં મારા પ્રાણપ્રિય મિત્ર સુયોધનનો કૌરવ સહીત વિનાશ કરનારા મારા ગુન્હેગાર પાંડવો તમારો આશ્રય કરીને રહેલા છે, તો એવા ગુન્હેગારોને મારે હવાલે કરવામાં શું અડચણ છે?" સોમકરાજાએ સેનપલ્લી આગળ પડેલી યાદવ છાવ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ણીમાં જઈ રાજ્યસભામાં બેઠેલ સમુદ્રવિજયને મહારાજ મગધેશ્વરની આજ્ઞા કહી સંભળાવી.

" રાજન્ ! જો મહારાજ મગધેશ્વરે બીજો કાંઈ હુકમ કર્યો હોત તો હું તે માન્ય રાખત ! પરન્તુ અમારે પ્રાણસમા લઘુ બંધુ વસુદેવના પુત્ર રામકૃષ્ણ યાદવ વંશના જીવીત સમાન છે. તેમને મગધેશ્વર અપરાધી ગણે છે તેજ તેમની ગંભીર ભૂલ છે ! " સમુદ્રવિજયે શાંતિથી જરાસંધના દૂત સોમકરાજાનો સત્કાર કરતાં કહ્યું.

" ભૂલ છે, પોતાના જમાઇ કંસને મારનારા તમારા ઉદ્ધત કુમારોને પકડવાને મગધેશ્વર હુકમ કરે, તે શું ભૂલ છે ? " સોમકરાજાએ ગુસ્સાથી ફફડાટ બતાવ્યો.

" બેશક, કંસે અમારા છ છ પુત્રોનો નિર્દયતાથી ધ્વંસ કરી નાંખ્યો, તે સર્વ બનાવ અમારા મનસ્વી વસુદેવે આજ સુધી ગુપ્ત રાખ્યો, હાલમાંજ એનો ભેદ ભાંગ્યો, કહો તો ભલા કે અમારા છ છ બાળકોનો નાશ કરનાર એ અપરાધી કંસને કૃષ્ણે શીક્ષા કરી તેમાં શું ભૂલ કરી ? " સમુદ્ર વિજયે શાંતિથી પોતાનો બચાવ રજુ કર્યો.

" એ બચાવ તમારો વજુદ વગરનો છે. દેવકીના પુત્રો કંસનો ઘાત કરનારા હતા, તેનો કંસે ઉપક્રમ કર્યો તેમાં ખોટું શું કર્યું ? "

" કંસનો ઉપક્રમ તો સાતમા ગર્ભથી થવાનો હતો, તો પછી છ ગર્ભસ્થ બાલકોના હત્યા કરવાનો કંસને

શું હક્ક હતો ? છતાં આખરે તો એ દૃધમલ છ છ બાળહત્યા કરનારા કંસને એજ સાતમા ગર્ભે-કૃષ્ણે માર્યો. મહાપ્રભાવિક અતિમુક્ત મુનિની વાણી સત્ય થઈ.

"અને તે તમારે તો અનિષ્ટનેજ માટે થઇ. કંસને મારી મારા પ્રતાપી જરાસંધથી શું તમે બચી શકવાના હતા ? હજી પણ સમજીને હિતાહિત વિચાર કરી મગધેશ્વરના હુકમનો અમલ કરો ?"

"હુકમ ? એવો ગેરવ્યાજબી હુકમ ! રાજન્ ? એવો હુકમ માન્ય થઈ શકેજ નહિં"

"તો સમજો છોકે શું થશે ?" સોમકે ધમકી સૂચક પ્રશ્ન પૂછયો.

"યુદ્ધ થશે. એજ કે બીજુ કાંઇ ?"

"હા ! ભયંકર યુદ્ધ થશે. જે યુદ્ધની આગમાં તમારા અઢાર કુલકોટી જાદવ સહીત સર્વ સૈન્ય હોમાઈ જશે. યાદ રાખજો કે મહારાજ જરાસંધનો ક્રોધ વહોરવો ઠીક નથી."

યાદવો ખળભળ્યા. કોઇ હુંકાર શબ્દ બોલતા ગર્જના કરવા લાગ્યા. કોઈ સમશેર ઉપર હાથ નાખવા લાગ્યા. યાદવોના મુખ્ય પુરૂષો આ સભામાં હાજર હતા, તેથી સર્વે ક્રોધથી જાણે જરાસંધને સૈન્ય સહિત ગળી જવાને ઈચ્છતા હોય તેમ મુખ ફાડતા ઉંચા નીચા થવા લાગ્યા. સમુદ્રવિજય સહિત તેના દશ બાંધવો-દશ દશાર્હ, અરિષ્ટનેમિ, રથનેમિ, મહાનેમિ તેમજ બળભદ્ર અને કૃષ્ણ સહિત અક્રુર, અનાધૃષ્ટિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વગેરે સર્વે યાદવો સભામાં બીરાજેલા હતા. સોમકરાજાની આવી વાણી સમુદ્રવિજયે શાંતિથી સાંભળીને ઉપેક્ષા કરી અને બીજા સર્વે ઓછાવત્તા ક્રોધમાં આવી પડકારી ઉઠયા "મારો, એ સોમકને મારો!" એવા ભયંકર અવાજો થવા લાગ્યા.

"શાંત, શાંત? સર્વે શાંત થાઓ? ગમે તેવો તોપણ એ અત્યારે દૂત છે, શાસ્ત્રમાં દૂતને અવધ્ય કહ્યો છે" સમુદ્રવિજયરાજાએ શાંતિ સ્થાપતા સૂચના કરી.

ત્યાં "ખામોશ! અમારા વડીલોએ આજ સુધી તારા સ્વામી સાથે સ્નેહ સંબંધ સાચવ્યો છે, તેથી શું સ્વામી સેવકનો સંબંધ થઈ ગયો? પૃથ્વી કાંઇ જરાસંધને વરી નથી, એ તો શૂરવીર પુરૂષોને વરે છે. આજસુધી કદાચ જરાસંધે ભોગવી હશે. પણ ભવિષ્યમાં તેનો ભોગવનારો કોઈ બીજોજ જાગશે" બળભદ્રે ગર્જના કરતાં કહ્યું.

"અરે સમુદ્રવિજય? હું તમને મિત્રભાવે કહું છું કે શાને માટે તમે મોતના મેમાન બનો છો?" સોમક રાજાએ કહ્યું.

"જે થવાનું હશે તે થયા કરશે. મહારાજ મગધેશ્વર પોતેજ અન્યાય કરે છે. અપરાધ વગર એ મારા દેવ સમા બાળકોને શાને પકડવાને ઇચ્છે છે? તે કદાપિ તેને સ્વાધીન કરવામાં આવશે નહીં."

"શું, આ તમારો આખરનો જવાબ છે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

“ હા ? મારો એ જવાબ, તમારા સ્વામીને જઇને કહી સંભળાવજો. ”

“ રાજા ! હજુ કાંઇક સમજો ! ”

“ ચૂપ ? જો તારૂં જીવીત ઇચ્છતો હો, તો એક પણ શબ્દ બોલ્યા વગર મુંગે મુંગે સભા મંડપ છોડી ચાલ્યો જા ? ” બલભદ્રે હાકલ કરી.

છતાંય સોમક રાજા ગુસ્સાથી ફરીને બોલવા જાય છે. ત્યાં અનાધૃષ્ટિએ તેની ગરદન પકડી “ મુંગો રહે દુરાત્મન્ ? એક શબ્દ બોલીશ તો મોતનો મેમાન થઇશ. મુંગો મુંગો હવે તું બહાર નિકળી જા ! ” એમ કહી તેને સભાસ્થાનમાંથી બહાર હડસેલ્યો. ”

“ સમુદ્રવિજય ? પરિણામ ભયંકર છે. ઠીક તૈયાર રહેજો. ” આટલું કહી પોતાના પરિવાર સાથે સોમકરાજા જરાસંધના સૈન્ય–છાવણી તરફ ચાલ્યો ગયો. અને સારી રીતે મીઠું મરચું ભભરાવીને યાદવોનો સંદેશો કહી સંભળાવતાં જરાસંધનું લોહી તપી ગયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩ જું.

## યુદ્ધની તૈયારી વચ્ચે.

સોમકરાજાનો યાદવપતિ સમુદ્રવિજય તરફનો સંદેશો સાંભળીને પ્રતિવાસુદેવ જરાસંધ બહુજ ગુસ્સે થયો. પોતાના સોળ હજાર મુગુટબદ્ધ રાજાઓને યુદ્ધમાં આવવાને આમંત્રણ મોકલતાં તે સર્વે યુદ્ધમાં હાજર થયા હતાં. ફક્ત સમુદ્રવિજય અને તેના પક્ષના રાજાઓ જ યાદવ સૈન્યમાં હતા, સર્વે વિદ્યાધરો અને વિદ્યાધરના પતિઓ જરાસંધના હુકમને માન આપીને તેની તરફેણમાં આવ્યા હતા. છતાં પરમાર્થ જાણનારા કેટલાક વિદ્યાધરો, તેમજ કેટલાક વાસુદેવના મિત્ર થયેલા ખેચરો સમુદ્રવિજયના પક્ષમાં આવ્યા હતા. પાંડવ કૌરવની લડાઈમાં શેષ રહેલા સર્વે રાજાઓ આ અર્ધ-ચક્રી જરાસંધ અને કૃષ્ણના યુદ્ધમાં હાજર થયા હતા. જરાસંધે સાગરનાં ઉછળતાં મોજાં સમું પોતાનું સૈન્ય નિહાળી હાસ્ય કર્યું "આ બિચારા ગોવાળ (કૃષ્ણ)ના દીવસો હવે ભરાઈ ગયા છે. ખરે! આવતી કાલના યુદ્ધમાં યાદવોનાં વિનાશથી પૃથ્વીનો ભાર ઓછો થશે."

સામેથી ચાલ્યા આવતા મહામંત્રી હંસકમંત્રીએ ઉપલા શબ્દો સાંભળતાં તેના હૃદયમાં નિરાશા ઉપજતાં મનમાં વિચાર કરવા લાગ્યા. "ત્રિખંડ ભરતનું સામ્રાજ્ય ભોગવીને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહારાજ મગધેશ્વર હવે વૃદ્ધ થયા છે—થાકી ગયા છે. પ્રતિવાસુદેવની ઋદ્ધિ ઘણાકાલ પર્યંત તેમણે ભોગવી છે. અનેક શત્રુ રાજાઓને કુટીને સવે જગાએ મગધેશ્વરે પોતાની આજ્ઞા મનાવી છે. પોતાની પ્રચંડ સત્તામાં અર્ધ ભરત દબાવ્યું છે. પ્રતિવાસુદેવની લક્ષ્મી વાસુદેવો જ લુંટી લે છે અને તે વાસુદેવો પ્રતિવાસુદેવને મારીને તેનું સર્વસ્વ પડાવી લઈને પોતે જ અર્ધ ભરતના ધણી થાય છે. એવી રીતે આ મગધેશ્વર આ ભારતવર્ષ ઉપર નવમા પ્રતિવાસુદેવ—અર્ધચક્રી થયા છે, તેમની વૃદ્ધાવસ્થામાં શ્રીકૃષ્ણ પોતે જ મગધેશ્વરને મારીને નવમા વાસુદેવ થશે. કૃષ્ણને—એ નવમા વાસુદેવને હાથે જ જરાસંધનું મોત જ્ઞાનીએ પહેલાંથી કહેલું છે. તે આજે સાક્ષાત્ જોવાનો સમય આવ્યો છે. છતાં હું મહારાજને સમજાવીને મારી ફરજ આજે અદા કરૂં. હું સમજું છું કે ભાવી કદાપિ અન્યથા થતું નથી, છતાંય પ્રયત્ન તો કરી જોઉં ? ”

“મહારાજ ! હું કાંઈક આપને અરજ કરવા ચાહું છું ? ” હંસક મંત્રીએ જરાસંધને નમન કરીને કાર્યની પ્રસ્તાવના કરી.

“ મંત્રીશ્વર, આવો ! જુઓ, આવતી કાલે પ્રભાતમાં જ યુદ્ધનો અગ્નિ ફાટી નિકળશે. એમાં યાદવો સૈન્ય સહીત બળીને ભસ્મ થઈ જશે. બોલો શું અરજ ગુજારો છો ? ” મહારાજ જરાસંધે આવેશમાં હોવા છતાં નરમાશથી પૂછયું.

“ રાજન્ ! આપણા આ અસંખ્ય સાગરસમા સૈન્યમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ એકજ મહાન વીર છો; વિશ્વમાં અદ્વિતીય વિજેતા છો. જ્યારે યાદવ સૈન્યમાં ત્રણ છે, તે આપ જાણો છો તેથી બળનો પુરેપુરો વિચાર કર્યા પછી બાથ ભીડવી ઘટે છે. ”

“ તે ત્રણ જણ કોણ ! ” મહારાજ જરાસંધે પૂછયું.

“ કૃષ્ણ અને બળભદ્ર એ બન્ને બાંધવોની જોડી આપના જેવાજ અતિરથી વીર છે. આપ તો હવે શત્રુઓને કુટીકુટીને વૃદ્ધ થઇ ગયા છો. ને તેઓ અષાઢી મેઘની માફક નવીન અભ્યુદયવાળા છે અને ત્રીજા અરિષ્ટનેમિ આપના પરાક્રમી સામંત સમુદ્રવિજયના કુમાર. ફક્ત તે એકજ અરિષ્ટનેમિ ત્રણ લોકનો વિજય કરવાને સમર્થ છે. મહારાજ ! આપજ કહો કે તેમની સાથે યુદ્ધ કરવાને કોઇ સમર્થ છે ? દેવતાઓ પણ જે નેમિની સેવા કરે છે. ખુદ ચોસઠ ઇંદ્રો પણ જેમના ચરણ કમલમાં આળોટે છે. એવા ત્રિલોકમાં પૂજ્ય અને પરાક્રમી નેમિ સાથે યુદ્ધની ઇચ્છા કોણ કરે ? વળી આપ એ કૃષ્ણ અને બળભદ્રના ઐશ્વર્યને કયાં જાણતા નથી ? ”

“ એટલે શું તમે મને યુદ્ધ કરતાં અટકાવી ઘરમાં ભરાઇ રહેવાનું કહેવા આવ્યા છો ? ” જરાસંધે કહ્યું.

“ ત્યારે શું જાણી જોઇને કાળના ગ્રાસ થવું એ શું નીતિ છે ? એ ત્રણ અતિરથી મહાપુરૂષો સિવાય પાંચ પાંડવો, વસુદેવ, શાંબ, પ્રદ્યુમ્ન વગેરે મહારથી પુરૂષો તો અનેક છે, પૂર્વે અરિષ્ટપુરમાં રોહિણીના સ્વયંવર સમયે એ કૃષ્ણ બળભદ્રના પિતા વસુદેવને સર્વ રાજાઓની આગળ સૂર્ય સરખો તમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યો હતો, તે વખતે વસુદેવના બળ આગળ તેને જીતવાને કોઇપણ રાજા સમર્થ થયો નહોતો, વળી યાદ છે કે તેજ વસુદેવને મારી નાંખવાને માટે તમે સુભટોને સોંપ્યો હતો. ”

“ હા ! દ્યુતક્રીડામાં કોટી દ્રવ્ય જીતવાથી અને મારી પુત્રીને જીવાડવાથી એને ઓળખીને મેં સુભટો પાસે મારી નંખાવવાનો હુકમ કર્યો હતો. ”

“ શા માટે ? ”

“ પુર્વે જ્ઞાનીએ કહ્યું હતું કે તેનો પુત્ર મારો નાશ કરનાર થશે. માટેજ મેં તેના નાશની તૈયારીઓ કરી હતી. ” જરાસંધે કારણ બતાવ્યું.

“ છતાં તમારા સુભટોમાંથી પણ એ પોતાના પ્રભાવથી જીવતો રહ્યો. એવા બળવાન વાસુદેવથી આ રામ–કૃષ્ણનો જન્મ થયો છે. આજે ફાલીફુલીને રામકૃષ્ણ સહીત યાદવવંશ જગતમાં વૃદ્ધિને પામ્યું છે. તેમજ ઇંદ્રની આજ્ઞાથી કુબેર દેવતાએ, સુંદર એવી દ્વારિકાપુરી રચી આપી છે. એવા પરાક્રમી રામ–કૃષ્ણને શું તમે જીતી શકવાના હતા ? મને તો ભય લાગે છે કે........”

“ નિર્માલ્ય ! યુદ્ધમાંથી શું હું હવે પાછો જાઉં ? તો તો મારી વીરતાને કલંક લાગે ! શત્રુ મારે માટે કેવો હલકો અભિપ્રાય આપે ? ”

“ ભલેને એમ તે કહે ! હમણાં દૈવ આપણને પરાઙ્મુખ થયેલું છે અને યાદવોનું ભાગ્ય વૃદ્ધિ–સમૃદ્ધિ પામતું જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથીજ તમારા બળવાન પુત્રને પણ કૃષ્ણના પક્ષના દેવતાઓએ છળ કરીને મારી નાંખ્યો. છતાં આપે હાથે કરીને યુદ્ધનો રાહુ જગાડયો." મહામંત્રી રાજાને સમજાવવા લાગ્યા.

"ફીકર નહી! આપણા અસંખ્ય બળ અને મારી ભૂજાના પરાક્રમ આગળ એ યાદવ સૈન્ય નિર્માલ્ય છે, એમ તમારે નિશ્ચય સમજવું!

"રાજન્! આપ યુદ્ધનીતિને ભૂલી જાવ છો." મંત્રીએ સમજાવવાનું જારી રાખ્યું.

"બેફીકર રહો! આપણી પાસે બળ ઓછું નથી." જરાસંઘે પોતાનું બળ વખાણ્યું.

"આપને મારી સલાહ આજે રૂચતી નથી, પણ દૈવ જ્યારે વક્ર હોય, ત્યાં કયાંથી સૂઝે? હાથે કરીને કૃષ્ણની સામે યુદ્ધનું આમંત્રણ કર્યું છે એ મને જરાય યોગ્ય જણાતું નથી. આટઆટલું થઇ ગયા છતાં પણ જો તમે ઉપેક્ષા કરીને પાછા જશો તો તે પણ પોતાની મેળે પાછો વળી જશે. હમણાં સાહસ કરવાથી ઉલટો આપણા તેજનો ક્ષય થવાનો છે." હંસક મંત્રીએ ભય બતાવ્યો.

"ઓહ મૂઢ! તને એ સમુદ્રવિજયે ખુટવ્યો તો નથી ને કે જેથી યાદવોનાં વખાણ કરે છે? શત્રુનું બળ જોઇને શાને ડરી જાય છે? શું કેશરીસિંહ લાખોની સંખ્યામાં રહેલા ગજરાજોથી કદાપિ બીહે છે?" મહારાજ જરાસંઘે ગુસ્સાથી ગર્જના કરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" બરાબર છે ? ત્રણ ખંડના રાજાઓને કુટીને જેણે સોળ હજાર દેશ વશ કર્યા છે તે હવે પુંઠ બતાવે તો તેની વીરતાને કલંક લાગે ! શૂર પુરૂષો રણમાં શત્રુને પીઠ બતાવવા કરતાં હસતા વદને છાતી આપે છે. " ડિંભક મંત્રીએ ઉત્તેજન આપ્યું.

તરતજ મહાવીર જરાસંધે આવતી પ્રભાતેજ યુદ્ધ થવાના સમાચાર સકલ સૈન્યને આપી દીધા. દુર્ભેદ્ય ચક્ર વ્યૂહ રચવાને પોતાના સેનાપતિઓને આજ્ઞા આપી દીધી. જરાસંધની આજ્ઞાથી હંસક, ડિંભક વગેરે મંત્રીઓએ અને બીજા રાજાઓએ ચક્ર વ્યૂહની ગોઠવણ કરતાં સમસ્ત રાત્રી વ્યતીત કરી.

આ તરફ સમુદ્રવિજય રાજાને પણ ખબર પડતાં તરતજ પોતે પણ યુદ્ધની તૈયારી કરવા માંડી, અને એ ચક્ર વ્યૂહને ભેદે તેવું સામે દુર્ભેદ્ય ગરૂડ વ્યૂહ રચ્યું. રણમેદાને ઉતરી પડવાની બંને સૈન્યોની તૈયારી ચાલી રહી છે.

# પ્રકરણ ૪ થું.

## પરિચય.

ચેદી દેશમાં શુક્તિમતી નામની પ્રખ્યાત નગરી આવેલી છે. પડખે શુક્તિમતી નદીનાં શુભ્ર જલ કલકલ કરતાં નગરીની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભામાં વધારો કરતાં વહી રહ્યાં છે. તે નગરીમાં સારા આચરણવાળા અનેક રાજાઓ થઇ ગયાં, અનુક્રમે વીશમા તિર્થંકર મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં અભિચંદ્ર નામે જગત પ્રસિદ્ધ રાજા થયો. તેના પછી તેનો પુત્ર વસુ ચેદીદેશનો સમ્રાટ થયો. તે મહા બુદ્ધિમાન અને સત્યવક્તા તરીકે એકવચનીપણામાં એકકો થયો. તે વસુ રાજાને પર્વત નામે બ્રાહ્મણનો એક પુત્ર મિત્ર હતો. તે પોતાના પિતાની પદવી પામીને આચાર્ય બનીને વિદ્યાર્થીઓને ભણવાનું કાર્ય કરતો હતો. એક દિવસે પોતાના બુદ્ધિમાન શિષ્યોને તે ઋગ્વેદની વ્યાખ્યા આપતો હતો. તે અરસામાં તેમના પૂર્વના સ્વાધ્યાયી નારદ રૂષિ ફરતા ફરતા ત્યાં આવી ચઢ્યા. તેવામાં 'अजैर्यष्टव्यं' એ શબ્દનો અર્થ 'બકરાથી યજ્ઞ કરવો' એવો તેણે કર્યો. તરતજ નારદે તેની ભૂલ ભાંગી કે "આપણા ગુરૂએ 'અજ' શબ્દનો અર્થ ત્રણ વરસનું જુનું ધાન્ય કે જે ફરીવાર ઉગતું નથી, એમ કરેલો છે."

"નહિ ! મારા પિતાએ તે અર્થ કર્યોજ નથી. તેમણે તો 'અજ' એટલે બકરોજ કહેલો છે અને કોષમાં પણ તેમજ છે" પર્વતે કહ્યું.

"અરે ભાઇ ? શબ્દોના અર્થની કલ્પના બે પ્રકારની છે. મુખ્ય અને ગૌણ ! તેમાં ગુરૂએ અહીં ગૌણ અર્થ કરેલો છે. વળી ગુરૂઓ ધર્મનો ઉપદેશ કરનારા હોય છે. ધર્માત્મક વચન તે વેદ કહેવાય છે. માટે અજનો અર્થ બકરો કરીને તું પાપ ઉપાર્જન કર નહીં."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" અરે નારદ ? તુંજ મિથ્યાભાષી છે કે ગુરૂએ " અજ " નો અર્થ બકરો કહ્યો છે, છતાં તું 'જુનું ધાન્ય' કહે છે. તો આપણા વચ્ચે જે ખોટો પડે તેની જિહ્વા છેદન કરવી. ચાલ! આપણા સ્વાધ્યાયી સત્યવાદી વસુરાજા પાસે ન્યાય કરાવીએ " આમ પર્વતે નારદને જુઠા પાડવાના હેતુથી પોતાનોજ એકડો સાચો ઠરાવતાં કહ્યું.

નારદે તેનું કહેવું કબુલ કર્યાથી બન્ને જણા વસુરાજાના દરબારમાં આવવાને તૈયાર થયા.

અહીં ખાનગીમાં પર્વતની માતાને ખબર પડવાથી તે વસુરાજા પાસે જઇ પહોંચી અને તેણીએ વાત સમજાવીને તેની પાસેથી પુત્રનું જીવન માગી લીધું.

બાદ થોડી વારે પર્વત અને નારદ વિવાદ કરતા વસુરાજાના રાજદરબારમાં આવ્યા અને તેમણે પોતપોતાનો પક્ષ રાજાની સમક્ષ રજુ કર્યો.

આ વખતે વચનથી બંધાયલા વસુરાજાએ પણ સત્યનો આશ્રય છોડીને પર્વતના પક્ષમાં ઈન્સાફ આપીને જણાવ્યું " મેં પણ ગુરૂને મુખે " અજ " શબ્દનો અર્થ મેંઢોજ સાંભળ્યો છે. "

આવાં તેનાં અસત્ય વચનથી નગરના અધિષ્ઠાયક દેવતાએ તેનું સ્ફટિક રત્નનું પવિત્ર સિંહાસન ચૂર્ણ કરી નાંખ્યું અને જુઠું બોલવાના પાપથી તે પૃથ્વી ઉપર પડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયો. તત્કાલ તે વસુરાજા સ્વકૃત કર્મોને ભોગવવાને પરલોકે ચાલ્યો ગયો.

તેના પછી વસુરાજાના પુત્રો અનુક્રમે પૃથુવસુ, ચિત્રવસુ, વાસવ, ચક્ર, વિભાવસુ, વિશ્વાવસુ, સૂર અને મહાસૂર રાજ્યગાદી ઉપર બેઠા. તેમને ક્રોધ પામેલા દેવતાઓએ મારી નાખ્યા. જેથી વસુરાજાનો નવમો પુત્ર સુવસુ ત્યાંથી નાશીને નાગપુર ગયો, અને દશમો પુત્ર વૃહદ્ધ્વજ મથુરાપુરીમાં ચાલ્યો ગયો. ત્યાં તેમણે સ્વપરાક્રમથી રાજ્યગાદી સ્થાપન કરી.

હવે નાગપુરમાં રહેનાર સુવસુ રાજાને બૃહરથ નામે પુત્ર થયો તે નાગપુરનો ત્યાગ કરીને મગધ દેશમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે રાજગૃહ નગરમાં પોતાની રાજ્યગાદી સ્થાપી. તેની સંતતિમાં અનેક રાજાઓ થઇ ગયા. લાખો વરસ વહી ગયાં. વીશમા મુનિસુવ્રત સ્વામીના તીર્થ પછી એકવીશમા નમિનાથ તીર્થંકર ઉત્પન્ન થયા. તેઓ મોક્ષે ગયા અને તેમનું તીર્થ પ્રવર્ત્યું. નમિનાથનું તીર્થ પ્રવર્ત્યાને પણ લગભગ બે હજાર વર્ષ ન્યુન પાંચલાખ વરસ વીતી ગયાં, તે વારે તે બહુરથની સંતાતમાં અનેક રાજાઓપછી બૃહદ્રથ રાજા થયો, તેનો પુત્ર જરાસંધ મગધેશ્વર થયો. આ જરાસંધ પ્રચંડ આજ્ઞાવાળો, અને મહા પરાક્રમી, અતિરથી એવા તેણે અનેક શત્રુ રાજાઓને કુટીકુટીને પોતાના બાહુની ખરજ ઉતારી, અને તે આ ભારતવર્ષ ઉપર નવમો પ્રતિવાસુદેવ થયો, તેના પુર્વજો ફક્ત મગધનાજ માલેક હતા, જરાસંધ સમસ્ત અર્ધ ભરતનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વામી થઈ સોળહજાર દેશનો ધણી થયો, વિદ્યાધરોની બન્ને શ્રેણિઓ તેણે પોતાને આધિન કરી. એવો એ મહાભૂજ મગધેશ્વર જગતમાં અપ્રતિમલ્લ એવો થયો કે જેણે ભારતના કોઈ રાજાને જીતવો બાકી રહેવા દીધો નહીં હતો. અનેક પ્રકારની અમોઘ શક્તિઓ સહસ્ર આરાવાળું અમોઘ ચક્રરત્ન અને ભરતાર્ધની રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરીને સર્વ રાજાઓ-સોળ હજાર રાજાઓ ઉપર પોતાની સત્તા ચલાવતો તે સ્વેચ્છાએ ભરતાર્ધની લક્ષ્મીને ભોગવતો હતો.

આ તરફ વસુરાજાનો દશમો પુત્ર વૃહધ્વજ યમુના નદીના તટપર આવેલા મથુરા નગરમાં રાજ્ય કરતો હતો. તેના પછી એ પ્રશ્ચાત હરિવંશમાં અનેક રાજાઓ થઇ ગયા, અનુક્રમે યદુ નામે રાજા થયો, તેને શૂર નામે પુત્ર થયો. એ શૂરને શૌરિ અને સુવીર નામે બે વીર પુત્રો થયા, શૂરરાજાએ શૌરિને મથુરાનું તાજ આપીને સુવીરને યુવરાજપદ આપ્યું. અને પોતે દીક્ષા ગ્રહણ કરી. શૌરિ પોતાના અનુજ બંધુ સુવીરને મથુરાનું તાજ આપી પોતે કુશાર્ત્ત દેશમાં ગયો. ત્યાં તેણે શૌર્યપુર નામે નગર વસાવી રાજ્યગાદી સ્થાપન કરી. અનુક્રમે શૌરિરાજને અંધકવૃષ્ણિ આદિ પુત્રો થયા. અને સુવીરને ભોજવૃષ્ણિ વગેરે પરાક્રમી પુત્રો થયા.

મહાભૂજ સુવીર ભોજવૃષ્ણિને રાજ સોંપીને પોતે સિંધુ દેશમાં સૌવીરપુર નામે નગર વસાવીને રહ્યો અને શૌરિ રાજા શૌર્યપુરનું રાજ અંધકવૃષ્ણિને આપીને સુપ્રતિષ્ઠ મુનિની પાસે દીક્ષા લઈને મોક્ષે ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રખ્યાત યદુરાજાના નામ ઉપરથી આ હરિવંશનું વૃદ્ધિ પામતું વંશવૃક્ષ યાદવ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયું. ત્યારથી તેઓ યાદવ તરીકે જગતમાં ઓળખાવા લાગ્યા.

મથુરા નગરીમાં રાજ્ય કરતાં ભોજવૃષ્ણિને ઉગ્ર પરાક્રમવાળો ઉગ્રસેન કુમાર થયો અને શૌર્યપુરમાં અંધકવૃષ્ણિને સુભદ્રા રાણીથી દશ પુત્રો થયા. તેઓ સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન, અચળ, ધરણ, પૂરણ, અભિચંદ્ર અને વાસુદેવ એ નામથી જગતમાં પ્રસિદ્ધ થયા. તે દશે દશાર્હ એ નામે ઓળખાવા લાગ્યા. તેમને કુંતી અને માદ્રી એ બે બ્હેનો થઇ. તેમાં કુંતિ પાંડુરાજાને આપી અને માદ્રી દમઘોષ રાજાને આપી.

શૌર્યપુરમાં અંધકવૃષ્ણિએ સમુદ્રવિજયને રાજ્યગાદી ઉપર બેસાડીને સુપ્રતિષ્ઠ મુનિની પાસે દીક્ષાગ્રહણ કરીને મોક્ષે ગયા. અને મથુરામાં પણ ઉગ્રસેન રાજા થયો, ને ભોજવૃષ્ણિએ દીક્ષા ગ્રહણ કરી. ઉગ્રસેનને ધારિણી નામે રાણી થકી એક પુત્ર ઉત્પન્ન થયો, તેનો જન્મ થતાંજ રાણીએ કાંસાની પેટીમાં મૂકી તેમાં રાજાના ચિન્હસૂચક બે મુદ્રીકા અને રત્નો ભરી યમુનાના અથાગ જળમાં દાસી પાસે વહેતી મુકાવી. અને "પુત્ર જન્મીને મૃત્યુ પામ્યો" એમ રાજા આગળ જાહેર કર્યું !!

કાંસાની પેટી તરતી તરતી શૌર્યપુરમાં આવી, ત્યાં એક વણિકના હાથમાં આવતાં તેણે પુત્રને બહાર કાઢયો, તે કાંસાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પેટીમાંથી નિકળ્યો, જેથી કંસ એવું નામ આપીને તેને પોતાના પુત્ર કરીને થાપ્યો, અનુક્રમે મોટો થતાં તે વસુદેવનો સેવક થયો ને તેની સાથેજ યુદ્ધકળાનો અભ્યાસ કરીને યૌવનવયને પામ્યો.

આ તરફ પ્રચંડ પ્રતાપી અને અખંડ શાસનવાળો જરાસંધ ભરતાર્ધની રાજલક્ષ્મીનો અધીશ્વર રાજગૃહી નગરીમાં રાજ્ય કરતો હતો, તેણે પોતાના સામંતોમાં મુખ્ય એવા સમુદ્રવિજય ઉપર હુકમ આપ્યો કે “ વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહપુર નગરનો સ્વામી સિંહરથ નામે રાજા છે. તેને બાંધીને મારી આગળ હાજર કરો. તેને જીતનારને મારી પુત્રી જીવયશા અને તેની ઈચ્છા હશે તેવું એક નગર આપીશ. ”

વસુદેવ અને કંસે લશ્કર સહીત સમુદ્રવિજયની આજ્ઞાથી ચડાઇ કરીને તેને યુદ્ધમાં બાંધીને સમુદ્રવિજય પાસે હાજર કર્યો, તેઓ તેમને જરાસંધ પાસે લઇ ગયા. જરાસંધે પોતાના વચન અનુસારે કંસને જીવયશા પરણાવી. અને તેની મરજી મુજબ મથુરા નગરી તેને આપી. કંસે જરાસંધની મદદથી મથુરામાં આવીને પિતાનું રાજ્ય કબજે કરીને તેને પાંજરામાં પૂર્યો.

વસુદેવ પણ પરદેશમાં જઇને અનેક પ્રકારની કળા કૌશલ્યવડે કરીને વિદ્યાધર વગેરેની બહોંત્તેર હજાર સ્રીઓને પરણ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસારસુખ ભોગવતાં કેટલોક કાળ વહી ગયા પછી અનુક્રમે વસુદેવને રોહિણી પ્રિયા થકી હાથી, સિંહ, ચંદ્ર, અને સમુદ્ર એ ચાર સ્વપ્ન સૂચિત બળભદ્ર પુત્રનો જન્મ થયો. તેનું રામ એવું નામ પાડયું. બારસો વર્ષના આયુષ્યવાળા અને દશ ધનુષ્ય પ્રમાણ શરીરવાળા એવા તે ચંદ્ર સમાન કાંતિવડે કરીને શોભવા લાગ્યા.

કેટલાક સમય પછી વસુદેવને દેવકી રાણી થકી છ પુત્રો ઉત્પન્ન થયા, તે વચન પ્રમાણે કંસને સ્વાધીન કર્યા, સાતમા ગર્ભ સમયે દેવકીજીને મધ્યરાત્રીને અંતે સિંહ. સમુદ્ર, ગજ, વિમાન, ધ્વજ અગ્નિ અને પદ્મ સરોવર એવાં સાત સ્વપ્ન આવ્યાં. એ સાત સ્વપ્નથી સૂચન એવો કૃષ્ણ વર્ણવાળો અને હજાર વર્ષના આયુષ્યવાળો મહા પરાક્રમી પુત્રનો જન્મ થતાંજ દેવકીજીના કહેવાથી વસુદેવે તે બાળપુત્રને ગોકુળમાં લઈ જઈ પોતાના મિત્ર નંદને ઘેર ઉછેરવાને સોંપ્યો.

અનુક્રમે અગીયાર વર્ષ વીતી ગયાં ત્યારે કૃષ્ણે કંસને મારીને પ્રસિદ્ધિ મેળવી, યાદવપતિ સમુદ્રવિજયે મથુરાનું રાજ્ય ઉગ્રસેનને આપ્યું અને પોતે શૌર્યપુરમાં રાજ્ય કરવા લાગ્યા.

કંસના મરણના સમાચાર સાંભળીને અર્ધ ભરતાધિપ જરાસંધ ગુસ્સે થયો અને એ રામ–કૃષ્ણને પોતાને હવાલે કરવાનો સમુદ્રવિજયને હુકમ કર્યો, પણ એ હુકમનો સમુદ્રવિજયે અમલ કર્યો નહીં, તેથી રાજા સમુદ્રવિજયને મગધેશ્વર સાથે વેર થયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા સમુદ્રવિજયથી શિવાદેવી પત્નીએ ઉત્તમ ગર્ભ ધારણ કર્યો. અને હાથી, વૃષભ, કેસરીસિંહ, લક્ષ્મી, ફૂલની-માળ, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન, રત્નપુંજ અને અગ્નિ એ ચૌદ મહાસ્વપ્નો જોયાં. અનુક્રમે ગર્ભસ્થીતિ પુર્ણ થયે છતે એક હજાર વર્ષના આયુષ્યવાળા, શ્યામ વર્ણયુકત દશ ધનુષ્ય જેનું દેહ પ્રમાણ છે એવા શંખ લંછનધર પુત્રને જન્મ આપ્યો તેનું અરિષ્ટનેમિ નામ સ્થાપન કર્યું.

મગધેશ્વર જરાસંધ સાથે વૈર થવાથી સમુદ્રવિજય બહુજ મુંઝાતા હતા. એક દિવસ પોતાના સર્વે કુટુંબીયોને એકઠા કરીને તેમની સમક્ષ નિમિત્તજ્ઞને બોલાવીને પૂછયું. "હે મહાશય ! અમારે ભરતાર્ધની રાજ્ય લક્ષ્મીને ભોગવનાર મગધપતિ જરાસંધ પ્રતિવાસુદેવ સાથે વૈર થયું છે. તો હવે તેનું પરિણામ શું આવશે ?"

"હે રાજન્ ! આ પરાક્રમી રામ–કૃષ્ણ જરાસંધને મારીને ભરતાર્ધના સ્વામી થશે, પણ હજી તે સમયને થોડી વાર છે, માટે હમણાં તમે પશ્ચિમ દિશા તરફ સમુદ્રને ઉદ્દેશીને જાઓ. ત્યાં જતાંજ તમારા શત્રુનાં ક્ષયનો આરંભ થશે. માર્ગે ચાલતાં કૃષ્ણની સ્ત્રી સત્યભામા જયાં પુત્રયુગલને પ્રસવે તે ઠેકાણે નગરી વસાવીને નિઃશંકપણે રહેજો !"

અગીયાર કુળકોટી યાદવ મથુરાથી અને સાત કુળકોટી યાદવ શૌર્યપુરથી એમ અઢાર કુળકોટી યાદવ સમુદ્રવિજયને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુસરીને ચાલ્યાં, તે અનુક્રમે વિંધ્યગિરિની મધ્યમાં થઇને સૌરાષ્ટ્ર તરફ ચાલ્યા. માર્ગમાં તેમને અતિમુકત નામે ચારણ મુનિ મલ્યા, તેમનાં ચરણ પૂજીને સમુદ્રવિજયે પૂછ્યું "ભગવન્! આ વિપત્તિમાં અમારૂં શું થશે. ?"

"રાજન્! ખેદ કરો નહી. તમારા પુત્ર અરિષ્ટનેમિ વિશ્વમાં અદ્વિતીય પરાક્રમી એવા બાવીશમા તીર્થંકર થશે, તેમજ જરાસંધને મારીને તમારા રામ અને કૃષ્ણ નવમા બળદેવ અને વાસુદેવ થશે. તેઓ દ્વારિકાનગરી વસાવીને ભરતાર્ધના સ્વામી થશે." એમ ભવિષ્ય ભાખી મુનિ ચાલ્યા ગયા.

અઢાર કુલકોટી યાદવોએ સૌરાષ્ટ્રમાં ગિરનારની વાયવ્ય દિશાએ છાવણી નાંખી, ત્યાં સત્યભામાને પુત્રયુગલ પ્રસવ્યું. કૃષ્ણે એક સારા દિવસે અઠ્ઠમતપ આરાધન કરીને સમુદ્રદેવનું આરાધન કર્યું. દેવતા પ્રગટ થયા અને કૃષ્ણને પાંચજન્ય શંખ આપ્યો. પૂર્વના વાસુદેવની દ્વારિકાનગરી ઈંદ્રના આદેશથી કુબેરે ત્યાં આગળ નવેસરથી રચી આપી. ત્યાં સુખે સમાધે યાદવો સહીત રામકૃષ્ણ રાજ્ય કરવા લાગ્યા.

દશદશાર્હની બેન કુંતાદેવી થકી પાંડુરાજાને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણ પુત્રો ઉત્પન્ન થયા અને સહદેવ, નકુળ બીજી સ્ત્રીથી થયા. તે પાંચે પાંડવ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## યુદ્ધની શરૂઆત.

પ્રતિવાસુદેવ જરાસંધે ચક્રવ્યૂહની રચના કરી. હજાર આરાવાળું ચક્ર રચીને પ્રત્યેક આરે એક એક મુગુટબદ્ધ રાજા રહ્યો. તે દરેક રાજાની સાથે સો સો હાથી, બે હજાર રથો, પાંચ હજાર અશ્વો અને સોળ સોળ હજાર પરાક્રમી પાયદળ ગોઠવાયું. તેની પરિધિમાં સવા છ હજાર રાજાઓ રહ્યા. મધ્યમાં પાંચ હજાર રાજાઓ, જરાસંધના યવન, સહદેવ વગેરે પુત્રો તેમજ જરાસંધ પોતે રહ્યો. પાછળના ભાગમાં ગંધાર અને સેંધવની સેના રહી. દક્ષિણમાં સો રાજાઓ સૈન્ય સહીત રહ્યા. વામ બાજુએ મધ્યદેશના રાજાઓ રહ્યા અને આગળ બીજા અગણિત રાજાઓ શકટવ્યૂહ રચીને તેને સાંધેસાંધે સૈન્ય સહીત પચ્ચાસ રાજાઓ રહ્યા. વળી આ વ્યૂહમાં એક ગુલ્મમાંથી બીજા ભાગમાં જવાય એવા ભાગોમાં સૈન્ય સહીત અનેક રાજાઓ રહ્યા. તેમજ એ ચક્રવ્યૂહની બહાર વિચિત્ર પ્રકારના વ્યૂહો રચીને અનેક રાજાઓ ઉભા રહ્યા. પછી રાજા જરાસંધે મહાપરાક્રમી અને સત્ય પ્રતિજ્ઞાવાળા, અનેક સંગ્રામોમાં વિખ્યાત થએલા રણકુશળ કોશલ દેશના રાજા હિરણ્યનાભને ચક્રવ્યૂહના સેનાપતિ પદનો અભિષેક કર્યો.

આ તરફ ચક્રવ્યૂહની સામે ટકી શકે તેવું યાદવોએ ગરૂડ વ્યૂહ રચ્યું. તે વ્યૂહના મુખ આગળ અર્ધ કોટી શૂરવીર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુભટો ઉભા રહ્યા. તેના માથા ઉપર મહાબલવંત એવા અતિરથી વીર રામ અને કૃષ્ણ ઉભા રહ્યા. અક્રુર, કુમુદ, પદ્મ, સારણ, વિજય, જય, જરાકુમાર, સુમુખ, દ્રઢમુખ, વિદુરથ, અનાધૃષ્ટિ અને દુર્મુખ વગેરે વસુદેવના પુત્રો એક લાખ રથો લઈને કૃષ્ણની પછવાડે રહ્યા. તેમની પાછળ એક લાખ રથો લઈને ઉગ્રસેન રાજા રહ્યો. તેના ચાર પુત્રો તેના રક્ષક થઈને તેની પછવાડે ઉભા રહ્યા. તેમની રક્ષા કરવાને તેમની પછવાડે ધર, સારણ, ચંદ્ર, દુર્ધર અને સત્યક વિગેરે રાજાઓ ઉભા રહ્યા. રાજા સમુદ્રવિજય પોતાના ભાઈઓ અને તેમના પુત્રોની સાથે દક્ષિણ બાજુએ રહ્યા. તેમની પાછળ તેમની રક્ષા કરવાને મહાનેમિ, સત્યનેમિ, દ્રઢનેમિ, સુનેમિ, અરિષ્ટનેમિ, વિજયસેન મેઘ, મહીજય, તેજસેન, જયસેન, જય અને મહાદ્યુતિ વગેરે સમુદ્રવિજયના કુમારો રહ્યા. તેમજ પચ્ચીસ લાખ રથોની સાથે બીજા રાજાઓ સમુદ્રવિજયની પડખે ઉભા રહ્યા. બળભદ્રના પુત્રો, યુધિષ્ઠિર વગેરે પાંડવો વામ પક્ષનો આશ્રય કરીને રહ્યા. ઉલ્મૂક, નિષધ, શત્રુદમન, સાત્યકિ, શ્રીધ્વજ, દેવાનંદ, આનંદ, શાંતનુ, શતધન્વા, દશરથ, ધ્રુવ, પૃથુ, વિપૃથુ, મહાધનુ, દ્રઢધન્વા, અતિવીર્ય અને દેવનંદ વગેરે પચ્ચીસ લાખ રથો સહિત પાંડવોની પછવાડે ઉભા રહ્યા. તેમની પછવાડે ચંદ્રયશ, સિંહલ, બર્બર, કાંબોજ, કેરલ અને દ્રવિડ રાજાઓ સૈનિકો સહિત ઉભા રહ્યા. તેમની પછવાડે સાઠ હજાર રથો લઈને મહાસેનનો પિતા એકલો પર્વતની માફક ઉભો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના રક્ષણ માટે ભાનુ, ભામર, ભારૂ, અસિત, સંજય, ભાનુ, ધૃષ્ણુ, કંપિત, ગૌતમ, શત્રુંજય, મહાસેન, ગંભિર, બૃહદ્ધ્વજ, વસુવર્મા, ઉદય, કૃતવર્મા, પ્રસેનજીત, દઢધર્મા, વિક્રાંત અને ચંદ્રવર્મા રાજા એ સર્વ ફરતા રક્ષણ કરવાને ઉભા રહ્યા. આ પ્રમાણે ગરૂડધ્વજે ( શ્રી કૃષ્ણે ) બરાબર રીતે ગરૂડવ્યૂહની રચના કરી.

તે સમયે શક્રેંદ્રે અરિષ્ટનેમિને યુદ્ધની ઈચ્છાવાળા જાણીને વિજયી શસ્ત્રો સહિત પોતાનો રથ આપીને માતલી સારથીને પ્રભુ પાસે મોકલ્યો. એટલે અરિષ્ટનેમિએ તે રથ અલંકૃત કર્યો.

ગરૂડવ્યૂહની રચના સંપૂર્ણ થતાં રાજા સમુદ્રવિજયે પાંડવોની સંમત્તિથી કૃષ્ણના અનુજ બંધુ અનાધૃષ્ટિને ગરૂડવ્યૂહના સેનાધિપતિ તરીકે અભિષેક કર્યો.

પોતપોતાના સૈન્યની તૈયારી થતાંજ યુદ્ધનાં વાજિંત્ર વાગવાની સાથે યુદ્ધનો પ્રારંભ થયો. ઘણા સમય પર્યંત બન્ને વ્યૂહો એકબીજાને દુર્ભેદ્ય થઇ પડ્યાં. અનુક્રમે મગધેશ્વરના અગ્ર સૈનિકોએ સ્વામિભક્તિથી પર્વતની માફક અડગ રહેલા ગરૂડવ્યૂહના અગ્ર સૈનિકોનો ભંગ કરી દીધો, તરતજ ગરૂડવ્યૂહના પ્રાણરૂપ કૃષ્ણે પોતાના સૈનિકોને સ્થિર કર્યા. તે વખતે દક્ષિણ અને વામભાગે રહેલા મહાનેમિ, અર્જુન તથા વ્યૂહની ચાંચ જેવા અગ્રભાગે રહેલા અનાધૃષ્ટિ કોપ સહિત આગળ દોડી આવ્યા, મહાનેમિએ સિંહનાદ શંખ, અર્જુને દેવદત્તશંખ અને અનાધૃષ્ટિએ બલાહક શંખ મોટા નાદથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફુંકવા માંડ્યો, જેથી જરાસંધના સૈન્યના સુભટો ક્ષોભ પામી ગયા. એ ત્રણે મહારથી વીરો પારાવાર બાણોને વર્ષાવતા કલ્પાંતકાળના વાયુની માફક આગળ ચાલ્યા. જેથી ચક્રવ્યુહની આગળ મુખ્ય સાંધા તરફ શકટવ્યૂહ રચીને રહેલા શત્રુપક્ષના રાજાઓ તેમનું પરાક્રમ સહન ન કરી શકવાથી ઘણા ઉપદ્રવ પામીને નાશી ગયા. પછી તે ત્રણે મહારથીઓએ વનહસ્તીઓ જેમ ગિરિનદીના તટને ભાંગે, તેમ ચક્રવ્યૂહને ત્રણ જગ્યાએથી તોડી નાંખ્યો. નદીના પ્રવાહની જેમ માર્ગ કરીને તેમાં પ્રવેશ કર્યો. તેમની પછવાડે તેમના સનિકો પણ પેઠા. એટલે તેમને રોકવાને રૂક્મિ, હિરણ્યનાભ અને શિશુપાળ દોડી આવ્યા. રૂક્મિએ મહાનેમિને, શિશુપાળે અર્જુનને અને હિરણ્યનાભે અનાધૃષ્ટિને રોકવા માટે પરસ્પર ભયંકર યુદ્ધ કરવા માંડયું. એ છ વીરોનું તેમજ તેમના પક્ષના હજારો મહારથીઓનું દ્વંદ્વ યુદ્ધ થયું. બીજાના પરાક્રમને નહીં સહન કરનાર એ વીર માની મહાનેમિએ બહુબોલા અને દુર્મદ રૂક્મિને અસ્ત્ર અને રથ વગરનો કરી દીધો. એટલામાં રૂક્મિની મદદે બીજા સાત રાજાઓ દોડી આવ્યા. એક હાથે લડતા એ શીવાદેવીના કુમારે સાતેનાં બાણ કમળની માફક છેદી નાંખ્યા. જેથી શત્રુંતપ રાજાએ મહાનેમિ ઉપર એક શકિત ફેંકી. જાજ્વલ્યમાન એવી તે શક્તિને જોઇ મૃત્યુની બેન સરખી એવી શકિતથી યાદવો ક્ષોભ પામી ગયા. તે શકિતના મુખમાંથી હજારો વિવિધ આયુધને ધરનારા કિન્નરો ઉત્પન્ન થઇને મહાનેમિને મારવાને દોડયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે અરસામાં શક્રના સારથી માતલિએ અરિષ્ટનેમિને કહ્યું "ભગવાન પૂર્વે રાવણે ધરણેંદ્ર પાસેથી જેમ અમોઘ વિજયા-શક્તિ મેળવી હતી. તેમ આ શક્તિ પણ શત્રુંતપ રાજાએ તપ કરીને બલીંદ્ર પાસેથી મેળવી છે. તે શક્તિ માત્ર વજ્રથીજ ભેદાય તેવી છે."

એમ કહીને માતલિએ નેમિકુમારની આજ્ઞાથી મહા-નેમિના બાણુમાં વજ્રનું સંક્રમણ કર્યું. એ વજ્રમય બાણના પ્રહારથી મનસ્વી મહાનેમિએ તે શક્તિને પૃથ્વીપર પાડી નાખી. પછી તે રાજાને રથ અને શસ્ત્રાસ્ત્ર વગરનો કરી દીધો. બાકીના છ રાજાઓનાં ધનુષ્ય ફરીને છેદી નાંખ્યાં. તરતજ રૂક્મિ બીજા રથમાં બેસીને તેમની મદદે દોડી આવ્યો. રૂક્મિ જે જે આયુધ લે તે સર્વ મહાનેમિ છેદી નાંખે. એવી રીતે તેનાં વીશ ધનુષ્ય છેદી નાંખ્યાં. આખરે રૂક્મિએ કૌબેરી નામની ગદા મહાનેમિ ઉપર નાખી. તેને મહાનેમિએ અગ્નાસ્ત્રથી ભસ્મ કરી દીધી. બીજાની મદદની અપેક્ષા નહી રાખનાર રૂક્મિએ મહાનેમિ ઉપર વૈરોચન નામે બાણુ મુક્યું. મહા-નેમિએ માહેંદ્રબાણુથી તેને નિવાર્યું. છેવટે મહાનેમિએ એક તિક્ષ્ણ બાણથી રૂક્મિને ઘાયલ કર્યો. તેના ઘાથી દુઃખી થયેલો અને મુર્છા પામેલો રૂક્મિ તેને પોતાના રથમાં ઉપાડી લઈને વેણુદારી લઇ ગયો. બીજા સાતે રાજાઓ મહાનેમિથી ત્રાસ પામીને નાશી ગયા.

બીજી તરફ સમુદ્રવિજયે દ્રુમને, સ્તિમિતે ભદ્રકંઠને અને અક્ષોભ્યે વસુસેન રાજાને મારી નાંખ્યા, સાગરે પુરિમિત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામના રાજાને યુદ્ધમાં મારી નાંખ્યો. પૂરણે દ્રુપદને, સુનેમિને અને કુંતિભોજને સત્યનેમિએ મહાપદ્મને, દ્રઢનેમિએ શ્રીદેવને જીતી લીધા. તેથી યાદવ વીરોથી ભય પામેલા શત્રુરાજાઓ હિરણ્યનાભને શરણે ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળે મહારથી રાજાઓથી વિંટાયેલો હિરણ્યનાભ યાદવોના સૈન્યમાં સોંસરો પેઠો. પોતાના તીક્ષ્ણ બાણોએ કરીને આકાશ છવાઇ રહ્યું. ત્યાં તો સમુદ્રવિજયનો કુમાર જયસેન ક્રોધ કરીને તેની સામે આવ્યો. ત્યાંતો "અરે ભાણેજ! તું યુદ્ધ કરવા કેમ આવ્યો?" એમ બોલતાંની સાથે રૌધિરિએ તેના સારથીને મારી નાંખ્યો. તેથી ક્રોધ પામેલા જયસેને હિરણ્યનાભના બખ્તર, ધનુષ્ય અને ધ્વજા છેદી નાંખ્યાં, તેના સારથીને પણ યમરાજનો અતિથી કર્યો. તત્કાલ ક્રોધ પામેલા રૌધિરિ હિરણ્યનાભે દશ તીક્ષ્ણ બાણોથી જયસેનને મારી નાંખ્યો, તે જોઈને શીવાદેવીનો બીજો કુમાર મહીજય રથમાંથી નીચે કુદી પડીને ઢાલ તલવાર ખેંચી હિરણ્યનાભની ઉપર દોડી ગયો. તેને આવતો જોઇ હિરણ્યનાભે દુરથીજ ક્ષુરપ્ર બાણવડે તેનું મસ્તક છેદી નાખ્યું. એટલે ક્રોધ પામેલો અનાધૃષ્ટિ હિરણ્યનાભ સામે દોડી આવ્યો.

અહીં અનાધૃષ્ટિએ હિરણ્યનાભનું ધનુષ્ય છેદી નાંખ્યું. એટલે રૌધિરિએ મોટી ભૂગળનો ઘા અનાધૃષ્ટિ ઉપર કર્યો. ધગધગતી અગ્નીજવાળાઓ વરસાવતી તે ભોગળને અનાધૃષ્ટિએ વચમાંજ બાણથી છેદી નાંખી. એટલે હિરણ્યનાભ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રથમાંથી નીચે કુદી પડીને હાથમાં ઢાલ તરવાર લઇને અનાધૃષ્ટિ સામે દોડ્યો. તેને મહાસમર્થ જાણીને તે સમયે કૃષ્ણના વડીલ બંધુ બળભદ્ર ઢાળ તરવાર લઈને રથમાંથી નીચે કુદી હિરણ્યનાભની વચમાં આવ્યા. રામે વિચિત્ર પ્રકારની ગતિથી હિરણ્યનાભને ઘણીવાર સુધી ફેરવ્યો. ચાલાકીવાળા અનાધૃષ્ટિએ છળ મેળવીને બ્રહ્મસૂત્રવડે કાષ્ટની જેમ ખડ્ગવડે કરીને હિરણ્યનાભને મારી નાંખ્યો.

હિરણ્યનાભ મરાયો એટલે તેના યોદ્ધાઓ જરાસંધને શરણે ગયા અને યાદવો તથા પાંડવોએ પૂજેલ અનાધૃષ્ટિ કૃષ્ણની પાસે આવ્યો. સૂર્ય અસ્ત થવાથી સર્વે વીરો પોતપોતાની છાવણીમાં પાછા ફર્યા. અહીં જરાસંધે તરતજ સેનાધિપતિના પદ ઉપર મહા બળવાન શિશુપાળનો પદાભિષેક કર્યો.

## પ્રકરણ ૬ ઠું.

### યુદ્ધનો ત્રીજો દિવસ.

" જુઓ મહારાજ ? આ કાળા અશ્વવાળા રથવાળો અને ગજેંદ્રનું ચિન્હ જેની ધ્વજામાં છે એવો એ યાદવોના સૈન્યનો અધિનાયક મહા પરાક્રમી વસુદેવનો પુત્ર અનાધૃષ્ટિ છે. અને જુઓ પેલા યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સમુદ્રવિજય, સત્યકિ, મહાનેમિ, ઉગ્રસેન, જરાકુમાર, વિદુર, પદ્મરથરાજા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આદિ જુદા જુદા વર્ણવાળા અશ્વોની સ્વારી ઉપર ધુમી રહ્યાં છે." આ પ્રમાણે હંસક મંત્રીએ જરાસંધને યાદવ વીરોની જુદા જુદા ચિન્હોએ કરીને ઓળખાણ કરાવી.

"એતો બધા ઠીક છે. પણ પેલા રામ–કૃષ્ણ અને અરિષ્ટનેમિ કયાં છે ? બધા વિશ્વને પૂજ્ય એ અરિષ્ટનેમિ એકજ છે તે હું પણ જાણું છું." જરાસંધે કહ્યું.

" આ શુકલ વર્ણીય અશ્વો જેના રથને જોડેલા છે અને જે ધ્વજામાં વૃષભનું ચિન્હ છે એ રથોત્તમ રથમાં અરિષ્ટનેમિ પોતેજ બિરાજ્યા છે. સમજો કે તે યુદ્ધ જોવાને મ ટેજ યુદ્ધ કરવાને આવ્યા છે. સૈન્યની મધ્યમાં રહેલા શ્વેત અશ્વવાળા અને ગરૂડના ચિન્હવાળા એ કૃષ્ણ પોતેજ છે. તેમજ તેની દક્ષિણ બાજુએ અરિષ્ટ વર્ણીય ઘોડાવાળા અને તાલની ધ્વજાવાળા રોહિણીના પુત્ર બળરામ છે." એવી રીતે હંસકમંત્રીએ બીજા પણ ઘણા યાદવ મહારથી પુરૂષોની ઓળખાણ જરાસંધને કરાવી.

હંસકમંત્રીનાં વચન સાંભળીને ક્રોધથી ધનુષ્યનું આસ્ફાલન કરતા અતિરથી વીર મગધપતિએ પોતાનો રથ રામકૃષ્ણની સામે ચલાવ્યો, ને જરાસંધનો યુવરાજપુત્ર યવન ક્રોધ કરીને વસુદેવના પુત્ર અક્રુર વગેરેને મારવાને દોડી આવ્યો. સિંહોની સાથે અષ્ટાપદની જેમ તે મહાબાહુ યવને તેમની સાથે સંહારકારી એવું ભયંકર યુદ્ધ કર્યું. પણ રામના અનુજભાઈ સારણે અદ્વૈત બળથી તેને રૂંધી લીધો. પછી જાણે

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

મલયગિરિ હોય, તેમ મલય નામના હાથીવડે યવને ઘોડા સહિત સારણનો રથ ભાંગી નાખ્યો. તે વખતે સારણે ક્રોધથી અધર ડસતાં વૃક્ષના ફળની જેમ ખડ્ગથી યવનનું મસ્તક છેદી નાખ્યું. તેનો હાથ સામે ધસી આવ્યો, તેના પણ દાંત અને સુંઢ છેદી નાખ્યાં. જેથી વર્ષાઋતુમાં મયૂરની જેમ કૃષ્ણનું સૈન્ય નાચવા લાગ્યું.

પોતાના પુત્રનો વધ થયેલો જોઈને ક્રોધથી અધર કંપાવતો મહાભૂજ જરાસંધ એકાએક તે જંગમાં ધસી આવ્યો અને મૃગલાંને જેમ કેશરી હણે તેમ યાદવોને એક પછી એક કૂટવા માંડયાં. સૈન્યના અગ્રભાગે રહેલા આનંદ, શત્રુદમન, નંદન, ધ્રુવ, દેવાનંદ, ચારૂદત્ત, પીડ, હરિષેણ અને નરદેવ એ બળરામના દશ પુત્રોને યજ્ઞમાં બકરાની જેમ મારી નાખ્યા. તે સમયે કૃતાંત, યમરાજ સમા મગધેશ્વરના મારને સહન નહી કરનારી કૃષ્ણની સેનાએ જયાં ફાવે ત્યાં પલાયન કરવા માંડયું. તે વખતે વીરમાની શિશુપાલે કૃષ્ણની હાંસી કરી, "અરે કૃષ્ણ! આ કાંઈ ગોકુળ નથી, આતો યુદ્ધનું મેદાન છે."

"અરે રાજન! હમણાં તો તું ચાલ્યો જા! પછી આવજે. હાલમાં હું રૂકિમ સાથે યુદ્ધ કરૂં છું, જેથી તારી માતા કે મારી માશી તારા મરણનો શોક કરે નહી." કૃષ્ણનાં આ મર્મભેદી વચન સાંભળીને શિશુપાલને ખુબ ક્રોધ ચડયો.

તરતજ શિશુપાલે ધનુષ્યનું આસ્ફાલન કરીને કૃષ્ણ ઉપર તીક્ષ્ણ બાણો છોડવા માંડયા, જેથી મહાપરાક્રમી વીર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કૃષ્ણે લીલામાત્રમાં શિશુપાલનાં ધનુષ્ય, કવચ અને રથ છેદી નાખ્યાં. ક્રોધથી ધરણીને ધ્રૂજાવતો શિશુપાલ અગ્નિની પેઠે ખડ્ગ ખેંચીને કૃષ્ણને મારવાને તેની સામે દોડયો, તેથી જેમ તેમ બબડતા એ શિશુપાલનાં ખડ્ગ, મુકુટ અને મસ્તક હરિએ રમતમાં છેદી નાંખ્યાં,

શિશુપાલના વધથી જરાસંધ ક્રોધ કરતો યમરાજના જેવો ભયંકર બની કૃષ્ણની સન્મુખ દોડી આવ્યો "અરે યાદવો! નાહક શાને મરો છો? માત્ર આ રામ-કૃષ્ણજ મને સોંપી દ્યો, અદ્યાપિ તમારે કાંઈ હાની થઈ નથી" મગધરાજનાં આવાં વચનો સાંભળીને યાદવો વિવિધ આયુધોને લઇને જરાસંધ સામે દોડ્યા. અતિરથી વીર એવો જરાસંધ પોતે એક છતાં અનેક હોય એવો થઇને ઘોર બાણોથી વ્યાઘ્ર મૃગલાંને હણે તેમ યાદવોનો સંહાર કરવા લાગ્યો, જયારે જરાસંધે યુદ્ધ કરવા માંડયું. તે સમયે પેદળ, રથી, સ્વાર કે ગજારોહક મહારથીઓ કોઇ તેની સામે ટકી શકયા નહીં, પવને ઉડાડેલા રૂની જેમ યાદવોનું બધું સૈન્ય જરાસંધના બાણોથી દુઃખી દુઃખી થઇ જીવવાની આશાએ દશે દિશામાં નાસવા લાગ્યું. અલ્પ સમયમાં તો જરાસંધે યાદવોના સૈન્ય રૂપી મહાસરોવરને કાસર જેવું કરી દીધું.

જરાસંધના અઠ્ઠાવીસ પુત્રો એક તરફ રામની સાથે ઘોર યુદ્ધ કરતા હતા, બીજી તરફ તેના ઓગણોતેર પુત્રો કૃષ્ણને મારવાની ઇચ્છાએ તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નું વિશ્વને ક્ષોભ કરનારૂં ઘોર યુદ્ધ થયું, અનુક્રમે રામે જરાસંધના અઠ્ઠાવીશ પુત્રોને હળથી ખેંચીને મુશલવડે કરીને મારી નાખ્યા. "આ ગોવાળીઓ ઉપેક્ષા કરવાથી મારા પુત્રોને હણે છે," એમ બોલીને એ મહાપરાક્રમી જરાસંધે વજ્રના જેવી દુર્ભેદ્ય એવી ગદાનો રામની ઉપર પ્રહાર કર્યો. ગદાના પ્રહારથી બળરામ રૂધિરનું વમન કરતા નિશ્ચે થઇને રથમાં મુચ્છાં પામી પડી ગયા. તેમને મારી નાખવાને જરાસંધ બળરામ ઉપર ધસી આવ્યો, પણ વીર શિરોમણિ અર્જુને વચમાં પડીને તેને અટકાવ્યો. રામના પડવાથી યાદવોમાં હાહાકાર થઈ રહ્યો. કૃષ્ણે બળરામની તેવી અવસ્થા જાણીને ક્રોધથી જરાસંધના ઓગણોતેર કુમારોને મારી નાખ્યા, અને સર્વને પડતાં મુકીને એ મહા મનસ્વી કૃષ્ણ જરાસંધની સામે દોડી આવ્યા. જરાસંધે પણ અર્જુનને છોડીને કૃષ્ણ તરફ પોતાનો રથ હંકાર્યો. "આ રામ તો મારી ગદાના પ્રહારથી મરી જશે હવે કૃષ્ણને મારૂં." આવો વિચાર કરીને જરાસંધ પણ કૃષ્ણની સામે ધસ્યો. તે વખતે સર્વત્ર ધ્વનિ પ્રસરી રહ્યો કે "કૃષ્ણ મરાયા—કૃષ્ણ મરાયા" અહીંયા બન્ને અતિરથી વિશ્વને આશ્ચર્ય અને ક્ષોભ ઉત્પન્ન કરે તેવું મહા ભયંકર યુદ્ધ થયું.

એ અરસામાં શક્રના સારથી માતલિયે ભગવાન્ અરિષ્ટનેમિને કહ્યું કે "સ્વામિન્! આપ આ યુદ્ધમાં કેમ ઉપેક્ષા કરો છો? અષ્ટાપદની આગળ હાથીના બચ્ચાની જેમ આપની આગળ આ જરાસંધ કોણ માત્ર છે? આપ જો આ યુદ્ધમાં ઉપેક્ષા કરશો તો જરાસંધ યાદવ વગરની પૃથ્વી કરી દેશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક તરફ રામ ગદાના પ્રહારથી રૂધિર વમતા મુર્ચ્છા પામેલા છે. બીજી તરફ યાદવ વીરો જરાસંધના ત્રાસથી જીવવાને ઈચ્છતા નાશ ભાગ કરી રહ્યા છે. આ કૃષ્ણ એકલા જ તેમની સાથે ભયંકર યુદ્ધ કરી રહ્યા છે, તે પણ કેમ થશે ? ”

“ એ વાસુદેવ હરિ પોતેજ જરાસંધ સહિત તેના સૈન્યનો નાશ કરીને આ યુદ્ધ સાગરનો પાર પામીને નિશ્ચય પારને પામશે. ”

“ છતાં આપ ઉપેક્ષા શા માટે કરો છો ? અત્યારે કૃષ્ણની આવી કફોડી સ્થીતિ છતાં આપ શત્રુને શા માટે સહન કરો છો ? ” નેમિએ કહ્યું.

“ વાસુદેવ મારા બળથી જીતે, તેના કરતાં તે પોતાના પરાક્રમથી જીતે તો તેમને મગરૂર થવાનું કારણ રહે, અને જગતમાં પોતાનું પરાક્રમ ગવાય, નિઃસંશય હરિ આ યુદ્ધ-સાગર જીતીને તેના પારને પામશે. ”

અનંતશકિત નેમિનાં વચન સાંભળીને માતલિએ ધૈર્યતાથી યુદ્ધનું પરિણામ જોવા માંડયું. આ તરફ બન્ને અતિરથી વીરોનું યુદ્ધ ચિરકાલ પર્યંત ચાલ્યું, પણ કોઈ એક-બીજાથી ઉતરે નહીં, એવા એ સમર્થ રણકુશલ મુરારિને યુદ્ધમાં દુર્જય માનીને જરાસંધ સૂર્ય અસ્ત થવાથી પોતાની છાવણીમાં ચાલ્યો ગયો અને વિચાર કર્યો કે “ આ ગદાના પ્રહારથી રામ તો મરી જશે તેથી તેની પછવાડે કૃષ્ણ પણ ઝુરી ઝુરીને મરશે. તેથી નાહક યુદ્ધનો શ્રમ શા માટે કરવો ? ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ તરફ જરાસંધને ચાલ્યો ગયેલો જાણીને યાદવો રામ પાસે હાહાકાર કરતા દોડી આવ્યા. રામ તો ગદાના આઘાતથી વિધુર હતા. કૃષ્ણ પણ રામ પાસે આવીને 'હા બંધુ! હા બંધુ!' એમ વિલાપ કરવા લાગ્યા, યાદવો રાત્રીના રામની મુર્છા વળે અને ગદાના પ્રહારમાંથી આરામ થાય તે માટે પ્રયત્ન કરવા લાગ્યા.

મહા પરાક્રમી જરાસંધને અત્યારે જ ભાન થયું કે પૃથ્વીમાં મારા કરતાં પણ વીર પુરૂષ કોઇ ઉત્પન્ન થયો છે. કૃષ્ણને યુદ્ધમાં દુર્જય માનીને યાદવો સહિત રામ–કૃષ્ણનો નાશ કરવાને પોતે સિદ્ધ કરેલી 'જરા' નામની આસુરી વિદ્યાને મધ્ય રાત્રીએ યાદવોના સૈન્યમાં મોકલી.

## પ્રકરણ ૭ મું.

### જરા નિવારણ–તપ આરાધન.

બીજા દિવસની પ્રભાતે જ્યારે પ્રતાપી કૃષ્ણ જાગૃત થયા, ત્યારે દશાર્હ અને યાદવો સહિત સકલ સૈન્ય તેમણે ભ્રષ્ટ ચેતનાવાળું જોયું. ફક્ત અરિષ્ટ નેમિ, કૃષ્ણ અને રામ એ ત્રણે અતિરથી અને પ્રબળ પ્રતાપી વીરો ઉપર જરા આસુરીની સત્તા ચાલી નહોતી. તેમાં પણ રામ તો ગદા પ્રહારથી વિધુર હતા. માત્ર અરિષ્ટનેમિ અને કૃષ્ણ એ બે જણજ સાવધ હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ જોઇને કૃષ્ણે ગ્લાનિ પામી જતાં અરિષ્ટનેમિને પૂછયું. " બંધો ! ક્ષયની જેમ મારૂં સકલ સૈન્ય મૃતપ્રાય: દશા જેવી સ્થિતિમાં કેમ પડયું છે ? એક તરફ બલભદ્ર ગદાના પ્રહારથી નિશ્ચેષ્ટ પડયા છે, બીજી તરફ આ આપણું સૈન્ય હતું ન હતું થઇ ગયું. આમ થવાથી હું તો નેત્ર વિનાના દેહની જેમ નકામો બની ગયે છું. "

" હરિ ! જરાસંધે તમારા યાદવ સૈન્ય ઉપર પોતાની " જરા " નામની આસુરી વિદ્યાને મોકલી છે. જે તમારા સૈન્યમાં જરાવસ્થાને પ્રગટ કરતી સકલ સૈન્યમાં વ્યાપી ગઇ છે. " નેમિનાથે અવધિજ્ઞાનથી જોઇને કૃષ્ણને કહ્યું.

" બંધો ! આ દુષ્ટ જરાના પ્રભાવથી સૈન્ય તો મૃત-પ્રાય: થઈ ગયું છે. આ જરાથી સૈન્યની શું સ્થીતિ થશે ? "

" ખરે ? એના પ્રભાવથી તમારૂં સકલ સૈન્ય પ્રાણ છોડી દેશે એ નિ:સંદેહ વાત છે. "

" બંધો ? આ શત્રુ સમગ્ર બળ સંયુકત અને છળ-પ્રિય છે. હવે તો માત્ર તમારી સહાયથી જ શત્રુનો વિનાશ થાય તેમ છે. આપણા સૈન્યને હણવા આવેલા શત્રુની તમે કેમ ઉપેક્ષા કરો છો ? હે દેવ ? તમે પણ રણમાં ચાલો ! " કૃષ્ણે નેમિનાથનો રણોત્સાહ વધારવાને અરજ કરી.

" હે શ્રીકાંત ! સાંભળો ! જો કે જરા વિદ્યાએ કરીને તમારૂં સૈન્ય તો પ્રાણ તજી દેશે; છતાં તમે એકલાજ શત્રુને રણમાં મારીને સંગ્રામથી પાર ઉતરશો. થોડા જ સમયમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમારા શત્રુ જરાસંધને તમારા ચરણમાં મરેલો જોશો. આ ભારતવર્ષ ઉપર તમે નવમા વાસુદેવ તરીકે પ્રગટ થશો. હરિ ! મારા પરાક્રમથી તમે શત્રુને જીતો તેના કરતા તમે તમારાજ પરાક્રમથી શત્રુને મારશો ! વિજય પામશો !" નેમિએ ભવિષ્યની સત્ય વાર્ત્તા કૃષ્ણને સમજાવી.

"પણ બંધો ! મારૂં સકલ સૈન્ય, વડીલો અને પૂજ્ય પુરૂષોનો ક્ષય કરાવીને પછી શત્રુને હું રણમાં મારૂં, તેથી શું ? પ્રથમ આ સૈન્ય અને આપણા વડીલો જરા થકી મુકત થાય તેવો કોઈ ઉપાય બતાવો ?" કૃષ્ણે જરા નામની આસુરી વિદ્યાના નાશનો ઉપાય નેમિનાથને પૂછયો.

"હા ! હજી તેનો એક ઉપાય હાથમાં છે. સાંભળ ! હવે પછી–મારા પછી થનારા તેવીશમા ભાવી તીર્થંકર પાર્શ્વનાથની અતિ મહિમાવાળી પ્રતિમા હાલમાં પાતાલલોકના નાગકુમાર નિકાયમાં ધરણેંદ્રના ભુવનમાં છે. તે પ્રતિમાના ચરણકમલના સ્નાત્રજળના સિંચનથી તમારા સૈન્યની જરાવસ્થા નષ્ટ થઇ જતાં સૌ ઉભા થઇ જશે." નેમિનાથે ઉપાય બતાવ્યો.

"બંધો ! ધરણેંદ્ર તો દેવલોકનો સ્વામી છે, અને હું તો મનુષ્યલોકમાં છું. તો તે પ્રતિમા મારે લાવવી કઇ રીતે ?"

"ત્રણ દિવસના ઉપવાસથી અઠ્ઠમ તપના આરાધન વડે ધ્યાનથી ધરણેંદ્રની ઉપાસના કરો, તમારા એ તપ અને ધ્યાનથી આરાધેલો–આકર્ષાયેલો નાગેંદ્ર પ્રસન્ન થઇને તે પ્રતિમા તમને આપશે અને તમારૂં કાર્ય સત્વર સિદ્ધ થશે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એ ત્રણ દિવસ પર્યંત એક બાજુએ હું ધ્યાનમાં બેઠો હોઇશ, તેવારે આ છળપ્રિય શત્રુ મારા મૂર્છિત થયેલા સૈન્યને મારી નાંખે તેનું કેમ ?" કૃષ્ણે પુછયું.

"મુરારિ ? તે માટે ફીકર ના કરો ! તમે ધ્યાનમાંથી સાવધ થાવ, ત્યાં લગી તમારા સૈન્યની રક્ષા હું કરીશ." નેમિનાથે જણાવ્યું.

નેમિનાથની વાણીથી હર્ષ પામેલા હરિ, ધરણેંદ્રના ધ્યાનમાં તત્પર થયા અને નેમિનાથે બતાવેલા વિધિવડે કરીને પોતાનું મન ઉજ્વલ ધ્યાનમાં જોડી દીધું.

આ તરફ યાદવોનું સૈન્ય ધણી વગરનું જોઇને પરાક્રમી જરાસંધ પોતાની સેના લઇને મૃતપ્રાય: થયેલા યાદવસૈન્ય ઉપર તેનો નાશ કરવાને બાણવૃષ્ટી કરતો ધસી આવ્યો.

ત્યારે નેમિકુમારે યાદવ સૈન્યની ચારે દિશાએ પોતાનો રથ ફેરવવા માતલી સારથીને આજ્ઞા કરી. તે પ્રમાણે માતલિ સારથીએ યાદવ સૈન્યની ચારે કોર રથને એટલી તો ઝડપથી ફેરવવા માંડયો કે એક રથ છતાં જરાસંધ અને તેના સુભટો અસંખ્ય રથોને જોવા લાગ્યા, પછી નેમિકુમારે મહાશંખ ફુંકવાથી તેના ભયંકર નાદથી સમગ્ર વિશ્વ ડોલાયમાન થવા લાગ્યું. તરતજ નેમિકુમારે ધનુષ્યનું આસ્ફાલન કર્યું. તેના ટંકારથી સમસ્ત વિશ્વ ક્ષોભાયમાન થયું. પર્વતો ડોલવા લાગ્યા. અને સ્ત્રીઓના ગર્ભ ગળવા લાગ્યા, પછી તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જરાસંધના સૈન્યની શું વાત કરવી? ધનુષ્યના ભયંકર સિંહ નાદથી જરાસંધનુ સૈન્ય ભયનું માર્યું ચારે તરફ પલાયન થઈ ગયું. કેટલુંક તો ત્યાંજ મુચ્છાં ખાતું ધરણીએ ઢળ્યું.

ઇંદ્ર ધનુષ્યનું આસ્ફાલન કરીને નેમિકુમારે બાણુ ઉપર બાણુ મુકવા માંડયાં. અતિવેગે રથના ફરવાથી અને બાણના મારાથી પરાભવ પામેલા એવા અસમર્થ રાજાઓ રણમાંથી યુદ્ધ કરતા આળસીને મરવાના ભયથી દુર ઉભા રહ્યા. પ્રભુ નેમિકુમારે તે રાજાઓનાં બખ્તર, ધનુષ્ય, બાણુ અને મુગટ, ધ્વજા વગેરે છેદી નાખ્યા. પણ દયાળુ પ્રભુએ તેમના પ્રાણુ લીધા નહિં.

આ તરફ જરાસંધ પણ વિશ્વવત્સલ એવા નેમિકુમારના બાણોથી પરાભવ પામ્યો, તેનાં દરેક દૈવી શસ્ત્રો અને અસ્ત્રો અનંતશકિતવાળા નેમિકુમાર આગળ ઝાંખા-બૂંઠા થઈ ગયાં. અને પરાભવ થવાથી ખેદ કરવા લાગ્યો.

"હે માનવ! શા માટે ખેદ કરો છો?" હંસક નામના મંત્રીએ મગધપતિને કહ્યું.

"મંત્રીશ! આજે વિધિ પ્રતિકુળ છે. યુદ્ધમાં સેંકડો રાજાઓના માનનું મર્દન કરનારને એજ બાળક જીતી જાય છે. સિંહ શિયાળથી હારી જાય છે." જરાસંધે કહ્યું.

"મહારાજ! એ તમારી ભૂલ થાય છે. આ બાળક નેમિને તમે બાળક સમજો છો. પણ ખરે હજી પણ તમે ભૂલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છો. અરે ! એ ત્રણ જગતના પૂજ્ય એવા બાવીશમા તીર્થંકર થવાના છે, તેમને વંદન કરી ચાલો–રણથી પાછા ફરીયે."

"રે હીચકારા ! એક દિવસ મરવાનું તો સર્વને છે. તો વીરમાની પુરૂષ શું હારીને જીવવું ઇચ્છે ? છટ્ ! આટલી ઉમ્મરે હું રણમાંથી પાછો ડગ ભરૂં તો મારા જીવનને કલંક લાગે !"

"હા ! પણ આપે સાંભળ્યું છે ને કે આ નેમિનાથની સલાહથીજ કૃષ્ણ અષ્ટમ તપનું આરાધન કરીને ધરણેંદ્ર પાસેથી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા મેળવશે. અને તેના સ્નાત્ર જળ સિંચનથી યાદવ સૈન્ય પુનર્જીવન પામશે."

"તે વખતે જોઇ લેવાશે ! દૈવની મરજી હશે તે થશે." એમ બોલતો જરાસંધ પોતાની શીબીરમાં સૈન્ય સહિત ચાલ્યો ગયો અને પરિણામ શું આવે છે તેની રાહ જોતો કાળક્ષેપ કરવા લાગ્યો.

જરાસંધના જવાથી અને તેના સૈન્યના નાશી જવાથી નેમિકુમાર પણ યુદ્ધ કરતા વિરામ પામ્યા.

કૃષ્ણને ઉપવાસ અને ધ્યાનમાં એકચિત્ત અને એક આસને બેઠાં બેઠાં ત્રીજો દિવસ વ્યતિત થવા લાગ્યો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મું.

## નાગેંદ્રસભામાં ખળભળાટ

મનુષ્યલોકની માફક દેવલોકમાં કાંઈ કાળનું પરિમાણ નથી. રાત્રી પછી દિવસ અને દિવસ પછી રાત્રી એવો ક્રમ તો ફકત અઢીદ્વીપમાં ( મનુષ્ય લોકમાં) જ છે. કેમકે તેટલા ક્ષેત્રોમાં સૂર્ય ચંદ્રની ગતિ હોવાથી રાત્રીનો સંભવ એ વાસ્તવિક છે, તે સિવાય દેવલોક, નારકલોક તેમજ અઢીદ્વીપથી બહારના પ્રદેશોમાં એકજ સ્થીતિ હોય છે. દેવલોકમાં હંમેશાં પ્રકાશજ રહે છે. ત્યાં કાંઈ રાત્રી હોતી નથી તેમજ દેવતાને નિદ્રા કે તંદ્રા કાંઈ હોતું નથી. મનુષ્યોની માફક તેમને આહાર કરવાનો પણ હોતો નથી, કેમકે એ બધું મનુષ્ય તિર્યંચના ઔદારિક શરીર સ્વભાવને આશ્રયીને રહેલું છે. ત્યારે દેવતાઓ શુદ્ધ વૈક્રિય શરીરવંત હોવાથી તેમનું શરીર રકત, માંસ, હાડ, વગેરે અશુચિ પદાર્થોથી રહીત હોય છે. દેવલોકમાં હંમેશાં પ્રકાશજ હોય છે, તેમના આયુષ્ય વગેરેનું કાળમાન આપણી અપેક્ષાએ સમજવું.

દેવલોકમાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવતાઓ ન્યૂનાધિક મહત્વવાળા, સત્તાવાળા અને ઋદ્ધિવાળા હોય છે. તે દેવતાઓને–ગુન્હેગારોને શિક્ષા કરવાને વ્યવસ્થા સ્થાપવાને અને તેમની શાંતિને માટે ચારે નિકા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યના ચોસઠ ઇંદ્રો–રાજાઓ હોય છે. જેમાં દશ ભુવનપતિના વીશ ઇંદ્ર, આઠ વ્યંતર ને આઠ વાણુવ્યંતરના બત્રીશ ઇંદ્રો. જ્યોતિષીના બે ઇંદ્ર અને બાર વૈમાનિક દેવલોકના દશ ઇંદ્રો મળીને ચોસઠ ઇંદ્રો પોતપોતાના દેવલોકની રક્ષા કરનારા હોય છે. બાર દેવલોકના ઉપર ગ્રૈવેયકના દેવતાઓ સર્વે અહમિંદ્ર–સરખા ઋદ્ધિવાળા–શકિતવાળા હોય છે, તેના ઉપર પાંચ અનુત્તર વિમાનના દેવતાઓ પણ અહમિંદ્રો હોય છે, તેની ઉપર સિદ્ધના જીવો–મુકિતના જીવોનુ સ્થાન છે.

ભુવનપતિ અને વ્યંતર એ બન્ને દેવલોકની નીચે અને પ્રથમ નરક સુધીમાં આવે છે. મનુષ્યલોકની મૂળથી–સમભૂતલા પૃથ્વીથી માંડીને અધસ્તાત્ એક હજાર જોજનમાં વ્યંતર દેવતાઓનાં નિવાસસ્થાન છે. એક હજાર જોજનથી અધિક ઉંડાણમાં પ્રથમ નરક આવે છે, તેના તેર પ્રતર–પાથડા–માળ હોય છે. એ તેર પ્રતરના બાર આંતરા પડે છે. તેમાં પ્રથમ પ્રતરના પહેલા આંતરાના ભુવનપતિ નિકાયમાં અસુરકુમાર દેવલોક અને બીજા આંતરાના નાગકુમાર દેવલોક એવી રીતે દશે આંતરામાં દશ ભુવનપતિ નિકાય આવેલી છે. બાકી બે આંતરા ખાલી છે.

દરેક નિકાયના ઉત્તર અને દક્ષિણ વલયના જુદા જુદા ઇંદ્રો હોય છે. એટલે એક નિકાયના બે બે ઇંદ્રો હોય છે, જેથી ભુવનપતિના વીશ ઇંદ્રો થાય છે. તેમાં પ્રથમ અસુર કુમારના ચમરેંદ્ર અને બલીંદ્ર એવા બે ઇંદ્રો છે. અને બીજી નાગ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુમારના નાગેંદ્ર–ધરણેંદ્ર એવા બે ઇંદ્રો છે. એવી રીતે આગળ પણ સમજવું.

નાગલોકનો સ્વામી પોતાના નાગલોકના મહા રમણીય રંગમંડપમાં સભા ભરીને બેઠો હતો. તેના સામાનિક દેવતાઓ મહર્દ્ધિક દેવતાઓ વગેરે સર્વ પોતપોતાને યોગ્ય આસને બેઠા હતા. ગંધર્વ દેવતાઓ તથા દેવાંગનાઓનું નાટક થઇ રહ્યું હતું. દીવ્ય નાટારંગમાં અને દેવાંગનાઓ સાથેની વિવિધક્રિડામાં ગયેલા સુખના સમયનું દેવતાઓને ભાન પણ રહેતું નથી. એવા દીવ્ય નાટારંગનો રસ જયાં જામેલો છે, તેવા સમયમાં નાગરાજ–ધરણેંદ્રનું સિંહાસન અકસ્માત્ સમુદ્રમાં વહાણની જેમ ડોલાયમાન થયું. " અહો ! કોણ મરવાને જન્મ્યો છે ? જેણે આ અકાળે વજ્રપાતની જેમ મને ક્ષોભ પમાડ્યો. " નાગરાજે તરતજ અવધિજ્ઞાનથી સિંહાસન સ્ખલીત થતાં તેનું કારણ તપાસ્યું.

સભામાં પણ જામેલો રસ અકસ્માત્ સિંહાસન ડોલવાથી ઢળી ગયો. સામાનિક દેવતાઓ સહિત સકળ સભા ક્ષોભ પામી ગઇ. નાગેંદ્રની અગ્રમહિષીઓ–પટ્ટરાણીઓ પણ વિચારમાં પડી કે ' આ તે શું ? '

" અહા ! આ તો સંકટના સમયમાં હવે પછી થવાના નવમા વાસુદેવ કૃષ્ણ મને અઠ્ઠમ તપ કરીને સ્મરે છે." તરતજ નાગનાથનો ક્રોધ શમી ગયો અને સકળ સભા સમક્ષ તેણે કહ્યું " દેવતાઓ ? મોટા લોકોનું ગાંભિર્ય–ધૈર્ય તો જુઓ !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓ કોઇકાળે આત્મપ્રશંસા કરતા નથી. અત્યારે હવે પછી થવાના નવમા વાસુદેવ કૃષ્ણ અને પ્રતિવાસુદેવ જરાસંધ વચ્ચે મહા ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. કૃષ્ણને યુદ્ધમાં જીતવા દુર્જય માનીને જરાસંધે જરા નામની આસુરી વિદ્યા મુકીને કૃષ્ણના સમસ્ત યાદવસૈન્યમાં જરાવસ્થા ઉત્પન્ન કરી છે. ખરે-ખર જો તેનો ઉપાય કરવામાં ન આવે તો તે જરા વડે કરીને યાદવસૈન્ય પ્રાણ છોડી દેશે, તેથી વાસુદેવના અનુજ બંધુ નેમિ કુમારે ' આપણા ભુવનમાં રહેલા પાર્શ્વનાથના બિંબના ચ-રણનું પ્રક્ષાલન કરીને તે જળ જો યાદવસૈન્ય ઉપર છાંટવામાં આવે તો તત્કાળ જરા નાશ પામે' એમ જણાવી તે મહાપુરૂષે પોતાની પ્રશંસા નહી કરતાં બીજાનુંજ મહત્વ વધાર્યું છે. "

" મહારાજ તે પ્રતિમા શું એવી પ્રભાવીક છે ? "

" સાંભળો ! એ પાર્શ્વનાથની પૂરાણી પ્રતિમા પ્રથમ તો દુનીયાની શરૂઆતમાં રૂષભદેવ–પ્રથમ તીર્થંકરના પુત્ર નમિ વિનમિએ ઘણા કાલપર્યંત પૂજી, પછી દેવલોકમાં પૂજાય છે. આજ પર્યંત તે જુદે જુદે સ્થળે પૂજાતી આવી છે. હમણાં એ પાર્શ્વનાથની પ્રતિમાને મનુષ્ય લોકમાં જવાનો સમય આવ્યો છે. નેમિકુમારના કહેવાથી એ પાર્શ્વનાથની પ્રતિમા મેળવવાને આજ ત્રણ ત્રણ દિવસ થયાં નારાયણ–હરિ મારૂં ધ્યાન કરતાં એકાગ્રચિત્તે નિરાહારપણે તપ કરી રહ્યા છે. " નાગનાથે જણાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એવી મહા મહિમાવાલી પ્રતિમા આપણા દેવલોક-માંથી જાય એતો ઠીક ન કહેવાય" વૈરોટ્યા દેવી બોલ્યાં.

"હવે પછીની ભાવીકાલમાં મહા પ્રભાવશાલી તે પ્રતિમા **સંખેશ્વર પાર્શ્વનાથ**ના નામથી પ્રગટ થશે. મનુષ્ય લોકમાં આ પ્રતિમાના પ્રભાવથી ઘણા આત્માઓ કલ્યાણ સાધી શકશે. માટે હવે મારે ઝટ હરિ પાસે જઇને તેમનું ઇચ્છિત તેમને આપવું જોઈએ."

"પ્રભુ મનેજ જવા દ્યો, હું કોઈ પણ રીતે કૃષ્ણને સમજાવીને નેમિકુમારના સ્નાત્રજળથી યાદવોની જરા દૂર કરાવીશ. અને જરાસંધને સૈન્ય સહિત મારી વાસુદેવના ચરણમાં નાંખીશ. તેમને તો કામથી કામ છે ને? પ્રતિમાનું શું કામ છે?" પદ્માવતીએ જણાવ્યું.

"પણ વીરમાની પુરૂષો મોંઘો કે સોંઘો પણ પોતાના પરાક્રમથીજ વિજય મેળવે છે." નાગેંદ્રે કહ્યું.

"હશે. સ્વામિન્? હું એમને સમજાવીશ, તે છતાં જો પ્રતિમા માટે તેમની દૃઢ ભક્તિ હશે—માગણી હશે, તો તરત જ અહીંથી મંગાવીને હું તેમને અર્પણ કરીશ." એટલું કહેતાં તો તરતજ પોતાના ભુવનમાંથી પદ્માવતીદેવી પોતાના પરિવાર સાથે અદૃશ્ય થયાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૯ મું.

---

## પાર્શ્વનાથનો પ્રભાવ.

કૃષ્ણજીને નિરાહાર તપ કરતાં અને ધ્યાનમાં એકાગ્રપણે ત્રણ અહોરાત્રી વહી ગઇ. ત્રીજી રાત્રીને અંતે કાંતિના પૂંજના મંડળ સાથે સાક્ષાત્ પદ્માવતી દેવી પ્રગટ થયાં. દેવીઓના પરિવાર સહિત વૈરોટ્યા દેવીને પોતાની સમક્ષ પ્રત્યક્ષ થયેલાં જોઇને કૃષ્ણે તેમની સ્તુતિ કરી. "હે દેવિ! તમારા દર્શનથી હું કૃતાર્થ થયો. હવે મારા મનના મનોરથ સર્વે સફલ થયા, ભક્તિયુક્ત વચનોથી કૃષ્ણે પદ્માવતી દેવીની સ્તુતિ કરી.

"હરિ? જે કાર્યને અર્થે તમે મારૂં સ્મરણ કર્યું હોય તે કહો" વૈરાટ્યા દેવીએ તરતજ મુદ્દાની વાત કૃષ્ણને પૂછી.

"પરમેશ્વરી! જો તમે મારા ઉપર પ્રસન્ન થયાં હો, તો મને તમારા ભુવનમાં રહેલ પાર્શ્વનાથની અદ્દભૂત પ્રતિમા આપી અમારાં કષ્ટ કાપો!" હરિએ પ્રતિમાની માગણી કરી.

"વાસુદેવ? કહો એ પ્રતિમાથી તમે શું કાર્ય કરવાને ઇચ્છો છો?" દેવીએ કહ્યું.

"મહેશ્વરી! શત્રુએ મૂકેલી જરા વિદ્યાએ કરીને મારૂં સકળ સૈન્ય મરણની છેલ્લી ઘટિકા ગણતું જરાવસ્થાએ સપડાયું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. તે ભગવંતના સ્નાન જળના સિંચનથી સજ્જ થઈને શત્રુઓને મારી હંમેશાં ભગવંત સહિત તમારી પૂજા કરે.” કૃષ્ણે પોતાનો મનોરથ કહી સંભળાવ્યો.

“ અરે કૃષ્ણ ! આ તમારા બંધુ શ્રી નેમિકુમાર કે જે ભવિષ્યમાં બાવીશમા તીર્થંકર થવાના છે. તેમના સ્નાત્રજળથી પણ આ જરા રાક્ષસી નાશી જશે.” પદ્માવતી દેવીએ કહ્યું.

“ ત્રણ જગતને માન્ય એવા મારા બાંધવ નેમિકુમારના મહિમાને કોણ નથી જાણતું ? એવા એ મારા બંધુ શ્રી નેમિ કુમારની આજ્ઞાથી જ મેં તમારૂં સ્મરણ કર્યું છે.” હરિએ કહ્યું.

“ તો ભલે કહો તો સૈન્ય સહિત તમારા શત્રુ જરાસંધ ને મારી નાખું, અથવા જો ઇચ્છા હોય તો તેને બાંધી ક્ષણવારમાં તમારી આગળ હાજર કરૂં, અને બીજું જે કહો તે તમારૂં સર્વ ઇચ્છિત કરૂં.” દેવીએ કહ્યું.

“ હે ઐશ્વર્ય સંપન્નદેવી ! તે સર્વે તમારાથી થઇ શકે તેમ છે, પણ એથી કાંઇ અમારૂં પરાક્રમ જોવામાં આવશે નહીં. માટે જો તમે પ્રસન્ન થયાં હો તો તે અદ્‌ભુત. પ્રતિમા મને આપો કે જેથી હું પોતેજ તમારી કૃપાથી રણમાં શત્રુઓને હણી નાંખુ.” કૃષ્ણે અતિ આગ્રહથી પ્રતિમાની માગણી કરી.

“ કૃષ્ણ ? એ પ્રતિમા અમારા પ્રાણ સાટે છે. પૂર્વે ત્રીજા આરાના અંતમાં પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવના પૌત્ર નમિ–વિનમિને અમારી પૂર્વે થઇ ગયેલા ધરણેંદ્રે આપી હતી. કેટલાક વિદ્યાધરોથી આ પ્રતિમા પૂજાયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી પ્રથમ દેવલોકના સ્વામી શક્રેંદ્રના વિમાનમાં શક્રેંદ્રે પૂજી કાળાંતરે તે પ્રતિમા શક્રેંદ્રે-સૌધર્મેંદ્રે ગિરનાર પર્વતના કાંચનબલાનક નામના શિખર ઉપર સ્થાપન કરી. તે પછી કેટલેક કાળે પદ્મપાણી-સૂર્યના વિમાનમાં પૂજાઇ. તે પછી વિધુ-ચંદ્રના વિમાને કેટલોક કાળ તે પ્રતિમા પૂજાણી. ત્યારપછી પાછી ઉજ્જયંત પર્વતના શિખર ઉપર તે પ્રતિમા કેટલોક કાળ રહી, તે પછી નાગેંદ્રે પોતાના દેવલોકમાં પોતાને ને સર્વ દેવતાઓને અર્ચનને માટે તે બિંબને પોતાના સભાસ્થાનમાં આણ્યું. આજે કેટલાય કાળથી તે બિંબ અમારા ભુવનમાં પૂજાય છે." મહાદેવી પદ્માવતીએ પ્રતિમા સંબંધી ભુતકાલની હકીકત કહી સંભળાવી.

"અહો ! ધભાગ્ય ? એવી પ્રાચિન પ્રતિમાના પ્રભાવથી આ મનુષ્યલોક પણ ભલે સુખી થાય. આજસુધી સ્વર્ગલોકમાં પૂજાઇ, મનુષ્યલોકમાં તેનો પ્રભાવ ભલે ફેલાય. એવી મહાન પ્રભાવિક પ્રતિમા થકીજ અમારા યાદવોનું સંકટ દૂર થશે. ભગવંત નેમિકુમારનું વચન સત્ય થશે. માટે પ્રસન્ન થઇને એ પ્રતિમા અમોને આપો !' કૃષ્ણે તે પ્રતિમા મેળવવાનો પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

"ઠીક છે ? વાસુદેવ ? તમારો આવો અતિ આગ્રહ છે, તો એ પ્રતિમા હવેથી મનુષ્યલોકમાંજ ભલે પૂજાય ! તમારૂં મનોવાંચ્છિત સત્વર સફળ થાવ ? "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરતજ વૈરાટ્યા દેવીએ–પદ્માવતીએ–ધરણેંદ્રની પ્રિયાએ પાર્શ્વનાથની અદ્ભુત પ્રતિમાને તત્કાળ ત્યાં મંગાવીને કૃષ્ણને આપી. અને તે પછી દેવી પરિવાર સહિત અદૃશ્ય થઇ ગયાં.

ચતુર્થ દિવસના સુવર્ણમય પ્રભાતમાં હરિએ નેમિ કુમારે બતાવેલ વિધિએ પ્રતિમાના ચરણનું પ્રક્ષાલન કરીને યાદવોના મોતના બિછાના ઉપર પડેલા સૈન્ય ઉપર સિંચન કર્યું, એટલે સ્વલ્પ સમયમાંજ આખું સૈન્ય સાવધ–સ્વસ્થ થયું. અને હરિના હર્ષની સાથેજ જરાસંધના તેજનો ક્ષય થયો.

રામ જરાસંધની ગદાના પ્રહારથી વિધુર–મુર્છિત હતા, તે પણ સ્વસ્થ થયા. એવી રીતે સર્વે યાદવ સૈન્ય પુનઃ નવજીવન પામ્યું.

આ તરફ જરાસંધને યાદવોના પુનર્જન્મના સમાચાર મળતાં તેના હૃદયમાં એક મોટો આઘાત થયો. જીંદગી ભરમાં દુઃખનો આઘાત આ તેને પહેલોજ હતો. ભારતના સોળ સોળ હજાર રાજાઓને કુટી કુટીને અર્ધ ભારતનો સ્વામી બન્યો હતો. ક્યાંય પણ તેની પ્રચંડ આજ્ઞાઓ ઉત્થાપવાને સમર્થ રાજા પણ શક્તિવાન થતો નહી. પોતાની પ્રચંડ સત્તાના અગણિત બળ ઉપર જજુમતો જરાસંધ આજે એક બાળકોને જીતવાની રમત કરવાને આવ્યો હતો, પણ હવેજ તેણે જોયું કે સર્વને આજ સુધી કુટનારને આજે કુટાવાનો સમય નજીક આવ્યો છે. પણ બાળકથી જીતાતો જરાસંધ એમ કાંઇ પાછો પડે તેવો નહોતો. આજે યુદ્ધનો છે-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લ્લો દિવસ હોવાથી देहं पातयामि वा कार्यं साधयामि એ ન્યાયે તૂટી પડવા વિચાર કર્યો. છેવટે છેલ્લું શસ્ત્ર ચક્રરત્નથી એ બન્ને રામ–કૃષ્ણનાં મસ્તક છેદી નાંખવા નિશ્ચય કરી તેણે પોતાનું સૈન્ય સજ્જ કર્યું. કેમકે વીરમાની પુરૂષો જગતમાં બીજાના પરાક્રમને સહન કરી શકતા નથી.

# પ્રકરણ ૧૦ મું.

## યુદ્ધનો છેલ્લો દિવસ.

યાદવોનું સૈન્ય જાણે નિદ્રામાંથી જાગ્રત થયું હોય તેમ ત્રણ અહોરાત્રી પછી સમુદ્રવિજય આદિ સર્વ પૂજ્યપુરૂષો પણ સ્વસ્થતાને પામ્યા, સકલ સૈન્યને કૃષ્ણે યુદ્ધ કરવાને સજ્જ કર્યું બન્ને સૈન્યો સામસામે યુદ્ધ કરવા સજ્જ થયાં અને યુદ્ધ શરૂ થયું. નેમિનાથે પણ યુદ્ધ કરતાં લીલામાત્રમાં લાખ રાજાઓને જીતી લીધા. પણ "પ્રતિવાસુદેવનો વધ વાસુદેવથીજ થાય છે" એમ જાણીને જરાસંધને છોડી દીધો. આ તરફ બલભદ્ર પણ જાણે પૂર્વની ગદા પ્રહારનું વેર લેતા હોય તેમ તેણે હલ અને મુશલથી ઘણા શત્રુઓને ચૂર્ણ કરી નાખ્યા. કંઈકના રથ ભાગી નાંખ્યા. એવીરીતે ભયકંર પરિણામને ઉત્પન્ન કરનારૂં છેલ્લા દિવસનું મહા ઘનઘોર યુદ્ધ જામ્યું. સ્વસૈન્યનો પરાભવ થતો જોઇ ક્રોધથી ધમધમતા જરાસંધે બાણોના વરસાદથી શત્રુઓ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ને દીનકરતાં કૃષ્ણ તરફ પોતાનો રથ ચલાવ્યો. જરાસંધને સન્મુખ આવતો જાણીને હરિ પણ રથમાં આરૂઢ થઇ તેની તરફ દોડ્યા. બન્નેસામ સામે થયેલા અતિરથી વીરોના રથના ગમનાગમનથી ચક્રથી પીસાયેલી પૃથ્વી કણોકણ વિદીર્ણ થઈ ગઈ. દેવતાઓ પણ એ બન્ને અતિરથી વીરોનું ઘનઘોર યુદ્ધ ભય થકી જોવા લાગ્યા. એવું આ અવસર્પિણી કાલમાં નવમા પ્રતિવાસુદેવ અને વાસુદેવનું દારૂણ યુદ્ધ પ્રવર્ત્યું.

જરાસંધે ક્રોધથી બાણો ઉપર બાણો જેમ જેમ વરસાવવા માંડયા, તેમ તેમ કૃષ્ણે તેનાં સર્વે બાણો છેદી નાંખ્યા. બન્ને અતિરથી વીરો દિવ્ય અસ્ત્રોથી અને દૈવિક શસ્ત્રોએ કરીને એક બીજાને જીતવા ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. જરાસંધના છુટેલાં દેવતાઇ બાણોને દેવતાઇ બાણોથી, લોહાસ્ત્રોને લોહાસ્ત્રથી વિષ્ણુ છેદી નાખવા લાગ્યા, એવી રીતે યુદ્ધ કરતાં જયારે જરાસંધનાં સર્વે દેવતાઈ અસ્ત્રો ક્ષીણ થઈ ગયાં, ત્યારે તે હતાશ થઇ ગયો. બીજો કોઇ ઉપાય નહી રહેવાથી છેલ્લાં તેણે અમોઘ ચક્રરત્નનું સ્મરણ કર્યું. તત્કાળ અગ્નિના કણોને વરસાવતું અને જગતના સર્વે અસ્ત્રોને પોતાના બળ આગળ તૃણ સમાન ગણતું ભયંકર એવું ચક્ર જરાસંધના હાથમાં આવીને ઠર્યું. એટલે જયની અભિલાષાવાળા માગધપતિએ કોપાંધ બનીને કૃષ્ણની ઉપર છોડવાને તેને આકાશમાં ભમાવવા માંડયું. થોડીવાર ભમાવીને વિષ્ણુ—કૃષ્ણ ઉપર છોડ્યું. કલ્પાંત કાળના પ્રલયની જેમ વિશ્વને ક્ષોભ પમાડતું ચક્ર કૃષ્ણ તરફ વેગથી ધસી આવવા લાગ્યું. તે વખતે વિદ્યાધરો—મનુષ્યો, બધા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાદવો તેને ધસ્યું આવતું જોઇ ક્ષોભ પામી ગયા. વિષ્ણુનું સર્વ સૈન્ય દીનતાને પામતું ગર્વગળીત થયું. ત્યારે તેના વેગને સ્ખલિત કરવાને માટે કૃષ્ણ, રામ, પાંડવ, સમુદ્રવિજય આદિ બીજા મહારથીઓએ પોતપોતાનાં દિવ્ય અસ્ત્રો ફેંકવા માંડ્યાં. અને નેમિકુમાર તો તેનો પ્રભાવ જાણતા હોવાથી પોતે રથમાં પરિણામ જોવાને શાંતપણે ઉભા રહ્યા. એટલામાં ચક્ર તો કૃષ્ણની પાસે આવી ઉભું રહ્યું ! તરતજ એ ચક્રને હરિએ પોતાના હાથમાં લઈ લીધું. તે સમયે આકાશમાં દેવતાઓએ કૃષ્ણ ઉપર પુષ્પવૃષ્ટિ કરી. અને આઘોષણા કરી કે " આ ભરતક્ષેત્રમાં કૃષ્ણ નવમા વાસુદેવ ઉત્પન્ન થયા." તે પછી કૃષ્ણે દયા લાવીને મગધરાજને કહ્યું. " અરે મૂર્ખ ! હજી પણ તું જીવતો ઘેર જા અને મારી આજ્ઞા માન, તારી સંપત્તિને ભોગવતો છતો જીર્ણ-વૃદ્ધ થયા છતાં પણ તું જીવતો રહે."

પોતાનું ચક્ર પણ વ્યર્થ જવાથી મગધરાજ આખરે નિરાશ થયો હતો, તેણે પોતાની પડતી જોઈ હતી. જ્ઞાનીએ ભાખેલું અને અતિમુક્ત કુમારે કહેલું કે ' કંસને મારનાર જરાસંધને મારશે. દેવકીનો સાતમો ગર્ભ કંસ અને જરાસંધનો કાળરૂપ થશે. હવે પછી થવાના બળદેવ અને વાસુદેવ એવા વસુદેવના બે પુત્રો પ્રતિવાસુદેવનો નાશ કરશે.' એ બધાં વચનો આજે સત્ય થયેલાં જોવાય છે. આજે તેને દુનિયા વિચિત્ર લાગી. આજસુધી જે ભુજાઓએ અનેક દુશ્મનોને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી હતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણેજ આજે દગો દીધો. તેણે જોયું કે બધી બાજી બદલાઈ ગઇ છે. માટે મરણુનીજ રાહ જોતો તે જીવતો ઉભો રહ્યો. બસ મનુષ્યલોકનાં પોતાનાં સમૃદ્ધિપણાના પુણ્ય હવે પરવારી ગયાં હતાં. છતાં એ વીરમાની પુરૂષ હારીને જીવવાને પસંદ કરનારો નહી હતો. બસ! ઘણા કાલ પર્યંત દુનિયાનું ઐશ્વર્ય, ભોગવ્યું. અને વૃદ્ધાવસ્થા આવી. મરણ તો સર્વેને સરખુંજ છે એક દિવસ તે સર્વેને માથે ગાજે છે. માટે રણમાંજ પતન થવાનું હોય તો ભલે, પણ શત્રુ આગળ દિનતા તો નહીંજ કરવી." આમ જીવન મરણનો પ્રસંગ તેની નજર સમક્ષ ખડો થયો.

"રે! નાદાન! શું હું તારી દયા ઉપર જીવું?" જરાસંધે ગર્વથી કહ્યું.

"ઠીક છે તો સાવધાન!" કહી તરતજ વિષ્ણુએ ધગધગતા અંગાર વર્ષાવતું એ ચક્ર પ્રતિવાસુદેવ જરાસંધ ઉપર ભમાવીને મુકયું. ચક્ર વેગથી મગધરાજ સામે ધસતું ચાલ્યું. ચક્રને જોઇને મહાભૂજ જરાસંધે તેના નાશ માટે અનેક ચેષ્ટાઓ કરી. પણ વિધિ પ્રતિકુળ હોય ત્યારે સર્વે દાવ વ્યર્થ જાય છે. જેથી પળવારમાં તેજ ચક્રે આવીને મહામાની જરાસંધનું મસ્તક છેદી નાખ્યું.

કર્મોના ઘણા ભારથી લેપાયેલો અને અનેક આકરા કર્મબંધનોથી આકુળ વ્યાકુળ થયેલો મગધરાજ જરાસંધનો આત્મા ચોથી નારકીનો અતિથી થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧ મું.

## છેવટ.

નવમા વાસુદેવ શ્રી કૃષ્ણના ચક્ર મુકવાથી પ્રતિવાસુદેવ મગધરાજ જરાસંધ મરણ પામીને ચોથી નરકમાં ગયો. તે પછી નેમિકુમારે એક લાખ શત્રુ રાજાઓને રોકેલા, તેને છુટા કર્યા. તેઓ સર્વે તથા હંસકમંત્રી વગેરે જરાસંધના સહદેવ વગેરે પુત્રોને લઇને સમુદ્રવિજયને શરણે આવ્યા. તેઓ સમુદ્રવિજયને નમીને નેમિકુમાર, રામ, કૃષ્ણ વગેરેને નમ્યા; કૃષ્ણે તેમનો યોગ્ય સત્કાર કર્યો. મહામંત્રી હંસકે તેમનો આભાર માનતાં કહ્યું કે. "હે વાસુદેવ ? તમે પોતેજ એકલા પ્રતિવાસુદેવને સૈન્ય સહિત હણવાને સમર્થ છો. તે છતાં જગતના પતિ એવા નેમિનાથ જેના સહાયકારી બંધુ હોય તેમને કોણ જીતી શકે ? જયારથી તમે યાદવકુળમાં ઉત્પન્ન થયા છો ત્યારથીજ અમે જીતાયેલા હતા. જરાસંધે અને અમે આગળથી જ જાણ્યું હતું કે આપણે એક એવું અકર્ત્તવ્ય આદરી બેઠા છીએ કે પરિણામે આપણનેજ હાનિ થવાની છે. પરન્તુ ભવિતવ્યતા એવી હોવાથી બન્યા વગર રહેતું નથી "

સમુદ્રવિજયની આજ્ઞાથી કૃષ્ણે તેમનો સત્કાર કરી


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મગધની ગાદી ઉપર જરાસંધના મુખ્ય પુત્ર સહદેવને બેસાડી મગધનો ચોથ ભાગ આપ્યો. મહાનેમિને શાર્યપુર આપ્યું. હિરણ્યનાભના પુત્ર રૂકમનાભને કોશલ દેશમાં સ્થાપિત કર્યો, રાજ્યને નહી ઇચ્છતા ઉગ્રસેનના ધરનામે પુત્રને મથુરાનું રાજ્ય આપ્યું. જયાં આગળ શ્રી નેમિનાથે શંખ ફુંકીને યાદવસૈન્ય-નું રક્ષણ કર્યુ હતું. ત્યાં શંખપુર નામે નગર વસાવી પાર્શ્વ-નાથની મહામહિમાવાળી પ્રતિમાને ત્યાં ભવ્ય પ્રાસાદ બંધાવી તેમાં વિવિધ મહોત્સવ પૂર્વક સ્થાપન કરી. સર્વે યાદવો પોતાના આત્માની જેમ નિરંતર તેનું પૂજન કરવા લાગ્યા. કૃષ્ણે તે નગર તેની ભક્તિમાં આપી દીધું. ત્યારથી તે પાર્શ્વનાથ "**સંખેશ્વર પાર્શ્વનાથ**" તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા.

પછી કૃષ્ણ છ માસમાં ભરતાર્ધ સાધીને મગધદેશમાં કોટિશિલા આગળ આવ્યા, ત્યાં તેમણે પોતાના ભૂજ પરાક્રમથી કોટીશિલાને ડાબા હાથથી પૃથ્વીથી ચાર આંગુલ ઉંચી કરી, એજ શિલાને પ્રથમ વાસુદેવે ભૂજાના અગ્રભાગ સુધી ઉંચી કરેલી, બીજાએ મસ્તક સુધી, ત્રીજાએ કંઠ સુધી, ચોથાએ ઉર:સ્થળ સુધી, પાંચમાએ છાતી સુધી, છઠ્ઠાએ કટીસુધી, સાતમાએ સાથળસુધી, આઠમાએ જાનુ સુધી અને નવમાએ ચાર આંગળ પૃથ્વીથી ઉંચી ધારણ કરી. કેમકે અવસર્પિણીના નિયમ પ્રમાણે વાસુદેવનું બળ પણ ઓછું થતું જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમે કૃષ્ણ દ્વારિકામાં આવ્યા. સોળહજાર રાજાએ અને દેવતાઓએ શ્રી કૃષ્ણના વાસુદેવપણાને તેમજ બળભદ્રને બળદેવપણાને અભિષેક કર્યો. પાંડવોને પણ હસ્તીનાપુરની ગાદી આપી અને ત્યાં તેઓ સુખે રાજ્ય કરવા લાગ્યા. યાદવો દૂર છતાં પણ પ્રતિ દિવસ **સંખેશ્વર પાર્શ્વનાથનું** હૃદયમાં સ્મરણ કરતા પોતાનો કાળ સુખમાં વ્યતીત કરવા લાગ્યા.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૩ જો.

## પ્રકરણ ૧ લું.

### દંડનાયક.

મહારાજા કર્ણદેવ આજે રાજસભામાં સિંહાસન ઉપર બીરાજયા હતા, સર્વે સામંતો, સેનાપાત, સરદારો વગેરે પોતપોતાના આસને બેઠા છે. બીજી તરફ મુંજાલમંત્રી, લુલોમંત્રી વગેરે મંત્રાઓ બેઠા છે. મહારાજા કર્ણદેવના મુખ પર શોકની છાયા પ્રસરી રહી છે. સભા શાંત બેઠી છે, ત્યાં વ્યગ્રતામાં વધારો કરતા મુંજાલ મહેતાએ વાત છેડી. "મહારાજ! સોરઠમાં આપણે જેને દંડનાયક નીમીને મોકલીયે છીએ તે રા' નવઘણુના ત્રાસથી કંટાળીને પાછા આવે છે. એ ત્રણ દંડનાયકોની એવી સ્થીતિ થઇ."

"એ રા' ને જીવતો પકડીને મારી નાંખવો જોઇએ, અથવા તો એના પુત્રને ગાદીએ બેસાડી એને અહીંયા રાખવો જોઇએ." મહારાજે જનુની ઉદ્‌ગાર કાઢયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" આપનું કહેવું જોકે ઠીક છે, છતાં પણ એકદમ સાહસ કરીને તેની પાસેથી ગાદી પડાવી લેવી એ જરા અનીતિસૂચક જણાય છે. " મુંજાલ મેતાએ ગંભિર મુદ્રા કરી ન્યાયનો પાઠ પઢાવ્યો.

" અનીતિ ! તમે અનીતિ કોને કહો છો ? એ ખંધો આપણા અમલદારોને ત્રાસ આપી રહ્યો છે. તેને પદભ્રષ્ટ કરવામાં અનીતિ શી ? "

" પણ તે પહેલાં આપણે એવો એક માણસ શોધવો જોઇએ કે જે બળથી અને કળથી રા'નવઘણને દબાવી શકે— પોતાના ધાકમાં તેને ફફડાવી શકે." મુંજાલ મેતાએ જણાવ્યું.

"હા ! તે પણ ઠીક છે. ચાલો તેનો વિચાર કરીયે. બોલો કોણ ત્યાં જવા માટે લાયક છે ? " રાજાએ સંમતિ આપી.

" મહારાજ ! હું એજ વિચારમાં છું કે હવે સોરઠ ઉપર કોને મોકલવો ? દંડનાયકની પદવી કોને આપવી ? તે એવો હોવો જોઇએ કે જેના નામ માત્રથી રા' નવઘણ ત્રાસ પામે ! " મુંજાલ મેતાએ કહ્યું.

મુંજાલ મેતાએ ચારે તરફ સભામાં નજર કરી, સર્વે સરદારોનાં મન ડામાડોળ હતા. દંડનાયકની પદવી, તેની ઇજ્જત, મહત્તા, ગૌરવ, સત્તા એ બધાં સારાં હતાં; છતાં રા'નું સાલ એવું તો જબરજસ્ત હતું કે તે જંપીને બેસવા દે તેમ નહોતું. તેની ઉપર સત્તા ચલાવવા જતાં પણ ત્યાં ગયા પછી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનીજ સત્તા નીચે રહેવું પડતું, આથી સરદારો આવી મહાન્ પદવીની જોખમદારીનો વિચાર કરવા માંડયા.

" ત્યાં તો દેવપ્રસાદનું કામ ! તે ત્રીજે દિવસે રા' નવઘણુને ત્રાહ્ય પોકરાવે, તોબાહ–તોબાહ પડાવે તેવો છે. " કર્ણદેવે ગુજરાતના પ્રાણસ્વરૂપ મહામંડલેશ્વર દેવપ્રસાદનું નામ આગળ ધર્યું.

" દેવપ્રસાદ મંડલેશ્વરની તો ત્યાં કરતાં અહીંયા આપણને જરૂર વધારે પડે. રાજ્યમાં કયાંય તોફાન કે બળવો જાગે ત્યારે વળી પાછા તેમને કયાં તેડવા મોકલીયે ? માટે કેટલુંક ગુજરાતનું ઝવેરાત તો ગુજરાતમાં જ રાખવું જોઇશે. " મુંજાલ મેતાએ દીર્ઘદ્રષ્ટીથી સૂચવ્યું.

" તો બીજા કોઈને મોકલીએ, આ દેશળદેવને મોકલીયે તો કેમ ? " રાજાએ બીજી દરખાસ્ત મુકી.

" હા ! તે ઠીક છે. " મુંજાલ મેતાએ પ્રશ્નનો જવાબ આપીને દેશળદેવ તરફ જોયું. " કેમ મંડલેશ્વર ! સોરઠના દંડનાયક તરીકે તમે જશોને ? " મુજાલ મેતાની દેશળદેવને મોકલવાની બિલ્કુલ ઈચ્છા નહોતી છતાં તે માટે દેશળદેવનો શું અભિપ્રાય છે તે જાણવા પૂછયું.

" ઘણીજ ખુશીથી ? મહારાજની આજ્ઞા હોય તો હું જવાને તૈયાર છું ? " જવાબ આપતા દેશળનું હૃદય હર્ષથી નૃત્ય કરતું મંત્રીએ જોયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીએ દીર્ઘદૃષ્ટિથી જોયું કે દેશળદેવ મંડલેશ્વરને સોરઠના દંડનાયકની પદવી આપવામાં સત્તર ટકાનું જોખમ હતું. લાંબા પરિચયની રીતભાતમાં મેતાને કાંઈ દેશળદેવ પર વિશ્વાસ નહોતો, તે માણસ આ તરફ કર્ણદેવનો પિત્રાઈ થતો હતો, ત્યારે તેની મા રા' નવઘણની પુત્રી થતી હતી. જેથી તે માણસ અમાત્યને વિશ્વસનીય લાગ્યો નહીં. કદાચ રા' નવઘણ સાથે મળી જઇને કાંઇ આફત જગાવે તો નાહક દેશમાં અશાંતિ ફેલાય તેથી " મંડલેશ્વર ! તમારે તો મહારાજને પડખેજ રહેવું જોઈએ. મહારાજના તમે નિકટના સગા ને આત્મીય જેવા હોઇને તમને સોરઠ જેવા ઉજ્જડ પ્રદેશમાં મોકલવા તે ગુજરાતને પોસાય તેમ નથી. " મહા અમાત્યનો ઉત્તર સાંભળીને મંડલેશ્વર મનમાં કોચવાણો, છતો કાંઇક નાઉમેદ થયો.

" ત્યારે મદનપાળને મોકલીએ તો કેમ ? " લૂલા મંત્રીએ વચમાં ઉદયમતીના ભાઈ અને મહારાજના મામાનું નામ સૂચવ્યું.

મદનપાળ કાંઇક સ્વચ્છંદી અને જુલમી હતો, પોતાનો સ્વાર્થ સાધવામાં બીજાનું કેટલું નુકશાન થાય છે તેની તેને પરવા નહોતી. ખુદ કર્ણદેવની હાજરીમાં તે કોઇ કોઇ દિવસ પાટણમાં રહેતો ત્યારે પોતાના સ્વચ્છંદી વર્ત્તનથી ખાનગી રીતે ઘણું અકાર્ય કરતો હતો. પણ મહારાજનો મામો થતો હોવાથી પ્રજાને સહન કરવું પડતું અને એવી અફવાઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રીશ્વરને કાને પહોંચી હતી તેથી વિચાર્યું કે આ સોરઠમાં જઇને કાંઈ ઉકાળે તેમ નથી. છેવટે નજર ફેરવતાં મુંજાલ મેતાની આંખ સર્જન મંત્રી ઉપર ઠરી. તેની બુદ્ધિને-તેની દીર્ઘદૃષ્ટિને સોરઠનો દંડનાયક થવાને સજ્જન-સુજન મંત્રી યોગ્ય જણાયો. તે મહારાજનો ખાસ મિત્ર ને જમણો હાથ હતો. સામંતનો સામંત, ને સરદારનો સરદાર હતો. વિચારવંત હતો, તેમજ રણસંગ્રામમાં-બાહુયુદ્ધમાં ઘણા મલ્લોને પટકી પટકીને તેણે નામના મેળવી હતી. પણ મહારાજનો ખાસ સ્નેહી હોવાથી મહારાજ તેને રજા આપશે કે નહી, તે વાત મેતાને વિચારવા જેવી હતી, તરતજ મુંજાલ મહેતાએ કહ્યું. " મહારાજ ? તેને માટે ફક્ત એકજ જણ યોગ્ય છે. "

" કોણ ? "

" તે આપના મિત્ર વીર સુભટ સજ્જન મંત્રી ! સોરઠના દંડનાયક માટે એજ ઠીક છે. બુદ્ધિથી અને બળથી ' રા ' ને ઠેકાણે લાવે તેવા એજ એક વીર છે. " મહાઅમાત્યે કહ્યું.

" પણ મિત્રનો વિયોગ-તો એથી પણ અધિક છે. "

" તેનાથી પણ એક ચીજ અધિક છે, મહારાજ ! "

" અને તે કઇ ? "

" રાજ્યનું રક્ષણ ! રાજ્યધર્મ ! " મહાઅમાત્યે કહ્યું.

" તે તમારૂં કહેવું વ્યાજબી છે. રાજ્યના રક્ષણ માટે રાજાએ દરેક ભોગો આપવા જોઇએ. પણ...."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાને બોલતો અટકાવીને મહાઅમાત્યે કહ્યું. "માટેજ આપ સર્જ્જન મેતાને દંડનાયકની પદવી આપીને સોરઠ મોકલો." મુંજાલને મન સર્જ્જનમંત્રીને સોરઠના દંડનાયકની પદવી આપવામાં બે લાભ હતા. એક તો તે રા'ને સકંજામાં સપડાવશે. અને બીજું ગિરનાર તીર્થનું રક્ષણ થશે–ઉદ્ધાર થશે.

મહારાજે તરતજ સજ્જન મંત્રીને હીરા માણેકથી જડેલી સોનાની તલવાર ભેટ આપી દંડનાયકનો પોશાક એનાયત કરી દંડનાયકની પદવી આપી. સજ્જન મેતાએ તે ઘણા હર્ષપૂર્વક સ્વીકારી અને થોડા દિવસમાં તે પોતાના લશ્કર સાથે મહારાજની આજ્ઞાથી સોરઠ તરફ રવાના થયા.

# પ્રકરણ ૨ જું.

## રા' સાથે કારભારીની મસલત

"બાપુ! ગુજરાતના રાજ્યનો કોઇપણ સુબો ભલેને આપણા રાજ્યમાં રહે. એની વચમાં આપ જશો નહીં, પછી તેને આપણી વચમાં પડવાનું–કલહ જગાડવાનું કાંઈ કારણ નથી?" જુના ઉપરકોટના કીલ્લામાંના એક આલિશાન મકાનમાં રા'નવઘણ ઉંચા કાશ્મીરી કીનખાબથી આચ્છાદિત થયેલી ગાદી ઉપર કાંઇક વિચારમાં પડેલો છે, તેની આગળ તેનો કારભારી સોમચંદ્ર બેઠેલો છે. તેણે આસ્તેથી પોતાના રાજા આગળ વાત શરૂ કરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" રે, મારી ઉપર એ પરરાજ્યનો માણસ દેખરેખ રાખતો રહે તે હું કેમ સહન કરી શકું ? હા, પણ ભલે આવે ! એના માણસો મારા ત્રાસથી આખરે કંટાળી જઇને અહીં આવતા જ અટકી જશે. " રા'નવઘણે હૈયાનો ઉભરો કાંઈક ઠાલવવા માંડયો.

" ખરેખર વાત ખરી છે. પણ જુઓ, આ મહારાજ કર્ણદેવનો હુકમ આવ્યો છે કે ઉપરકોટનો કીલ્લો ખાલી કરી એકદમ આપણે વામનસ્થળી રહેવા જવું. "

" તે હુકમને હું ઠોકરે મારૂં છું. આવી પરાધિનતાએ જીવવું તેના કરતાં તો યુદ્ધમાં કેશરીયાં કરવા શું ખોટાં ? " રા'એ જણાવ્યું.

" મહારાજ ! સ્હેજ તો વિચાર કરો. આપણા વડીલો તથા તમે બધા ગુજરાત સાથે કેશરીયા કરતા આવ્યા છો, પણ કહો, કેટલા ફાવ્યા છો ? "

" ગમે તેમ પણ ઉપરકોટનો કીલ્લો તો હું કદી છોડવાનો નથી. એનો હુકમ હું બીલકુલ માનવાનો નથી. "

" હાલમાં તો આપણે તે ખાલી કરવોજ પડશે. હમણાં થોડા દિવસ વણુથલી રહેવા ચાલો, પછી વળી કાંઇક રસ્તો કાઢીશું. વારૂ ! આપણે ત્યાં આજે નવો દંડનાયક આવે છે તેનો આપને પરિચય છે ? "

" પરિચય બીજો શો ? એક વાણીયો છે. એને તો ત્રીજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિવસે માથાથી કંટાળીને નાસવું પડશે. " રા'નવઘણે આવનાર દંડનાયક નિર્માલ્ય હોય તેમ અગમચેતી દાખવી.

"એ તો કેમ માલુમ પડે ! પુત્ર અને સ્ત્રી તેનાં તો નિવડેજ વખાણ ! જે કામ આપણને સુગમ જણાતું હોય તે ઘણી વાર બહુજ વિકટ થઈ જાય છે. સજ્જનમંત્રી થોડાજ દિવસમાં હવે અહીં આવનાર છે. તો તેને અને આપને વામનસ્થલીમાં રહેવું એવો ગુર્જરેશ્વરનો હુકમ છે. માટે વિચારીને પગલા ભરવા ઊચ્ચત છે. જો જો ઉતાવળ કરી આ પાછળ રહેલા ચાર પુત્રોને રખડાવતા !" સોમચંદ્ર કારભારીએ ચેતવણી આપી.

" તમે વાણીયા ભાઇ બહુ નબળા ! તમારા સમાગમથી તમે ઉલટા બળવાનને પણ નબળા બનાવી દ્યો !"

" આપ ગમે તેમ કહો. ગુર્જરેશ્વર ખુદ પણ મારા જેવા વાણીયા—જૈન લોકોનાજ મંત્રીઓની વચમાં છે; છતાં તાબાના દેશો ઉપર તેનો કેટલો પ્રતાપ છે ! હંમેશાં બળ, બુદ્ધિ, સામ્રાંજય અને વૈભવ ઉપરજ ઐશ્વર્ય ટકેલું છે. એવી નીતિ છે કે બરોબરીયો કે પોતાનાથી ન્યુન હોય તો સમય આવે તેને દબાવવો—પોતાને વશ કરવો. પણ જો પોતાનાથી અધિક હોય તો ત્યાં સાહસ ન કરતાં, અનુકુળ સમયની રાહ જોવી. પોતાનાથી બળવાન શત્રુની સામે થવું હોય તો ઉતાવળે આંબા પાકે નહિ, તેનો સમય બદલાય અને આપણું બળ તેનાથી અધિક થાય ત્યાં સુધી થોભી તરતજ પછી જંપલાવવું. બાકી તો સૌરાષ્ટ્રના સર્વે નાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટા રાજાઓ તમારી આજ્ઞામાં શું નથી? તેઓને જો હમણાં દબાવવા હોય તો બેધડક સહેજમાં આપણે તેમનો ગર્વ ઉતારી શકીયે. સમજયાને બાપુ ? ” સોમચંદ્રે કાંઈક રાજયનીતિનો ખ્યાલ આપી લાંબી દૃષ્ટિનો વિચાર કહી સંભળાવ્યો.

બાદ કેટલીક ખાનગી મસલત કરી કારભારીએ રા'ની મતિ ઠેકાણે આણી તે પોતાના મુકામે ચાલ્યો ગયો.

સોરઠની જુનાગઢની ગાદી સ્થાપનાર જાદવ ચંદ્રચુડ નામે રાજા થયો, તેનો પુત્ર હમીરસનો પુત્ર મૂળરાજ ઈ. સ. ૯૦૭ માં જુનાની ગાદીએ આવ્યો. તેની પછી વિશ્વવરાહ ગાદીએ આવ્યો, તે પછી ગ્રહરીપુ ઈ. સ. ૯૪૦ માં ગાદીએ બેઠો. તેણે ઘણો કાળ ગાદી ભોગવી. તે પછી ગુર્જરેશ્વર મૂળરાજ સોલંકીને હાથે તે મરાયો, ને તેનો પુત્ર રા'કવાટ ગાદીએ આવ્યો. ઇ. સ. ૯૮૨ થી ૧૦૦૩ સુધી સોરઠનું સામ્રાજય તેણે ભોગવ્યું, તે પછી તેનો પુત્ર રા'ધ્યાસ અથવા મહીપાલ રાજા થયો. તેણે ઇ. સ. ૧૦૦૩ થી ૧૦૧૦ સુધી રાજય કર્યું. તેણે ગુર્જરેશ્વરની રાણીઓ ઉપર જુલમ કરવાથી ગુર્જરેશ્વર દુર્લભરાજે તેના ઉપર ચડાઇ કરીને ઉપરકોટના કીલ્લામાં તેને મારી નાંખ્યો, તે પછી તેનો પુત્ર રા'નવઘણ થયો. તેણે ઇ. સ. ૧૦૨૦ થી ૧૦૪૪ સુધી રાજય કર્યું. તેનો પુત્ર રા'ખેંગાર થયો. તેણે ઇ. સ. ૧૦૪૪ થી ૧૦૬૭ સુધી રાજય કર્યું, તે પછી ઈ. સ. ૧૦૬૭ માં રા'નવઘણ સોરઠના તખ્ત ઉપર બેઠો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે ગુર્જરેશ્વર કર્ણદેવથી સ્વતંત્ર થવાને બહુ બહુ મહેનત કરી પણ આખરે કર્ણદેવના બળ આગળ તેને નમતું આપવું પડયું. રાજા કર્ણદેવ જે જે પોતાના અધિકારીઓને મોકલતો તેને રા' જંપવાજ દેતો નહી, આખરે આપણે જોયું તેમ સજ્જન મંત્રી સોરઠનો દંડનાયક થઈને આવ્યો. પણ સ્વતંત્રતાના મહત્વાકાંક્ષી રા'ને આ સત્તા રૂચી નહિ. તેને માટે તે જીવ ઉપર આવી ગયો હતો. સમસ્ત સૌરાષ્ટ્ર ઉપર હકુમત ચલાવનાર ઉપર ગુર્જરેશ્વરનો અધિકારી હકુમત ચલાવે તે તેને મન જીવતાં મુવા સરખું લાગતું હતું. પણ કારભારીની ચતુરાઈથી તાજ જેમ તેમ નભ્યે જતું હતું.

## પ્રકરણ ૩ જું.

### હકુમત મંજૂર.

રા'નવઘણ ઉપરકોટમાંના પોતાના કીલ્લાના મકાનમાંના એક ભાગમાં આમતેમ ટેલી રહ્યા છે. તેવામાં એક સીપાઈએ આવીને નમસ્કાર કરતાં અરજ કરી કે "બાપુ ! દંડનાયકનો છડીદાર–પ્રતિહારી એક લખોટો લઈને બહાર ઉભો છે. તે આપને મળવા માગે છે."

"જા ! જઈને કહે કે કારભારી પાસે જાઓ !"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ તે તો આપનેજ મળવાની જીદ લઇને બેઠો છે. તે કહે છે કે સુબા સાહેબનો પેગામ ખુદ આપશ્રીનેજ પહોંચાડવાનો છે. ”

“ પેગામ–અને તે મને ? ઠીક જા અંદર મોકલ !” રા’ની આંખ ચમકી, અને અંતરમાં કંઇકંઇ જનુની આંદોલનો પ્રસરી રહ્યાં.

તરતજ દંડનાયકનો દૂત આવી નમન કરીને અદબ વાળી નિર્ભયપણે ઉભો રહ્યો, તેની સામે જોઇને રા’એ પૂછયું “ કેમ આવ્યો છે ? ”

“ જી ! સુબા સાહેબનું ફરમાન આપને પહોંચાડવા. ” એમ કહીને દૂતે એક લખોટો–પરબીડીયું દંડનાયકની મહોર છાપવાળું રા’ની સામે ધર્યું. તેની સાથેજ રા’ નું કઠીણ હ્રદય ફફડ્યું.

“ લાવ ? ” રા’ એ લખોટો લઇ તેમાંથી કાગળ કાઢીને વાંચી જોયો.

“ જા, દંડનાયકને કહેજે કે મારો કારભારી તમને મળી જશે. તમારે જે વાતચિત કરવી હોય તે તેની સાથે કરજો. ” રા’ એ દૂતને જણાવ્યું.

“ પણ દંડનાયક તો આપનેજ તાકીદે બોલાવે છે. ત્યાં કારભારીનું કામ નથી. ” દૂતનો દમ સાંભળીને રા’ની આંખો ઘુરકી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રા' ને ખબર હતી કે સજ્જન મંત્રી મોટું લશ્કર લઈને સોરઠ ઉપર આવેલો હતો. રા' ને ઉપરકોટમાં રાખીને જુનાગઢનાં દરેક નાકાં પોતે રોકી દીધાં હતાં, ઉપરકોટના રા'ના મહાલયની સામેનાજ આલિશાન મકાનમાં દંડનાયકે ઉતારો કર્યો હતો. તેના યોદ્ધાઓ–સુભટો મકાન આસપાસ પહેરો ભરી રહ્યા છે. વધારાનું લશ્કર કીલ્લા બહાર છાવણી નાંખીને પડ્યું હતું. તેનું ખરચ રા'ને માથે ચડયે જતું હતું. ગુજરાતનું મોટું લશ્કર જોઈને રા'નું કઠોર હૃદય ધડકયું. આ વખતે તેણે જોયું કે પોતે ન જવામાં મોટું જોખમ ભરેલું છે.

" જા ! દંડનાયકને જઇને કહે કે વખત મળશે ત્યારે મળવા આવશે. "

" નહી ! હમણાંજ આપને આવવું પડશે. દંડનાયક આપની રાહ જોઇને બેઠા છે. " દૂતે નિશ્ચળ અવાજે કહ્યું.

રા'નું અભિમાની મગજ એક દૂત જેવા હલકા માણસના શબ્દો સાંભળી ખળભળી ઉઠ્યું " રે ! બહાર કોણ છે ? "

જવાબમાં બે ત્રણ સોરઠી સીપાઇઓ નમન કરીને હાથ જોડી ઉભા રહ્યા; તરતજ રા'એ હુકમ કર્યો. " આ માણસને બહાર કાઢો ! "

હુકમ મળતાં સીપાઈઓ તેને પકડવાને આગળ આવ્યા ત્યાં " ખબરદાર " પોતાની તલવાર ખેંચીને દૂતે કહ્યું. " હું પોતેજ બહાર જાઉં છું. " એમ કહી તે બહાર નીકળ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બહાર નીકળી તેણે દંડનાયકને સર્વ વાત સમજાવી દીધી. તરતજ સેનાપતિને ખબર આપી લશ્કર તૈયાર રખાવ્યું. સોરઠી લશ્કર ઉપર કાબુ રાખ્યો, દરવાજે દરવાજે સોરઠીપહેરા ઉપર પોતાના પહેરા રાખ્યા. ઉપરકોટમાં લશ્કર ફરતું કર્યું. પચ્ચીસ રજપુત યોદ્ધાઓને લઈને એક ચાલાક રાજપુત સુભટને રા'નવઘણને પોતાની હજુરમાં હાજર કરવાને મોકલ્યો. મદદને માટે બીજું લશ્કર તૈયાર રાખ્યું. ખુલ્લી સમશેરથી અને પચ્ચીશ યોદ્ધાઓને આવતાં જોઈને સોરઠીયાની આંખ ચમકી, દરવાનોએ પણ નિમકહલાલી બતાવવા સમશેર ખેંચી, એક સીપાઇ અંદર ખબર કરવાને દોડયો અને પચ્ચીશ યોદ્ધાઓની ટુકડીના સરદાર જુવાનસિંહ રાઠોડે દરવાનોને દરવાજાથી દૂર ખસી જવા કહ્યું. દરવાનોએ ના કહેવાથી તરતજ સામસામે તલવારો અથડાણી. ત્યાં તો રા'નવઘણ આવી પહોંચ્યો "ખબરદાર!"

તરતજ સામ સામે ઉંચકાયેલી તલવારો પાછી મ્યાન થઇ. "કોણ છે અને તું કયાંથી આવ્યો છે!" રા'નવઘણે સત્તાદર્શક અવાજે જુવાનસિંહને પુછયું.

"આપને દંડનાયક બોલાવે છે. તેથી આપ અમારી સાથે ચાલો સરદારે તેટલીજ નિશ્ચલતાથી જવાબ આપ્યો.

એજ કે બીજું કાંઈ? ચાલો હું તૈયાર છું." રા'નવઘણ સમય વર્ત્તી ગયો. તે સમજતો હતો કે પચ્ચીશને કદાચ મારીશ તો પાંચશો બીજા તૈયારજ હતા. પરિણામે બાના-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખરાબી હતી. દંડનાયકે જુનાની દરેક ચોકીયો દબાવી હતી. અને લશ્કરની આડે લશ્કર રાખ્યું હતું. તરતજ રા'નવઘણ આગળ થયો. તેની સાથે તેના દશબાર સીપાઇયો પણ ચાલ્યા.

દંડનાયકના મકાનમાં સર્વે આવી પહોંચ્યા. ત્યાં ખુલ્લી સમશેરે ઉભેલા યોદ્ધાઓની પંક્તિએ સમશેર નમાવી રા'ને માન આપ્યું. તરતજ દંડનાયક જયાં બેઠા હતા ત્યાં સર્વે આવી પહોંચ્યા. રા'ને જોઇ દંડનાયકના સરદારોએ માનપૂર્વક દંડનાયકની જોડમાં આસન આપ્યું. રા' ઉંચે શ્વાસે બેઠો બેઠો દંડનાયકનો દોરદમામ, તેનું મજબુત શરીર, ભવ્ય લલાટ, ને ગૌરવતાભર્યું વદન જોઇ અંજાણો.

"કેમ મહારાજ ! આપનો શું વિચાર છે ? આપે મહારાજના હુકમને માન્ય કરવો છે કે તેમની સામે દ્રોહ કરવો છે ?" મંત્રીએ પૂછયું.

"મહારાજના હુકમનું અપમાન કરવાનું શું કારણ છે ? કહો, મહારાજનું શું ફરમાન છે." રા'એ હૃદયમાં કચવાટ હોવા છતાં લોહીનો ઘુંટડો ગળી જઇને જવાબ આપ્યો.

"તો જુઓ ! તમારા એક મોટા પુત્ર રાયઘનજીને મહારાજની હજુર પાટણ મોકલી આપો અને તમારે જયાં જવું હોય, ત્યાં અમારી પરવાનગી મેળવીનેજ જવું. અમારી વિરૂદ્ધ કાંઇ પણ ચળવળ કરશો તો તરતજ તમારી ગાદીનો હક્ક રદ કરીને કુંવર રાયઘનજીને તખ્તનશીન કરવાનો મહારાજના હુકમનો અમલ કરવામાં આવશે." દંડનાયકના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક પછી એક શબ્દો સાંભળીને રા'નવઘણ હમણાં તો ઠંડો ગાર થઈ ગયો.

"મહારાજનો હુકમ અમારે શીરને સાટે છે, પણ મહારાજે કાંઈક મોટાઈ બતાવવી જોઇએ." કારભારી સોમચંદ્રે કહ્યું.

"તે તો રા'ની રીતભાત ઉપર આધાર રાખે છે. મહારાજને જાણ થશે કે હવે રા' આપણને સંપૂર્ણ વફાદાર છે, તો પછી તરતજ સુધારો કરવામાં આવશે. ત્યાં સુધી ગુર્જર લશ્કરીઓનો તમામ ખર્ચ સોરઠની તીજોરીમાંથી પગાર કરવામાં આવશે." દંડનાયકનું વચન સાંભળીને રા'ના હૃદયમાં મોટો ધ્રાસકો પડયો.

"આવતી કાલેજ તમારા મોટા કુમારને રસાલા સાથે પાટણ–મહારાજની સેવામાં રવાને કરી દ્યો!" ફરીથી દંડનાયકે કહ્યું.

બાદ લશ્કરી ખર્ચ આદિ ઉપર સારી રીતે વિવેચન ચાલ્યું; પણ તેમાં દંડનાયકની પ્રતિભા આગળ રા' તો ઝાંખો થઈ ગયો, આખરે રા'એ જાણ્યું કે હવે અહીંથી છટકવું મુશ્કેલ હતું. તેથી હમણાં તો "હા" પાડવામાં જ સાર છે. વખત આવે ફરતાં કયાં વાર છે ?" તરતજ રા' એ કહ્યું. "તમારી સર્વે શરતો અમારે માન્ય છે."

પછી દંડનાયકે શરતોનો એક ખરડો રજુ કર્યો અને રા' ને તેમાં પોતાની સહી અને રાજમુદ્રા લગાવવા કહ્યું. તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુજબ મુંગે મુંગે રા' એ સહી કરી આપી, અને બીજે દીવસે કુંવર રાયધનજીને પોતાના રસાલા સાથે પાટણ રવાને કર્યા.

# પ્રકરણ ૪ થું.

## નેમનાથનાં દર્શન.

પૂર્વોક્ત ઘટના બન્યા પછી દંડનાયકને ખબર પડી કે રા' કાંઈક સીધો થયો છે. અને સોરઠનો કારોબાર શાંતિપૂર્વક ચાલે છે. ત્યારે તેને કાંઈક શાંતિ થઈ. એક દિવસ દંડનાયકને હવે ગિરનાર પર્વત ઉપર નેમિનાથની યાત્રા કરવાનો વિચાર થતાં બીજે દિવસે સવારના પાલખીમાં બેસીને પર્વતની તળેટીમાં આવી પગપાળા ઉપર ચડવા લાગ્યા. દંડનાયકની યાત્રાની ખબર પડતાં જુનાગઢના ઘણા શ્રીમંત ધનાઢ્યો તેમની સાથે થયા. રા' નવઘણ, કારભારી અને દંડનાયકના સરદારો તથા યોદ્ધાઓ સાથેજ હતા. અરસપરસ વાતો કરતા કરતાં લગભગ ચાર ગાઉ ઉલંઘ્યા પછી તરતજ નેમિનાથનો ગઢ દેખાયો. ડુંગરના ઈતિહાસથી માહિતગાર વૃદ્ધોએ કેટલીક નવાજુની હકીકતથી દંડનાયકને વાકેફગાર કરવા માંડ્યા, પ્રધાન સોમચંદ્રે રાં'ને અને દંડનાયકને ભગવંતના ગભારામાં તથા ભોંમરામાં લઈ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જઈ પ્રભુનાં દર્શન કરાવ્યાં. સર્વ દેરાસરોમાં દર્શન કર્યાં બાદ સ્નાન કરીને પૂજા કરવા જતાં પ્રથમ મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુને પૂજ્યા. પૂજતી વખતે "હૃદયમાં કુદરતી વિચાર પેદા થયો કે આવી અદ્‌ભૂત પ્રભાવવંત પ્રતિમા કયા ભાગ્યવંતે સ્થાપી હશે ?" તેથી તરતજ જીજ્ઞાસાવૃત્તિથી દંડનાયકે તે સંબંધી હકીકત જાણવાને સોમચંદ્ર કારભારીને પૂછ્યું.

"શેઠજી ? આ પ્રતિમા અહીંયાં કોણે ને ક્યારે પધરાવી હશે ?"

"જી ? આ પ્રતિમા સૌરાષ્ટ્રમાં આવેલા કાંપિલ્યનગરના શેઠ રત્નશેઠે પધરાવેલી છે. ત્યારથી આ પ્રતિમાનું પૂજન થતું આવે છે." સોમચંદ્રે ખુલાસો કર્યો.

"તો શું મહાવીરસ્વામી પછી આ પ્રતિષ્ઠા થઇ હશે વારૂ ?"

"ના જી ! બાવીશમા તીર્થંકર નેમનાથ સ્વામીનાં મોક્ષગમન પછી બે હજાર વર્ષ વહી ગયાં બાદ રત્ન નામનો શાહુકાર સંઘ લઈને આવેલો, તેમના માણસોએ વિચિત્ર વર્ણવાળી વિમલ રાજાએ પ્રતિષ્ઠિત કરેલી લેપ્યમય નેમિનાથની પ્રતિમાને જલ કલશોથી સ્નાત્ર કરવા ઇચ્છયું. જેથી તત્કાળ તે ગળી જઈ માટીના પિંડ રૂપ થઇ ગઇ ! આમ તીર્થનો ભંગ થવાથી રત્નશ્રેષ્ઠિને બહુ દુઃખ થયું, તેથી મહા સાહસિક એવો તે તરતજ આહાર પાણીનો ત્યાગ કરીને શાસનદેવીને આરાધવાને ધ્યાન ધરતો બેઠો. એક માસને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંતે અંબિકાદેવીએ પ્રસન્ન થઈને દર્શન આપ્યાં અને કાંચનગિરિ ઉપરના પ્રાસાદમાં રહેલી રત્ન અને માણિક્યની બનેલી વજ્રમય એવી નેમિનાથની મૂર્તિ અંબિકાએ રત્નશેરને આપી અને માયાથી તેને પાષણમયી બનાવી મણિ માણિક્યનું તેજ બાર જોજન પર્યંત પ્રસરતું તે હરી લીધું. જેથી ભાવિકાલમાં થનારા મલેચ્છ સરખા રાજાઓથી કાંઇ ભય પ્રાપ્ત થાય નહી." કારભારી સોમચંદ્રે ટુંક હકીકત નિવેદન કરી.

"અહો ? ત્યારથી આ પ્રતિમાનું પુજન ચાલ્યું આવે છે ?" રા' નવઘણે વચમાં પૂછ્યું.

"જી ? રત્નશેઠે તે પ્રતિમાને ત્યાંથી કાંચનગિરિના પ્રાસાદમાંથી દેવશક્તિથી–અંબિકાની સહાયથી અહીંઆ લાવીને પધરાવી. તે એક લાખ ત્રણ હજાર બસોને પચ્ચાસ વર્ષ પર્યંત અહીંયાં પૂજાઇ અદૃશ્ય થઇ જશે."

"કારણ ?" રા'એ પૂછ્યું.

"કાળના પ્રભાવે કરીને એકાંત દુષમકાળમાં જીવો અલ્પ આયુષ્યવાળા, અધિક કષાયવાળા અને અલ્પ સત્વવાળા હોવાથી તેઓ ધર્મકર્મથી રહીત થશે, વ્યવહારથી પણ અજ્ઞ રહેશે. તેથી."

"ત્યારે આ પ્રતિમા કયાં જશે ?"

"સમુદ્રમાં દેવતાઓથી પૂજાશે અને પછી બીજા દેવતાઓ તેનું પૂજન કરશે." સોમચંદ્રે કહ્યું.

"શેઠજી ? આ પ્રતિમા કાંચનગિરિના પ્રાસાદમાં ક્યાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવેલી ? કોણે ભરાવેલી ? તે સંબંધી તમને કાંઇ ખબર છે કે ? " દંડનાયકે પૂછયું.

" જી ? તે પ્રતિમા એમ જોતાં તો ઘણી પ્રાચિન છે. ગઇ ઉત્સર્પિણીમાં ભરાવેલી સંખેશ્વર પાર્શ્વનાથના જેટલી લગભગ જુની છે. "

" સંખેશ્વર પાર્શ્વનાથ " એ વળી કયા ? " દંડનાયકે પૂછયું.

" વઢીયાર પ્રદેશમાં જુનાકાળમાં પંચાસર નગર જયાં હતું, તે નજીકમાં હાલ જયાં સંખેશ્વર ગામ છે. ત્યાં આગળ પૂર્વે નેમનાથના બંધુ નવમા વાસુદેવ શ્રી કૃષ્ણજીએ ધરણેંદ્રનું આરાધન કરીને તે પ્રતિમા મેળવી. તેના સ્નાત્રજલથી પ્રતિવાસુદેવે મુકેલી 'જરા' દૂર કરીને ત્યાં શંખપુર નગર વસાવી સંખેશ્વર પાર્શ્વનાથ નામ પ્રગટ કર્યું. તે પ્રતિમા મોટો પ્રાસાદ બંધાવી ત્યાં સ્થાપન કરી. તે પ્રતિમા પણ ગઇ ચોવીશીમાં થયેલા નવમા તીર્થંકરના વારાની છે જયારે આ નેમિનાથના પ્રતિમા ગઈ ચોવીશીમાં થયેલા ત્રીજા સાગર નામે તીર્થંકરના સમયની છે. "

" અહો ! ગઇ ચોવીશીના આ પ્રતિમા કેટલા બધા પ્રભાવવંત હશે ? કયા ભાગ્યવંતે એ ભરાવી હશે. ? " દંડનાયકે પૂછયું.

" બ્રહ્મેંદ્રે–પાંચમા દેવલોકના સ્વામીએ ભરાવી છે. " કારભારીએ કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"વારૂ! તેણે ભરાવી હશે તેમાં તેનો કાંઇ હેતુ હશે?" નવઘણે વચમાં કહ્યું.

"જી? સાગર તીર્થંકરને બ્રહ્મેંદ્રે પૂછયું કે— ભગવન્! હું મુક્તિમાં કયારે જઇશ?" ત્યારે તીર્થંકર ભગવાને કહ્યું કે "હવે પછીની આવતી અવસર્પિણીના કાલમાં બાવીશમા તીર્થંકર નેમનાથ થશે, તેમનો વરદત્ત નામે ગણધર થઇને તું મુકિતએ જશે." તેથી ઇંદ્ર પોતાના ઉપકારી એવા ભાવિ તીર્થંકર નેમિનાથની પ્રતિમા, શ્રેષ્ઠ એવા રત્નોથી શ્યામવર્ણીય બનાવીને પોતાના વિમાનમાં સ્થાપન કરીને ભકિતથી તેનું પૂજન કરવા લાગ્યા. તે તે પછીના કેટલાય બ્રહ્મેંદ્રોવડે ત્યાંને ત્યાં પૂજાઈ. છેવટે નેમિનાથના સમયમાં તે સમયના બ્રહ્મેંદ્રે નેમિનાથના કહેવાથી તે પ્રતિમા કૃષ્ણ વાસુદેવને આપી. જ્યાં સુધી વાસુદેવની દ્વારિકા રહી ત્યાં સુધી એ પ્રતિમા ત્યાં પૂજાણી, તે પછી કાંચનગિરિમાં દેવતાઓથી પૂજાઇ. તેજ પ્રતિમાને અંબિકા દેવીએ પાષાણમય બનાવીને રત્નશેઠને આપી, જે હાલ પૂજાય છે. સોમચંદ્ર કારભારીએ ટુંક હકીકત કહી સંભળાવી

"વાહ! ધન્ય છે એ મહા સાત્વીક શીરોમણિ રત્ન શેઠને! કે જેણે આવા તીર્થનો ઉદ્ધાર કર્યો. તીર્થને લાયક પ્રતિમા પણ પ્રાપ્ત કરી." દંડનાયકે એ મહાસાત્વીક રત્ન શેઠના કૃત્યની પ્રશંસા કરી.

આમ વાતચીતો કરીને સર્વે જણા પૂજાથી પરવારીને નીચે ઉતરવા લાગ્યા, દંડનાયકને આ તીર્થ ઉપર ભક્તિરાગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન થયો, અને તેવુંજ પ્રાચીન તીર્થ સંખેશ્વર પાર્શ્વનાથનું હોવાથી એક વખત તેનાં દર્શન કરવાનો હૃદયમાં દૃઢ સંકલ્પ કર્યો.

આ વિચારોમાંજ તેઓ નીચે ઉતરી ગયા. થોડા દિવસ પછી રા' નવઘણ અને દંડનાયક સર્વે વામનસ્થલી ઉપડી ગયા અને નિરાંતે ત્યાં રહીને પોતાનો કાળ સુખમાં વ્યતિત કરવા લાગ્યા.

# પ્રકરણ ૫ મું.

## તીર્થોદ્ધાર.

વામનસ્થળીની છાવણીમાં સુતા સુતા દંડનાયકે એક દિવસ પોતાની ધારેલી અને જેના વિષે અદભૂત ચમત્કારની વાતો સાંભળી હતી. તે સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાનાં દર્શન સ્વપ્નમાં કર્યાં. કોઇ દિવ્યશક્તિની પ્રેરણાથી તેનો પુનરૂદ્ધાર કરવાની ઝંખના થવા લાગી. સ્વપ્નસ્થ સ્થીતિમાંથી જાગી જતાં 'પોતે કયાં છે.' વિચારી આજના ધર્મહીન જીવન તરફ અણગમો લાવી તે તીર્થનો ઉદ્ધાર કરવાની તેના દિલમાં તમન્ના લાગી.

થોડાક દિવસો વિત્યા કેડે દંડનાયકને ગુજરાત તરફ આવવાનું થયું, જેથી ત્યાં બંદોબસ્ત કરી પોતાના લશ્કરમાંથી અર્ધું લશ્કર ત્યાં રાખી, અર્ધું પોતાની સાથમાં લીધું. રા' નવઘણને આપવા યોગ્ય કેટલીક શિક્ષાઓ આપી. કારભારી સોમચંદ્રને રા. ને કાબુમાં રાખવાને સમજાવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે પૂર્ણ વ્યવસ્થા કરીને તેઓ વામનસ્થળીથી ગુજરાત તરફ આવવાને નિકળ્યા. અનુક્રમે તેઓ વઢીયાર દેશમાં પંચાસર નગર હતું ત્યાં આવ્યા, ત્યાંથી સંખેશ્વર ગામની નજીકમાં છાવણી નાંખવાનો હુકમ થતાં ત્યાં તંબુ નંખાયા.

દંડનાયક સજ્જન મંત્રી કારભારી અને કેટલાક સરદારો લઇ સંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શને પધાર્યા. ત્યાં મંદિરમાં જઈ ભગવાનની લેપ્યમય પ્રતિમાનાં–સંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કર્યાં. સ્વપ્નમાં જે તીર્થ જે સ્થીતિમાં પોતે જોયેલું હતું, તેવીજ સ્થીતિમાં જોવામાં આવ્યું. ભગવંતના દર્શન કરી ભમતીમાં બીજી પ્રતિમાઓનાં દર્શન કરવા લાગ્યા. સાથે આવેલ બીજા દર્શન કરવાવાળાઓ-માંના એક બે વૃદ્ધોએ આગળ આવીને મંત્રીને સર્વે હકીકતો સમજાવવા માંડી. મંદિર ઘણુંજ જીર્ણ અને ડગુમગુ સ્થીતિમાં થઇ ગયેલું દંડનાયકે અવલોકયું. "મંદિર ઘણુંજ જીર્ણ પ્રાય: થઇ ગયેલું છે. ફરીને તેના ઉદ્ધારની જરૂર છે, કેમ નહી વારૂ ?" દંડનાયકે તે વૃદ્ધોને પૂછયું.

"જી ! ઉદ્ધારની તો ઘણીજ જરૂર છે. પણ અમારી સ્થીતિ એટલી બધી સારી નથી. જેઓ શ્રીમંત અને પૈસા-પાત્ર છે તેમને કાંઈ પરવા નથી, મહારાજ કર્ણદેવને ત્યાં વૃદ્ધાવસ્થામાં રાજકુંવરનો જન્મ થયો, આખી ગુજરાતની પ્રજાને આનંદ થયો, તેમના રાજ્યમાં આપના જેવા મોટા મોટા અધિકારો ભોગવનાર ઘણા જૈન શ્રીમાનો છે. જેઓ માત્ર કર્ણદેવથીજ ઓછી સત્તા ભોગવનારા છે. પણ એવા રાજ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યવસાયમાં પડેલા શ્રીમાનોને–જૈનોને આવાં અણુમોલ તીર્થોનો ઉદ્ધાર કરવાની કયાં જરૂર છે? અરે, તેઓ મહારાજને જરા માત્ર વાત કાને નાંખે, પુત્ર જન્મના પ્રસંગમાં જેમ બીજે સ્થળે અનેક તીર્થોદ્ધારમાં મદદ કરી છે તેમ આ તીર્થના ઉદ્ધાર માટે પણ મદદ મળી શકે! પણ કોને પડી છે?" વૃદ્ધાએ દંડનાયક આગળ હૃદયનો ઉભરો ખાલી કરવા માંડયો.

"એમાં મહારાજને કહેવાની શી જરૂર છે? અમારી પાસે લક્ષ્મી છે. તે મહારાજની જ છે ને? જીર્ણોદ્ધારની સર્વે વ્યવસ્થા હું કરીશ. હાલમાં જઇને મારા માણસોને જ્યોતિષીઓ, શિલ્પીઓ, અને કારીગરોને બોલાવવા રવાને કરું છું. એટલે કામ શરૂ થયા પછીજ હું પાટણ જઇશ." દંડનાયકે કહ્યું.

"આ મંદિરના જીર્ણોદ્ધારવડે આપની લક્ષ્મી સફળ થાઓ! કૃતાર્થ થાઓ!" વૃદ્ધાએ આભાર માન્યો.

ગ્રામ્યજનોનો સત્કાર લઇને દંડનાયક પોતાના માણસોની સાથે દર્શન કરીને પાછા છાવણીમાં આવ્યા. અને તરતજ ઘોડેસ્વારોને નજીકના શહેરમાંથી શિલ્પીઓને–કારીગરોને બોલાવવાને રવાને કરી દીધા. બીજા બેચાર ઘોડેસ્વારોને જોષીઓને બોલાવવાને મોકલ્યા.

થોડા વખતમાં બહારગામથી વિદ્વાન જોષીઓ આવી પહોંચ્યા. તેમને દંડનાયકે મંદિરનો ઉદ્ધાર કરવાને માટે શુભ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિવસ પૂછતાં તેમણે જણાવેલ દિવસથી જીર્ણોદ્ધારનું કામ શરૂ કરવાનું નક્કી થયું. તે પછી થોડા દિવસોમાં પાટણથી કારીગરો આવી પહોંચ્યા. તેમને સર્વે વાત સમજાવી. બીજા પણ જે જે શહેરમાં સારા સારા શિલ્પીઓ હતા તે સર્વેને તેડાવવામાં આવ્યા. મુખ્ય શિલ્પીને દંડનાયકે જે જે હકીકતો કહેવાની હતી તે સર્વે વિસ્તારથી સમજાવી. અને અસલથીજ પાકે પાયે પત્થરથીજ કામ કરવાને સૂચવ્યું. પાણીના પ્રવાહની માફક પૈસાનો વ્યય કરવા માંડયો. મુખ્ય જીનાલય, બાવન જીનાલયની ફરતી દેરીયો, તેને ફરતો ગઢ વગેરે સમજણ આપી. ગામના શ્રાવકોને પણ મદદ કરવાને-દેખરેખ રાખવાને ભલામણ કરી. અને મંદિરનું કાર્ય પરિપૂર્ણ થતાં તરતજ પોતાને ખબર આપવાની વ્યવસ્થા કરી દીધી. પોતાના કેટલાક અંગત માણસોને ત્યાં રાખ્યાં. સર્વેએ તેમના આ સુકૃત કાર્યની અનુમોદના કરી, પોતાના આત્મીય ધર્મચંદ્રને ત્યાંની વ્યવસ્થાનો સઘળો કારભાર સુપ્રત કરી પોતે પાટણ જવાની તૈયારી કરી.

પૈસા, માણસ અને વ્યવસ્થાનો યોગ્ય બંદોબસ્ત કરીને દંડનાયક બીજેજ દિવસે પોતાની છાવણી ઉપાડીને પાટણ તરફ રવાને થયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું.

## કર્ણદેવની કર્ણાવતી.

પાટણમાં દબદબાથી ભરાયેલ રાજ્ય દરબારમાં મહારાજા કર્ણદેવની રાહ જોવાય છે. તે અરસામાં બાલ્યવયમાં ઝુલતો રાજપુત્ર જયસિંહકુમાર રમતા રમતા પિતાજીની અવેજીમાં સિંહાસન પર આરૂઢ થઈ ગયો! અમલદારો અને સભ્યજન આશ્ચર્ય પામ્યા, તે અરસામાં મહારાજા કર્ણદેવ ત્યાં આવી પહોંચતા જયસિંહ કુમારે કાલી ભાષામાં રાજાને કહ્યું "હું ટમાલો લાજા થયો છું. મને છલામ કરો." એમ કહેતો ને હસ્તો પિતાને કંઠે વળગી પડયો. રાજા કુમારને ખોળામાં લઈને સિંહાસન ઉપર બેઠા. તે અરસામાં તેમને તરતજ કુમારને તખ્તનશીન કરવાનો વિચાર સ્ફુરતા મંત્રીઓની સલાહ લઈને જોષીઓને બોલાવીને પૂછયું તો "અત્યારનું મુહુર્ત્ત ઘણુંજ સારૂં છે ને હજી મુહુર્ત્ત પુર્ણ થવાને થોડીવાર છે. તે અરસામાં કુમારનો રાજ્યાભિષેક કરવામાં આવે તો કુમાર ચક્રવર્ત્તી રાજા થાય." જોષીઓએ જણાવ્યું.

જોષીઓના કહેવાથી તરતજ તે સમયે સંવત ૧૧૫૦ના પોષ વદી ૩ ને શનિવારે શ્રવણ નક્ષત્રે અને વૃષલગ્ને પાટણના તખ્ત ઉપર જયસિંહકુમારનો પટ્ટાભિષેક કર્યો. આ બાળકકુમાર ગુજરાતનો ધણી થયો. હવે મહારાજ કર્ણદેવને બીજું નગર વસાવીને પોતાની રાજ્યગાદી સ્થાપવાનો તેમને વિચાર થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે સમયમાં સાબરમતીના તટ ઉપર આશાપલ્લી ગ્રામમાં રહેનાર આશો નામે ભીલ્લ રહેતો હતો. લુંટ–ફાટ; ચોરી અને ધાડ પાડવી એ તેનો હંમેશનો વ્યવસાય હતો, ચારે તરફ તેની ધાકથી કોઇપણ રાજા તેની સામે થવાને હામ ભીડીને બહાર પડતો નહી. પરંતુ નાના કુમાર જયસિંહને ગાદી આપી કર્ણદેવે બીજી નગરી વસાવવાનો વિચાર કરવાથી તેઓ તપાસ કરતા અહીં આવ્યા. આશાભિલ્લને પ્રજાને રંજાડનારો, અને લુંટ–ફાટનો વ્યવસાય કરનાર જાણીને મહારાજ કર્ણદેવે તરત-જ તેની સામે હાકલ મારીને પોતાનું સૈન્ય તૈયાર કર્યું. સજ્જન મંત્રીને પણ તે લડાઈમાં ભાગ લેવો પડ્યો, અને સં. ૧૧૫૦ ના મધ્ય સમયમાં કર્ણદેવે આશાભીલ્લ ઉપર ચડાઇ કરી, મોટું યુદ્ધ થયું. ભીલ્લની પાસે અગણિત કામઠાંવાળા ભીલ્લો હતા. તેમણે ગુજરાતના રાજાને હરાવીને પોતાનું નામ કાઢવાનો ઘણો પ્રયત્ન કર્યો. પણ લડાઇમાં તેઓ હાર્યા ને નાસી ગયા. આશોભીલ્લ યુદ્ધમાં મરાયો. અહીંયાં કર્ણદેવને સારા શકુન થયા. સ્થાનનો મહિમા પણ સારો જણાયો જાણી આ જગાએ જયવંતી દેવીનું એક મંદિર બંધાવ્યું, અને પોતાના ઇષ્ટદેવ કર્ણેશ્વર અને કર્ણમેરૂ પ્રાસાદ એવાં બે દેહરાં ચણાવ્યાં હતાં, તેમજ કર્ણસાગર નામે એક સરોવર બંધાવ્યું. અને કર્ણાવતી નામે નગરી વસાવી પોતાનું રહેઠાણ ત્યાંજ રાખ્યું. ત્યારપછી મહારાજ કર્ણદેવ જીવ્યા ત્યાં સુધી કર્ણાવતીમાં રહ્યા. સાથે પાટણની હકુમત પણ ચલાવતા હતા. જે રાજ્ય સં. ૧૧૫૦થી મહારાજ જયસિંહ દેવનુંજ કહેવાતું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ તરફ સં. ૧૧૫૧ ની સાલમાં દંડનાયક સજ્જન મંત્રીએ પણ મંદિર તૈયાર થયાના સમાચાર મળતાં તેમને સંખેશ્વર જવાની ચટપટ લાગી હતી, તે અરસામાં મહારાજ કર્ણદેવ યુદ્ધમાંથી પરવારી ગયા હતા. અને કર્ણાવતી નગરી વસાવવાનું કામ ધમધોકાર ચાલતું હતું. અનુભવીઓએ મહારાજની સમક્ષ કર્ણાવતી નગરીનો નકશો દોર્યો હતો, તે પ્રમાણે નગરની બાંધવટીનું કામ તડામાર ચાલતું હતું, અત્યારે તે હવે પુરૂં થવાની તૈયારીમાં હતું. સંપૂર્ણ તૈયાર થયે મહારાજ કર્ણદેવ કર્ણાવતી નગરીમાં વસવાને જવાના હતા—વસવાનું મુહુર્ત્ત સાચવવાના હતા.

એક દિવસ પાટણમાં પોતાના એકાંત ભુવનમાં મહારાજ જમીને તાંબૂલ ચાવતાં બેઠા છે, એવામાં સજ્જનમંત્રી તેમને મળવાને આવ્યા. બન્ને મિત્રો સમાન વયના અને પરમ સ્નેહવાળા હોવાથી એકાંતમાં તેઓ એકબીજા છુટથી વાતચિત્ત કરી શકતા હતા. "મહારાજ! હાલમાં મારે થોડાક વખત બહારગામ જવું પડશે." મહારાજ પાસે આસન લેતાં મંત્રીએ કહ્યું.

"કેમ, સોરઠ તરફ હમણાં જવા વિચાર રાખ્યો છે કે શું ?" મહારાજે સામું પૂછયું.

"સોરઠ પણ થોડા વખત પછી જવું તો પડશેજ ને! અહીંઆ આવ્યા ને થોડા અવસરમાં લડાઈ જાગી, અને કર્ણાવતીનું ખાત મુહૂર્ત્ત થયું. આવા એક પછી એક નવા પ્રસંગો ઉપસ્થિત થયા. જેથી સમય પસાર થઈ ગયો. પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રા.' ઉપર જાપતો બરાબર રાખ્યો છે તેથી કોઈ વાતે હરકત જેવું તો નથી."

"તમે પણ રા'ને ઠીક સકંજામાં લીધો છે. તેનો એક કુંવર રાયધનજી તો આપણી તહેનાતમાં રહે છે એટલે વાંધા જેવું નથી. છતાં તેને પણ રા' તેડાવવાને જણાવે છે કે "હવે આપે કોઇ વાતે મારા તરફથી હરકત રાખવી નહી. કુંવર ઘણા વખતથી તમારી પાસે છે તો એક વખત તેને વતન મોકલી આપશો.!" મહારાજે જણાવ્યું.

"આપ શ્રીમાનનો તેને મોકલવા બાબતનો શું વિચાર છે ?"

"મારો વિચાર તો તમે જાઓ ત્યારે ભલે તેડતા જાઓ ?"

"પણ મને રા'ના બોલવા પર વિશ્વાસ આવતો નથી"

"કેમ ?"

"સર્પ સાણસામાં દબાયેલો રહે છે ત્યાં સુધીજ સીધો દોર જણાય છે, પણ છુટતાંની સાથેજ તે જાતપર જાય છે."

"ત્યારે તમારૂં ધ્યાન પહોંચે તેમ કરજો."

"હમણાં જો આપણે આપણી હકુમત ઢીલી મુકીયે અને તેને કેટલીક છુટ આપીયે તો તરતજ તે આપણી સામે પણ પ્રપંચ રમ્યા વગર રહે નહી, કેમકે નિર્બળનું સીધી રીતે કાંઈ ચાલી શકતું નથી ત્યારે તે કાવાદાવા કરીને પોતાની રમત રમે છે. મને ખબર પણ પડી છે કે તેના ભાણેજ દેશળદેવ અને વિશળદેવ સાથે તે કાંઇ ખાનગી રમત રમે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"દેશળદેવ અને વિશળદેવ ખેંગાર મંડલેશ્વરના પુત્ર કે ?"

"હા ! ખેંગાર મંડલેશ્વર તો આપણા પુરા વફાદાર છે, પણ દેશળદેવ ભરોંસો કરવા લાયક નથી. તે કઈ વખતે અને કેવા સ્વરૂપમાં પ્રપંચ રમશે તે જાણી શકાય તેમ નથી, પણ તેઓ બિચારાનું કાંઈ ચાલી શકે તેમ નથી."

"તો આપણે ખેંગાર મંડલેશ્વરને ચેતવીને, તેની પાસે તેના પુત્રોને ઠપકો અપાવીએ."

"મહારાજ ! આ તો એક ઉડતી વાત છે, તેનો આપણી પાસે શો પુરાવો છે ? કાંઇ પણ આધાર વગર ખેંગાર મંડલેશ્વરને કહેવું નકામું છે. પાપીઓનું પાપ સ્વતઃ પ્રકાશમાં આવશે."

"ઠીક ! તે તરફની સાવચેતી રાખીશું; પણ હમણા તમે બહાર કઇ તરફ જવા ઇચ્છા ધરાવો છો ?" મહારાજે પૂછ્યું.

"વઢીયાર પ્રદેશમાં આવેલા શંખેશ્વર ગામમાં જ્યાં આગળ એક મંદિર—સંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર ઘણુંજ જીર્ણપ્રાય: થઈ ગયેલું હતું, તેના જીર્ણોદ્ધારનું કામકાજ મેં શરૂ કરાવ્યું છે. તે હાલમાં તૈયાર થઇ જવાથી ત્યાં જઈ શુભ મુહૂર્ત્ત ભગવંતની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરવાને સારા સારા વિદ્વાન આચાર્યોને આમંત્રણ કરવું પડશે, શાંતિ સ્નાત્ર વગેરે મોટાં વિધિ વિધાન કરવાં પડશે." અને તેથી આગળથી જવાની મ્હારે જરૂર છે."

"બહુ સારૂં ! એ તો પરમ આનંદની વાત ! જ્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થાય ત્યારે મને પણ ખબર આપશો તો તમારો ઓચ્છવ જોવાને હું એકાદ દિવસ આવી જઇશ."

"આપની મોટી મહેરબાની! મુંજાલ મેતા, નગર શેઠ વગેરે ઘણા શ્રાવકો તે મહોત્સવ ઉપર આવશે. તે પ્રસંગે આપ શ્રીમાનના આવવાથી અમારી શોભામાં વધારો થશે." મંત્રીએ મહારાજને આવવાનું આમંત્રણ આપ્યું.

તે પછી તરતજ દંડનાયક મહારાજ પાસેથી રજા લઈને પોતાના મકાને ગયા. ત્યાંથી મહાઅમાત્ય, નગરશેઠ, બીજા જૈન આગેવાનો અને અધિકારીઓને મળી વસ્તુસંકલના નિવેદન કરીને સર્વેને આમંત્રણ કરી પોતાના લશ્કર સાથે સંખેશ્વર તરફ બીજે દીવસે રવાને થયા.

# પ્રકરણ ૭ મું.

## પ્રતિષ્ઠા મહોત્સવ.

અહીયાં સંખેશ્વર આવીને સજ્જન મહેતાએ જોયું તો મંદિરનું કામ સંપૂર્ણ તૈયાર થઇ ગયું હતું. મુખ્ય મંદિર, તેનો ગભારો, વિશાળ રંગમંડપ, આગળનો ચોક, ભમતીની જગ્યા, પાછળ ફરતી બાવન દેરીઓ તેની આજુબાજુએ મજબુત ગઢ વગેરે સર્વે જગાઓ પોતે જેવી રીતે નકશામાં દોરી હતી, તે મુજબ સર્વે તૈયાર થયું હતું. પછી મુહુર્ત જો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વરાવી નક્કી થયેલે શુભદિવસે આમંત્રણ પત્રિકાઓ વહેંચી, દેવચંદ્રસૂરિ વગેરે વિદ્વાન સાધુઓને તાકીદે ત્યાં પધારવા વિનંતિ કરી. જે જે આચાર્યો, વિદ્વાનો હતા તેમને ત્યાં એકત્ર કર્યા. અને વિધિ વિધાન માટે જે ક્રિયા કરવાની હોય તે પ્રમાણે ભગવાનને પ્રતિષ્ઠિત કરવાને અરજ કરી. શુભ મુહુર્ત્ત નજીક આવતાં દશ દિવસ અગાઉથી મહોત્સવ શરૂ થયો. અને વિધિ વિધાનની ક્રિયાઓ ચાલુ થઈ ગઇ ધીરે ધીરે હજારો લોકો ત્યાં ઉતરી પડ્યા. અને માણસોની મેદનીથી સંખેશ્વર ગામ શહેર સરખા સ્વરૂપમાં ફેરવાઇ ગયું. તે સર્વને માટે ગામના શ્રાવકોએ અને દંડનાયકના માણસોએ સર્વ સગવડો તૈયાર કરી રાખી હતી. જેથી આવનારને કાંઇ મુશ્કેલી જેવું ન હતું.

પ્રતિષ્ઠાને આગલે દિવસે પાટણનું અમાત્ય તથા અધિકારી મંડળ આવી પહોચ્યું હતું. તે સર્વેને માટે સજ્જન મેતાએ વ્યવસ્થા કરી રાખી હતી. તે જમાનામાં કાંઈ શ્રાવકધર્મ વણીકનો "રીજીવર્ડ" નહોતો, જેથી દરેક શ્રાવક-જૈનધર્મ પાળતી બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય સર્વે કોમો આ ઓચ્છવનો લાભ લેવાને ઉતરી પડી હતી. વળી સંખેશ્વર તીર્થ જુનું અને પ્રાચિન હોવાથી તે તરફ દરેકનું આકર્ષણ વધારે હતું.

પ્રતિષ્ઠાને છેલ્લે દિવસે ખુદ મહારાજની સ્વારી પણ આવી પહોંચી હતી. મહારાજે નવીન પ્રાસાદ જોઈ પોતાનો હર્ષ પ્રદર્શીત કર્યો. અને તે ભગવંતની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરવાનું વિધાન આખર પર્યંત તેમણે જોયું. એવી રીતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંવત ૧૧૫૧ની સાલમાં સજ્જન મંત્રીએ સંખેશ્વર પાર્શ્વનાથનો પ્રાસાદ તૈયાર કરાવીને તેમાં સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા આચાર્યો પાસે પ્રતિષ્ઠિત કરાવી.

બાદ ત્યાંના વૃદ્ધ શ્રાવકોને એકત્ર કરી સજ્જન મંત્રીએ પાર્શ્વનાથ પ્રભુના મંદિર અને મૂતી સંબંધી ભલામણ કરી સૌને નવી નવી ભેટો ધરી પોતાના જીવનને ધન્ય માનતો ત્યાંથી પાટણ તરફ સૈન્ય સહીત વિદાય થયો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૪ થો

## પ્રકરણ ૧ લું.

### ગુજરાતનો મહાઅમાત્ય.

આજે સમય સંવત્ ૧૨૮૬ અથવા ઈ. સ. ૧૨૩૦ નો હતો, જે સમયમાં નાગપુરનો કોટ્યાધીપતિ દોલ્હાશાહનો પુત્ર પૂર્ણચંદ્ર દીલ્હીના સુલતાન મૌજુદીન–અલ્તમશ બાદશાહનો માનીતો મંત્રી–પ્રધાન હતો. જેને બાદશાહની પટ્ટરાણીએ પોતાનો ધર્મબાંધવ ગણીને સ્થાપ્યો હતો. અશ્વાધીશ, ગજાધીશ અને નરાધીશ જેના મહાલયના દરવાજા: આગળ દાસ જેવા થઈ રહ્યા હતા, તે બાદશાહના આદેશથી રાજચિન્હ યુક્ત અને વાજિંત્રો પૂર્વક ઘણા સંઘપતિઓની સાથે નાગપુરથી સંઘ કાઢીને શત્રુંજય અને રૈવતાચલની યાત્રા કરવાને નિકળ્યો. મોટા દબદબાથી તે પ્રયાણ કરતો અનુક્રમે ચૌલુકયના સીમાડે આવી પહોંચ્યો. પરન્તુ ગુર્જરેશ વીરધવલને બાદશાહનો શત્રુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધારીને ગુજરાતની રાજધાનીનો માર્ગ પડતો મુકીને બીજે માર્ગે તે શત્રુંજય તરફ ચાલ્યો. રાજાનાં ગુપ્તચરોએ તે સમાચાર તરતજ મહામંત્રીને આપ્યા. મહામંત્રી વસ્તુપાલ તે સાંભળીને વિચારમાં પડ્યા. "અહો ? આવો ઉત્તમ સંઘ કે જેને તીર્થંકર ભગવંતો પણ નમે છે. એવો પૂજવાને યોગ્ય તે આજે અધિકારીઓના ભયથી આ નગરનો ત્યાગ કરીને બીજે માર્ગે જાય છે. ખરે ! અધિકારીના જીવનને ધિક્કાર થાઓ ? રાજ્યસુખમાં મગ્ન રહેનાર એવા રાજાથી લોકો ભય પામતા નથી, પણ લોકોનાં છિદ્રો જોનારા એવા દુષ્ટ અધિકારીઓથી લોકો બહુ ડરે છે. આ સંઘમાં આવેલા મહા પુરૂષો પૂજનીય છે. તેમાં પણ દૂર દેશથી તીર્થયાત્રાએ આવતો સંઘ તો વિશેષે કરીને પૂજનીય છે. એવા સંઘના ચરણકમલની રજપુંજથી અમારા ગૃહાંગણની ભૂમિ ક્યારે પવિત્ર થશે ? " પોતાના આલિશાન મહાલયમાં એવી રીતે વિચાર કરતા ગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાલે તરતજ પોતાના લઘુ બંધુ તેજપાલને શ્રી સંઘને આમંત્રણ કરવાને મોકલ્યો.

સૂર્ય સમાન તેજસ્વી અને શીતલ એવો તે વાયુવેગી રથોથી પોતાનો પરિવાર લઇને અલ્પ સમયમાંજ જઇને સંઘને ભેટી પડ્યો અને ગુજરાતના મહા અમાત્યનું આમંત્રણ નિવેદન કરીને અતિ આગ્રહપૂર્વક તે સકલ સંઘને પોતાની રાજધાનીમાં લઈ આવ્યો. પૂર્ણચંદ્રને નગરની સમીપ આવતો સાંભળીને મહામંત્રી પોતાના નામિચા અશ્વારોહીઓ સાથે તેની સામે ચાલ્યો, તે સમયે કોઇ સેવકે જણાવ્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે "આ દિશામાં સંઘના આગમનથી બહુજ રજ ઉડે છે, માટે અન્ય માર્ગે ચાલો." ત્યારે મહા અમાત્યે હસતાં હસતાં જણાવ્યું કે "હે ભદ્ર ! પુણ્યના પુંજની જેમ એ રજનો મ્હારા શરીરે સ્પર્શ કયાંથી થાય ? એ તો કોઇ ભાગ્યશાળીના નસીબે લખાયું હોય છે."

બન્ને સામસામે નજીક આવ્યા, એટલે મંત્રીશ્વરને જોઇને સંઘપતિ પૂર્ણચંદ્ર પગે ચાલીને મહાઅમાત્યની સન્મુખ આવ્યા ને નમ્યા; એટલે અશ્વરત્ન ઉપરથી નીચે ઉતરીને સ્નેહથી બહુમાનપૂર્વક સંઘપતિને દૃઢ આલિંગન કર્યું. તેમને માટે સરોવરના કિનારે ઉતારાની વ્યવસ્થા કરી તંબુ નંખાવ્યા, અને ભોજનાદિક માટે નિમંત્રણ કરીને મંત્રીશ્વર પોતાના મકાનમાં આવ્યા. તરતજ સર્વ જાતિનાં પકવાન્નો, સર્વ જાતિનાં શાક વગેરે રસોઇ તૈયાર કરાવવામાં આવી અને ભોજન કરવા સંઘને બેસવાને સારૂ એક સુગંધી સુશોભિત અને દીલને બ્હેકાવે તેવો પુષ્પોથી આચ્છાદિત મંડપ તૈયાર કરાવવામાં આવ્યો. નગરના મુખ્ય પ્રવેશ દ્વારથી માંડીને મંત્રીશ્વરના મંદિર પર્યંતના સર્વે માર્ગો નવીન ચંદ્રવાથી એક સરખા છાયાયુક્ત કરવામાં આવ્યા. સંઘને ભોજનને માટે આમંત્રણ કરતાં લલિતાદેવીએ સંઘને સાચા મોતીડે વધાવ્યો તથા વસ્તુપાલે આનંદીત થઇને દુધ મિશ્રિત ઉષ્ણ સુગંધિયુક્ત જળથી પ્રત્યેકના ચરણ ધોયા. ચરણ પ્રક્ષાલન કરીને સર્વેને જમવાને બેસાડ્યા. ઘણી ભક્તિથી ઉલ્લસિત હૃદયવડે મંત્રીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમને–સકલ સંઘને ભોજન કરાવ્યું. ભોજનકાર્ય સમાપ્ત થયા પછી મંત્રીશ્વરે વિવિધ વસ્ત્રાભરણોથી તેમનો સારી રીતે આદર–સત્કાર કર્યો.

પૂર્ણચંદ્ર સંઘપતિએ પણ ત્યાંના સર્વે ચૈત્યોમાં ઉત્સવપૂર્વક ધ્વજારોપણ આદિ સત્ક્રિયાઓ કરાવી વસ્તુપાલે પૂર્ણચંદ્રને સ્વહસ્તે તિલક કરીને તેના સંઘપતિ પદનો મહોત્સવ કર્યો અને વીરધવલ રાજા પાસેથી વિવિધ વાજિંત્રો, ધ્વજા અને છત્રાદિ અપાવીને તેનો મહિમા વધાર્યો. પછી મહાઅમાત્ય વસ્તુપાલ પણ સંઘાધિપ થઇને તેમની સાથે ચાલ્યો. માર્ગમાં સંઘભક્તિ કરતા અનુક્રમે તેઓ શત્રુંજય તીર્થે આવ્યા, ત્યાં ગિરિરાજ ઉપર શ્રી મૂળનાયક પ્રભુનું સવિસ્તર સ્નાત્રોત્સવ કરતાં લોકોના કલશોના ઘસારાથી ભગવંતની નાસિકા કંઈક ઘસાયેલી જોઇને મહા અમાત્યે વિચાર કર્યો કે "જગતમાં અદ્ભૂત એવા આ બિંબને ભવિષ્યમાં કોઈ અમંગલ કરશે અને સમ્યગ્ દૃષ્ટિ જીવોના નેત્રને સુધાંજન રૂપ આવું નવીન રત્નબિંબ તરતમાં બની શકશે નહીં, માટે પ્રથમથીજ જો હું કોઈ નવીન બિંબની ચિંતવના કરૂં તો પૂજનમાં અંતરાય પડે નહી." એમ વિચારીને મહા અમાત્યે પૂર્ણચંદ્રને કહ્યું. "આ બિંબ સમાન મમ્માણિ પાષાણનું એક બિંબ કરાવવાની મારી ઈચ્છા છે. પરંતુ રાજાઓને માન્ય, અને પરોપકારમાં અગ્રેસર એવા તમારી સહાયથીજ એ કાર્ય બને તેમ છે."

"બંધુ ! તીર્થની સેવા માટે તમને જે સહાય જોઈતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય તે કરવાને હું તૈયાર છું." પૂર્ણચંદ્રે જણાવ્યું. "કહો, મારી કઈ પ્રકારની સહાયની તમને જરૂર છે."

"દીલ્હીશ્વર મોજુદ્દીન–અલ્તમશ બાદશાહ તમને બંધુ જેવું ગૌરવ સહિત માન આપે છે. તેમના રાજ્યમાં મમ્માણિ પાષાણની ખાણ છે. આ ભગવંતના નવીન બિંબ માટે તે મમ્માણિ–પાષાણજ યોગ્ય છે. અનુકુળતાએ તે મોકલાવવા કૃપા કરવી." મહા અમાત્યે કહ્યું.

"તમારી વાત મારે માન્ય છે. જેથી બાદશાહને કહીને એ માટે તે પાષાણ હું તમને મોકલાવી આપીશ." પૂર્ણચંદ્રે સહાનુભૂતિમાં જણાવ્યું.

શત્રુંજયને વિધિ સહીત પૂજી તેઓ ત્યાંથી રેવતાચલ ઉપર ગયા. ત્યાં નેમનાથને ભાવથી વાંદી–પૂજા ને યાત્રાનો લાહો લઇને પૂર્ણચંદ્ર પોતાના સંઘ સહિત નાગપુરે ગયા અને મહાઅમાત્ય વસ્તુપાલ પોતાની રાજધાનીમાં આવીને રાજા વીરધવલને નમ્યા.

એક દિવસ કપિલ કોટનો રાજા મદમાં છકી જઇને વીરધવલની આજ્ઞાની અવગણના કરવા લાગ્યો. એટલે વીરધવલે મોટું સૈન્ય આપીને મહાઅમાત્ય વસ્તુપાળને તેની સામે લડવા મોકલ્યો. અસહ્ય પરાક્રમવાળા વસ્તુપાળે સૈન્ય સહીત એકદમ તેની ઉપર ચડાઈ કરી. યુદ્ધનું કહેણ મળતાં કપિલકોટનો રાજા પણ યુદ્ધ કરવાને સામે આવ્યો. બન્ને વચ્ચે મોટું યુદ્ધ થયું, તેમાં વસ્તુપાળે કપીલકોટના રાજાને રણમાં યુદ્ધ કરતાં જીતી લીધો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેની પાસેથી કોટી દ્રવ્ય દંડ તરીકે વસુલ કરી તેની ઉપર રાજા વીરધવલની સત્તા બેસાડીને તેનું રાજ્ય તેને હવાલે કર્યું. મંત્રીશ્વર ત્યાંથી પ્રયાણ કરતાં કોઈ સ્થળે જિનચૈત્ય, કોઈ સ્થળે શિવાલય, કોઈ જગ્યાએ ધર્મશાળા, કોઈ સ્થાને સંન્યાસીઓને વસવાને મઠ, કોઈ ઠેકાણે સરોવર, કોઇ સ્થળે દાનશાળા એમ જ્યાં જ્યાં જે જે ચીજની જરૂરીઆત તેને લાગતી, તે તે હૃદયના ઉમળકાથી કરાવતો અને સજ્જનોને આનંદ પમાડતો અનુક્રમે પાટણ આવીને જે દ્રવ્ય લાવ્યા હતા તે રાજાની સમક્ષ રજુ કર્યું, પોતાના કુટુંબીજનોને બોલાવીને સર્વ જ્ઞાતિજનોનો તેણે સત્કાર કર્યો. રાજાએ પણ રાજસભામાં મહાઅમાત્યના શૂરની પ્રશંસા કરીને ઘણું દ્રવ્ય ભેટ આપ્યું.

# પ્રકરણ ૨ જું.

## સંખેશ્વર પાર્શ્વનાથ.

" દેવ, દાનવ અને માનવો તેમજ યોગીશ્વરોથી સેવ્યમાન આ તીર્થ ઘણુંજ પ્રાચિન અને પ્રભાવવાળું છે. આ તીર્થની સેવા કરતાં પૂર્વે અનેક મુનિઓ મોક્ષે ગયા છે. પૂર્વે જનાર્દન શ્રી કૃષ્ણે જરાસંધના યુદ્ધમાં નેમિકુમારના વચનથી અઠ્ઠમ તપ કરીને નાગરાજ પાસેથી આ પ્રતિમા મેળવી હતી. અને આજ પર્યંત ભૂમંડલમાં પૂજાતી પ્રાયઃ શાશ્વતી પ્રતિમા કહેવાય છે અને એનાજ સ્નાત્ર જળનાસિંચનથી કૃષ્ણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાસુદેવની જરાથી ગ્રસાયેલી સેના જરાથી મૂક્ત થઈ નવીન જીવન પામી હતી. એ ભૂમિ ઉપર પૂર્વે જયારે વાસુદેવ અઠ્ઠમ તપ કરતા છતા ધ્યાનમાં બેઠા હતા તે સમયે જરાથી સપડાયેલા વાસુદેવના સૈન્યનું જરાસંઘથી રક્ષણ કરવાને નેમિકુમારે શંખ ફુંક્યો હતો. જેથી એ ભૂમિ સંખેશ્વર એવા નામથી પ્રસિદ્ધ થઇ છે અને પાર્શ્વનાથ પણ સંખેશ્વર પાર્શ્વનાથને નામે જગત્ પ્રસિદ્ધ થયા. દરેક પર્વના દિવસે નાગરાજ પદ્માવતી સહીત ત્યાં આવીને મૂર્ત્તિની કલ્યાણકારી એવી પૂજા કરે છે. એ પ્રતિમાના ધ્યાનથી ક્ષય, ભગંદર, કુષ્ટિ, કંઠમાળ વગેરે રાજરોગો–ભયંકર વ્યાધીઓ પણ નાશ પામે છે, અને પ્રાણીઓને પગલે પગલે અભિષ્ટ સંપત્તિઓ ઉપલબ્ધ થાય છે. અહીંયાં શ્રી નેમિનાથ પ્રભુ અનેક મહર્ષિઓ સહિત પધાર્યા હતા. અને તે સમયે શ્રી હારએ એક મોટું ઉન્નત ચૈત્ય કરાવ્યું હતું. જે પ્રાણી અહીંયા છ માસ પર્યંત એકાગ્રભાવથી સેવા પૂજા કરે છે, તે મનોવાંચ્છિત એવી અનુત્તર સંપદાઓને પામે છે." એક દિવસ શ્રી વર્ધમાનસૂરિની આ પ્રમાણેની દેશના સાંભળીને મહા અમાત્યને સંખેશ્વર તીર્થને વંદન કરવાનો વિચાર થયો. જેથી રાજન્ વીરધવલની આજ્ઞા લઈને મહાઅમાત્ય સંઘ સહિત વિધિપૂર્વક શ્રી સંખેશ્વર પાર્શ્વનાથને વંદન કરવાને ચાલ્યો, ત્યાં સંઘે વિધિપૂર્વક સ્નાત્ર વગેરેનાં કાર્ય કરીને મહાઅમાત્ય સંઘપતિનાં દરેક કાર્ય કર્યાં, અને સર્જન મહેતાનાં કરાવેલા જીર્ણોદ્ધારને આજે દોઢસો વર્ષ લગભગ થયાં હોવાથી પુનઃ નૂવેસરથી પાર્શ્વનાથનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચૈત્યનો ઉદ્ધાર કરીને મહા અમાત્યે નવીન ચૈત્ય બંધાવ્યું. બાવન જીનાલયની દેરીયો, ગઢ વગેરે દરેકનો પુનરૂદ્ધાર કરાવ્યો અને દરેક દેવ કુલિકાઓ પર સુવર્ણમય કુંભો સ્થાપન કર્યા. એવી રીતે સંવત ૧૧૫૧ ના સજ્જન મંત્રી ના જીર્ણોદ્ધાર પછી તેરમા સૈકાના અંતમાં ગુજરાતના મહામંત્રી વસ્તુપાલે ફરીને જીર્ણોદ્ધાર કરાવીને લક્ષ્મીને સફળ કરી.

સંઘમાં શ્રી વર્ધમાનસૂરિ પણ તેમની સાથેજ હતા, તે સિવાય બીજા પણ કેટલાક સાધુ સાધ્વીનો સમુદાય સાથે વિચરતો હતો. વર્ધમાનસૂરિ સંખેશ્વર પાર્શ્વનાથ ઉપર અધિક રાગવંત હતા, ને પ્રાય: શાશ્વત અને પ્રાભાવિક એવી પૂરાણી પ્રતિમા ઉપર તેમની ભક્તિ વિશેષ હતી. જેથી રાત દિવસ તેઓ સંખેશ્વર પાર્શ્વનાથનું ધ્યાન કરતા, જપ તપ વગેરે તેમને ઉદ્દેશીનેજ કરતા હતા. એવા ભક્તિ રાગને લીધે તેઓ સંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કરવાને ઘણી વાર આવતા હતા. મહાઅમાત્યને એક વખત આ સ્થાનના મહાત્મ્યનું વર્ણન કહી બતાવવાથી તેને પણ આ તીર્થ ઉપર ભક્તિરાગ ઉત્પન્ન થયો. જેથી તેઓ સંઘસહિત દર્શન કરવાને સૂરીશ્વર સાથે આવ્યા. તેમણે મહાઅમાત્યને પ્રતિમાનાં દર્શન કરતી વખતે એ પ્રભાવિક પ્રતિમાને લગતી સવિશેષ હકીકત કહી સંભળાવી હતી. જેથી જીર્ણ થઇ ગયેલા એ તીર્થનો ઉદ્ધાર કરવાઇચ્છા જાગી અને શુભ દિવસે કામ પણ શરૂ કરી દીધું.

" મંત્રીશ્વર ! ખરે જગતમાં તમારૂંજ જીવ્યું સાચું છે, જેઓ ઐશ્વર્ય અને સમૃદ્ધિ પામીને તેનો સદ્ ઉપયોગ કરે છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેજ પુણ્યવંત છે." વર્ધમાનસૂરિએ મંત્રીના ઉચ્ચ ભાવનામય જીવનની શ્લાઘા કરી.

"ગુરો! તે સૌ આપ જેવા ધર્માચાર્યોનોજ પ્રતાપ છે" મહા અમાત્યે પોતાની લઘુતા દર્શાવી.

"એવા ઉપદેશની અસર લઘુ કર્મી જીવોનેજ થાય છે. બાકી તો કાળ એવો આવ્યો છે કે ગમે તેટલો ઉપદેશ આપવા છતાં પણ ભારેકર્મી જીવોને કાંઇ અસર થતી નથી, ભગવંતે ભાખેલા વક્ર–જડ જીવોના પરિણામ આજે સાક્ષાત્ અનુભવાય છે અને હજી પણ ભવિષ્યકાલ વિશેષ ખરાબ આવશે, લોકો દુઃખી દુઃખી થશે, છતાં ધર્મ નહિ પામશે તોપણ અજ્ઞ માણસ જેમ ચિંતામણિ રત્ન ફેંકી દે તેમ જૈનધર્મને છોડી દેશે." સૂરિએ ભવિષ્ય દોર્યું.

"સમયનું માહાત્મ્યજ કોઇ એવું દેખાય છે, મહારાજ કુમારપાળના સમયમાં કેવું રામરાજ્ય હતું ને આજે પચ્ચાસ વર્ષમાંજ કેટલું બધું પરિવર્ત્તન થઇ ગયું?" મહાઅમાત્યે જણાવ્યું.

"મંત્રીશ્વર? તો પણ હજી આ કાળ તો સારો છે, કવચિત રાજાઓ જૈનધર્મના ઉપાસકો હોય છે અને ગુર્જર રાજ્યધર્મમાં તો અસલથી જૈન મંત્રીઓનું જોર ચાલ્યું આવે છે, જેથી મંત્રીઓના પ્રાબલ્યથી ધર્મની પ્રભાવના થયા કરે છે, રાજ્યધર્મમાં–ક્ષત્રીઓમાં જૈનધર્મનો જુસ્સો હોવાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ દીપી નિકળે છે, પણ ભવિષ્યકાળ બહુ ભયંકર છે” સૂરિએ કહ્યું.

જીર્ણોદ્ધારનું કાર્ય પરિપૂર્ણ કરીને મહાઅમાત્ય સંઘની સાથે પોતાની રાજ્યધાની ધવલકપુરમાં આવ્યા.

# પ્રકરણ ૩ જું.

## વસ્તુપાળ તેજપાળનું પરાક્રમ.

મહારાજ કર્ણદેવના સમયમાં કર્ણદેવને ચંડપ નામે મંત્રી હતો, તેને અનુક્રમે ચંડપ્રસાદ નામે પુત્ર થયો. તે મોટો થતાં ચૌલુકય સમ્રાટ્ જયસિંહદેવનો કારભારી થયો અને તેનો પુત્ર સોમ એ સિદ્ધરાજ–જયસિંહદેવનો કોશાધિકારી થયો. સોમમંત્રીને અનુક્રમે ત્રણ પુત્ર થયા, અશ્વરાજ, વિજય અને તિહુઅણપાળ, તેમાં અશ્વરાજ હોંશીયાર અને શૂરવીર હતો. ઉપરાંત રાજ્ય ખટપટમાં કુનેહબાજીથી કેવી રીતે જુકાવીને પાર ઉતરવું તે બધું સમજતો હતો. અનુક્રમે તે કુમારપાળ પછી ચૌલુકયપતિ ભીમદેવ બીજાનો મંત્રી થયો. સોમશ્રેષ્ઠીએ સિદ્ધરાજ અને કુમારપાળના સમય પર્યંત કોશાધિકારી પદ ભોગવ્યું. તે પછી તેનો પુત્ર અશ્વરાજ–આશારાજ ભોળા ભીમદેવનો મંત્રી થયો. ભોળા ભીમદેવના સમયમાં હિંદુ બળવાન રાજ્યોમાં કુસંપ પેઠો, અને અરસપરસ બળવંત રાજ્યો પણ લડીને નબળાં પડ્યા. તેનાજ સમયમાં દીલ્હી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અજમેર, કનોજ અને કાશી વગેરે રાજ્યો શાહબુદ્દિન ઘોરીએ જીતી લીધાં ને દીલ્લીમાં તેણે ઇ. સ. ૧૧૯૩ માં મુસલમાની રાજ્યની સ્થાપના કરી. ત્યારપછી બીજે વરસે ઈ. સ. ૧૧૯૪ માં કનોજ, કાશી વગેરે શાહબુદ્દિનના સરદાર ગુલામ કુતુબુદ્દિને જીતીને તાબે કર્યાં અને અણહિલ્લવાડ ઉપર ચડયો. બેએ વાર ભીમદેવને નાશી જવું પડયું અને ગુજરાત કુતુબુદ્દિનના ચરણતળે પડયું. પાટણ ભાંગ્યું અને તેનો રાજમુકુટ ડગમગી રહ્યો. છતાં ગુજરાતનું ભાગ્ય હજી પ્રબળ હતું-તેના અધિષ્ઠાયકો જાગ્રત હતા. ગુજરાતનું તાજ ખોવાનું કલંક ભીમદેવના ભાગ્યમાં ન હતું. જો ભોળા ભીમદેવના સમયમાં ગુજરાતનું તખ્ત મુસલમાનોને વશ થયું હોત તો આજે દુર્જન લોકો કહેવા મંડી જાત કે " ભોળો ભીમ 'જૈન' હોવાથી તેણે ગુજરાતનું તખ્ત ખોયું." પણ દુનીઆની આંખોએ જોયું કે જૈનેતર ચૌહાણ, રાઠોડ અને પરમારોના રાજ્યોની જડ બળવાન છતાં પણ મુસલમાનોએ હંમેશને માટે તેમને ઉખેડી નાખી, અને જૈનધર્મ પાળતા ભોળા ભીમદેવની ડગમગી ગયેલી જડ પાછી ફરીને મજબુત થઇ. આમ એકવાર ફરીને જૈનોનો વિજય વાવટો વસ્તુપાળ તેજપાળના સમયમાં ફરકવા લાગ્યો.

ભોળા ભીમદેવને આભુશાહ નામે શ્રાવક દંડનાયક-સેનાધિપતિ હતો. જેણે ઘણાંખરા યુદ્ધોમાં સેનાપતિત્વ લઇ પોતાનું પરાક્રમ બતાવ્યું હતું. પહેલા ભીમદેવના સમયમાં વિમલમંત્રી સેનાધિપતિ હતો; તેવીજ રીતે બીજા ભીમદેવના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયમાં આભુશાહ સેનાધિપતિ હતો. આ આભુશાહને કુમારદેવી નામે પુત્રી હતી.

એક વખત પરમ ભટ્ટારક જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ દેશની આવી ડગુમગુ સ્થીતિ અને પડતા કાળના પ્રભાવે જૈનધર્મને દિન-પ્રતિદીન નિસ્તેજ થતો નિહાળી રાત્રિના સ્મરણાવસરે અંતરમાં એકાગ્રભાવે ચિંતવન કર્યું કે "પુણ્ય-વંતોમાં અગ્રેસર પૂર્વે સંપ્રતિ રાજા થઇ ગયા. તેમણે પૃથ્વીને જૈનધર્મથી શોભાવી. તેમજ વિક્રમ રાજા, કુમારપાળ રાજા જેમ પરમ શ્રાવક થઇ ગયા. શાસનનો ઉદ્યોત કરવામાં સૂર્યસમાન એવા ઉદયન, વાગભટ્ટ, આમ્રભટ્ટ વગેરે મંત્રીઓ જૈનશાસનમાં પ્રભાવક થઇ ગયા. હવે આવા વિષમકાળમાં ભારતની ધર્મ ધૂરાને ધારણ કરે એવો કોઇ વીરપુરૂષ હમણાં પ્રગટ થશે કે કેમ ? અન્યથા આ મુસલમાન લોકો પોતાનો ધર્મ પ્રવર્ત્તાવી આપણા ધર્મને પાયમાલ કરી મૂકશે." ઇત્યાદિક તેમના શાસ-નચિંતાના શુભ ધ્યાનથી આકર્ષાયેલી શાસન દેવી ચક્રેશ્વરી સંતુષ્ટ થઈને તેમની પાસે પ્રગટ થઇને બોલી. "હે મહાત્મન ! આભુદંડ નાયકની પુત્રી કુમારદેવીને ચંદ્ર અને સૂર્ય સમાન મહા તેજસ્વી એવા વસ્તુપાળ ને તેજપાળ નામે બે પુત્રો થશે જે જૈનશાસનના શણગારરૂપ એવા શાસનનો ઉદ્યોત કરશે અને ગુજરાતના રાજ્યને મજબુત અને સ્વતંત્ર બનાવશે-હજી ગુજરાતનું ભાગ્ય સતેજ છે ફીકર ન કરીશ."

"દેવી ? તે આભુ સેનાપતિની પુત્રી કોની ધર્મપત્ની થશે ?" સૂરિએ પૂછયું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભીમદેવના મંત્રી અશ્વરાજની! અને તેના પુત્રો વસ્તુપાળ, તેજપાળ તે પછીના રાજા વીરધવલ નામના રાજાના મંત્રીશ્વરો થશે." દેવી આટલું જણાવી તુરતજ અદ્રશ્ય થઇ ગઇ.

તે પછી અનુક્રમે કુમારદેવી અશ્વરાજ મંત્રીની પત્ની થઇ. અને તેણીને ક્રમે કરીને ચારપુત્ર—લુણિંગ, મલ્લદેવ, વસ્તુપાળ ને તેજપાળ થયા અને સાતપુત્રીઓ થઇ.

વસ્તુપાળને જયંતસિંહ નામે પુત્ર હતો અને તેજપાલને લવણસિંહ નામે પુત્ર હતો, પિતાના સ્વર્ગવાસ પછી તે કુટુંબ અનુક્રમે માંડલ આવીને વસ્યું. તે અરસામાં જૈનધર્મી ભોળો ભીમ મુસલમાનોને હાથે બબ્બે વાર રાજ્ય ખોવા છતાં પાછું ફરીને મેળવવાને ભાગ્યવંત થયો હતો. પણ તેના સામંતો તેની વૃદ્ધાવસ્થાનો લાભ લઇને સ્વચ્છંદી થયા હતા. અને દેશમાં અંધાધુંધી ભરેલો કારભાર ચાલતો હતો. તેથી તેનો વફાદાર મંડલેશ્વર આનાક અને તેના પુત્ર લવણપ્રસાદ એમ બન્નેએ તેને પડખે ઉભા રહીને સામંતોને ઠેકાણે લાવવા બનતો પ્રયાસ કર્યો. અને લવણપ્રસાદના પુત્ર વીરધવલે ઉગતી વયમાંથીજ સારૂં પરાક્રમ બતાવ્યું અને રાજ્યને મજબુત કરવા વિચાર કર્યો. પણ આ પિતા પુત્ર કાંઇક મુંજવણમાં પડ્યા હતા—કે રખેને પાટણની ગાદી હજમ કરી જવાનો પોતાની ઉપર આક્ષેપ આવે, જેથી તેઓએ શું કરવું તે માટે વિચારમાં હતા.

એ અરસામાં ભોળા ભીમદેવને કોઇ દેવી મૂર્તિએ સ્વપ્નમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવીને ફરમાવ્યું કે " તારે લવણપ્રસાદને રાજ્યનો તમામ અધિકાર સોંપીને તારી પાછળ રાજ્ય વારસ તરીકે તેના પુત્ર વીરધવલને યૂવરાજ ઠેરવવો કે જેથી તેઓ ગુજરાતને પુન: નવપલ્લવીત કરશે."

બીજેજ દિવસે ભીમદેવે મોટી રાજસભા ભરીને તેમાં પોતાના દરેક સામંત માંડલિક, અને સરદારોને હાજર થવાને ફરમાવ્યું. તેમાં લવણપ્રસાદને સર્વેશ્વરનું બિરૂદ અને વીરધવલને યૂવરાજ પદવી આપીને ગુજરાતના રાજતંત્રની કુલ જોખમદારી તેમના માથા ઉપર નાખી દીધી અને જે જે સામંતો, માંડલિકો, સરદારો બેવફા થયા હોય, પ્રજા ઉપર જુલમ કરતા હોય તેમને તાબે કરીને પાટણની સત્તા તળે આણવાને ફરમાવ્યું. ખરે આ બન્નેને આટલુંજ જોઈતું હતું. લવણપ્રસાદ પાટણ રહ્યા. અને વીરધવલે ધવલક્પુરમાં આવીને પોતાની રાજ્ય સત્તા મજબુત કરવા માંડી. પણ હજી તેની પાસે જોઇએ તેવા માણસોની ખામી હોવાથી તે મુંઝાતા હતા. એ અરસામાં ગુજરાત ઉપર પ્રીતિવાળી ગુર્જર ભૂમિની અધિષ્ઠાત્રી મણહલ્લદેવીએ બાપ–દિકરાને–લવણપ્રસાદ અને વીરધવલને વસ્તુપાલ તથા તેજપાલને મંત્રીશ્વર બનાવવાને સૂચવ્યું કે " તમે શા માટે મુંજાવ છો. વસ્તુપાલ તેજપાલને તમારા મહાઅમાત્ય બનાવો, તેઓ બળથી અને કળથી ગુર્જરભૂમિને આબાદ કરશે."

તરતજ રાજપુરોહિત સોમેશ્વર મારફત વસ્તુપાલ તેજપાલને માંડલથી ધવલક્કપુર બોલાવ્યા, અને બન્નેને

રાજ્ય વ્યાપારની મુદ્રા આપીને ગુજરાતનો કારભાર તેમને હવાલે કર્યો.

વસ્તુપાલે પ્રથમ જે જે જુલ્મી અધિકારીઓ હતા, તેમના જુલ્મો બંધ કરીને તેમની લક્ષ્મી દંડમાં લુંટી લીધી અને તે વડે લશ્કર વધાર્યું. પછી ગુજરાતના નાના ગરાસદારોને તાબે કરી તેમની પાસેથી અઢળક દ્રવ્ય મેળવ્યું. તે વડે તેઓ ક્રમેક્રમે લશ્કર વધારતા ગયા. લશ્કરની સારી ભરતી થતાં તેજપાલને સેનાધિકારી નીમી વીરધવલ સોરઠ પર ચડયો, ત્યાં પ્રથમ વઢવાણના રાજાને તાબે કરીને ઘણું દ્રવ્ય મેળવ્યું. તે પછી દરેક નાના મોટા રાજાઓ તાબે કરતો અને ખંડણી વસુલ કરતો તે વામનસ્થળીમાં આવ્યો, ત્યાં શોભનદેવના પુત્ર સાંગણદેવ અને ચામુંડરાજ રાજ્ય કરતા હતા. તેમની સાથે મોટું યુદ્ધ થયું, તેમાં તે બન્ને ભાઇ રણમાં પડ્યા. અને તેમનું કોટી ગમે દ્રવ્ય કબજે કર્યું. અને તેના પુત્રને ગાદીએ બેસાડી આગળ ચાલ્યા. આમ આખું સોરઠ તાબે કરીને કચ્છમાં ગયા. ત્યાંના રાજા ભીમસિંહ પ્રતિહારને યુદ્ધમાં જીતીને યોગ્ય કોલકરાર કર્યા. સિંધ અને ચેદી વગેરેના રાજાઓને જીતીને પોતાની આણ મનાવતા તેઓ અખુટ ખજાનો મેળવીને પોતાની રાજ્યધાનીમાં પાછા આવ્યા. આબુના પરમારને તાબે કર્યો. ગોધ્રાના ઘમંડી ધુંધુલ મંડોલકને યુદ્ધમાં જીતીને મારી નાખ્યો. ખંભાતના જુલ્મી સદીકને વસ્તુપાલે જીતી લીધો. તેની મદદે આવેલા વડવાના સંગ્રામસિંહને યુદ્ધમાં જીતી લીધો. એવી રીતે ગુજરાતની ભૂમિને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકવાર ફરીને નવ પલ્લવીત કરી–જુલ્મથી રહીત કરી. અને ફરીને પ્રજામાં રામરાજ્યની સ્થાપના કરી. વીરધવલ રાજા પણ ગુજરાતની પ્રજાના આધાર રૂપ હતો. પોતે જેવો પરાક્રમી હતો તેવોજ ઉદાર, દયાળુ અને પ્રજાવત્સલ હતો. પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી હતો. જુલ્મગારોનો તે કટ્ટો વિરોધી હતો. જેથી તેણે પોતાના રાજ્યમાંથી જુલ્મીઓનું જોર તોડીને રામરાજ્યની સ્થાપના કરી હતી. વસ્તુપાલ અને તેજપાલની મદદથી આ ધારણા તેની સર્વાંશે ફળીભૂત થઈ હતી.

એક દિવસ દીલ્હીશ્વર સુલતાન અલ્તમશ–મોજુદ્દીનનું લાખો માણસનું લશ્કર બળવાન સેનાપતિની સરદારી નીચે ગુજરાત ઉપર ધસી આવ્યું. ગુપ્તચરો મારફત વીરધવલને ખબર પડતાં તેણે તરતજ મહા અમાત્યને બોલાવી જણાવ્યું કે "મેતા ? હવે શું કરશું ! દુશ્મન જબરો છે. એ મ્લેચ્છોની આગળ આપણે બિલકુલ ફાવી શકવાના નથી. જુઓ તેણે તો ઘણા પ્રતાપી રાજ્યો સામે બાથ ભીડી તેઓને હરાવ્યાં છે."

"મહારાજ ! તેથી બ્હીવાનું કશું પ્રયોજન નથી. મને લશ્કર લઇને જવાની આજ્ઞા આપો, જેથી ત્યાં જઇને સમયને અનુકુળ કરીશ." મહા અમાત્યે જણાવ્યું.

વીરધવલે આજ્ઞા આપેલ એવા વસ્તુપાલ મંત્રીએ ચતુરંગી સેના લઇને શુભ દિવસે પ્રયાણ કર્યું. સાથે રણમાં બહાદુરીથી ટકી શકે એવા વીણી વીણીને એક લાખ સુભટો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને કેટલાક સામંત રાજાઓને પણ લીધા. ત્રીજે પ્રયાણેથી આબુનો નાયક ધારાવર્ષાદેવ કે જે ગુજરાતનો ખંડીયો રાજા હતો. તેને ગુપ્તચર મોકલીને કહેવરાવ્યું કે " મ્લેચ્છોની સેના જેવી આબુને રસ્તે આવે તે વખતે તેને પહાડની કોતરમાં અંદર આવવા દઈને પછવાડેની ઘાટી તમે રોકી લેજો. ! "

તે મુજબ જેવું યવન સૈન્ય ખીણમાં પેઠું અને થાક ખાવાને બેઠું, તે સમયે પછવાડેથી ધારાવર્ષાદેવે ઘાટીને રોકી લીધી. અને આગલી બાજુએથી વસ્તુપાલે તેની ઉપર હુમલો કર્યો. આમ આગળની બાજુએથી વસ્તુપાલ ને તેનું સૈન્ય, અને પાછળથી ધારાવર્ષાદેવ અને તેનું સૈન્ય કાળની માફક યવનોની ઉપર તુટી પડયું, ભયંકર કાપાકાપી ચાલતા યવનોમાં ત્રાસ ત્રાસ વર્ત્તાઇ રહ્યો. ચારે કોર નાશ ભાગ થઈ રહી, પણ વસ્તુપાલે કોઈને છોડ્યા નહી. કહેવાય છે કે તે રણશૂરા વસ્તુપાલને એ વખતે એવું તો શૂરાતન ચડયું કે તેણે એક લાખ યવનોને તે વખતે કાપી નાખ્યા. અને તેમના માથાનાં ગાડે ગાડાં ભરીને તે પાછો વળ્યો, અને પોતાના ધણીને આવીને નમ્યો. આપરાક્રમથી રાણો વીરધવલ ઘણોજ રાજી થયો, અને બીજી બાજુ સુલતાન અલ્તમશ આમ અચાનક પોતાના સૈન્યની હાર થયેલી જોઈને દંગ થઈ ગયો, ને મનમાં વેરની ગાંઠ વાળીને તો હમણાં પ્રતિકુળ સમય હોવાથી ચુપચાપ શાંત બેસી રહ્યો.

સુલતાનનું લશ્કર નાશ પામેલું સાંભળીને વીરધવલના યશનો ડંકો ચારે તરફ પ્રસરી રહ્યો. દુર્ધર એવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શત્રુઓનાં હૃદયો પણ વીરધવલની હાકથી ધડકવા લાગ્યાં. એવી રીતે વસ્તુપાલ અને તેજપાલે ભારતમાં વીર હાક વગડાવી અને ગુજરાતની ભૂમિને એક વાર ફરીને શોભાવી-ગુજરાતનું નામ એકવાર પુનઃ ગાજી રહ્યું.

# પ્રકરણ ૪ થું.

## જૈનોની છેલ્લી જ્યોતિ.

સમય પોતાનું કાર્ય કર્યે જાય છે. રાજા વીરધવલે પોતાના બાહુબલથી ઘણી પૃથ્વીને સાધ્ય કરી પોતાની અખંડ આજ્ઞા પ્રવર્ત્તાવી. સં. ૧૨૯૫ માં વીરધવલ યૌવનવયમાંજ મરણ પામ્યો. વીરધવલને વીરમ અને વિશલ એવા બે કુમારો હતા. વીરધવલના મરણ સમયે તેના પિતા લવણપ્રસાદ હયાત હતા. આ તરફ ગુજરાતના તખ્ત ઉપર ભોળો ભીમ ઘણોજ વૃદ્ધ અને અશક્ત એવો નામનોજ મહારાજા હતો, ખરો મહારાજા તો વીરધવલ હતો. જેણે ઠેકઠેકાણે પોતાની વીરહાક વગડાવી હતી. વીરધવળના મરણ સમયે તેનો મોટો પુત્ર વીરમ વીરમગામમાં રહેતો હતો. વીરમ ક્રોધી, ઉદ્ધત અને અવિચારી હતો, તે પિતાનો મંદવાડ જાણીને પોતાના પાસવાનો સહિત ધવલક્કપુર દોડી આવ્યો. અહીંયા મહા અમાત્યે વીરધવલને વીશલ માટે ભલામણ કરીને ગાદીને યોગ્ય તેને ગણ્યો. તે મુજબ વીરધવલ ગાદીનો હકક વીશલને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપીને મરણ પામ્યો, પાછળથી વીરમે રાજ્યગાદી ઉપર બેસવાને ઘણા ધમપછાડા કર્યા, વૃદ્ધ લવણપ્રસાદનું મન પણ વીરમ મોટો હોવાથી તેના તરફ હતું. પણ વસ્તુપાલે ભંડાર ઉપર, હાથી, ઘોડા વગેરે પર સખ્ત પહેરો મુકી દીધો. અને વાશળદેવને રાજ્ય ગાદી ઉપર બેસાડીને તેની આણ ફેરવી દીધી. તે પછી વીશલને સાથે લઈને વસ્તુપાલ વીરમની સામે ફોજ લઈને ધસ્યો જેથી વીરમને નાશીને સસરાનો આશ્રય લેવો પડયો. તરતજ મહા અમાત્યે દૂત મોકલીને વીરમના સસરાને કહેવરાવ્યું કે “ વીરમ રાજ્યનો દુશ્મન થઈને આવ્યો છે માટે જો આશ્રય આપશો તો રાજ્ય અને જીવ બન્ને ખોઇ બેસશો !”

જબલપુરના રાજા ઉદયસિંહે ગુજરાતના રાજાનો સંદેશો સાંભળીને જમાઈ વીરમને મારી નાખીને તેણે તેનું માથું આ નવા રાજાને મોકલી આપ્યું ! એવી રીતે વીશલદેવનું રાજ્ય નિષ્કંટક થયું. તે પછી સંવત ૧૨૯૮ એટલે ઈ. સ. ૧૨૪૨ માં ભીમદેવનું મરણ થયું, એ અરસામાં વીશળદેવે બીજા લોકોથી ભોળવાઇને વસ્તુપાલના હાથમાંથી રાજ્યમુદ્રા લઇ નાગર બ્રાહ્મણ નાગડ નામના મંત્રીના હાથમાં આપી.

તેજ વરસમાં ઈ. સ. ૧૨૪૨ એટલે સંવત ૧૨૯૮ માં વસ્તુપાલને સહેજ તાવ આવ્યો અને પૂર્વે કહેલું ગુરૂનું વાકય યાદ આવ્યું. એટલે તેજપાલ તથા પોતાના પુત્ર પાત્ર વગેરેને પાસે બોલાવીને તેજપાલને ઉદ્દેશીને વસ્તુપાળે કહ્યું કે “ બંધુ ! હવે આપણે શત્રુંજયની યાત્રાએ જઇએ, મને લાગે છે કે આ મારી છેલ્લી યાત્રા છે. ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એમ કહેવાને આપને કંઈ કારણ છે ?" તેજપાળે પૂછ્યું.

"હા ? મને પોતાને પણ હવે એમ લાગે છે. વળી સંવત ૧૨૮૭ ના ભાદરવા વદી ૧૦ ને દિવસે મલ્લગચ્છના શ્રીમાન નરચંદ્રસૂરિ સ્વર્ગગમનની તૈયારી કરતા હતા, તે સમયે તેમણે મને જણાવ્યું હતું કે "હે મંત્રિન્ ! આજથી અગીયારમા વર્ષે એટલે સંવત ૧૨૯૮ના ભાદરવા વદી ૧૦ ને દિવસે તમારે પણ સ્વર્ગગમન કરવાનું છે. માટે જે આત્મ સાધન કરવું હોય તે કરી લેશો. અને આજથી લગભગ દશવર્ષે એટલે સંવત ૧૩૦૮માં તમારે જવાનું છે. વસ્તુપાલે પોતાનું ભવિષ્ય કહી બતાવ્યું.

પછી તેઓ શત્રુંજય જવાની તૈયારી કરવા લાગ્યા. વસ્તુપાલ છેલ્લાં રાજા વીશલદેવ ને સોમેશ્વર પુરોહિતને મળી ને તેમની રજા લઇ આવ્યા. છેવટે નાગડ મંત્રીને મળીને જે ભલામણો કરવી હતી તે કરી અને પોતાના કુંટુંબ પરિવાર સહિત શત્રુંજય તરફ ચાલ્યા. લગભગ અઢાર વર્ષ પર્યંત ગુજરાતના મહા અમાત્યપદનું ઐશ્વર્ય બન્ને ભ્રાતાઓએ ભોગવ્યું. તે દરમીયાન લોકોપયોગી સમાજ સેવામાં, નવીન ચૈત્ય બનાવવામાં, જીર્ણોદ્ધાર કરાવવા વગેરેમાં કોટીગમે દ્રવ્યનો વ્યય કરીને તેઓએ પોતાની લક્ષ્મી સાર્થક કરી. લગભગ તેર યાત્રાઓ કરી હતી તેમાંની શત્રુંજયની આ યાત્રા આખરની હતી. તેથી પૂર્ણ નહિ થવાથી તેને અર્ધી ગણવામાં આવી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંઘ સહિત તેઓ પ્રયાણ કરતા કરતા લીંબડી પાસે ચાર ગાઉ દૂર અંકેવાળીયા ગામે આવ્યા. ત્યાં આગળ મંત્રીને મંદવાડ અધિક જણાયો, તેથી મંત્રીને આચાર્ય મહારાજોએ આરાધના સહિત મરણ સમયની સર્વ ક્રીયાઓ કરાવી. સાતે ક્ષેત્રોમાં સાત લાખ સુવર્ણનો વ્યય કરતાં અને વિધિપર્વક ધર્મતત્વ સાંભળતાં મંત્રીશ્વરે નિર્મળ ધ્યાન પરાયણ એવું અનશન વ્રત અંગીકાર કર્યું, પછી તો શુભ ભાવના ભાવત મંત્રીશ્વરનો નિર્મળ આત્મા આ ભરતક્ષેત્રમાંથી હંમેશને માટે પ્રયાણ કરી ગયો.

તેમના દેહને બંધુ તેજપાલ શત્રુંજય ઉપર લઇ ગયા. ચંદન, અગર, કર્પુર, કસ્તુરી વગેરે દિવ્ય સુગંધમય વસ્તુઓથી જે પવિત્ર જગાએ અગ્નિ સંસ્કાર કર્યો, તે જગાએ આરસનું સ્વર્ગારોહ નામે મંદિર ચણાવી રૂષભસ્વામીની પ્રતિમા સ્થાપન કરી. પછી સંઘ સહિત પોતાના કુંટુંબીઓ સાથે તેજપાલ ધવલકકપુર આવ્યા અને રાજા વીશલદેવને મલ્યા, સર્વ સમાચાર સાંભળી વીશલદેવને ઘણું દુઃખ થયું. મંત્રિના પૂર્વના અણમોલ ઉપકારો, ગુજરાતની બજાવેલી સેવા-ભક્તિ વારંવાર યાદ કરીને તે બહુ દુઃખ ધરવા લાગ્યો.

રાજા વીશળદેવે તેજપાલનુ ગારવ સાચવીને તેમને પોતાના ધન ભંડારનો અધિકારી બનાવ્યો, અને વસ્તુપાલના પુત્ર જયંતસિંહને તેના પરાક્રમથી પ્રસન્ન થઇને પેટલાદનું એશ્વર્ય આપ્યું.

વીશલદેવના સમયથી ગુજરાતના તખ્ત ઉપરથી જૈન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંગીઓનું જોર ઓછું થઈ ગયું. વનરાજથી ચાલ્યું આવતું જોર ભીમદેવ, સિદ્ધરાજના સમયમાં ઉન્નત જણાયું અને કુમારપાલના સમયમાં તો તે આસમાન પર્યંત પહોંચી ગયું હતું. તે પછી વળી ઠીકઠીક ચાલ્યું, ભીમદેવ બીજાની કાકિર્દીમાં પણ જોર સારૂં હતું; તેમજ ભીમદેવની ઉત્તરાવસ્થામાં અને વીરધવલના રાજ્યકાળમાં ગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાલ તેજપાલે ફરીને આસમાન પર્યંત અથડાવી દીધું હતું, આમ જૈનોનું ગોરવ અને તે સાથે ગુજરાતનું ગૌરવ પણ આખરનું હતું. વીશલદેવના સમયમાં જૈનોને બદલે નાગર બ્રાહ્મણો મહાઅમાત્ય થયા, જેથી ક્રમે કરીને જૈનો બીજા અધિકારોમાંથી પણ ઓછા થઈ ગયા, તેજપાળેજ માત્ર ભંડારીપદ ભોગવ્યું અને પેટલાદનું ઐશ્વર્ય જયંતસિંહે ભોગવ્યું, પરંતુ ત્યારથી જૈનોનું જોર દીનપ્રતિદિન ઘટવા લાગ્યું.

# પ્રકરણ ૫ મું.

## શ્રી વર્દ્ધમાનસૂરિ.

મહાવીરસ્વામીથી ચુમ્માલીશમી પાટે અનુક્રમે જગત્ચંદ્રસૂરિ થયા. તેઓ મહા ભાગ્યવાન અને તપસ્વી હતા. તેમણ દેવભદ્ર ઉપાધ્યાયની સહાયથી પોતાના ગચ્છનો ક્યાઉદ્ધાર કર્યો. તેમણે ચિત્તોડના રાજ્ય દરબારમાં બત્રીશ દિગંબરી આચાર્યો સાથે ધર્મવાદ કર્યો. અને પોતાની વિદ્યાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બળથી તેમનો પરાભવ કર્યો, જેથી ચિત્તોડના રાજાએ તેમનું સન્માન વધારી 'હીરલા' એવું બિરૂદ આપ્યું હતું. વળી તેમણે જીંદગી પર્યંત આયંબિલનો તપ શરૂ કર્યો હતો, જેથી ચિત્તોડના રાજાએ બાર વર્ષ વિત્યા પછી વૃદ્ધગચ્છનું નામ ફેરવીને 'તપાનુ'' બિરૂદ આપ્યું. ત્યારથી એટલે વિક્રમ સંવત ૧૨૮૫થી વડગચ્છનું નામ તપાગચ્છ તરીકે જગતમાં પ્રસિદ્ધ થયું.

તેમના સમયમાં વૃદ્ધ ગચ્છમાં શ્રીમાન્ વર્દ્ધમાન સૂરિ નામે આચાર્ય થયા, તેમણે જ્યારથી વસ્તુપાળ મહાઅમાત્યનું સ્વર્ગગમન સાંભળ્યું ત્યારથી નિરંતર આયંબીલનો તપ શરૂ કર્યો. સંઘે તેમને પારણાને માટે ઘણો ઘણો આગ્રહ કર્યો છતાં પોતાના શરીર ઉપર પણ મમતા રહીત એવા તે સૂરિએ અભિગ્રહ કર્યો કે તપની સમાપ્તિ થતાં શ્રીસંખેશ્વર મહાતીર્થને વંદન કરીને પછી પારણું કરીશ.

તેમને પારણું કરાવવાને ઉત્કંઠિત થયેલા સંઘ સાથે વર્ધમાનસૂરિ સંખેશ્વર તીર્થને વંદન કરવાને ચાલ્યા. પરન્તુ દૈવેચ્છાએ તેઓ સંખેશ્વર પહોંચી શકયા નહીં. તપથી તેમનું શરીર અત્યંત દુર્બલ થઈ ગયું હતું. તેમ છતાં પણ આસ્તે આસ્તે વિહાર કરતાં તેઓ માર્ગમાં જ--અધવચમાંજ સમાધિસ્થ થયા! ધ્યાનપરાયણ હોવા છતાં તેમજ ઉત્કૃષ્ટ ચારિત્રના પરિણામવાળા હોવાથી આસન્નસિદ્ધ એટલે અલ્પભવમાં મોક્ષે જનારા હતા, છતાં પણ તેવા પ્રકારના ધ્યાન વિશેષથી સંખેશ્વરના અધિષ્ઠાયક એવા દેવ વ્યંતર વિશેષપણે ઉત્પન્ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયા. ઉત્પન્ન થતાં જ તેમણે મરણ પામેલ વસ્તુપાળ કયાં ઉત્પન્ન થયો છે ? તે પોતાના જ્ઞાનથી જોયું. પણ પોતાના અલ્પ જ્ઞાનથી તે અધિષ્ઠાયક દેવ પોતે કાંઈ જાણી શકયો નાહ, તરતજ તે મહાવિદેહ ક્ષેત્રની પૂર્વ મહાવિદેહમાં જ્યાં પુષ્કલાવતી વિજયમાં શ્રી સીમંધર સ્વામી વિચરતા હતા ત્યાં ગયો. ભકિતથી ભગવંતને નમીને તેણે પૂછયું. " ભગવાન! વસ્તુપાળ ભરતક્ષેત્રમાંથી પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને હાલમાં કયાં ઉત્પન્ન થયા છે ? "

" વસ્તુપાળનો જીવ અહીંયા પુષ્કલાવતી વિજયની પુંડરિકીણી નગરીમાં કુરૂચંદ્ર નામે રાજા થયો છે. " સીમંધર સ્વામીએ કહ્યું.

" ભગવંત ! અહીંયાથી રાજપાટ ભોગવીને તે કયાં જશે ? " ફરીને દેવે પૂછયું.

" વસ્તુપાલ અહીંથી રાજપાટનો ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કરશે. સંયમ પાળીને પાંચ અનુત્તર વિમાનના પ્રથમના વિજય વિમાનમાં અહમિંદ્ર એવા દેવપણે ઉત્પન્ન થશે, ત્યાં દેવપણાનાં સુખ ભોગવીને અહીંયાંજ—આ વિજયમાં પુન. ઉત્પન્ન થશે. પાછા રાજપણાનાં સુખ ભોગવીને ચારિત્ર લઇને કેવલજ્ઞાન મેળવી તે ભવમાંજ મોક્ષે જશે." સીમંધર સ્વામીએ ટુંકમાં વસ્તુપાલનો મુકિતગમન સુધીનો અધિકાર કહી સંભળાવ્યો.

" અનુપમા દેવી કયાં ઉત્પન્ન થઇ છે? "

" તેજપાલ મંત્રીની પત્નિ અનુપમા દેવી આજ વિજ-

યમાં જન્મથી પવિત્ર એવા ઉત્તમ જૈન કુળમાં શ્રેષ્ઠીની પુત્રી થઇ છે. આઠ વર્ષની થતાં તેણે સંયમ લીધું છે. અને ઘનઘાતી કર્મનો ક્ષય કરવાથી તેને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે. દેવતાએથી વંદિત એવી આ કેવલીની પર્ષદામાં બેઠેલી છે. દેશે ન્યૂન પૂર્વ કોટી વર્ષ પર્યંત સંયમને પાળીને ચાર અઘાતી કર્મનો ક્ષય કરીને મોક્ષે જશે."

"હવે ભગવંત ? બીજી એક વાત કહો, તેજપાળ અહીંયાથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે. ?"

"તેજપાલ મંત્રી મરણ પામીને પહેલા દેવલોકે સંપત્તિમાં ઇંદ્ર સમાન દેવ થશે."

"તે મોક્ષે ક્યારે જશે; ભગવન ?"

"ત્યાંથી ચ્યવી મનુષ્યભવમાં ચારે પ્રકારના ધર્મની સામગ્રી પામીને અનુક્રમે ચોથે ભવે તે સિદ્ધ થશે."

એ પ્રકારની ભગવંતની વાણી સાંભળીને કેવલીની પર્ષદામાં બેઠેલી અનુપમા સાધ્વીને વંદન કરીને તે દેવ સ્વસ્થાનકે ચાલ્યો ગયો.

# પ્રકરણ ૬ ઠું.

## સુભટશાહ.

મધ્ય હિંદુસ્તાનમાં નાગપુર નામે મોટું શહેર છે. એ શહેરમાં ઓશવાળ વંશનો પૂર્ણસિંહ નામે અલ્તમશ બાદ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાહનો માનિતો મંત્રી રહેતો હતો. તેણે શત્રુંજય, ગિરનાર વગેરેની યાત્રાઓ કરી હતી અને અણહિલ્લવાડના મહાઅમાત્ય વસ્તુપાળ તેજપાલે તેમનો સત્કાર કરીને રાજ્ય તરફથી પણ સારી મદદ આપી હતી. ત્યાંના ઓશવાળ વંશમાં સુભટશાહ નામે એક શેઠ હતો. ગુણવંતોમાં શિરોમણિ એવા તે શેઠને સંખેશ્વર પાર્શ્વનાથને વંદન કરવાનો અભિગ્રહ હતો. એક દિવસે તેણે તે વિચાર પોતાના કુટુંબમાં જણાવ્યો અને સર્વ કુટુંબીઓની અનુમતિથી સંખેશ્વર જવાનો વિચાર નક્કી કર્યો. સારે દિવસે પોતાના કુટુંબ સહિત તે ગાડાં જોડીને ભોગાદિકની કેટલીક વસ્તુઓ સાથે લઈને નિકળ્યો. અનેક પ્રકારની ભાવના ભાવતો સુભટશાહ ત્વરાએ સંખેશ્વરજીને વાંદવા ચાલ્યો. કેટલોક માર્ગ ઉલ્લંઘન કરી ગયા પછી રસ્તામાં તેને બહારવટીઆઓનો ભેટો થતાં તેઓ તેનો લગભગ બધો સામાન સારી રીતે લુંટીને ચાલ્યા ગયા.

ચોરલોકોના ઉપદ્રવથી નિર્ધન થઇ ગયેલા સુભટશાહ શ્રેષ્ઠિનો ઉત્સાહ મંદ પડી ગયો, મોટી મોટી તેમની ભાવનાઓના કિલ્લા હવામાં ઉડી જતાં આકુળ–વ્યાકુળ થઈ ગયા, તેથી "હવે શું મોં લઇને આપણે યાત્રાએ જઇશું. ચાલો પાછા વતન જઇએ." સુભટશાહના પુત્રે કહ્યું.

"હા ! ચાલો ! સર્વ કાંઈ આપણું લુંટાઈ ગયું. એક ફક્ત જીવિત બાકી રહ્યું." પુત્રની માતાએ અનુમોદન આપ્યું.

"ગમે તેમ હોય, પણ જીવિત છે તો બીજું બધું એની મેળે આવી મળશે. એક વખત આપણે સંખેશ્વરજીને વાંદવા તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જઇએ. પછી જે થવાનું હશે તે થશે." સુભટશાહનું ખેદવાળું ચિત્ત હોવા છતાં પણ તેણે પોતાનો નિશ્ચય જણાવ્યો.

"પણ આપણી પાસે કાંઈ સાધન નથી તેનું કેમ કરશું ?" બીજાએ પૂછયું.

"ધર્મ પસાયે તે સર્વે મળી રહેશે, પણ આટલે લગી આવીને હવે પાછા જઈએ એ શું સારૂં કહેવાશે ? માટે એક વખત આપણે શંખેશ્વર પાર્શ્વનાથને તો જરૂર વાંદવાજ જોઈયે." શ્રેષ્ઠિએ પોતાનો નિશ્ચય જણાવ્યો.

આખરે સર્વે જણા જવાના નિશ્ચયપર આવ્યા, પછી તેઓ જેમ તેમ સંખેશ્વર પહોંચ્યા. ભગવાનનાં દર્શન કર્યાં. સ્નાન વગેરેથી શુદ્ધ થઈને ભગવંતની—સંખેશ્વર પાર્શ્વ-નાથની પ્રતિમાને પૂજીને તેમની આગળ બેસી ભક્તિથી ઉપાલંભ પૂર્વક સુભટશાહ તેમની સ્તુતિ કરવા લાગ્યો.

હે પ્રભુ ! હે અંતર્યામી ! તમે અનંત શક્તિવાન છો. તમારા પ્રભાવથકી પ્રાણીઓ અનેક કષ્ટથી મુક્ત થાય છે, સંપ-દાઓ સ્વયમેવ તેમને આવીને પ્રાપ્ત થાય છે. આ અવસર્પિણી કાલમાં ચોવીશે તીર્થંકરોમાં આપ પ્રગટ પ્રભાવવાળા અને ભકતજનોને ચિંતામણિ સરખા છો, આ કલિકાલમાં પણ લોકોમાં આપનો મહિમા જાગતો-હાજરાહજુર છે. દેવદા-નવ, કિન્નર, ગાંધર્વ અને તેના સ્વામીઓ-ઈંદ્રો સર્વકોઇ તમારો પ્રભાવ ગાયા કરે છે. એવા તમે પુરિસાદાની કહેવાઓ છો. એક નમસ્કાર માત્રથી તમે તમારા ભકતજનની વિપ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્તિઓ દૂર કરીને સંપત્તિઓ આપો છો. ત્યારે ક્રુર ચોર, લુંટારા વગેરે મ્હારી ઋદ્ધિ લૂંટી ગયા છતાં પણ તમે કાંઇ કરી શકયા નહીં ? ભકતજનોને અભિષ્ટ દેવાનું આપે વ્રત લીધું છે, છતાં આજે પોતાના ઘરની પણ રક્ષા કરવામાં કેમ મંદ થઇ ગયા છો ? શું તમારો જાગતો પ્રભાવ વ્યર્થ થશે ? ” એ પ્રમાણે ભકિતએ કરી મુગ્ધ એવી સ્તુતિ કરતો હતો, તે વખતે તેની આગળ સંખેશ્વરાધિષ્ઠાયક પેલો દેવ જે મહાવિદેહ ક્ષેત્રમાં ગયેલો હતો, તે અકસ્માત્ તેની આગળ પ્રગટ થયો; “ હે શ્રાવકોત્તમ ? તું ભગવંતને વ્યર્થ ઉપાલંભ શા માટે આપે છે ? ”

“ દેવ! આવા ભગવંતનો પ્રગટ પ્રભાવ છતાં મારી બધી સામગ્રી ચોર લોકોએ લુંટી લીધી તેથી પ્રભુ સાથે વાત કરૂં છું. ” સુભટશાહે અકસ્માત્ પ્રગટ થયેલા દેવને કહ્યું.

“ અરે! તારી બધી સામગ્રી તારી ગાડીમાંજ છે, છતાં તું વ્યર્થ પ્રભુને મુગ્ધભાવથી ઉપાલંભ શામાટે આપે છે ? ” દેવતાએ કહ્યું.

એટલામાં તો વચમાં તેના પુત્રે હર્ષથી બોલતાં જણાવ્યું “બાપુ ! પૂજાયોગ્યની સર્વ સામગ્રીઓ તથા આપણું જે કાંઇ લુંટાઇ ગયું હતું તે સર્વ પુનઃ પ્રાપ્ત થયું છે, કાંઇ પણ ચીજ આપણી ગઇ નથી. ”

“ અહો ! આ તો ખરે આશ્ચર્ય ! ” સુભટશાહે દેવને પૂછયું.

“ તીર્થોની ભક્તિ કરવાથી તે તે તીર્થના અધિષ્ઠાયક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવતાઓ સાવધાન થઇને મનુષ્યોને ઇષ્ટફલ આપે છે. બાકી તો કૃતકૃત્ય થયેલા આ વીતરાગ પ્રભુ તો મુકિત ગયા છે એટલે તે તો સ્તુતિથી પ્રસન્ન થતા નથી કે નિંદાથી ક્રોધ પામતા નથી." દેવતાએ કહ્યું.

"દેવ ! આપ શું સંખેશ્વરપાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવ છો ?"

"હા ! હાલમાંજ હું સંખેશ્વરના અધિષ્ઠાયક તરીકે ઉત્પન્ન થયેલો છું. તમારા માલની લુંટ થયેલી જાણી મેંજ તે વસ્તુઓ તમને પાછી લાવી આપી છે." કહીને દેવ અદૃશ્ય થઇ ગયા.

બાદ તે શ્રાવકોત્તમ કેટલાક દિવસ ત્યાં રહ્યો અને પૂર્ણ ભાવ–ભકિતપૂર્વક સંખેશ્વર પાર્શ્વનાથની ભકિત, સેવા પૂજા, પ્રભાવના, ઉપાસના કરી. અને શાસનના ઉદય માટે સંઘપતિને યોગ્ય સમસ્ત કૃત્યો તેણે ત્યાં વિધિપૂર્વક કર્યાં અને પછી તે પોતાને વતન પાછો ફર્યો. ત્યાંના સકલ સંઘને રસ્તાની બીના તથા પ્રભુનો પ્રભાવ જણાવવાથી સકલસંઘને ઘણોજ હર્ષ થયો.

# પ્રકરણ ૭ મું.

## ઇતિહાસ પરિચય.

રાજાઓમાંથી જેમ જેમ જૈનત્વ ભાવના નષ્ટ થતી ગઇ, અને તેઓ અન્યધર્મી થયા, તેમ તેમ પરદેશીઓના હુમલાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારતને ઘણુંજ નુકશાનમાં ઉતરવું પડ્યું છે. પોતાના પૂર્વનો ચાલી આવતો ધર્મ છોડીને શંકરાચાર્યે, રામાનુજે અને કુમારિલભટ્ટ વગેરેએ તેમને પોતાના ધર્મમાં દાખલ કર્યા. પરન્તુ એથી તેઓ કાંઈ ફાવી શકયા નથી. ધર્મગુરૂઓએ એથી તો દેશમાં ધર્મદ્રોહના આગ સળગાવી, એ આગમાં દેશી બળવાન રાજ્યોની પણ સ્વતંત્રતાઓ બળીને ખાખ થઇ ગઇ !

બારમા સૈકાની શરૂઆતમાં કર્ણદેવ જોકે વેદધર્મી હતો; છતાં તે અર્ધો જૈન જેવોજ હતો. દક્ષિણના રાજાઓ જૈન હતા. કર્ણાટકના જૈન રાજા જયકેશીની પુત્રી મિનલદેવી સાથે ગુર્જરેશ કર્ણદેવનું સગપણ થયું હતું. એટલે મિનળદેવી પણ જૈન હતી, તેમજ ગુજરાતમાં પણ જૈન મંત્રીઓનું સામ્રાજ્ય હતું, પણ બીજે ઠેકાણે રાજ્યધર્મ તરીકે જૈન-ધર્મ કવચિતજ હતો. કારણકે અન્યધર્મના આચાર્યોના ઘા ઘણાખરા રાજયોમાં સફળ થયા હતા; કર્ણદેવ પણ બારમા સૈકાના મધ્ય ગાળામાં તેનો પુત્ર જયસિંહ ગુજ-રાતના તખ્તનો માલેક થયો, તેના વખતમાં પણ જૈન અમા-ત્યોનું જોર પ્રબળ હતું; તેમજ તેમના સમયમાં થયેલા પ્રખર વિદ્વાન હેમચંદ્રાચાર્યનો પ્રતાપ આ ભારતવર્ષ ઉપર જામતો જતો હતો, તેની પ્રભા મહારાજાધિરાજ સિદ્ધરાજ ઉપર પણ પડી ચુકી હતી, જેથી ગુજરાતમાં તો જૈનોનું પ્રબળપણું કાયમ રહ્યું હતું.

આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યને એકવાંર ફરીને ભારત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વર્ષ ઉપર સંપ્રતિરાજા જેવું જૈન રાજય સ્થાપન કરીને "અહિંસા ધર્મ" નો દિગ્વિજય ભારતના ખુણે ખુણે ફેલાવવાની પૂર્ણ જીજ્ઞાસા હતી, તે ભાવના તેરમી સદીની શરૂઆતમાં પરિપૂર્ણ થઈ, સિદ્ધરાજ પછી ગુર્જરેશ્વર કુમારપાલ થયો અને તેમના સમયમાં હેમચંદ્ર રાજયગુરૂ થયા, અને રાજાને પ્રતિબોધી જૈનધર્મમાં ચુસ્ત કર્યો. જેથી તેણે અહિંસાધર્મનો દિગ્વિજય કર્યો. અઢારે વર્ણમાં જૈનધર્મને ઉત્તેજન મળ્યું અને જૈનધર્મના પ્રતાપનો સૂર્ય આસમાન સુધી ઉંચે ચડી ગયો, કુમારપાળ દયાનો સાક્ષાત્ અવતાર હતો; છતાં ગુન્હેગારોને તે શીક્ષા કરવામાં જરાય આંચકો ખાતો નહિ. યુદ્ધમાં પોતાના શૌર્યને તે કદિ લજવતો નહી. તેના સમયમાં ભારતમાં તે અદ્વિતીય વીરયોદ્ધો કહેવાતો, ભારતનો કોઇ રાજા તેની સામે જોવાને શકિતવાન થતો નહી, અને જેમણે કુમારપાળ સામે માથું ઉંચકયું હતું—તેઓ છેવટ સુધી ફાવ્યા નથી.

કુમારપાળ પછી જૈનધર્મનો દુશ્મન અજયપાળ રાજા થયો, તેણે જૈનત્વનો નાશ કરવા માંડયો, જૈન સરદારોને ગુન્હામાં સપડાવીને મોતની શિક્ષાઓ કરી, જૈનોનાં મોટાં મોટાં મંદિરો તોડી પાડયાં અને કુમારપાળે બંધાવેલું તારંગાજીનું મંદિર તોડવાને છેવટે તેણે તારંગા ઉપર ચડાઇ કરી! એથીય આગળ વધીને તેણે હેમચંદ્રસૂરિના મુખ્ય શિષ્ય રામચંદ્રને તપાવેલી શિલા ઉપર બેસાડીને! તેમનો પ્રાણ લીધો! શી માનવ પ્રકૃતિ ? ધર્મદ્વેષી બનીને એવી અનેક 'પાપલીલાઓ' કરી, ત્રણ વર્ષમાં મરણ પામીને નરકનો અતિથી થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેવટે અણહિલ્લવાડના તખ્ત ઉપર ભોળો ભીમ ગુર્જરે-શ્વર થયો, ત્યારે ભારતમાંના બીજા હિંદુ રાજ્યો ઘણાંજ સમૃદ્ધ અને બળવાન બની ગયાં હતાં. જ્યારે ગુજરાતના તખ્ત ઉપર ભોળોભીમ, બળવાન ભીમ સમો મહાપરાક્રમી રાજા હતો. ત્યારે દીલ્હીના તખ્ત ઉપર પૃથ્વીરાજ બેઠેલો હતો તથા અજમેરના તખ્ત ઉપર પૃથ્વીરાજનો પિતા સોમેશ્વર ચોહાણ હતો. મેવાડના તખ્ત ઉપર પૃથ્વીરાજનો બનેવી સમરસિંહ હતો. અને કાન્યકુબ્જ—કનોજના તખ્ત ઉપર મહા બળવાન કનો-જરાજ જયચંદ્ર રાઠોડ રાજ્ય કરતો હતો હિંદ આ સમયે પૂર્ણ જાહોજલાલી અને ઉન્નતિના શિખર ઉપર આરૂઢ થયું હતું. ગુજરાતના તખ્ત ઉપર આ સમયે પણ જૈન મંત્રીઓનું જોર હતું. અમરસિંહ સેવડો, અશ્વરાજ મંત્રી, આભુશાહ દંડનાયક વગેરે બળવાન જૈનો તેના તાબામાં હતા. આ સમયે પાછી મ્લેચ્છોની સ્વારીઓ ભારતવર્ષ ઉપર થવા લાગી, સાત સાતવાર પૃથ્વીરાજે શાહબુદ્દિનને હરાવીને નસાડ્યો, ગુજરાત ઉપર ચડી આવ્યો ત્યાં ભોળા ભીમે તેને નસાડ્યો, પણ શાહબુદ્દિન હિમ્મત હાર્યો નહી, બાદ એક એવી ભયંકર ઘટના ઉપસ્થીત થઇ કે જેથી ભારતની પાયમાલી થઇ ગઈ.

તે ઘટના તે આબુના પરમાર રાજા જેતસિંહની કન્યાનું ભીમે માગું કર્યું. પણ આબુના પરમારોએ તેને તિરસ્કારી કાઢ્યો, જેથી ભીમદેવ ક્રોધાયમાન થઇને પોતાના સકલ સૈન્ય સહીત આબુ ઉપર ચડી આવ્યો. આબુના રાજાએ અજમેરથી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોમેશ્વર ચૌહાણને મદદે બોલાવ્યો. ભીમે આબુ પાયમાલ કર્યું. પરમારો જેટલા જીવતા બચ્યા, તેટલા ચંદ્રાવતી છોડીને ભાગી ગયા, સોમેશ્વર ચૌહાણ રણમાં હમેશને માટે સૂતો.

આ તરફ પૃથ્વીરાજને કનોજરાજ જયચંદ્ર સાથે વેર થયું, તેની પુત્રી સંયુકતાનું હરણ કરીને તેને પરણી ગયો. કનોજરાજનો ગુસ્સો આથી બેહદ વધી ગયો એ લગભગમાં પોતાના પિતાનું મરણ સાંભળીને તેને ભોળા ભીમ સાથે વેર થયું. પછી યુદ્ધો થયાં, ને અનેક મહારાજ્યોની પાયમાલી થઇ, ને શાહબુદ્દીન ફાવી ગયો.

તે છતાં અહિંસા ધર્મ પ્રતિપાલક ગુજરાતનું ભાગ્ય પ્રબળ હતું. તેના અધિષ્ટાયકો જાગૃત હતા, બીજી ભુવડની રાજ્યતનયા મણુહલ્લદેવી ગુજરાતની અધિષ્ટાત્રી; ગુજરાતની ભાગ્યલક્ષ્મી સર્વ કોઇ હજી જાગૃત હતાં, જેથી ગુજરાતનું તખ્ત બે બેવાર મ્લેચ્છ રાજાના હાથમાં ગયેલું પાછું સ્વતંત્ર થયું, અને ભોળો ભીમ ગમે તે સંયોગમાં પણ ગુજરાતનું તખ્ત મેળવવામાં નસીબવંત થયો.

વસ્તુપાળ અને તેજપાળ પછીના સમયમાં ગુજરાતમાં જૈનોનું જોર નરમ પડયું, પ્રધાનપદ નાગર બ્રાહ્મણોના હાથમાં ગયું, વીશલદેવે અન્યાય કરીને જૈનોનો એ હક્ક છીનવી લીધો, ત્યારથી સમજો કે ગુર્જરેશ્વરોની પડતી થઇ અને ત્રીજીજ પેઢીએ એ પ્રધાનોએ-નાગર બ્રાહ્મણ માધવ મહાઅમાત્યે તેનાં કડવાં ફલ ગુર્જરેશ્વરને ચખાડયાં, બલ્કે ગુજરાતને ખેદાન મેદાન કરાવી અણહિલ્લવાડનો—તેના સૌભાગ્યનો નાશ કરાવ્યો. દીવાની સાચવવાના હક્ક તો વણીક જ્ઞાતિનોજ હોય!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુનઃ જ્યારે પ્રજામાં જૈનધર્મનાં તત્વો પ્રસરશે અને જૈનધર્મ જેમ જેમ પોતાની ઉન્નતિમાં આગળ પગલું ભરશે, તેમ તેમ ભારત પાછું સ્વતંત્રતાના મધુરાં કીરણો જોઇ શકશે એ નિ:સંદેહ વાત છે.

ચોદમી સદીની શરૂઆતમાં એટલે વિક્રમ સંવત ૧૨૦૮ પર્યંત તેજપાળે લઘુ શ્રી કરણુનો અધિકાર દશ વર્ષ પર્યંત ભોગવ્યો. તે પછી ૧૩૦૮માં તે પણ સહકુટુંબ સંઘ સહિત શ્રી સંખેશ્વર જીનાધીશને વંદન કરવાને ચાલ્યો, ત્યાં રસ્તામાં ચંદુર નજીક આવતાં તેજપાળ સ્વર્ગસ્થ થયા. સંવત ૧૩૦૮ જૈતસિંહને ખબર પડતાં કાકાનો શોક કરતા તેણે વીશલદેવની આજ્ઞા લઇને ત્યાં જઇને ગજ અશ્વોની રચનાયુકત તોરણુ સહિત, મંદરાચલ સમાન ઉન્નત્ત જીનમંદિર બંધાવ્યું. તેમજ ત્યાં સરોવર, ધર્મશાળા અને બે દાનશાળાઓ તેજપાળના કલ્યાણુ નિમિત્તે તૈયાર કરાવી.

એવી રીતે વિક્રમના તેરમા સૈકાથી જૈનધર્મની પડતીની શરૂઆત થાય છે, બારમા અને તેરમા સૈકામાં ખડતર, વડગચ્છ, તપ્પાગચ્છ, પુનમીયા, આગમિક, ચૈત્રવાલ, આદિ ઘણા ગચ્છોની ઉત્પત્તિ થઇ. પોતપોતાના ગચ્છની પ્રતિષ્ઠા વધારવાને સારૂ આચાર્યો બીજા ગચ્છની નિંદા કરતા ઘરમાંજ કલહ કરવા લાગી ગયા, એથી અન્ય ધર્મીઓને પોતાનો ધર્મ ફેલાવવાની અમુલ્ય તક હાથ લાગી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૫ મો.

## પ્રકરણ ૧ લું.

### દુર્જનશલ્યનું સૂર્યારાધન.

"રાજન્ ! આપ શા માટે ખેદ કરો છો ? દુનીયામાં જે જે રોગો ઉત્પન્ન થાય છે તેના પ્રત્યુપાયો પણ હોય છે. એવો કોઈ રોગ નથી કે જે ઔષધીથી સાધ્ય ન થઈ શકે." કારભારીએ ચિંતાગ્રસ્ત ચહેરે પોતાના દિવાનખાનામાં બેઠેલા રાજાને દિલાસો આપવા માંડ્યો.

"અરે ! પણ આ કુષ્ટ રોગને નાબુદ કરવાને જગત પરના સર્વ વૈદ્યોની દવાની અજમાયશ કરી, પણ કોઈ દવાએ અસર ન કરી. હું તો હવે જીંદગીથી પણ કંટાળી ગયો છું." રાજાએ ભગ્નહૃદયે પ્રત્યુત્તર આપ્યો.

"એથી કાંઈ હિંમત હારી જવાની જરૂર નથી. પ્રયાસ કરવો એ આપણું કામ છે, ફલ તો દૈવના હાથમાં છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તો કહો. હવે તમે શું કરવા ઈરાદો રાખો છો?" રાજાએ પૂછયું.

"મારો ઈરાદો હવે કોઈ જુદીજ દિશામાં વળ્યો છે, હું આપણા રાજપુરોહિતને બોલાવું છું." કહી કારભારીએ બહારથી પ્રતિહારીને બોલાવ્યો.

તરતજ પ્રતિહારી નમન કરીને ઉભો રહ્યો. તેને કારભારીએ જણાવ્યું "જા! રાજપુરોહિતને તાકીદે બોલાવી લાવ?"

કારભારીનો હુકમ સાંભળીને પ્રતિહારી ચાલ્યો ગયો.

"મહારાજ! મારી ઈચ્છા એવી છે કે રાજપુરોહિત પાસેથી વિધિવિધાન જાણીને કોઈ દેવનું આરાધન કરીને તેની મારફતે આ રોગ મટાડવો." પ્રધાને કહ્યું.

"અરે! એ તો તમારી ભ્રમણા છે. એ કયાં આપણે માટે નવરાં બેઠાં છે કે આપણો રોગ મટાડવાને આવે?" રાજાએ નિરાશા બતાવી.

"એવું કાંઈ છે નહી, કેટલાંક વિધિવિધાનો એવાં સાક્ષાત્ હોય છે, કે તેના આકર્ષણ બળથી એવી શક્તિનું ખેંચાણ થાય છે ને તેને આવવું પડે છે. જોઈએ તો ખરા, પ્રયત્ન કરવામાં આપણું શું જાય છે?" નિરાશ હૃદયના રાજાને પુનઃ આશા ઉત્પન્ન કરી.

એટલામાં રાજપુરોહીત આવી પહોંચતાં બિછાવેલા આસન ઉપર બેસાડ્યા "જય થાઓ! રાજાજનો! આપને શરીરે કેમ છે?" રાજપુરોહીતે સમાચાર પૂછયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" કાંઇ આરામ નથી ! શાંતિનું નામ નથી. કુષ્ટના રાગથી પુરાહીતજી ! હું તો સાવ કંટાળી ગયા છું–મરવાને હવે તો તૈયાર થયો છું "

" રાજન ? એમ અધિરાઇ કર્યે કાંઇ દિવસ વળે ? કરેલાં કર્મો ભોગવ્યા વગર કેમ ટળે ? દુષ્કર્મોના નાશ થતાં આરોગ્ય સ્વયમેવ નિમિત્ત પામીને જતા રહેશે. આપને આરામ આરામ થશે. " પુરાહિતે ધીરજ ધરવાને કહ્યું.

" પુરાહીતજી ? શાસ્ત્રોમાંથી શોધ કરીને કોઇ એવા દેવનું આરાધન વિધિ બતાવો કે જેના આરાધનથી આપણા મહારાજ રોગમુક્ત થાય–નિરોગી થાય. " પ્રધાને વચમાં પુરોહીતને મુદ્દાની વાત કહી સંભળાવી.

પુરોહીત વિચારમાં પડ્યો અને અંતરમાં જાણે કાંઇ શોધતો હોય તેમ પૂર્વની વાતોનું સ્મરણ કરવા લાગ્યો. "કયું વિધાન રાજાને અનુકુળ જણાશે ? શું રસ્તો બતાવું કે જેથી રોગ નાબુદ થાય ! હા હા, ઠીક યાદ આવ્યું " એમ વિચારી તરતજ રાજાને કહેવા લાગ્યો. " મહારાજ ! પુર્વે ભોજરાજાની સભામાં રાજાના માનીતા એવા મયુર અને બાણુ નામના બ્રાહ્મણુ વિદ્વાન–પંડિતો હતા. બન્ને પ્રતિષ્ઠામાં એકમેકથી વધી જાય તેવા હતા. બન્ને સાળા અને બનેવીના સંબંધવાળા હતા. એટલે કે બાણુની બેન સાથે મયુર પંડિતના લગ્ન થયાં, એક દિવસ બેનના શ્રાપથી બાણુ પંડિતનું શરીર કોઢથી વ્યાપ્ત થયું. બીજે દિવસે બાણુ પંડિતે કુષ્ટી રોગ નાશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવાને સૂર્યદેવનું આરાધન કર્યું, તરતજ આરાધન કરેલા સૂર્યદેવે પ્રસન્ન થઇને બાણુનો કુષ્ટ રોગ નાશ કર્યો. અને તેનું શરીર દિવ્ય કાંતિવાન થયું " પુરોહીતે જણાવ્યું.

" તો તમારૂં કહેવું એમજ છે ને કે મહારાજે પણ સૂર્યનું આરાધન કરવું " પ્રધાને પુછયું.

" હાજી ! સૂર્યદેવનો પ્રભાવ હાજરાહજુર છે. જેથી રાજાને તરતજ આરામ થઇ જશે. " પુરોહિતે કહ્યું.

" ઠીક ત્યારે શુભ દિવસ શોધી કાઢી તેના આરાધનની વિધિ બતાવો. " રાજાએ કહ્યું.

તે પછી શુભ દિવસે રાજા દુર્જનશલ્ય સૂર્યદેવના મંદિરમાં તેનું આરાધન કરવાને એક ધ્યાને–તાદાત્મક વૃત્તિએ બેઠો,

# પ્રકરણ ૨ જું.

## સૂર્યદેવની નિર્બળતા.

દુર્જનશલ્ય રાજાને સૂર્યમંદિરમાં સૂર્યદેવનું આરાધન કરતાં કેટલાક દિવસો વહી ગયા. ત્યારે એક દિવસ રાજાને સૂર્યદેવે પ્રત્યક્ષ થઇને પ્રસન્નતા પુર્વક પુછયું " રાજન ? શા માટે મારૂં સ્મરણ કર્યું ? તમારૂં જે કંઇ કાર્ય હોય તે નિવેદન કરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" દેવ ! જગત ઉપર આપનો ઉપકાર અણુમોલ છે. પ્રાણી માત્રને આપ સુખને આપનારા છો. ઐશ્વર્યમાન, સર્વ શકિતમાન છો. આપનો પ્રતાપ, તેજ, અને ગૌરવ વર્ણવવાને કોણુ સમર્થ છે ?" રાજાએ સૂર્યદેવને પ્રત્યક્ષ જોઇ તેમની સ્તુતિ કરી.

" કહો ! મારૂં શું કાર્ય છે, ?" સૂર્યદેવે આગળ પુછયું.

" આપ પ્રસન્ન થયા હો તો મારા શરીરનો કોઢ નિવારણુ કરો–મને આરામ કરો." રાજાએ પોતાનું દુઃખ નિવેદન કર્યું.

" રાજન્ ! એ તમારો રોગ દૂર કરવાની મારામાં શકિત નથી. પુર્વના દુષ્ટ કર્મો પ્રાણીને અવશ્ય ભોગવવા પડે છે. " સૂર્યદેવે પોતાની દુર્બળતા બતાવી.

" રે ! આપ શું બોલો છો ? આપ દેવ જેવા દેવ થઈને મારો રોગ મટાડી શકતા નથી ? આ તો આશ્ચર્ય ? "

" દેવતાઓ પણુ કર્મજન્ય પીડાઓ ટાળવાને અસમર્થ છે. દૈવનો દોષ ટાળવાને જગતમાં કોણુ સમર્થ છે. ?"

" ત્યારે શું મારૂં આ દુષ્કર્મ–રોગ આપ નાશ કરી શકો તેમ નથી ?"

" રાજન્ ! એ દુષ્કર્મ હજી તમારે કેટલોક કાળ ભોગવવાનું છે. ઉદય આવેલું કર્મ ભોગવ્યા વગર કયારેય પણુ છુટી શકતું નથી, જેથી તે તમારે અવશ્ય ભોગવવું જ પડશે. સૂર્યદેવે જણાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" ત્યારે આપે બાણુ કવીનો કોઢ રોગ કેમ તત્કાલ મટાડી દીધો ? અને અત્યારે આ વખતે નિર્બળતા કેમ બતાવો છો ? " રાજાએ કહ્યું.

" બાણુ કવિની અને તમારી વાત જુદી છે. બાણુ કવિ ઉપર સતીનો શ્રાપ હતો. દુનીયામાં એક શકિતથી બળવત્તર બીજી શકિત જયારે સામે અથડાય છે ત્યારે પુર્વની શકિતનું જોર નરમ પડી જાય છે. તે સતીનો શ્રાપ હતો, મારા થકી તે શ્રાપનો અનુગ્રહ થયો, એવું વિધિનિર્મિત હતું. કંઇક એ બ્હાને કવિને દુષ્કર્મ પણ ભોગવવાનું હતું; તેમજ તેમના પાંડિત્યનો પ્રભાવ પ્રગટ થવાનું હતું. જે કાલે વિધિનાં વિધાન બનવાનાં હોય છે તે સર્વે તે તે કાળને પામીને બન્યાજ કરે છે. " સૂર્યદેવે ખુલાસો કર્યો.

" હે દેવ ? શું ત્યારે મારો રોગ નાશ કરવાને કોઇ ઉપાયજ નથી ? જીંદગીમાં કયારેય પણ મારો રોગ નાશ થશે કે નહી, તે લગાર કહેશો ? " રાજાએ છેલ્લે પૂછયું.

" હા ? હજી એક ઉપાય બાકી છે તે તું અજમાવ ! ભાગ્યનો પાસો તું એકવાર ફેંકી જો, એ છેલ્લી આશા છે. "

" શું છે તે દાવ ? "

"સાંભળ, વઢીયાર પ્રદેશમાં શંખપુર, ગ્રામે સંખેશ્વર પાર્શ્વનાથનું પ્રાચિન કાલનું શ્રી કૃષ્ણ વાસુદેવના સમયનું ચાલ્યું આવતું તીર્થ છે. એ પાર્શ્વનાથ અદ્દભૂત છે. જે પાર્શ્વનાથની પ્રતિમાના સ્નાત્રજળથી વાસુદેવનું મૃતપ્રાય: યાદવ સૈન્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુનર્જીવન પામ્યું હતું એવી એ મહા પ્રભાવવાળી પ્રતિમા છે. માટે ત્યાં જઈ તે મહા પ્રભાવીક સંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કરો." સૂર્યદેવે રસ્તો બતાવ્યો.

"દેવ! તમે સાક્ષાત્ પ્રગટ થયા છતાં મારૂં કાર્ય ન સર્યું તો એથી શું થશે ?" રાજાએ નિરાશ્રિત દશામાં શંકા બતાવી.

"અરે! એતો મારા કરતાં ઘણી શક્તિવાળા અને પ્રભાવવાળા છે. જે પાર્શ્વનાથના આરાધનથી ઘણાના મનોરથો સંપૂર્ણ થયા છે. અને કર્મજન્ય સકલ રોગો જેમણે નાશ કર્યા છે, એવા તે સંખેશ્વર પાર્શ્વનાથનો અદ્‌ભૂત મહિમા ઠેર ઠેર ગવાયો છે, સકલ દેવોના પણ એ દેવ છે, એવા અનંત શક્તિ-વાળાથી જગતમાં કોણ વિશેષ છે ? "

"ઠીક! ત્યારે દેવ! આપનું કથન મારે માન્ય છે. જેમને આપ પણ પૂજ્ય માનો છો. તે મારે મન પૂજ્ય હોય જ. "

"રાજન્, જા, એકચિત્તે ભકિતથી ત્યાં જઈને સંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કર, જેમના પ્રભાવથી તારા મનોરથો પૂર્ણ થશે-રોગ નાબુદ થશે. " તરતજ સૂર્યદેવ અદૃશ્ય થઈ ગયા. રાજાએ તે પછી થોડા દિવસોમાં પોતાના મંત્રીઓ અને સૈન્ય સાથે વઢીયાર દેશમાં સંખેશ્વર તરફ પ્રયાણ કર્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩ જું.

## સંખેશ્વર પાર્શ્વનાથ.

" મહારાજ જોયું ને ? કરેલી મહેનત કાંઇ વ્યર્થ જતી નથી. સૂર્યદેવનું આરાધન કરવાથી જો કે તેમનાથી કાર્યસિદ્ધ ન થયું, તો તેમણે કાંઇ રસ્તો પણ સૂઝાડયો, " કારભારીએ રાજાને જણાવ્યું.

સંખેશ્વરમાં દુર્જનશલ્ય રાજાએ છાવણી નાંખી હતી, તેણે કારભારી અને પુરોહીત સાથે પાર્શ્વનાથનાં દર્શન કર્યાં. પ્રભાવીક પુરાણી પ્રતિમા જોતાં દર્શન કરીને રાજાનું મન ઠર્યું. અને તેમની સાથે આવેલા સર્વેનાં મન પ્રસન્ન થયાં.

" હા ? પ્રતિમા તો અલૌકિક છે. પણ તેનું માહાત્મ્ય આપણે વિસ્તારથી જાણુતા નથી કે આ પાર્શ્વનાથ કોણ છે ? " રાજાએ પૂછયું.

" કારણ કે તે જૈન પ્રતિમા છે. અને આપણે શૈવ છીએ, તેથી જૈનોજ તેનું વિશેષ માહાત્મ્ય જાણતા હશે. " પુરોહીતે કહ્યું.

" છતાં સૂર્યદેવે મને એટલું તો કહ્યું છે કે એ કૃષ્ણના પણ દેવ છે, તેમણે ભજેલા એ ભગવંત છે. કહો જેમને ખુદ કૃષ્ણે ભજ્યા, એમનામાં કહેવું શું પડે ? " રાજાએ કહ્યું.

" કૃષ્ણ કે જેમને જગત્ આખું પ્રભુ તરીકે પુજે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓ પણ જેને પુજી રહ્યા હોય તેમાં કાંઈ સવિશેષ કારણ હશે. ” પુરોહીતે જણાવ્યું.

“ હા ? વાસુદેવનું સૈન્ય પ્રતિવાસુદેવની જરા રાક્ષસીથી જ્યારે જરાગ્રસ્ત થયું, ત્યારે કૃષ્ણે અઠ્ઠમ તપથી ધરણેંદ્ર–નાગનાથનું આરાધન કરીને પાર્શ્વનાથની પ્રતિમા મેળવી. ”

“ અને તે પછી શું થયું ? ” અધિરતાથી વચમાં પુરોહીતે પૂછ્યું.

“ તેના સ્નાત્રજળથી યાદવોની જરા નાશ પામી. અને ભગવાન પાર્શ્વનાથ ત્યારથી સંખેશ્વર પાર્શ્વનાથ તરીકે પ્રગટ થયા, કૃષ્ણજીએ આ શંખપુર નગર વસાવીને મોટો પ્રાસાદ કરાવી યાદવોના પ્રાણ સ્વરૂપ આ પ્રતિમાને અહીંયા પધરાવી, તે આજ પર્યંત પૂજાતી ચાલી આવે છે. ” રાજાએ ખુલાસો કર્યો.

“ વાહ ! ઘણી પુરાણી પ્રતિમા ? ” તે અરસામાં તો ગામના શ્રાવકો પણ આવી પહોંચ્યા. તેઓએ રાજાને નમસ્કાર કરીને મંદીરને અને પ્રતિમાને લગતી દરેક હકીકતો કહી સંભળાવી.

“રાજન્! આ પાર્શ્વનાથનો પ્રભાવ એવો અલૌકિક છે કે આપનો રોગ જડમૂળથી નાબુત થઈ જશે” એક વૃદ્ધે જણાવ્યું.

“ પાર્શ્વનાથ એ કોણ ? ” રાજાએ વિશેષ હકીકત જાણવાને માટે પૂછ્યું.

આ અવસર્પિણી કાલમાં અમારા ચોવીસ અવતાર થયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. જેઓ તીર્થંકર તરીકે ઓળખાય છે. પાર્શ્વનાથ એ ત્રેવીશમા તીર્થંકર છે. તેની આ પ્રતિમા છે. જે પહેલાં સૂર્ય અને ચંદ્રના વિમાનમાં પણ પૂજાએલી હતી. આજે ભાગ્ય યોગે આપને આવા પ્રભાવિક ભગવાનનાં દર્શન થયાં છે. આપને કયાંથી ખબર હોય કે આ ભગવાન પાર્શ્વનાથનાં જુદાં જુદાં એવાં ૧૦૮ નામો જગતમાં પ્રસિદ્ધ છે. એમનો પ્રગટ પ્રભાવ જૈન શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. મહારાજ ! અમારામાં હાજરાહજુર પ્રત્યક્ષ ફલદાતા આ દેવ પાર્શ્વનાથ છે. મનુષ્યોને તાત્કાલિક લાભ મેળવવો હોય તો તે પાર્શ્વનાથનુંજ આરાધન કરે છે અને તે આપને અનુભવ થયે ખાત્રી થશે." વૃદ્ધે પોતાનો અનુભવ બરાબર સમજાવ્યો.

" મહારાજને પણ હવે અનુભવ કરવાનો સમય આજે પ્રાપ્ત થયો છે. સાંભળેલી વાતોની કસોટી કરવાનો સમય નજીક આવ્યો છે. " કારભારીએ કહ્યું.

" હાલમાંજ કેટલાંક વર્ષ પહેલાં અમારામાં નવાંગ વૃત્તિકાર અભયદેવસૂરિ થયા છે. તેમને કોઢ રોગ ઉત્પન્ન થયો હતો, તે પણ પાર્શ્વનાથના પ્રભાવથીજ નષ્ટ થયો હતો, એવા તો કંઇકના અભિલાષ તેમનાથી પૂર્ણ થયા છે." વૃદ્ધે જણાવ્યું.

"શું તેમનો કોઢ રોગ આ પ્રતિમાથી નાશ થયો હતો ?" રાજાએ આતુરતાથી પૂછયું.

" પ્રભુ એક પણ. પ્રતિમા જુદી, જેવા આ સંખેશ્વર પાર્શ્વનાથ છે તેવા જ સ્થંભન પાર્શ્વનાથ ખંભાતમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમનાથી અભયદેવ સૂરિનો રોગ નાશ થયો હતો. પણ ભગવાન તો પાર્શ્વનાથ જ ? ”

# પ્રકરણ ૪ થું.

## ઇષ્ટફલની સિદ્ધિ.

વાતો કરતાં કરતાં દુર્જનશલ્ય રાજા, કામદારો, અને ગામના વૃદ્ધ શ્રાવકો વગેરે દેરાસરની રચના નિહાળતા, ભમતી ફરતી બાવન દેરીઓનું અવલોકન કરતા અને ગઢ વગેરેનો મજબુત દેખાવ જોતા બહાર આવ્યા. જીવન કૃતાર્થ માનતા રાજા પોતાની છાવણીમાં આવ્યા. શ્રાવકો પણ પોતાને ઘરે ગયા. અને રાજાને પોતાની યથાયોગ્ય મદદ લેવાને જણાવ્યું. રાજાના હૃદયમાં પણ ભક્તિભાવ જાગૃત થયો કે “ જો મારો કોઢ રોગ મટશે, અને સુંદર દેહ થશે તો હું પણ આ જુના મંદિરનો પુનરૂદ્ધાર કરાવીશ. અને સજ્જન મંત્રીથી પણ ઘણું જ મજબુત કાર્ય બનાવીશ—દેવવિમાન જેવો પ્રસાદ કરાવીશ. ”

બીજે જ દિવસે ભગવાનનું આરાધન કરવાનો શુભ દિવસ જોષીઓ પાસે જોવરાવ્યો અને જે જે સામગ્રીની જરૂરીઆત હતી તે તે મેગાવા લીધી.

તે શુભ દિવસ આવે છતે રાજાએ ભગવાનનું આરાધન કરતાં શરૂઆતમાં સંકલ્પ કર્યો. “ અનાથના નાથ ? અનંત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શક્તિવાન્ પરમાત્મન્? તમારા પ્રભાવ થકી મારો કુષ્ટ રોગ નાશ પામો! મારૂં શરીર દીવ્ય કાંતિવાળું થાઓ!" એવી રીતના અભિગ્રહ પૂર્વક સંખેશ્વર પાર્શ્વનાથની આરાધના શરૂ કરી.

તે પછી કેટલાય દિવસો પસાર થઇ ગયા. રાજા પ્રતિદિવસ એક ચિત્તે ભગવાનનું ધ્યાન કરતો, સ્મરણ કરતો અને મંત્રનું વિધિ પૂર્વક આરાધન કરતો અર્ધ ત્યાગ અને તપસ્વી જેવી સ્થીતિ ભોગવતો હતો. રાજાના આવા એકાંતવાસમાં કારભારીના હુકમથી કોઇ તેની પાસે જતું નથી, તેના ચિત્તને વિક્ષેપ થાય તેવું કાંઇ કાર્ય કરવામાં આવતું નહી; બલ્કે બીજા લોકો–સૈનીક વર્ગ પણ યથાશક્તિ જીવદયા પાળવી, સત્ય બોલવું બ્રહ્મચર્ય પાળવું. રાત્રીભોજન ન કરવું. વગેરે નિયમો રાજાના હિતની ખાતર પાળવા લાગ્યા, એવી રીતે રાજા સહિત સર્વે કોઇ ધર્મકાર્યમાં ઉજમાળ થયા, એમ કેટલોક સમય પસાર થઇ ગયો, તે સાથે ભગવાનની ભક્તિના એક ધ્યાનથી સંકલ્પના યોગે રાજાના નિવિડ દુષ્કર્મોનો ક્ષય થઇ ગયો.

એક દિવસે પ્રભાતના રાજા, કંઈક અર્ધ નિદ્રામાં ને અર્ધ જાગૃતિમાં એવી સ્થીતિમાં પડેલો છે. સૂર્યદેવનો સારથી અરૂણ જગત ઉપર પોતાની પ્રભા ફેલાવવાને હવે તૈયારીઓ કરી રહ્યો છે. એવી મીઠી નિદ્રામાં રાજાએ એક સ્વપ્ન જોયું. તેમાં એક મહાકુષ્ટ રોગવાળો દુર્ભાગ્યવંત અને દરિદ્રી પુરૂષ દેખાયો, ને તે બોલ્યો, "રાજન્? હવે હું તમને છોડીને જાઉં છું." તે કુષ્ટિએ કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા તેની સામું મૌનપણે જોઇ રહ્યો. ત્યાં તે ફરીથી બોલ્યો, " રાજન્ ? તમે ભગવાનની ભકિતના પ્રભાવથી મને માર્યો છે; મારો નાશ કર્યો છે. તેથી હવે હું તમારી પાસે રહી શકું તેમ નથી. બીજા કોઇ દેવતાઓની તો તાકાત નહોતી કે મને કાઢી શકે, વૈદો પણ દવા કરીને ભલે મરે, છતાં આ જીંદગીમાં હું તમને કદી છોડત નહી, એવો તમારી સાથે મારો ઋણાનુબંધ હતો, પણ આવા અનંત શક્તિવાન પ્રભુ આગળ તો અમે લાચાર ? "

" તમે મને ઘણુંજ દુઃખ દીધું છે. તમારા દુઃખથી કંટાળીને હું જીવનનો ત્યાગ કરવાનો હતો, પણ વિધિ ઈચ્છાએ આવા ભગવાનની ભકિત ફળી, ને ઘણા કાળથી વળગેલી તમારી ઉપાધી ટળી. " રાજાએ જવાબ આપ્યો.

" હવે તમને જણાવવાનું કે આ પ્રભુની તમે નિરંતર સેવા કરજો. કારણકે ફકત તેમનાથીજ અમે જીતાયેલા છીએ, બાકી તો દેવ કે દાનવો કોઈ પણ અમને જીતી શકે નહીં, કેમકે તેઓ પણ કર્મના બંધનોથી બંધાયેલા છે અને અમે પણ કર્મોનું એક સ્વરૂપ છીએ. માટે જે કર્મોને જીતે તેજ અમોને જીતી શકે, લ્યો હવે હું જાઉં છું, સવારના તમારૂં શરીર સંપૂર્ણ આરોગ્યમય થશે. "

તરતજ રાજા જાગૃત થયો, તો પ્રભાતનો સમય થઈ ગયો હતો, તેથી સંથારા ઉપરથી ઉઠતા ઉઠતા સ્વપ્નનું ચિંતવન કરતાં તેણે પોતાનું શરીર નિહાળ્યું, તો કોઢ રહીત થયેલું જોયું ! મનમાં ઘણોજ ખુશી થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થોડીવારે પુરોહીત, કારભારી વગેરે પોતાના મંત્રીઓને બોલાવ્યા. સર્વે કોઇ રાજાનું સૌંદર્ય જોઈ તાજુબ થયા. "વાહ ? શું પ્રભુનો મહિમા" સર્વેએ રાજાની આગળ ખુશાલી જાહેર કરી, આખી છાવણીમાં આનંદોત્સવ ચાલ્યો, શંખપુર ગામમાં પણ વાયુવેગે વાત પ્રસરી ગઇ, વૃદ્ધ શ્રાવકો, અને ગામના લોકો પણ રાજાની પાસે હર્ષ પ્રદર્શિત કરવા લાગ્યા.

આ પ્રસંગે રાજાએ પોતાના ભંડારો ખુલ્લા મુકયા, અને લખલુટ દાન કરી ગરીબોને સંતોષવા માંડયા, હર્ષ નિમિત્તે, ભકિત નિમિત્તે તેણે ભગવાનનો પ્રાસાદ નવેસરથી બંધાવ્યો, દેવ વિમાન જેવું સંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું, સજ્જન દંડનાયકે કર્યું હતું, તે થકી-મુળથી પોતે નવેસરથી પ્રાસાદની બાંધણી બંધાવી કરોડો રૂપૈયા ખર્ચ્યા અને લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો.

વસ્તુપાલ મેતાના જીર્ણોદ્ધાર પછી કેટલાક સૈકાઓ પસાર થયા હતા, જેથી મંદિર કંઈક જીર્ણ સ્થિતિમાં થયું હતું, રાજાએ તેનો પુનરૂદ્ધાર કરી પોતાની અનર્ગળ દોલત વાપરી અને મોટા વિધિ વિધાન ને આડંબર પૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

તે પછી રાજા નિરંતર સંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કરતો છતો પોતાના રાજ્યનું પાલન કરવા લાગ્યો. એવી રીતે જૈન ધર્મનું પાલન કરીને તે રાજાએ પોતાનો જન્મ કૃતાર્થ કર્યો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૬ ઠો.

## પ્રકરણ ૧ લું.

### ઔરંગઝેબનું શાસન.

ઇ. સ. ની સત્તરમી સદીના મધ્યાન્હ સમય પછીના કાલમાં સમસ્ત ભારતવર્ષ ઉપર એક પ્રચંડ વ્યકિતની વીરહાક સંભળાતી હતી, એ વીરહાક શૂરાઓને આમંત્રણરૂપ હતી. અનીતિ અનાચારનો વધારો કરનારી હતી અને સજ્જન તથા સાધુ સંતને તે દુઃખદાયક હતી. પ્રજા પોતાના જાનમાલના રક્ષણમાં પડી હતી. એ વીરહાકમાં ધર્માંધપણાનો જુસ્સો હતો. એ વીરહાક ગર્જાવનાર મહાન મોગલ શહેનશાહ દીલ્હીપતિ ઔરંગજેબ પોતે હતો. એ હાકના પડઘા મારવાડના ખુણેખુણામાં પડયા હતા. જ્યાંથી સામે પડકાર કરવાને વીર દુર્ગાદાસ ઉઠયો હતો. એ હાકનો પ્રતિધ્વનિ મેવાડમાં સંભળાતો હતો. જેની સામે પડકાર કરવાને રાણો રાજસિંહ સજ્જ થઇને ઉભો હતો. મહાન મોગલ બાદશાહ ઔરંગજેબની હાકે દક્ષિણની વીરભૂમિ હચમચાવી હતી જેની સામે પડકાર કરવાને રાત દિવસ શિવાજી જાગતો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઈ. સ. ૧૬૫૮ માં ઔરંગઝેબે શહેનશાહના પદ ઉપર આવીને પ્રથમ તેણે પોતાના કુટુંબ તરફ ધ્યાન આપ્યું. કારણકે તેના ભાઇઓ હયાત હોય ત્યાં લગી તે તખ્તનો ઉપભોગ શાંતિથી કરી શકે તેમ નહોતું. એક તરફ શહેનશાહ શાહજહાને તેના પિતાને આગ્રાના કિલ્લામાં કેદ રાખ્યા અને ત્યાં તેમને જોઈતા પ્રમાણમાં સગવડ કરી આપી. પોતાની મોટી બેન બેગમ જહાન આરાને તેમની સેવામાં રાખી તાજને નિષ્કંટક કરવાને ભાઇઓને પકડી પકડીને મોતની સજા કરી.

તે પછી તેણે રાજ્ય વ્યવસ્થા તરફ ધ્યાન આપવા માંડયું, અને જે જે રાજાઓ પોતાના હુકમને માનતા નહોતા, તે સર્વેને જીતી તાબે કર્યા, તેમની પાસેથી દંડ વસુલ કરીને તેમની ઉપર સખ્ત દાબ બેસાર્યો. બાદશાહને પોતાના ધર્મનું અભિમાન ભારે હતું. અને પોતાના ધર્માંધપણાથી દુનિયાના–ભારતના ઈતર ધર્મોને તે તુચ્છ લેખતો હતો, હિંદુઓને મુસલમાન બનાવવા માટે તેના સમયમાં અધીક પ્રયાસ થયો જોવાય છે. કાશી અને મથુરાનાં હિંદુ પુરાણાં મંદિરો તોડી પાડયાં અને તેને સ્થાને મસ્જીદો ઉભી કીધી. આમ તેના ધર્માંધપણાથી હિંદુઓને બહુજ સહવું પડતું.

શહેનશાહ અકબરના સમયથી બંધ થયેલો જીજીયાવેરો ધર્માભિમાની ઔરંગઝેબે હિંદુઓને માથે ચાલુ કર્યો હતો ! જેથી હિંદુ પ્રજા અને રાજપુત રાજ્યો શહેનશાહત સામે ખળભળી ઉઠ્યાં. રાણા રાજસિંહ, વીરપુંગવ શિવાજી વગેરેએ જીજીયાવેરા તરફ ધિક્કાર દર્શાવી શહેનશાહને તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાયદો નાબુદ કરવાને સૂચના કરી, પણ શહેનશાહ આલમગિરને ધર્માંધતાની અંધીમાં તે સાંભળવાને ક્યાં ફુરસદ હતી? જબરજસ્તીથી તે કર પ્રજા–હિંદુપ્રજાને માથે ઠોકયો. કોઈ તેની ફરીયાદ કે રાવ ખાવા બાદશાહની આગળ આવે તો "કમનશીબ" ફર્યાદીઓને હાથીને પગે કચરવામાં આવતા હતા ! પરિણામ આખરે તો નાશમાં આવ્યું. એ શહેનશાહ જલાલુદ્દીન મહમદ અકબરશાહના લોખંડી મોગલ શહેનશાહતના મજબુત પાયા ઔરંગજેબે હિંદુ પ્રજાનાં મન દુભાવીને ડગાવી નાંખ્યા. આખરે ઇ. સ. ૧૭૦૮ માં એ શહેનશાહત, મહાન ઐશ્વર્ય સત્તા, અફસરો અને અમીર ઉમરાવો, સૈનિક બળ, મંડલિક મંડળો, હાથી, અશ્વ પાયદલ, બળ, વગેરે વૈભવ છોડીને એ શહેનશાહને આ દુનીયામાંથી હંમેશને માટે રજા લેવી પડી.

## પ્રકરણ ૨ જું.

### સુબાગિરીની અંધીમાં.

ઈ. સ. ૧૬૪૪ માં મોગલસમ્રાટ્ શહેનશાહ શાહજહાન બાદશાહે ગુજરાતની સુબેદારી પોતાના શાહજાદા ઔરંગજેબને સોંપી. આ સમયમાં ગુજરાતનો કારોબાર ઘણોજ શાંત અને આબાદીવાળો હતો. બાદશાહ અકબરે ઇ. સ ૧૫૭૩ માં ગુજરાત જીતી લીધું ત્યારથી શાંતિ થઇ હતી. કવચિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બખેડા જાગતા, તે દાબી દેવામાં આવતહતા. એવાતના શાં ૧ કાળમાં શહેનશાહ શાહજહાને ગુજરાતનો કારભાર ઔરંગઝેબને હવાલે કરેલો હોવાથી હમણાં ગુજરાત ઉપર ઔરંગઝેબની હકુમત ચાલતી હતી. તે અરસામાં ધર્મ સંબંધીના ઝગડા થવા લાગ્યા. અને તેને અંગે હિંદુ અને મુસલમાનો વચ્ચે મોટું તોફાન ઉભું થયું. અને સેંકડો જાનોની પાયમાલી થઇ.

શાહજાદો ઔરંગઝેબ એક દિવસ મધ્યાન્હ સમયે ખાણાથી પરવારીને પાન ચાવતો એક સુંદરગાલિચા બીછાવેલા બીછાનાપર આરામમાં પડેલો છે. આગળ પાછળ તેના ભાઇબંધ દોસ્તો બેઠેલા છે. અનેક પ્રકારનાં હાસ્ય થઇ રહ્યાં છે. એટલામાં એક માણસ દોડતો શાહજાદાની નજક કુર્નિશ બજાવીને અરજ કરવા લાગ્યો.

“ શાહઝાદા સલામત ! તોફાન, તોફાન, હુલ્લડ થયું છે.” તેણે હાંફતાં હાંફતાં એ શબ્દો કાઢયાં.

“ તોફાન ? તું શું કહે છે ? સ્પષ્ટ કહે. ” શાહઝાદાની આંખ ચમકી. તેના વદન ઉપર ક્રોધની રેખાઓ સ્પષ્ટ ચમકવા લાગી.

“ જહાંપનાહ ? આપણા મુસલમાન બીરાદરોને હિંદુઓએ માર્યા અને તે લોકો પુર જોસમાં મુસલમાનોની પછવાડે પડ્યા છે.” તે મુસલમાન સીપાઇએ ખુલાસો કર્યો; અને પોતાના ઘા બતાવતો “ આ જુઓને હું પણ ઘવાયેલો છું,”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ જો મદદ નહીં કરશો તો એ કાફર હિંદુઓ આપણા બીરાદરોને મસળી નાંખશે. ”

“શું એ કાફરો એવા તોફાની–જનુની છે ? ” શાહજાદાએ પડકાર કર્યો.

“ અરે જનુની શું ? તેઓ આપણા બીરાદરોનો નાશ કરતા અહીં શાહીબાગ લગી ધસી આવશે, જો કાંઇ ચમત્કાર બતાવવામાં નહીં આવે તો તેઓ મોટું રમખાણ મચાવશે. ”

“ એ કાફરોને પકડીને હાથીને પગે કચરવામાં આવશે, –છુંદી નાંખવામાં આવશે ” એમ બોલતાં તેણે દિલેરખાન નામના સરદારને પાંચસો શસ્ત્રબધ્ધ સૈનિકો સહીત હિંદુઓને કુટી નાંખવાનો હુકમ આપ્યો.

પાંચસો સિપાહીઓની સાથે દિલેરખાન વાઘની માફક હિંદુઓ ઉપર તુટી પડ્યો. આખા અમદાવાદ શહેરમાં હાકલ પડી, હિંદુઓ પોતાનાં તલવાર, બરછી, ભાલા વગેરે શસ્ત્રો લઇને બહાર પડ્યા, હરહર મહાદેવ કરતાં મુસલમાનોને દેખે ત્યાંથી મારવા માંડ્યા અને મુસલમાનો હિંદુઓને મારવા લાગ્યા, શહેરનો વ્યાપાર રોજગાર બંધ થઇ ગયો, નિર્બળ લોકો તથા સ્ત્રીઓ પોતપોતાનાં ઘર બંધ કરીને અંદર ભરાઇ બેઠાં. શ્રીમાનો પોતાની લક્ષ્મી સાચવવાની વ્યવસ્થામાં પડ્યા. બજારોમાં દુકાનો ભડોભડ બંધ થઇ ગઇ અને સૌ કોઇ પોતપોતાનો જાનમાલ સાચવવાની ત્રેવડમાં પડ્યા.

શહેરની બીજી મુસલમાન પ્રજા પણ જેમ જેમ તેમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણ થતી ગઈ તેમતેમ જે મળ્યું તે શસ્ત્ર લઈને ઉલટી પડી, એવી રીતે લગભગ આખી વસ્તી તોફાનની મસ્તી ચડાવીને રણાંગણે ( ! ) ચડી.

એકંદરે હિંદુઓનો જથ્થો વિશેષ હોવાથી અને મુસલમાનોનાં માણસો વધારે મરવાથી હિંદુઓ જોસપર આવવા લાગ્યા. દિલેરખાન તીડની માફક પડ્યો તો ખરો, પણ સામે પણ ઘા ઝીલે તેવા હતા. જેથી તેને પોતાનાં માણસો મરતાં જોઈ વિશેષ મદદ માગવાનો વિચાર થયો. તેથી તેણે શાહજાદા પાસે એક સીપાહીને રવાને કર્યો.

મદદનું કહેણ સાંભળતાં શાહઝાદાના માનિતા સરદાર મીરજુમલા, બખ્તયારખાન, શુભાયતખાન વગેરે તથા સેનાપતિ હમિદુદ્દીનખાન આદિને શાહજાદાએ હિંદુઓ સામે લડવા જબરા લશ્કર સાથે ત્વરાથી મોકલ્યાં.

# પ્રકરણ ૩ જું.

## ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર.

નવું લશ્કર ધમધમ કરતું આવી પહોંચ્યું. બંધુકો અને તોપોના બ્હાર થવા લાગ્યા. શિકારી જેમ શિકારને પોતાના સકંજામાં સપડાવે તેમ આ સરદારોએ પોતાના અગ્ન્યસ્ત્ર અને સૈનિક બળથી હિંદુઓને શિકસ્ત આપતા માંડી, હવે હિંદુઓ તેમની સામે—એ અગ્ન્યસ્ત્ર સામે લાંબો બચાવ કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે તેમ નહોતું, ટપોટપ તેઓ આ ફાની જહાનમાંથી પોતાનો રસ્તો સાફ કરવા લાગ્યા. જીવતા હતા તે મોતના ભયથી નાશ ભાગ કરતા સંતાવાની જગ્યા શોધવા લાગ્યા અને મુસલમાનો પણ નાસતા નાસતા હિંદુઓને મારકુટ કરવા લાગ્યા. થોડા કલાકની અંદર ઘણા હિંદુઓને ભોગે તોફાન શાંત થયું અને સરદારે લશ્કરને ગોળીઓ છોડવાની મનાઈ કરી. પોતે વિજયી થતો પાછો ફર્યો. હાથ લાગેલા હિંદુઓને સેંકડોની સંખ્યામાં પકડીને તેમના હાથપગ બાંધી શાહજાદા નજીક લઈ જવામાં આવ્યા.

એટલામાં પોતાના કેટલાક સૈનિકો સાથે ઓરંગઝેબ ઘોડેશ્વાર થઈને લશ્કરી પોશાકમાં શસ્ત્રબદ્ધ ત્યાં આગળ ધસી આવ્યો. પણ હવે તો શાંતિ હતી. જેથી લશ્કરને અમુક અમુક લત્તાઓમાં દેખરેખ રાખવાનો હુકમ શાહજાદાએ આપ્યો, અને પોતે સરદારો સહિત શાહીબાગ તરફ ફર્યો.

અસારવા આગળ સરસપુરની નજીકમાં પશ્ચિમે થોડે દૂર ચિંતામણી પાર્શ્વનાથનું બહુજ ભભકાબંધ અને સર્વની આંખે ચડે તેવું શ્રાવકોનું શિખરબંધી મંદિર હતું. તે અમદાવાદના શ્રાવકોની જાણે જાહોજલાલી ન સુચવતું હોય! તેમ ઘણીજ વિશાળ જગ્યામાં બાંધવામાં આવ્યું હતું. પછવાડે ફરતો ચારે કોર મજબુત ગઢ હતો, તેની અંદર ગઢમાં બાવન જીનાલયવાળું વિશાળ ચિંતામણિનું ભવ્ય મંદિર હતું, જેની ધ્વજાઓ આકાશમાં ફરફરી રહી હતી. ગગનચુંબિત શિખરો તેની કારીગરી અને સુંદરતાના નમુના હતા, મંદિરમાં પ્રતિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માઓ ઘણી હતી, મુખ્ય દેરાસરના વિશાળ રંગમંડપમાં ચોમુખજીનું દેરાસર હતું. જેની ચારે પ્રતિમાઓ મહાન્ પ્રભાવિક શ્યામ કાંતિવાળી ચિંતામણુ પાર્શ્વનાથની હતી, શેઠ શાંતિદાસે તે જમાનામાં પાંચ–સાત લાખ રૂપૈયા ખર્ચી હમણાં નવીનજ ઇ. સ. ૧૬૩૮ માં બંધાવ્યું હતું.

આ દેરાસરનો ઘાટ તમામ હઠીસંગની બહારની વાડીમાં આવેલા મંદિરની બરોબર હતો. તફાવત માત્ર એટલોજ હતો કે હઠીસંગનું મંદિર પશ્ચિમાભિમુખ છે, જ્યારે આ દેરાસર ઉત્તરાભિમુખ હતું. એને મોટાં મોટાં ભોંયરાં હતાં, તે મંદિરથી અમદાવાદમાં ઝવેરીવાડે નગરશેઠની હવેલી સુધી એક ગાડું જાય તેવી મોટી સુરંગ હતી કે જે સુરંગ મુસલમાનોના વારામાં ધર્મનો જુલમ વધારે હોવાથી અકસ્માત વખતે ઉપયોગી થઇ પડે.

ચિંતામણુના દેરાસર નજીક મુસલમાનો આવ્યા અને મંદિરને જોઇને તેમની દાઢ સળગી ઉઠી હતી. હિંદુઓના તોફાનથી શાહજાદે હિંદુ–જૈનોનું આવું અપૂર્વ રોનકદાર ભવ્ય મંદિર જોઈ તરતજ સરદારો અને મુસલમાન સૈનિકોને પડકારીને મંદિર તોડી પાડવાનો હુકમ આપ્યો અને સર્વે મુસલમાનો દરવાજા તરફ ધસ્યા. પરન્તુ દરવાજા બંધ હતા–મજબુત હતા, તેને ઉઘડાવવા માટે ઘણી બુમો પાડી, પણ નકામી ગઈ. છેવટે દરવાજા તોડવાનો પ્રયાસ ચાલુ કર્યો.

મંદિરની અંદરના લોકો ગભરાઇ ઉઠયા. ચોમુખજીની ચારે મહા પ્રભાવિક પ્રતિમાઓ ગાડામાં પધરાવીને ઝવેરીવાડે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નગરશેઠના મકાનમાં લાવ્યા. જે માણુસો અંદર પુરાયેલા હતા તે સર્વે આ ભોંયરા વાટે નાશી છુટયા નગરશેઠને ખબર પડતાં તરતજ પોતાના આરબ ચોકીદારોને મંદિર નહી તોડવા માટે શાહજાદાને વિનંતિ કરવા મોકલ્યા, આરબોએ આવીને શાહજાદાને કુર્નિશ બજાવી નગરશેઠ શાંતિદાસની વતી અરજ કરી, પણ શાહજાદાના જનુની દિલમાં તેની લેશ માત્ર પણ અસર ન થઈ.

આખરે મંદિરના દરવાજા તુટયા ! આ તરફ ગઢ પણ થોડો ઘણો જમીનદોસ્ત થયો અને સર્વે લોકો–મુસલમાનોનું ટોળું અંદર ઘુસ્યું.

આરબ સરદારોની વિનંતિ શાહજાદાએ માન્ય કરી નહી, જેથી તેઓ નિરાશ થઇને પાછા આવ્યા અને નગરશેઠ શાંતિદાસને સંદેશો કહી સંભળાવ્યો. શેઠ અત્યારે તો મૌન રહ્યા પણ મનમાં એ માટે સખ્ત પગલાં ભરવાને તેમણે ઠરાવ કીધો.

થોડાજ સમયમાં તે ભવ્ય મંદિર ઔરંગઝેબના હુકમનો ભોગ થયું.

## પ્રકરણ ૪ થું.

### શાહજાદો અને નગરશેઠ.

હુલ્લડ પછી આજે કેટલાય દિવસો પસાર થઇ ગયા છે, હવે શહેરમાં કાંઈ તોફાન જેવું જણાતું નથી. સર્વત્ર શાંતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. લોકો પોતપોતાનો વહીવટ નિશ્ચિંતપણે કર્યે જાય છે. અને તોફાનની વાતો આજે તો ક્યાંય નવા જુની થઇ ગઇ છે! અમદાવાદના હુલ્લડની ચીનગારી આખા ગુજરાતના મોટા મોટા શહેરોમાં–ખંભાત, ભરૂચ, સુરત, રાધનપુર, પાટણ, વડોદરા આદિ સ્થળે લાગી હતી અને તેથી નાનાં મોટાં ઘણાં શહેરોમાં તોફાન સળગ્યાં હતાં, પણ આજે તો સર્વત્ર શાંતિ હતી, ચિંતામણિનું એ ભવ્ય ગગનચુંબિત મંદિર આજે ખંડેર જેવી હાલતમાં પડયું હતું. જેથી તેના પત્થર વિગેરે સામાન નગરશેઠે કઢાવી લઇને બીજા દેરાસરોના કામમાં વાપર્યા.

બીજા વરસની શરૂઆતમાં નગરશેઠે શાહજહાન બાદશાહને અરજી કરવાથી જવાબ આવી ગયો, તેમાં શાહજહાન્ બાદશાહે ઔરંગઝેબને નવીન દેરાસર બંધાવી આપવા હુકમ કર્યો હતો, અથવા તો મંદિરનું કુલ ખર્ચ રાજ્યની તીજોરીમાંથી આપવું–એવો દિલ્હીથી શહેનશાહનો પેગામ આવ્યો.

શહેનશાહનો બીજો પેગામ નગરશેઠ ઉપર પણ હતો, તેમાં પણ સર્વે હકિકત જણાવી હતી. ઓરંગઝેબના હુકમથી નગરશેઠ શાહજાદાને મળવાને શાહીબાગમાં ગયા. શાહીબાગ એ શહેનશાહ શાહજહાન જ્યારે ગુજરાતના સુબા હતા, તે દરમીયાન બનાવવામાં આવ્યો હતો, જેનો ભોગવટો આજે તેનો શાહજાદો કરતો હતો.

“મંદિરના સંબંધમાં તમે શહેનશાહને અરજ કરેલી તે માટેનો શહેનશાહનો પેગામ આવી ગયો છે.” શાહજાદો ઓરંગજેબ પોતાના ખાનગી દીવાનખાનામાં આરામ લેતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો ત્યાં આગળ નગરશેઠ શાંતિદાસ કુર્નિશ બજાવીને બેઠા કે તરતજ શાહઝાદાએ શરૂઆત કરી.

“ જહાંપનાહ શું હુકમ ફરમાવે છે ? શાહઝાદા સલામત !” નગરશેઠે પૂછયું.

“ તમને મંદિર નવેસરથી હતું તેવું કરી આપવું, અથવા તો તેનો ખર્ચ આપવો. ”

“ વાહ ! ધન્ય છે. સુલ્તાનો તો એવા ન્યાયપ્રિયજ હોવા જોઈએ. સાર્વભૌમ શહેનશાહત બાદશાહનાં કદમ પૂજે છે તે તેમની હિંદુ મુસલમાનો તરફથી સમાનતાને લઇને ! ”

“ તમારા હિંદુઓ કાફર છે, તોફાની છે, તેઓ વિનાકારણે અમારા બિરાદરોને હેરાન કરે છે–પજવે છે. ” શાહજાદે ભ્રકુટી ચડાવતાં કહ્યું.

“ શાહઝાદા ! હિંદુ લોક આપના બીરાદરોને હેરાન કરે છે? કે આપના બિરાદરો નાહક હિંદુ લોકોને હેરાન કરે છે ? એ સત્ય હકીકતની આપને શી ખબર પડે ? આપ જેવી રીતે મુસલમાનોની ફર્યાદો સાંભળો છો, તેવીજ રીતે હિંદુ લોકોની ફર્યાદો સાંભળી છે કે ? ન્યાય એનુંજ નામ છે કે વાદી અને પ્રતિવાદી બન્નેને બરાબર તપાસવા જોઇએ અને ગુન્હાઓનું બારીક અવલોકન કરવું જોઈએ. નહિંતર જાતિભાઇનો પક્ષ કરીને સામા પક્ષને અન્યાય આપવો–તેને શિક્ષા કરવી તે શું નીતિ કહેવાય ? ” લાગણી યુકત સ્વરે નગરશેઠે બાદશાહને જણાવ્યું.

“ એ તમારો ભ્રમ છે. ગયા હુલ્લડમાં મારી ભુલ જરાય ન હતી. જુલ્મીઓને શિક્ષા કરવી એ રાજાનો ધર્મ છે ”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ્યધર્મ બતાવતા ઔરંગજેબની આંખોમાં કુત્રિમ ચળકાટ આવ્યો.

"પણ સાથે સાથે જુલ્મી કોણ છે તે માટે બરાબર તપાસ કરવી તે પણ રાજાનો ધર્મ છે ને ?"

"હા, હા, મેં તપાસ કરીનેજ હિંદુઓને શિક્ષા કરી છે."

"ઠીક છે, તો મંદિર તોડવાની આપને શી જરૂર હતી ? શું મંદિરે કાંઇ આપનો ગુન્હો કર્યો હતો કે ? નામદાર !"

"ગુન્હો ?" શાહઝાદો વિચારમાં પડયો. "શેઠજી કાફરોનાં મંદિર તોડવાં, એથી ખુદા પ્રસન્ન થાય છે."

"નામદાર ? એ બધું શેમાં લખ્યું છે ?

"કુરાને શરીફમાં. !" શાહજાદાએ અડાવ્યું.

"આપે તેનું સંપૂર્ણ રીતે પઠન કર્યું છે કે ?"

"નહી ?"

"તો આપે તે કેમ જાણ્યું ?"

"કાઝી સાહેબોના ફરમાનથી."

"જનાબ ! તો સમજો કે આપને તેમણે ભમાવ્યા છે. તેમણે ધર્મને નામે અધર્મભર્યા આચરણો આરંભીને આપને પાપના ખાડામાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે, જરા જુઓ તો ખરા, કે આપના વડીલો–શહેનશાહ અકબર, જહાંગીર, શાહજહાન વિગેરે કેવા સમાન દ્રષ્ટિએ જોનારા હતા ? જરા રાજ્યનીતિ સંભાળો. અને રાજ્યધર્મ શું છે તેનું તેમની રાજ્યનીતિથી અવલોકન કરો."

"હશે ! પ્રપિતામહ અકબૂર હિંદુ અને મુસલમાનને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક નજરે જોઇ પક્ષપાત વગર ઈન્સાફ આપતા હતા. તેથી તો ચુસ્ત મુસલમાનો તેમને નિંદે છે. ”

“ એથી શું ? ભારતના ન્યાયી અને ઉત્તમ રાજ્યનીતિજ્ઞ સમ્રાટ તરીકે આજે તેમની કિર્તી ભારત ગાય છે, ભવિષ્યમાં ઉત્તમ રાજા તરીકે તેમની કીર્ત્તિ કાયમ રહેશે, શહેનશાહ જહાંગીર અને આપના પિતાજી એમને પગલેજ ચાલતા આવ્યા છે, જે હિંદુ—મુસલમાન બન્નેના માનિતા થયા છે.”

“ બસ રાખો, તમારા એ લાંબા ટાયલાનું મારે શું કામ છે ? જે માણુસ પોતાના ધર્મમાં જન્મીને તેને ઉત્તેજન ન આપે તો તેની સમર્થાઇ શું કામની વારૂ ? ”

“ અલબત ઉત્તેજન આપવું, પણ તે વ્યાજબી કે ગેરવ્યાજબી રીતે ? ”

“ વ્યાજબી રીતે ? ”

“ તો કોઈ મુસલમાનની ફર્યાદથી હિંદુઓને મારવા અને તેમનાં મંદિરો તોડવા તે વ્યાજબી કહેવાય કે ? ”

ઔરંગઝેબ નગરશેઠની સામું જોઇજ રહ્યો.

# પ્રકરણ ૫ મું.

## બદલામાં.

“ હશે ચાલો પતાવો ! કદાચ મારી ભૂલ થઇ.” શાહજાદાએ ટુંકમાં પતાવવા સૂચવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"એમ નહીં નામવર ! જેવી આપનાં કાને ફર્યાદ આવી કે તરતજ તોફાન બંધ કરાવી, તોફાનીઓને પકડીને તેમના ગુન્હાનું સ્વરૂપ ચીત્રીને-બારીકાઈથી અવલોકન કરીને ગુન્હેગારોને શિક્ષા કરી હોત તો આપનો ઇન્સાફ ન્યાયી ગણાત, ભવિષ્યમાં આપ ભારતના સમ્રાટ થાઓ, તે સમયે આવી કાર્યદક્ષતા રાખશો તો હિંદુ મુસલમાન દરેકને પ્રીતિપાત્ર થશો. "

"શું હું 'સુલતાન'? શાહજાદો ચમકયો, અને કાંઈક નિરાશ થતાં બોલ્યો"શેઠજી ! ખુદાની એવી મરજી જણાતી નથી."

" આપે કેમ જાણી લીધું કે એમાં ખુદાની મરજી નથી ? "

" અરે, મારાથી મોટેરા બે બંધુઓ છે. દારાશીકોટ, સુજા અને તે પછી હું ! "

" તેથી શું ? તાજ કાંઈ પરંપરાએ યુવરાજનેજ વરે છે. એવું કાંઈ છે ? તાજ તો તલવારને, બુદ્ધિને અને શકિતને વરે છે " નગરશેઠનું વાકય સાંભળતા શાહજાદાની આંખમાં નવીન તેજ આવ્યું, એક પછી એક અગમ્ય આંદોલનો હૃદયમાંથી પસાર થવા લાગ્યાં, શરીરમાં કાંઇક નવીન ઉત્સાહ આવતાં " ઓહો ! શેઠજી ! તમે તો આ કાંઇ દિવ્ય વાતો કરો છો ? " એમ કહી શાહઝાદો હસ્યો.

" જનાબ! ઈતિહાસ સાક્ષી પુરે છે કે ભારતના એવા કેટલાયે તાજો, હક્કદાર એવા યૂવરાજોને છોડીને બળ અને બુદ્ધિશાળીને વર્યા છે. તો, પછી આપ શહેનશાહ કેમ ન થાઓ?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શેઠજી તમારી વાણી સત્ય થાઓ, તમારા આજના ભવિષ્ય કથન પ્રમાણે હું શહેનશાહ થઇશ તો દાદાજી જહાંગીર બાદશાહની માફક તમારૂં ગૌરવ સાચવીશ." શાહજાદે આશીર્વદને જણાવ્યું.

"નામવર! આપ પ્રજાપ્રિય થજો, હિંદુ અને મુસલમાન સૌનું એકજ નીતિએ પાલન કરજો—એજ સેવકની આશા છે."

"તમારૂં વચન સત્ય કરી બતાવીશ. પૂજ્ય પિતાઓને પગલે ચાલીને અદલ ઈન્સાફ કરીશ" શાહઝાદાને તાત્કાલીક અસર સારી થઈ, જેથી તેણે શેઠના વિચારને અનુમોદન આપ્યું.

"તો ખુદા આપનું રાજ્ય અમર રાખશે. આપને દીર્ઘાયુષી બનાવશે."

"ઠીક? હવે શેઠજી, કહો મંદિરને માટે તમારો શું વિચાર છે? તમે કહોતો આવતી કાલથી નવીન પાયા નંખાવું?"

"હવે તેજ જગ્યાએ મંદિર બંધાવવા મારો વિચાર ઓછો રહે છે." શેઠે સૂચવ્યું.

"કેમ વારૂ?"

"કદાચ ફરીને પણ એવા અકસ્માતોનો સંભવ રહે તો?"

"હવે તમે બે ફિકર રહો! વારંવાર કાંઈ એવી ભૂલો થતી નથી."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" આપનું કહેવું બરાબર છે, છતાં મારો વિચાર શહેરમાં મંદિર બંધાવવાનો છે. માટે આપ ખર્ચની મંજુરી આપો એટલે મહાન કૃપા. "

" આ મંદિરમાં આપને કેટલા રૂપૈયા ખર્ચ થયો હતો વારૂ ?

" લગભગ સાત લાખ રૂપૈયા ? "

શાહજાદો વિચારમાં પડયો. "ઠીક છે, આપને ખર્ચના કેટલા જોઇએ છીએ."

" આપ મંજુરી આપો તેટલા. "

" ત્યારે સાડાપાંચ લાખ રૂપૈયા તમને મળે તે માટે હુકમ કરૂં છું. "

" જેવી આપની મરજી, નામવર !" કહી કુર્નીશ બજાવી નગરશેઠ ચાલી નીકળ્યા.

તે પછી થોડાજ સમયમાં શેઠને ત્યાં સાડાપાંચ લાખ રૂપૈયા પહોંચી ગયા, જે વાઘણુપોળમાં આવેલ અજીતનાથ–આદેશ્વર ભગવાન–ચિંતામણ પાર્શ્વનાથના મંદિર બંધાવવામાં વપરાયા.

ચાર શ્યામ કાંતિવાળી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાઓ, જેમાંની એક અમદાવાદના રાજપરમાં આવેલી છે. જે દેરાસર સાતસેં વર્ષનું જુનું છે ત્યાં ભોંયરામાં આ પ્રતિમા છે. બીજી ઝવેરીવાડે વાઘણુનીં પોળમાં નવીન મંદિર કરાવીને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પધરાવેલ છે, ત્રીજી દેવશાને પાડે અને ચોથી કાલુસંગની પોળમાં છે. એવી રીતે આજે પણ તે પ્રતિમાઓ હયાત છે. કહેવાય છે કે આ પ્રતિમાઓ અશોકના પૌત્ર મહાન સંપ્રતિ-રાજાની ભરાવેલી છે.

બાદશાહ શાહજહાને તે પછીના એકાદ વર્ષમાં શાહ-ઝાદા ઔરંગજેબની સુબેદારી રદ કરી, અને તેની જગ્યાએ માળવાના સુબેદાર શાયસ્તખાન કે જે શહેનશાહનો સાળો થતો હતો અને પ્રસિદ્ધ મુમતાજ બેગમનો તે સહોદર હતો, તેને ઈ. સ. ૧૬૪૬ માં ગુજરાતનો સુબો નીમ્યો, તે પછી ઇ. સ. ૧૬૪૮ માં પોતાના વડાપુત્ર દારાશિકોહને ગુજરાતનો અધિકાર સોંપ્યો. ૧૬૫૪ માં નાનો શાહજાદો મુરાદબક્ષ ગુજ-રાતનો અધિકારી થયો.

બાદશાહ શાહજહાનના ચારે પુત્રો જગતપ્રસિદ્ધ મુમતાજમાલના--સુલતાનની માનિતી બેગમના શાહજાદાઓ હતા. આજ દીલ્હીનો તાજમહેલ તે બેગમની યાદગીરી આપી રહ્યો છે.

# પ્રકરણ ૬ ઠું.

## સંખેશ્વર પાર્શ્વનાથ.

પુર્વની ઘટનાને આજે કેટલાય દાયકાઓ પસાર થઇ ગયા છે. સમય સમયનું કાર્ય કરી રહ્યો છે. ભારતની સામ્રાજ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મીએ પોતાની વરમાળા મહાન ઔરંગઝેબના મસ્તક ઉપર નાખી. અને ભુતકાળમાં કહેવાયલું ભવિષ્ય કથન આજે ખરૂં પડયું. એ કથન કહેનાર શાંતિદાસ શેઠ આજે આ દુનીયા ઉપર નહોતા. તેમના પાંચ પુત્રો પૈકી લક્ષ્મીદાસ નગરશેઠ હતા.

તે અરસામાં લક્ષ્મીદાસ શેઠનો વ્યાપાર બહોળો હોવાથી મોટી મોટી રકમો જુદા જુદા વ્યાપારી પાસે પથરાયેલી હતી, અને દેવાદારો પાછી આપવાને આનાકાની કરતા હતા જેથી બાદશાહ ઔરંગઝેબે તેમને પરવાનો આપ્યો કે જેથી કોઈ તેમનું લેણું ડુબાવી શકે નહી. પાદશાહના હુકમથી તેમનું તમામ લેણું વસુલ થયું હતું.

શહેનશાહ આરંગઝેબને સુલતાન થયાને પણ આજે બે ત્રણ દશકા પસાર થયા છે. પુર્વના શહેનશાહો કરતાં ઔરંગઝેબનું તંત્ર–સુકાન જુદુંજ હતું, ધર્માભિમાનને કારણે રાજ્યનીતિનું દૂરઅંદેશીપણું તેણે અળગું કર્યું હતું અને સત્તા એજ " કાયદો " ગણવાથી શહેનશાહની મજબુત લોખંડી ઇમારતો ડગી ગઈ હતી. તેનું કારણ ઔરંગઝેબની ક્રૂર દમનનીતિજ ગણી શકાય, તેણે હિંદુઓને બળાત્કારે મુસલમાન કરવા ઉપરાંત કાશી અને મથુરા વગેરેનાં મંદિરો તોડી પાડયાં હતાં. અને એવાં કેટલાય મંદિરોને ઠેકાણે તેના સમયમાં મસ્જીદો ઉભી થઇ હતી !

વઢીયાર પ્રદેશમાં રાધનપુરમાં મુસલમાન હાકેમ રહેતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો, એના તાબે મુંજપુર શહેર આવેલું છે. મુંજપુર એ તે સમયમાં મોટું શહેર ગણાતું હતું. તેનો ગઢ મજબુત અને દુર્ભેદ્ય હતો, મુંજપુરનો સરદાર હમીરસિંહ જો કે રાધનપુરના તાબાનો ગણાતો હતો; છતાં રાધનપુરના હાકેમની તે જરાય પરવા કરતો નહીં. સરદાર હમીરસિંહે મુંજપુરને બળ, બુદ્ધિ અને વ્યાપારથી ઠીક ઠીક શોભાવ્યું હતું. પરન્તુ રાધનપુરનો હાકેમ તેની ઉપર ઘણી ઈર્ષા રાખતો હતો, જેથી સમય પરત્વે તેને બરાબર ચમત્કાર બતાવવાનું તેણે નક્કી કરી રાખ્યું હતું. સરદાર હમીરસિંહે પણ લડાઈમાં લડી શકે તેવા ઘોડા સારી સંખ્યામાં એકઠા કરી રાખ્યા હતા. તે સિવાય કોળી, ભીલ્લ વગેરે જંગલમાં વસનારી જાતોને પણ સાધી રાખી હતી. તેમજ તેના રાજ્ય પ્રમાણે તેણે સીપાહીઓનું લશ્કર પણ રીતસર ભેગું કર્યું હતું.

મુંજપુરથી લગભગ ચાર પાંચ કોશ દૂર સંખેશ્વર ગામ છે. ત્યાં શ્રાવક લોકોનું સંખેશ્વર પાર્શ્વનાથનું બાવન જીનાલયનું ફરતા ગઢવાળું શિખરબંધી મોટું મંદિર આવેલું છે. કહેવાય છે કે છેલ્લાં એ મંદિર દુર્જનશલ્ય રાજાએ પોતાને સંખેશ્વર પાર્શ્વનાથના પ્રભાવથી કોઢ રોગ નાબુત થયેલો હોવાથી ભકિતને અંગે બંધાવ્યું હતું. હમીરસિંહ પણ એ ભગવાનની ભકિત કરતો થકો મંદિરની રક્ષા કરતો હતો. સંખેશ્વર ગામ પણ તેના તાબાનું ગણાતું હતું. ગામ નાનું હોવા છતાંય સંખેશ્વર પાર્શ્વનાથનું–જૈન લોકોનું તિર્થસ્થળ હોવાથી શ્રાવક યાત્રાળુઓની આવક જાવક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઠીક રહેતી હતી તે જમાનાના મોટા મોટા જગતમાન્ય પુરૂષો અને જગત પ્રસિદ્ધ શ્રી હિરવિજયસૂરિની પાટપરંપરાએ આવેલા વિજયસેન સૂરિ, તે પછી વિજયદેવસૂરિ અને પૃથ્વીને પાવન કરતા વિજયપ્રભસૂરિ પોતપોતાના પરિવાર સાથે વિહરતા આ તીર્થભૂમિને સ્પર્શી ગયા છે.

અકબર બાદશાહે પ્રખ્યાત વિજયસેનસૂરિને 'કાલી સરસ્વતિ'નું બિરૂદ આપ્યું હતું. તે પછી તેમની પાટે થયેલા વિજયદેવસૂરિને જહાંગીર બાદશાહે 'સવાઇ મહા તપા'નું બિરૂદ આપ્યું. મહાવીરની ૬૦ મી પાટે વિજયદેવસૂરિ થયા. તેના પછી ૬૧ મી પાટે વિજયપ્રભસૂરિ જગતને પાવન કરતા વિચરી રહ્યા છે.

મુંજપુરથી ચાર કોશ ઉપર આવેલા સંખેશ્વર તીર્થનો પ્રભાવ આજે પણ જાગતોજ મનાતો હતો. જેથી શ્રાવક સિવાયના બીજા લોકો પણ તેમની માનતા ઘણી કરતા હતા. સૌ વર્ણના લોકો પ્રભુના વારંવાર દર્શન કરી પોતાના આત્માને ધન્ય માનતા હતા. આજુબાજુના ફરતા ગામોમાં રંકથી રાય પર્યંત તેના હૃદયમાં સંખેશ્વર એકજ ભકિતભાવથી પુજાઇ રહ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## સંખેશ્વર તીર્થપર ધાડ.

શહેનશાહ ઔરંગઝેબ તખ્તનશીન થયા પછી અવાર નવાર તેના શાહજાદાઓ ગુજરાતની સુબાગિરીપર આવતા હતા. હાલમાં શાહઝાદો મહમદ આઝમશાહ ગુજરાતનો સુબો હતો. રાધનપુરના હાકેમે શાહઝાદાને મુંજપુરના સરદાર સંબંધી ફર્યાદ કરી અને શાહઝાદાનો કોપ મુંજપુરના સરદાર ઉપર ઉતાર્યો. જેથી કરી શાહઝાદો પોતાની સાથે લશ્કર લઈને વઢીયાર દેશમાં આવ્યો અને ત્યાંના સપાટ પ્રદેશમાં છાવણી નાંખીને પડયો. બારીકાઇથી મુંજપુર દરબારની હીલચાલ જોવા લાગ્યો, આથી મુંજપુર સરદાર પણ ચેતી ગયો. તે જાણતો હતો કે પોતે શાહજાદા સાથે બાથ ભીડી શકે તેમ નથી, છતાંય હિંમતભેર તેને વશ કરવાને અનેક પ્રકારના તર્ક વિર્તક કરતો બેઠો હતો. એક દિવસ તેણે સારી સારી ખાવાની ચીજો તથા બીજી કીંમતી વસ્તુઓ શાહઝાદાને ભેટ તરીકે મોકલી પણ તેથી શાહઝાદાનું મન કાંઇ પ્રસન્ન થયું નહીં.

બીજે દિવસે શાહઝાદો પોતાના રસાલા સાથે ફરવા નીકળ્યો. તે અનુક્રમે સંખેશ્વર નજીક આવી ચડયો. ત્યાં બે ત્રણ સીપાહીઓએ આવીને ફરીયાદ કરી કે—" સંખેશ્વરના સિપાહીઓએ અમોને મારીને ઘાયલ કીધા, માંડમાંડ આપની પાસે ફર્યાદ કરવાને અમે નાશી છુટયા છીએ—મહારાજ ! "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાહુઝાદો ચમકયો, તેણે તુરતજ સંખેશ્વરના તોફાની સીપાહીઓને શીક્ષા કરવા માટે પોતાના કારભારીને પુછયું, "સંખેશ્વર એ શું છે ! કોનું ગામ છે ?"

"સંખેશ્વર એ શ્રાવક લોકોનું–હિંદુ લોકોનું મોટામાં મોટું મંદિર છે અને તે મુંજપુર દરબારના તાબામાં રહેલ છે."

"એમ ! મંદિર છે–કાફ્રોનું ?" દાંત કચકચાવીને બોલતા પોતાના રસાલામાંથી દશ સીપાઇઓની ટુકડીને લઇને અપરાધીઓને પકડી લાવવાને મોકલીને તે છાવણી તરફ ચાલ્યો ગયો.

સીપાહીઓની ટુકડી જોતજોતામાં સંખેશ્વર આવી પહોંચી, પણ અહીયાં સીપાહીઓની ભરતી થઇ ગયેલી હોવાથી તમને મારીને હઠાવી દીધા; રાવ શાહઝાદા પાસે પહોંચી–મરી મસાલો ભરાવીને વાત વધારી દીધી, તરતજ શાહઝાદાએ ક્રોધાવેશમાં પોતાનું અર્ધ ઉપર લશ્કર રવાને કરી દીધું. લશ્કરના સરદારને સંખેશ્વર ગઢ નાબુદ કરવાનો હુકમ કર્યો, લશ્કર તો પવનની માફક બીજે દીવસે સંખેશ્વર તરફ ધસ્યું !

આ તરફ હમીરસિંહે આવીને સંખેશ્વર ગઢમાં પોતાનું લશ્કર ગોઠવીને બચાવની તૈયારી કરી રાખી હતી, પણ મુસલમાન લશ્કરની સંખ્યા આગળ તેનો બચાવ બહુ સમય ટકી શકયો નહીં, આખરે હમીરસિંહને અધવચ્ચેથી ત્યાંથી નાશી જવું પડયું, બાદ ગઢને તોડી પાડવામાં આવ્યો.

આ ધમાલ ચાલતી હતી તે અરસામાં સંખેશ્વરના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુજારીઓએ મુળનાયક શ્રી સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાને તેમની જગ્યાએથી ખસેડીને કોઈ ગુપ્ત સ્થળે ભંડારી દીધી. ત્યાં તો ગઢ તોડીને મ્લેચ્છો મંદિરના દરવાજા પાસે આવી પહોંચ્યા. પણ દરવાજો બંધ હતો, તેને તોડી પાડતા પૂજારીઓ અને સૈન્ય વચ્ચે જપાજપી થઇ હતી. આખરે મ્લેચ્છોએ એકદમ મંદિર તોડી પાડયું. અને રોષથી બીજી પ્રતિમાઓ ખંડિત કરી નાખી. આમ એક સુંદર મંદિરની જગાએ ખંડેર જેવું કરી પોતાના વિજયથી ગર્વમાં છલકાતો લશ્કર સહીત આવીને સરદાર શાહઝાદાને નમ્યો.

શાહજાદો સર્વ સમાચાર સાંભળીને ખુશ થયો. બીજે દિવસે મુંજપુરને ફરતો ઘેરો નાંખવામાં આવ્યો, કેમકે મુંજપુરનો દરબાર પોતાના ગઢમાં ભરાઇ ગયો હતો અને તેને શિક્ષા કરવાની જરૂર હતી. પણ તે લાંબા દિવસ ટકાવ કરી શકયો નહી. સરદારે પોતાના કારભારી માર્ફતે નજરાણું મોકલીને શાહઝાદા પાસે માફી માગી. અને પોતાની ભૂલ થઇ હોય તો દંડ આપવાની પણ સૂચના કરી. જેથી શાહઝાદાએ માફી આપી લશ્કર પાછું બોલાવી લીધું.

કેટલોક સમય વિત્યાબાદ શ્રી મહાવીરની ૬૧ મી પાટે આવેલા વિજયપ્રભસૂરિના ઉપદેશથી સંઘે મંદિરને પુનઃ અસલની સ્થીતિમાં બનાવી ભંડારેલી પ્રતિમાઓ બહાર કાઢી પ્રતિષ્ઠા કરી. સૌ કોમના લોકો તેના પરમ ભાવિક બન્યા અને તીર્થની જાહોજલાલી સત્તરમી સદીના અંતે પુનઃ ફરકી રહી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ખંડ ૭ મો.

## પ્રકરણ ૧ લું.

### પાર્શ્વનાથને શરણે.

" ઓ સંખેશ્વર ! આજે આ શું દુષમ જમાનો આવ્યો કે સંસાર છોડીને ત્યાગી થયાં, છતાં શાંતિનું તો નામ નહી ? ક્યાં એ મહાવીરનાં તેજસ્વી શિષ્યો અને ક્યાં આજનો શિથીલાચારી સાધુ સમુદાય ? આવા ગાડરીયા પ્રવાહવાળા શિથીલાચારીઓના ટોળામાં અમારે અમારૂં ચારિત્રરત્ન સાચવવું પણ દુર્લભ થઈ પડયું છે. જેણે ઘર છોડયું, સ્ત્રી છોડી, પરિવાર તજ્યો, માયા–લક્ષ્મી દૂર કરી, તેવાઓ પાછા શુદ્ધ માર્ગ ભુલી અશુદ્ધ માર્ગમાં આકર્ષાતા જાય છે ! મોહના ત્યાગીઓ એ મોહમાં જ લુબ્ધ થતા જાય છે. જોર જુલમથી અમને–શુદ્ધ ચારિત્રીયોને પણ પોતાના જેવા કરતા જાય છે. એ ખટપટોના ત્રાસથી કંટાળેલા મને, તું એકજ ધણી છે.

તમારા પ્રભાવે કરીને એ ચિત્તને વ્યગ્ર કરનારી દુનીયાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આર્ત્તિઓ શાંત થાઓ, શુદ્ધ ચારિત્ર પાળવાને અમારો આત્મા જાગૃત થાઓ ? તારી આણ, તારા આગમ અને તારી વાણી તેનું યથાર્થ પાલન કરવામાં જ અમારો આત્મા એકાગ્રતાવાળો થાઓ ?

પ્રભુ પાર્શ્વનાથ ! અમે તો તમારા શુદ્ધ માર્ગમાંજ પ્રવર્ત્તવાના છીએ, તમારી ભક્તિમાં—ધ્યાનમાં હમેશાં આતુર છીએ. પ્રભુ ! આપની ભક્તિ વચ્ચે આવનારાનો નાશ કરવા તમારો જ્વલંત પ્રભાવ પ્રકાશમાન થાઓ ! ” વઢીયાર દેશના મુંજપુર શહેરની નજીક આવેલા સંખેશ્વર ગ્રામમાં સંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની સમક્ષ ભારતનો એક પ્રાભાવિક મહાપુરૂષ પોતાના અંતરના ઉભરા બહાર કાઢી રહ્યો હતો; સમય અઢારમા સૈકાની પૂર્વ સદીનો હતો. તે સમયે સાધુ—સાધ્વીનો સમુદાય લગભગ બાવીશથી પચીશ હજારના પ્રમાણવાળો હતો. જેના શાસનનાયક શ્રી મહાવીરની પરંપરાએ ૬૧ મી પાટે થયેલા વિજયપ્રભ સૂરિ હતા. શાસનમાં તેઓ “ ગૌતમાવતાર ” તરીકે પૂજાતા. આ વખતે જૈન વસ્તી ગણુ ચાલીસથી પચ્ચાસ લાખ જેટલી અંકાતી હતી. આવો સમુદાય છતાં કલિકાળના દોષે કરીને તેમના આચાર વિચારમાં શિથિલતા આવી ગઇ હતી. ફક્ત અમુક પ્રમાણુમાંજ સાધુઓ આત્મહિતમાં તત્પર રહેવાનો પ્રયત્ન કરતા હતા. તેમની આવી શુદ્ધ પ્રવૃત્તિ અને પોતાની ઉપેક્ષા કરાતી જોઇને શિથિલાચારીઓ છળ—કપટ કરીને અનેક રીતે તેમની પજવણી કરતા હતા. આવા જ સાધુ તથા શ્રાવકના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિથિલાચારો જોઈને તે જમાનામાં થયેલા લાભાનંદજી નામે આત્માર્થી સાધુ ગચ્છબંધનનો ત્યાગ કરીને વનવાસી જેવા થઇ ગયા હતા, તેઓ એકાકીપણે વિહાર કરતા અલ્પ પ્રમાણ પરિગ્રહ રાખીને મંદિર, ધર્મશાળા, ચોતરો વગેરે એવી શૂન્ય જગાએ–એકાંત જગાએ પડી રહેતા–આત્મહિતમાંજ તત્પર રહેતા. એ મહાનિસ્પૃહી પુરૂષને ત્યાગવૃત્તિના પ્રભાવે કરીને અનેક શક્તિઓ ઉત્પન્ન થઈ હતી. આકાશગામિની સુવર્ણસિદ્ધિ આદિ વિદ્યા તેમની પાસે છતાં માયાના બંધનથી તે મુક્ત હતા. તેમના એક વચન માત્રથી ઘણાક ગરીબો ને અમીરોનાં મહાન કાર્યો સિદ્ધ થયાં છે એવા એ મહાપુરૂષ લાભાનંદજી વનવાસી થયા પછી આનંદમાંજ મસ્ત રહેતા, તેથી તે ' આનંદઘન ' ના નામથી પાછળથી પ્રસિદ્ધ થયા છે.

તે જમાનાના શાસનના પ્રાભાવિક પુરૂષોમાંના એક આનંદઘન સાધુઓની ખટપટોથી કંટાળી–મુક્ત થઇને આત્મહિતમાંજ રક્ત હતા. ત્યારે બીજી બાજુ એક બીજા મહાપુરૂષ આવીજ ખટપટોથી કંટાળીને આત્માની શાંતિને અર્થે તે વઢીયાર દેશમાં વિહાર કરતા આવ્યા. અને સંખેશ્વર પાર્શ્વનાથની આગળ હૃદયની એ ઉર્મિઓ ઠલવતા આપણે જોયા; એ મહાપુરૂષ તે શ્રીમાન્ **યશોવિજયજી** ઉપાધ્યાય હતા. આચારમાં–ગુણોમાં અને વિદ્વત્તામાં તે ' ગૌતમાવતાર ' ના અનુજબંધુ સમાન હતા. શાસનમાં ' મહાપ્રાભાવિક હતા. જેથી શિથિલાચારી સાધુઓ અનેક કારણો મેળવી તેમ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ને પજવી રહ્યા હતા. એ પજવણીથી કંટાળી દુર્જન જનો-ની જાળમાંથી મુકત થવાને તે અત્યારે સંખેશ્વરને અરજ કરી રહ્યા હતા. એ સંખેશ્વર પાર્શ્વનાથના અપૂર્વ મહિમાના જ્ઞાતા હતા.

બાળક જેમ પિતા આગળ હૃદયનો ઉભરો ખાલી કરીને શાંતિ મેળવે. આ પ્રાભાવિક મહાપુરૂષનું ઉદ્વેગ પામતું હૃદય એ ઠલવાઇ ગયેલા ઉભરાને અંતે શાંત થયું.

એ સંખેશ્વરનો અદ્વિતીય મહિમા તે સમયમાં પણ પ્રસિદ્ધ હતો, ઔરંગજેબ બાદશાહે તોડેલ મંદિર હાલમાં જ નવું થઈ પ્રતિષ્ઠિત થયું હતું. છતાં તેના માહાત્મ્યમાં જરાય ન્યૂનતા થઈ નહોતી. કેમકે મંદિર તૂટવા છતાં પણ મૂળ પ્રતિમા અક્ષતપણે જાળવી રખાઇ હતી. મંદિર તો જુનું ગયું ને નવું થયું. ભવિતવ્યતા હોય તેમ બન્યા કરે છે. સંકટ સમયમાં પણ મહાપુરૂષોનો પ્રભાવ કાંઇ ન્યૂન થતો નથી, તમ જગતના ક્ષુદ્ર પ્રાણીઓ ગમે તે પ્રકારે ઉપદ્રવ કરે તેની જેમને પરવા નથી એવા મહાપુરૂષોનો પ્રભાવ ન્યૂન થતો નથી તો પછી એ અનંત શક્તિમાન્ પ્રભુના મહાત્મ્યમાં કેમ ન્યૂનતા થાય ?

એવા પરમ પ્રભાવીક પ્રભુની ભકિતના અપૂર્વ રસ સાગરમાં લયલીન થવાથી એ મહાપુરૂષના કષાયો શાંત થયા. તેમનું ચિત્ત નિશ્ચળ–શુદ્ધ થઇ ગયું. તેમની સાથે કેટલોક સાધુ સમુદાય પણ હતો, શ્રાવકો પણ સાથે હતા. જેટલો સમય તેઓ ત્યાં રહ્યા ત્યાં લગી તેઓ પ્રભુની ભકિતમાં–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાનમાંજ પોતાનો અધિક સમય વ્યતીત કરતા હતા. રાધનપુરના જૈન શ્રીમન્તો અને મુંજપરના દરબાર એ પ્રભાવિક પુરૂષના અનન્ય ભક્ત હતા. મુંજપર ઠાકોર પ્રતિદિવસ તેમના દર્શને આવતો હતો. જેવો તે ભગવંતનો ભક્ત હતો તેવોજ ઉપાધ્યાયની પ્રાભાવિક પ્રભાથી તેમનો ગુણાનુરાગી હતો.

કેટલાક દિવસો ખુશનુમા શાંતિથી પસાર કરીને એ મહાપુરૂષ અનુકુળ સમયે સંખેશ્વરનો પ્રસાદ પામીને, ચિત્તની અશાંતિ શાંત થયા પછી ત્યાંથી પોતાના પરિવાર સાથે અન્યત્ર વિહાર કરી ગયા.

# પ્રકરણ ૨ જું.

## યશોવિજયજી ઉપાધ્યાય.

એ મહાપુરૂષનો જન્મ વિક્રમના સત્તરમા સૈકાના અંતમાં એટલે લગભગ ૧૬૭૦ માં થયો હતો. પુત્રનાં લક્ષણ પારણામાંથી વર્તાવા લાગ્યા. એટલે જન્મથીજ તેઓ બુદ્ધિવંત હતા. સાત વર્ષની નાની વયમાં એક દિવસે તેમની વિધવા માતા ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા ગયાં, ત્યારે જસાને સાથે તેડતાં ગયાં, પ્રતિક્રમણ કરીને ઘેર આવ્યાં, જસાએ તે આદ્યંત સાંભળ્યું, તરતજ તેના હૈયામાં વજ્ર સ્વામીની માફક ઉતરી ગયું.

ચોમાસામાં એક દિવસે વરસાદ વરસવાથી માતાજી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિક્રમણ કરવા ન જઇ શક્યાં જેથી તેમને અતિ દુઃખ થવા લાગ્યું; માતાને દિલગીર થતાં જોઇ જસાએ પૂછ્યું. " માજી ! કેમ શોક કરો છો ? "

" બેટા ! વરસાદ વર્ષે છે જેથી આજે મારે પ્રતિક્રમણ ના થયું. મારા નિયમનો આજે ભંગ થયો, તેથી મને દુઃખ થાય છે. "

માતાનાં વચન સાંભળીને એ સાત આઠ વર્ષના જસાએ કહ્યું. " તેમાં દિલગીર ન થશો, ચાલો હું તમને પ્રતિક્રમણ કરાવું. "

એ નાનકડા જસાએ એકજ વખત સાંભળવાથી કંઠાગ્ર કરેલું પ્રતિક્રમણ એક પણ ભૂલ વગર કરાવ્યું. માતાને ઘણીજ નવાઇ થઈ. દિકરાની આવી અપૂર્વ બુદ્ધિથી તેણી બહુ ખુશી થઈ.

બીજે દિવસે ગુરૂએ પૂછતાં માતાએ કહ્યું કે " મારા જસલાએ ગઈ કાલે મને પ્રતિક્રમણ કરાવ્યું. " ગુરૂ સાંભળીને અધિક આશ્ચર્ય પામ્યા.

પ્રભાતમાં ગુરૂજીએ જસાને બોલાવ્યો અને તેની હસ્તરેખાઓ જોઇને મસ્તક ધુણાવવા લાગ્યા. આગેવાન શ્રાવકોને બોલાવી સર્વે વાત કહી સંભળાવી. અને ગુરૂ શ્રાવકોને લઇને જસાને ઘેર આવ્યા. સંઘનાં પનોતાં પગલાં પોતાને ઘેર થયેલાં જોઈ જસાની માતાને ઘણોજ હર્ષ થયો—તેમનો આદર સત્કાર કર્યો. " આ પુત્ર સાધુ થાય તો હેમચંદ્ર સૂરિની માફક શાસનનો પ્રાભાવિક થશે. તેની હસ્તરેખા પરથી જોવાય છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે તે તમને કમાઈને ખવડાવશે નહિ. માટે શાસનની શોભાને અર્થે ગુરૂને તમે તમારો પુત્ર અર્પણ કરો." સંઘના આગ્રહથી માતાએ ગુરૂને પુત્ર સમર્પણ કર્યો.

ગુરૂનું નામ નયવિજયજી હતું. નયવિજયજી વિહાર કરતા કરતા હાલમાં અમદાવાદ મુકામે ઉતર્યા હતા. જસાની માતા તેમને ઉપાશ્રયે ચોમાસામાં પ્રતિક્રમણ કરવાને હરહંમેશ જતાં હતાં.

જગદ્‌ગુરૂ શ્રી હીરવિજયસૂરિ શ્રીમાન્ મહાવીરથી ૫૮ મી પાટે થયેલા છે, તેમના ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી ગણિ હતા, તેમના શિષ્ય લાભવિજયજી ગણિ થયા. તેમને જીતવિજયજી અને નયવિજયજી બે શિષ્યો હતા. એ જગદ્‌ગુરૂ હિરવિજયજીની પરંપરાએ થયેલા નયવિજયજીને માતાએ સંઘ સમક્ષ પુત્ર "જશો" અર્પણ કર્યો.

જશાને યોગ્ય ઉંમરનો થતાં ગુરૂ નયવિજયજીએ દીક્ષા આપીને તેનું યશોવિજયજી નામ રાખ્યું, ગુરૂના સમાગમમાં રહીને તે જમાનામાં જેટલું શ્રુત-શાસ્ત્ર હતું તે સર્વે ભણી લીધું. જૈનાગમોનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી તેમને ન્યાયશાસ્ત્ર અને વ્યાકરણ શાસ્ત્રમાં પારંગામી થવાની ઇચ્છા થઈ. તેમની સાથે તેમના જ જેવા બુદ્ધિશાળી સહાધ્યાયી વિનયવિજયજી થયા. ગુરૂની રજા લઇને બન્ને જણા સાધુનો વેશ ગોપવીને કાશી ગયા. ત્યાં બ્રાહ્મણ વેશ ધારણ કરીને અભ્યાસ કરવા લાગ્યા. યશોવિજયજીએ ન્યાયનો વિષય મુખ્ય અને વ્યાકરણનો ગૌણ રાખ્યો, ત્યારે વિનયવિજયજીએ ન્યાયનો ગૌણ રાખી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ને વ્યાકરણનો વિષય મુખ્ય રાખ્યો. અભ્યાસ કરતાં બાર બાર વર્ષ વહી ગયાં અને કાશીનો કોઈપણ પંડિત તેમના પ્રખર જ્ઞાન સામે ઉભો રહી શકે તેમ ન રહ્યો–એવા સમર્થ વિદ્વાન થયા! ગુરૂ પાસે ન્યાયશાસ્ત્ર સંબંધી એક પુસ્તક હતું તે ગુરૂ કોઇને શિખવતા નહી–બતાવતા નહીં પણ તે ગ્રંથ ફક્ત એકજ વખત સંભળાવવાની યશોવિજયજીએ ગુરૂને પ્રાર્થના કરી. ગુરૂએ તે મુજબ સંભળાવ્યો ને બન્નેએ અર્ધો અર્ધો કંઠે રાખી લીધો, પછી ઉતારી લીધો. તે સમયમાં એક દાક્ષિણાત્ય મહાન્ વિદ્વાન પંડિત કાશીના પંડિતોની લાજ લેવાને આવ્યો. "વિદ્વત્તાનો ડોળ કરનારા ઓ કાશીના પંડિતો ! આવો અને સભામાં મારી સાથે વાદ ચલાવો ?" એવી રીતે કાશીના પંડિતોને પડકાર્યા, પણ એ સમર્થ વિદ્વાનને જીતવાની કોઇની હીંમત ચાલી નહીં. જે કાર્ય કોઈથી થઇ શકયું નહિ તે કાર્ય કરવાને યશોવિજયજીએ હામ ભીડી. વિવાદ કરવાને સ્થળે સર્વ પંડિતો એકઠા મળ્યા અને વિવાદ થતાં જસાલાલે પેલા અહંકારી પંડિતને એકી સપાટામાં ન્યાયશાસ્ત્રની યુકિતથી જીતી લીધો. સભા આખી આશ્ચર્ય પામી–"ખરે, આ કોઈ જૈન હોવો જોઈએ, આવી કુશાગ્રબુદ્ધિ જૈન સિવાય બીજામાં સંભવે નહિં" સભામાં ખળભળાટ થતાં ગુરૂ સમય ઓળખીને જસા તથા વિનયને લઇને પોતાના મુકામે તુરત ચાલી ગયા એકાંતમાં લઇ જઈને ગુરૂ બન્નેને પૂછવા લાગ્યા. "કહો ! તમે કોણ છો ?" "ગુરૂદેવ ! માફ કરો ? અમે જૈન છીએ." "હવે તમારે માટે આ સ્થાન ભયાવહ છે, કારણ કે "જૈન"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ નામની સાથે આ ક્ષેત્રના અજ્ઞાન લોકોને વેર છે. તો તાકીદે અત્રેથી ચાલી નીકળો" ગુરૂએ છાની શિખામણ આપી દીધી, પણ હજુ કેટલાક ( પાંચસો ) શ્લોક–પણ શીખવાના બાકી હતા. તે તેજ (એકજ) રાતમાં મુખપાઠ કરી પરોઢીયામાં ગુજરાત તરફ નાસી છુટયા! જતી વખતે ગુરૂદેવને કહ્યું કે, " ગુરો! આપનો ઉપકાર ભૂલાય તેવો નથી. જ્યારે આપને ભીડ પડે ત્યારે ગુજરાતમાં આવજો, સેવકની આટલી વિનંતિ માન્ય કરશો" ગુરૂએ આશીર્વાદ આપ્યો.

એક દિવસે એકવીશ દિવસ પર્યંત ઑંકાર બીજ યુકત સરસ્વતીનો જાપ કરવાથી દેવીએ પ્રગટ થઈ વર માગવા કહ્યું. યશોવિજયજીએ ગ્રંથો રચવામાં સહાયતા માગી, ત્યારે આશિર્વાદ આપી સરસ્વતી અદૃશ્ય થઈ ગયાં.

હીરવિજયસૂરિના શિષ્ય ઉપાધ્યાય કલ્યાણવિજયજી ગણિ અને બીજા શિષ્યશ્રી કીર્ત્તિવિજયજી હતા, તેમના શિષ્ય વિનયવિજયજી, યશોવિજયજીના સહાધ્યાયી હતા. બન્ને જણ પાછળથી ગુરૂ પાસેથી પાઠક પદવીને પામ્યા છે.

તે સિવાય સત્યવિજયજી પંન્યાસ, ઉપાધ્યાયશ્રી માનવિયગણિ, જ્ઞાન વિમલસૂરિ, ધર્મમંદિરગણિ, દેવચંદ્રજી, શીઘ્ર કવિરત્ન ઉદયરત્નગણિ, કવિ રામવિજયજી, લાવણ્યસુંદર આદિ વિદ્વાન અને પ્રતિભાશાલી પુરૂષો તેમના સમકાલિન હતા.

અઢારમો સૈકો એ જ્ઞાનનો ઉદયકાળ હોવાથી વિદ્વાનો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક બીજાની સ્પર્ધા કરે તેવા હતા. પણ આચારમાં બીજા અનેક સાધુ સમુદાયમાં શિથિલતા આવી હતી. જેથી પંન્યાસજી સત્યવિજયજીને ક્રીયોદ્ધાર કરવાની જરૂર જણાઇ. પન્યાસ સત્યવિજયજી બહુજ શુદ્ધ ક્રીયા કરનારા હતા, ભગવંતની આણા પ્રમાણે શુદ્ધ ચારિત્ર પાળતા હતા. મહાવીરથી ૫૮ મી પાટે હીરવિજય થયા. ૫૯મી પાટે સવાઇ જગદ્‌ગુરૂ વિજયસેનસૂરિ થયા ૬૦મી પાટે વિજયદેવસૂરિ થયા તેમની પછી વિજયસિંહસૂરિ ૬૧મી પાટે થયા. તેમની પાસે ચૌદ વર્ષની વયમાં દિક્ષા લીધી, તેમનું નામ સત્યવિજય રાખ્યું, ગીતાર્થ પાસે અભ્યાસ કરતા અનુક્રમે શાસ્ત્રના પારંગામી થયા. પોતે ઉત્કૃષ્ટ ક્રિયા કરતા હોવાથી ગચ્છમાં તેમની ઉત્તમ ક્રિયા વિખ્યાતી પામી અને શુદ્ધ આચાર વિચાર પાળતા છતાં આદર્શ વૈરાગી તરીકે ઓળખાવા લાગ્યા. પોતે આવા શુદ્ધ ક્રિયા કરનાર છતાં તેઓ જોતા કે પોતાના ગચ્છમાં ક્રીયાની શિથિલતા બહુ છે. આ સમયમાં તેનો ઉદ્ધાર કરવાની ખાસ જરૂર છે, તેથી પોતાનો અભિપ્રાય ગુરૂને જણાવી તેમની રજા માંગી લીધી. ગુરૂએ તેમને રજા આપવાથી પોને અપ્રમત્તપણે એકાકી વિહાર કરવા લાગ્યા. પોતે છઠ્ઠનું તપ કરતા ઘણાને જૈન ધર્મમાં બોધ પમાડીને સ્થીર કરતા.

વિજયસિંહસૂરિ તો સં. ૧૭૦૯ લગભગમાં સ્વર્ગે સીધાવી ગયા, જેથી વિજયદેવસૂરિએ પોતાની પછી પટ્ટધર વિજયપ્રભસૂરિને સ્થાપ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમે તે યશોવિજયજીના સમાગમમાં આવ્યા, તેમને પોતાનો વિચાર જણાવી ક્રીયાનો ઉદ્ધાર કરવામાં તેમની સહાયતા માગી. ઉપાધ્યાયજી તેમની શુદ્ધ ક્રીયાના રાગી હતા, જેથી તેમણે અનુમતિ આપી, પોતે પણ બનતી મદદ કરવાને તૈયાર થયા, તેમના આ વિચારમાં જ્ઞાનવિમલસૂરિ પણ સંમત થયા.

આ સમયે સ્થાનકવાસી પંથના સાધુઓ પણ શ્વેત વસ્ત્રો પહેરતા હતા. અને શ્વેતાંબરી સાધુઓનાં પણ શ્વેત વસ્ત્ર હોવાથી, તેમની વચ્ચેનો ભેદ બરાબર કળી શકાતો નહીં. જેથી ક્રીયોદ્ધારનો તેમનો વિચાર દૃઢ થયો.

સુરતના સૂર્યમંડન પાર્શ્વનાથના મંદિરમાં પૂર્વોક્ત ત્રિપુટીએ મળીને પ્રસ્તુત વાતનો નિર્ણય કર્યો. અને શુભ મુહૂર્ત્તે ક્રીયોદ્ધાર કરી શ્વેત વસ્ત્રો હતાં તે ફેરવીને પીત વસ્ત્રો પરિધાન કર્યાં. દરેક સાધુઓ ક્રીયોદ્ધારમાં સામેલ થઇને પછીથી પીત વસ્ત્ર પહેરી શુદ્ધ ક્રીયા કરનારા થયા. કિંતુ જે પ્રમાદી-શિથિલાચારી હતા, તે તેમનાથી વિરૂદ્ધ થયા, પણ ક્રીયોદ્ધારમાં જોડાયા નહીં. ત્યારથી તે "જતીઓ" તરીકે ઓળખાવા લાગ્યા. અનુક્રમે તે દ્રવ્ય પણ રાખવા લાગ્યા. સ્ત્રીઓના પરિચયમાં આવવા માંડ્યા ને મંત્રાતંત્રાદિક પ્રયોગો કરી ધન મેળવવાનો પ્રયત્ન કરવા લાગ્યા! ક્રમે કરીને આચારમાં અધિકને અધિક શિથિલ થતા ગયા.

મહાપુરૂષ આનંદઘનજી જણાવતા હતા કે અત્યારે શાસનમાં ષડ્દ્રવ્યના જ્ઞાતા પ્રભાવક યશોવિજયજી છે. માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઇ પૂછવું હોય તો તેમને પૂછો ! તેઓ યથાર્થ પ્રત્યુત્તર આપશે. યશોવિજયજી અને આનંદઘનજી ઘણી વખત મળેલા છે. અને એક બીજાએ એક બીજાની વિદ્વત્તા કસી પણ જોઈ છે. જેથી યશોવિજયજી આનંદઘનજીને ચાહતા હતા, આનંદઘનજી હમેશાં ધ્યાનમાંજ મસ્ત રહેતા હતા.

એક દિવસ આનંદઘનજીની પ્રશંસા સાંભળીને ઉપાધ્યાયજીને તેમના સમાગમની ઈચ્છા થઈ. તેઓ વિહાર કરતા કરતા અનુક્રમે આબુજીની નજીક આવ્યા, ત્યાં એક ગામમાં તેઓ રહ્યા. તેમના વ્યાખ્યાનમાં હજારો માણસો આજુબાજુએથી તેમનું નામ સાંભળીને આવતાં હતાં. એક સમયે વ્યાખ્યાનમાં તેમણે અધ્યાત્મજ્ઞાન ઉપર વિવેચન કરવા માંડયું. તે સમયે નજીક રહેલા આનંદઘનજીને યશોવિજયજીના આગમનની ખબર પડવાથી તેમને પણ તે વિદ્વાનશિંરોમણિનું વ્યાખ્યાન સાંભળવાની ઈચ્છા થઈ, જેથી વ્યાખ્યાન ચાલતું હતું તે સમયે આનંદઘનજી મહારાજ ગુપચુપ આવીને સાધુઓના સમુદાયમાં બેસી ગયા.

યશોવિજયજીના અધ્યાત્મજ્ઞાનરૂપી અમૃતનું પાન કરીને સકલ સભા આશ્ચર્યથી મસ્તક ધુણાવવા લાગી. જ્યારે યશોવિજયજીએ ચોતરફ જોયું તો સકલ સભા પોતાના વ્યાખ્યાનથી મુગ્ધ થયેલી જોઈ, પણ સાધુઓમાં એક વૃદ્ધ અજાણ્યો સાધુ તો માત્ર જોયા જ કરતો હતો ! ઉપાધ્યાયે તેની તરફ નજર કરીને પૂછયું. " અરે વૃદ્ધ સાધો ? તમને આ વ્યાખ્યાન પસંદ પડયું કે કેમ ? "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" ખચીત ? આવો અનુપમ અધ્યાત્મરસ વિદ્વત્તા વગર કોઇ રેલાવી શકે જ નહિ. " તે વૃદ્ધ સાધુએ કહ્યું.

બાદ વાતચિત કરતાં ઉપાધ્યાયજીને તે પણ અધ્યાત્મજ્ઞાનના જાણકાર લાગ્યા, જેથી એક શ્લોક તદ્વિષય સંબંધી પૂછયો. જ્યારે તે વૃદ્ધ સાધુએ તે શ્લોકના અર્થ અને વિવેચન કરવા માંડ્યા. વિવેચન કરતાં ત્રણ ચાર કલાક પસાર થઇ ગયાં. ત્યારે શ્રોતાઓ ઉપાધ્યાય કરતાં પણ તેમના વિવેચનમાં વિશેષ આશ્ચર્ય પામ્યા. એ વૃદ્ધ પુરૂષના મુખમાંથી નીકળતું ઉચ્ચ પ્રકારનું વિવેચન યથાર્થ સમજી શકતા હતા. જેથી એ વૃદ્ધ પુરૂષના અધ્યાત્મજ્ઞાનથી તે ઘણા પ્રસન્ન થયા હતા. ત્યારેજ સમજણ પડી કે એ વૃદ્ધ પુરૂષ–સાધુ બીજા કોઇ નહી પણ મહાપુરૂષ આનંદઘનજી હતા. યશોવિજયજીએ તેમને મળીને–ઓળખીને પોતાનો અધિક હર્ષ વ્યકત કર્યો.

ત્યારપછી અવારનવાર તેઓ મળતા હતા. આનંદઘનજી દુનીયાની સર્વ ઉપાધિથી નિરાળા હતા. તેઓ જ્યાં ત્યાં પડી રહેતા, એકાકી વિચરતા અને અધ્યાત્મના રસમાં નિમગ્ન રહેતા હતા. જ્યારે ઉપાધ્યાયજી ત્યાગી, ઉચ્ચ ચારિત્રધારી, અને પ્રાભાવિક છતાં તેઓ ગચ્છમાં–સકળ સાધુઓના સમુદાયમાં વસતા હોવાથી શિથિલાચારીયો–દુર્જનો તેમને પજવ્યા કરતા હતા, તેમની એ પજવણીથી કંટાળીને તેઓ શ્રીસંખેશ્વર પાર્શ્વનાથ આગળ પોતાના એ ઉભરા કાઢી રહ્યા છે.

તેમણે ન્યાયના ૧૦૦ ગ્રંથો લખ્યાં છે, તે સિવાય બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ અનેક અણમોલ ગ્રંથો લખીને પોતાની પાછળ જ્ઞાનનો વારસો મુકી ગયા છે. સામાન્ય રીતે તેમનો ગ્રંથ લખવાનો સમય સંવત ૧૭૩૨ થી ૧૭૪૪ સુધી હતો, જે વખતે ગચ્છનાયક શ્રીં વિજયપ્રભસૂરિ વિદ્યમાન હતા.

સંવત ૧૭૪૪નું ચોમાસું તેમણે સુરતમાં કર્યું. ચોમાસું પૂર્ણ થયે તેઓ વિહાર કરતા કરતા અનુક્રમે ડભોઇ આવ્યા. સંવત ૧૭૪૫ ના માગસર શુદી ૧૧ ને દિવસે ડભોઇમાંજ શરીરનો ત્યાગ કરીને સ્વર્ગવાસ પામ્યા.

# પ્રકરણ ૩ જું.

## ખેડામાં વ્યાખ્યાન.

"अनित्यानि शरीराणि, वैभवो नैव शाश्वतः
नित्यं समीहितो मृत्युः कर्त्तव्यो धर्मसंग्रहः" ॥ १ ॥

"હે ભવ્યજનો! આ માયાવી જગતમાં ઉગરવા આપણે યથોચિત ધર્મ આચરવો જોઇએ. તીર્થંકર ભગવંતોએ ધર્મ બે પ્રકારે કથ્યો છે. સાધુધર્મ અને શ્રાવક ધર્મ. પાંચ મહાવ્રત, સામાયક ચારિત્ર, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સુક્ષ્મસંપરાય, ને યથાખ્યાત એ સર્વે લક્ષણો સાધુ પણાને સૂચવનારાં છે. મોક્ષ માર્ગે જવાને સાધુપણું એ રાજમાર્ગ છે. પણ જે સાધુપણું ગ્રહણ કરવાને અશ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ત છે, તેને માટે શ્રાવક ધર્મ ભગવંતે કથ્યો છે. તેના પણ બે પ્રકાર છે. દેશવિરતી અને અવિરતી. શ્રાવકને યોગ્ય યોજાયેલા બાર વ્રતમાંથી એકાદ પણ વ્રતવાળો કે તેથી અધિક વ્રતવાળો દેશવિરતિં કહેવાય છે, જ્યારે કોઈપણ વ્રત વગરનો, માત્ર દેવ ગુરૂ અને ધર્મની ભક્તિ કરનારો શ્રાવક અવિરતિમાં ગણાય છે. આવા ધર્મના મુખ્ય ચાર ભેદો છે. દાન, શિયળ. તપ અને ભાવ.

વિધવિધ પ્રકારના દાન કરનારામાંના કોઈ પ્રાણનું દાન દે, કોઇ સુપાત્રદાન કરે, કોઇ વૈયાવચ્ચ-સેવાનું દાન કરે, આમ એકગણું દાન કરી અનેકગણું ઉપાર્જન કરી મુક્તિ લક્ષ્મી વરે. પરંતુ ધ્યાન રાખજો કે જે ક્ષેત્રને સેવાની પહેલાં જરૂર હોય ત્યાં હાથ લાંબો કરવો જોઈએ.

જેમ દરેક દીવાઓનો પ્રકાશ સરખો હોતો નથી; દરેક રત્નો બરાબર હોતાં નથી; તેમજ દરેક શ્રીમાનો દાતારપદ પ્રાપ્ત કરી શકતા નથી. દાતારપદ તો મહાપુણ્યથીજ મળી શકે છે કે જેનાથી તે શિવવધુને નોતરૂં દઈ શકે છે.

લક્ષ્મી પામ્યા છતાં પણ મમ્મણ શેઠની માફક ન તો ખર્ચી શકે ન તો દાન દઈ શકે; તો લક્ષ્મી શા કામની ?

શ્રીમંતો ? આ મનુષ્યભવ, જૈનધર્મ, સદ્દગુરૂનો જોગ, લક્ષ્મીનું પ્રસન્નપણું અને અનુકુળ સમય એ સર્વ કંઇ તમારા હાથમાં છે, આવી સામગ્રી ફરી પાછી કયારે પામશું એ તો આપણે કેમ જાણીએ ? આટલી સામગ્રી છતાં જો આવો અવસર આપણે જતો કરીયે તો પછી વાંક કોનો ? આવું ભાવ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભર્યું વ્યાખ્યાન કરનારા કવિવર ઉદયરત્ન હતા. આવા અધ્યાત્મ રસભર્યા વ્યાખ્યાનથી પત્થરો પણ પીગલી જાય તો મનુષ્યના શા ભાર? તેમની અમૃત દેશના શ્રોતાઓના હૃદયમાં ચોંટી ગઇ.

ગુરૂ મહારાજ ઉદયરત્નનો ઉપદેશ—વ્યાખ્યાન સાંભળીને વૈરાગ્યના રસમાં છલકાતું શ્રોતાઓનું નરનારી મંડળ સમય થવાથી અત્યારે તો વેરાયું.

સં. ૧૭૫૦ ની સાલમાં તે દિવસે બપોરના મધ્યાન્હ સમયે કવિવર ઉદયરત્ન સિદ્ધાંતોનું અધ્યયન કરતા ઉપાશ્રયમાં બેઠા છે. ઇતર શિષ્ય વર્ગ પોત પોતાના પાઠ્યક્રમમાં જોડાયો છે. તે સમયમાં એક ગ્રહસ્થે આવીને ગુરૂ ઉદયરત્નને વંદન કર્યું. વાંદીને સામે બેઠો. આજે પ્રાતઃકાલમાં સાંભળેલી અમૃતવાણી તે શ્રેષ્ઠીના હૃદયમાં રમણ કરી રહી હતી, જેથી પોતાની લક્ષ્મીવડે કાંઇક સુકૃત ઉપાર્જન કરવાની તેમની ઇચ્છા થઇ. "મહારાજ! આપનાં સવારના વ્યાખ્યાને મને ઉંઘમાંથી જગાડયો છે, ઘણા પ્રયત્ને લક્ષ્મી મેળવી પણ તેનો વ્યય—સદ્‌વ્યય નથી કરી શકયો. અને સાંસારિક ઉપાધીઓથી જીંદગી નકામી કરી" આત્મવંચના કરતાં તે ભકત બોલ્યો.

"જુઓ શેઠ? એ તમારો વિચાર હૃદયનો હોય તો તે પ્રશંસવા યોગ્ય છે. આજે તમારે ત્યાં લક્ષ્મી છે. કુંટુંબવાડી ફાલી ફુલી છે અને હજી અવસ્થા પણ છે. વૃદ્ધાવસ્થાના રાક્ષસી સકંજામાં સપડાતાં પહેલાં "હાથે તેજ સાથે" સમજી જાવ તો સારૂં"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તેથીજ પ્રભો! આજે મારી મનોવૃત્તિઓ આપના ઉપદેશના રંગમાં રંગાણી છે, આપ જો કૃપા કરી અમારી સાથે પધારો તો મારી વૃત્તિ સંખેશ્વર પાર્શ્વનાથની યાત્રા કરવાની છે."

"ભવી! કેવી રીતે તમે જવા ચાહો છો?" ગુરૂએ પૂછયું,

"જે કોઇ શ્રાવક શ્રાવિકા સાથે આવે તેમને સાથે લઇને એક સંઘના રૂપમાં એ પ્રભુના દર્શન કરવાની આજે ઘણાય દિવસોથી મારા હૃદયમાં જીજ્ઞાસા હતી; પરંતુ અનેક વ્યવસાયને લીધે તે વિચાર આજસુધી અમલમાં મૂકી શકાયો નથી. જ્યારે આપના યોગે કરીને સમયનો રંગ બદલાયો છે, ત્યારે આપ સમા મુનિવરનો જોગ, સંઘસમુદાય, સંખેશ્વર પ્રભુની યાત્રા, તે માટેનો અનુકુળ સમય એ સર્વે આજે અનુકુળ છે. તો આપ જરૂર અમારી સાથે પધારો" શેઠજીએ પોતાના અંતરનો ભાવ સ્પષ્ટતાથી ગુરૂને સમજાવ્યો.

"શેઠ! તમારી ધર્મભાવના અનુમોદવા લાયક છે. હું ઉપરાંત તેથી બીજા પણ સાધુ સાધ્વીનો સમુદાય આવે તેને આમંત્રણ કરજયો. સંઘની ભકિત કરીને તમારા આત્માનું હિત કરજો."

"ગુરો! આપ યાત્રાએ નિકળવાનો શુભ દિવસ બતાવો કે તે અગાઉથી સર્વે પ્રકારની તૈયારી, સગવડતા કરવામાં આવે, સહધર્મી બંધુઓ અને બહેનોને આમંત્રવામાં આવે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂએ જ્યોતિષની ગણુના જોઈને શુભ દિવસ બતાવ્યો. તે જાણી લઇને શ્રેષ્ઠી પોતાને ઘેર આવ્યા, પ્રથમ તો તેમણે પોતાના કુંટુંબી અને સંબંધી જનોને બોલાવ્યા, તેમને જમાડી સત્કારી યાત્રા સંબંધીનો પોતાનો અભિપ્રાય જણાવ્યો. સાથે મુહુર્ત્તનો દિવસ પણ સૂચવ્યો, શ્રેષ્ઠીનો આવો શુભ સંકલ્પ સાંભળીને સર્વે સ્વજન સંબંધીઓએ તેમના વિચારને અનુમોદન આપ્યું, તેમના આ માંગલિક કાર્યમાં પોતે પણ મદદગાર થશે એમ સાથે સાથે જણાવ્યું.

સર્વેનો વિચાર એક થયા પછી એ ચતુર શ્રેષ્ઠીએ યાત્રા પ્રબંધ યોગ્ય જુદાં જુદાં કાર્યની વ્યવસ્થા કરવા માટે જેને જે જે યોગ્ય હતું તેનો ભાર તેને સોંપી દીધો. નગરમાં તથા અડખે પડખેનાં ગામમાંથી જેને આવવું હોય તેને માટે ટેલીયો ફેરવ્યો.

શુભ મુહૂર્તે શ્રેષ્ઠી ગુરૂ, તેમજ ચતુર્વિધ સંઘ સાથે સંખેશ્વરજીની યાત્રાએ નિકળ્યા. કુંટુંબી સૌભાગ્યવંતી લલનાઓ મંગલગીતો ગાવા લાગી. વાજીંત્રના મધુર રવો તેમને અભિનંદન આપવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૪ થું.

## જાગતો પ્રભાવ.

"ભગવન ! સંખેશ્વર જીનેશ્વર ! અમને દર્શન આપો ! હે પાર્શ્વરાજ ! તમે ઘણા જનને દર્શન આપી તાર્યા છે—બચાવ્યા છે. તો અમારી વખતે દ્વાર બંધ રખાવી કેમ બેઠા છો ! હે માનદ ! હજારો માણસો—આપના કિંકરો હાથ જોડીને આપના દર્શનની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. આ વખતે કેમ માન માગો છો ! અમારી ઉપર પ્રસન્ન થઈ તમે પોતેજ સ્વતઃ અમને દર્શન આપો, અમારાં કષ્ટ કાપો ! તમારા આ સેવકોને દર્શન આપી કૃતાર્થ કરો—સહાય કરો. હે દેવાધિદેવ ! આટલી બધી દર્શન આપવામાં વાર શી ? "

પ્રભુ ! તીર્થંકરોમાં પણ તું કાંઈક વિશેષ છે. ૧૦૮ નામ તમારાં છે—બીજાનાં નહીં. ૧૦૮ તો શું બલ્કે ૧૦૦૮ નામો પણ હે પાર્શ્વનાથ ! તમારાં છે. એક હોવા છતાં જગતમાં અનેક રૂપે પૂજાતા ભકત જનોનાં અભિવંચ્છિત પૂરતા અમારીજ વખતે મૌનતા ધારી કે શું ?

પ્રગટપ્રભાવી, પુરૂષાદાની ને આદેયનામકર્મ એ મહિમા તો સર્વે તીર્થંકરોમાં તમારોજ ગવાય છે. શું એ બધો ત્યારે ખાલીજ ખ્યાલ થાય છે. પ્રત્યક્ષ પુરાવા વગર પરોક્ષ વાતોમાં બધું વિશ્વાસેજ આધાર રખાય છે. આજે એ વિશ્વાસની કસોટી થાય છે "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરમ સાધુશ્રી ઉદયરત્નજી, સકળ નરનારી ને સાધુ સાધ્વીના સમુદાયથી પરવર્યા છતા વિહાર કરતા અનુક્રમે સંખેશ્વરજી આવ્યા. મધ્યાન્હ સમય થયેલો હોવાથી મંદિરનું દ્વાર બંધ હતું, પણ "પ્રભુનાં દર્શન કરીને પછીજ આહારપાણી કરવો" એવો અભિગ્રહ હોવાથી તેઓ સર્વે પરિવાર સહીત બંધ દ્વારની આગળ બેઠા, ને ભગવંતની સ્તુતિ કરવા લાગ્યા.

સંઘ સમુદાયમાં દેશપરદેશના ધનિકો હતા, અમદાવાદ, ખંભાત, સુરતના ભાવિકો અને રાંધનપુરના નવાબો, શ્રાવક શ્રીમંતો સંખેશ્વર લગભગમાં જ મળી ગયા હતા. મુંજપુર ઠાકોર પણ ત્યાં હતા. બીજા કંઈ અડખે પડખેના ગરાશીયા, રજપુતો આ સ્થીતિની ખબર પડતાં આવ્યે જતા હતા. બંધ દ્વાર જોઈને ઉદયરત્નજી સ્વતઃ દર્શન કરવાની અભિલાષા જાહેર કરીને ત્યાં આગળ બેઠા. સર્વે શ્રાવકો પણ દર્શન કરવાને આતુર હતા. ઉદયરત્નજીએ પ્રભુની સ્તુતિ–ગુણગ્રામ કરવા માંડયા. તેમનાજ ધ્યાનમાં–પ્રભુની ભકિતમાં "પાસ સંખેશ્વરા સહાય કર સેવકા દેવકા આવડી વાર લાગે, કોડી કરજોડી દરબાર ! આગે ખડા. ઠાકુરા ! ચાકુરા. માન માગે" એ ઉંડું ભાવ ગર્ભિત સ્તવન ત્યાંજ રચવા માંડયું. અનેક જણા આતુર હૃદયે શું 'થશે !' તે જોવા લાગ્યા. સર્વેનાં ચિત્ત અત્યારે એકજ ધ્યાનમાં હતાં.

તોફાની સમુદ્રમાં જેમ વહાણ ઉંચું નીચું થાય તેમ ભુવનપતિ નિકાયની નાગકુમાર નિકાયમાંની દેવસભામાં નાગેં-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દ્રનું સિંહાસન કંપાયમાન થયું "દેવસભામાં થતા નાટારંગમાં લાગેલું એક ચિત્ત તેમાં ભંગાણ પડયું " ઓહ આ શું !" નાગરાજ ચમકયા, મારૂં સિંહાસન કયા શત્રુએ કંપાવ્યું. આ અપૂર્વ કળા રસમાં ભંગાણ પડાવ્યું." તરતજ એમને હર્ષમાંથી એકદમ કોપ ઉત્પન્ન થયો, કોપની રેષાઓ તેમના વદન ઉપર તરવરી રહી. થોડીવારે અવધિજ્ઞાનવડે જોયું કે કોણ શત્રુ જાગ્યો છે તો આશ્ચર્ય લાગ્યું ! પોતાનું સિંહાસન કંપાવનાર શત્રુ નહીં પણ મિત્ર હતો. પ્રભુનો ભકત હતો. સંખેશ્વરની સ્થીતિ ત્યાં રહ્યે રહ્યે તેમણે અવલોકી તેથી તેમનો કોપ શાંત થયો. એ મહામુનિ ઉદયરત્નને ત્યાં બેઠા બેઠા વંદન કર્યું. સંઘ સમુદાયને નમન કર્યું અને તેમની અડગતા, પવિત્રતા, વૈરાગ્ય ભાવના, અભિગ્રહતા તથા સંઘ સમુદાયની અત્યારની એકાગ્રતા જોઈ ઇંદ્ર દીંગ થઇ ગયો. સામાનિકાદિ બીજા દેવોએ પુછયું "મહારાજ ? દેવેંદ્ર ! આપે શું કંઇયે આશ્ચર્ય જોયું ?"

" હા ? જુઓ ! અત્યારે ભરતક્ષેત્રમાં મહામુનિ ઉદય રત્ન શ્રાવક શ્રાવિકાના સમુદાય સાથે સંખેશ્વરજી આવેલા છે. મંદિરનાં દ્વાર બંધ છે; છતાં મનુષ્ય પ્રયત્ન વગર દૈવિક શકિતથી દ્વાર ઉઘડાવી પ્રભુના દર્શન કરવા તેઓ ઈચ્છે છે. જગતને એ જાગતા પ્રભુનો મહિમા બતાવવા માગે છે. દેવતાઓ ! એ મહામુનિ જયારે પ્રભુના દર્શન કરશે ત્યારેજ આહાર પાણી કરશે. "

" ત્યારે તો અહીં બેઠેજ મંદિરનાં દ્વાર હું ખોલી નાંખુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છું, એ મહામુનિની દર્શનેચ્છા–એ સમુદાયની આતુરતા, પૂર્ણ કરૂં છું. આમ એ જાગતા દેવનો મહિમા પુનઃ હું જાગૃત કરૂં છું તે તમે જુઓ!” નાગરાજે ઇંદ્ર આગળ કુદતાં જણાવ્યું.

એ મહામુનિએ જયાં એ સ્તવન પુરૂં કર્યું ત્યાં સર્વની અધિરાઈ વચ્ચે તરતજ એક ગયબી અવાજ થયો. અને વિદ્યુતના ચમકારા સાથે ધડાકા થયા.

એ ધડાકા સાથે ત્યાં એક દીવ્ય પ્રકાશ થયો જેથી સર્વેના નેત્રો સંકોચાઇ ગયાં, એ બંધ થયેલાં નેત્ર ઉઘડે તે પહેલાં તો તેમના અજાયબી વચ્ચે :બીજા કડાકા સાથેજ મંદિરના દ્વાર ઉઘડી ગયાં. સર્વેને પ્રભુની એ અલૌકિક પ્રતિમાનાં દર્શન થયાં.

સર્વેની ઇચ્છા સફળ થઇ. લોકો આશ્ચર્ય પામ્યા, વાયુને વેગે જોત જોતામાં ગામેગામ આ વાર્તા પ્રસરી ગઇ. સાથે ઉદય રત્નજીની કીર્ત્તિ પણ ગવાઈ રહી, જેથી મંદ પડેલા પ્રભુનો મહિમા પાછો અધિકપણે જૈન તેમજ અન્ય જાતિમાં ફેલાયો. અડખે પડખેના લોકો તેમની અધિક માનતા કરવા લાગ્યા. મુજપુરના દરબાર, તેના ભાયાતો, ગરાસીયાઓ અનન્ય શ્રદ્ધાવાળા થયા. શ્રાવકો તો ગાંડા ઘેલાં થયાં, જેણે દ્રવ્યનો વ્યય કર્યો હતો તે શ્રેષ્ઠીપણ સંતોષ પામ્યા. કેટલાક દિવસ રોકાઇને અનુક્રમે શ્રેષ્ઠી સમુદાય સાથે પોતાને વતન આવ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## શીઘ્રકવિ ઉદયરત્નજી.

વિક્રમ સંવતના અઢારસા સૈકાના મધ્ય સમયમાં ઉદય રત્નજી પણ જગત્પ્રસિદ્ધ સાધુ હતા. તેમણે ઘણા રાસો, સ્તવનો અને સજ્જાયો બનાવી છે. એ મૃદુ ભાષા, એ સરળ શૈલી અંતરના ભાવથી ભરેલી બાળકને પણ સાફ સમજાય તેવી ઉપદેશમય કૃતિઓ સમાજને મુગ્ધ કરે તેવી છે. એ બતાવે છે કે તેઓ શ્રી ગુર્જર ભાષા ઉપર પૂર્ણ કાબુ ધરાવતા હશે. જેથી પંડિતો તેમને અઢારમા સૈકાના શીઘ્રકવિ તરીકે ઓળખે છે. તેઓ જેવા વિદ્વાન્ હતા, તેવાજ શીઘ્રકવિ હતા. તેઓ વૈરાગ્યથી, ચારિત્રથી શ્રી મહાવીરની ઉત્કૃષ્ટ આણાનું પાલન કરતા હતા. એ બધું એની વૈરાગ્યમય કૃતિઓ ઉપરથીજ સાફ સમજાય છે.

સમજાય છે કે આ કવિવરનું માન ગુર્જરત્રા ભૂમિમાં વિશેષ હતું, અને તેમાં પણ સંખેશ્વર પાર્શ્વનાથનાં તેમના પ્રભાવથી દ્વાર સ્વતઃ ખુલ્લાં થયાં. ત્યારથી લોકો તેમને અધિક માન-સન્માનથી નવાજતા હતા. છતાં જણાય છે કે એ માન-પાનના બાહ્ય આડબરમાં ફસાયા ન હતા. તેનો પોતાના આત્મહિતમાંજ મસ્ત હતા.

પ્રભુશ્રી મહાવીરસ્વામીની પાટપરંપરાએ તપાગચ્છ રૂપી નભોમંડલમાં સૂર્યસમા હેમવિમલ સૂરિ ૫૫ મી પાટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયા. તેમની પછી સોળમાં સૈકામાં આનંદવિમલ સૂરિ, તથા વિજયદાન સૂરિ ભટ્ટારક થયા. એ સૈકામાં સં. ૧૫૬૨ માં કતુંક મત—ત્રિસ્તુતિ મત નિકળ્યો. તપાગચ્છમાંથી પાર્શ્વચંદ્ર નામના ઉપાધ્યાયે સં. ૧૫૭૨માં પોતાના નામથી એક જૂદો મત કાઢયો; જેથી સં. ૧૫૮૨માં આનંદવિમલ સૂરિએ ગુરૂરાજની આજ્ઞા મેળવીને સં. ૧૫૮૨ માં ક્રીયોદ્ધાર કર્યો. એ આનંદવિમલ સૂરિ સંવત ૧૫૯૬માં સ્વર્ગે ગયા. તેમની પાટે વિજયદાન સૂરિ ભટ્ટારક થયા. તેમને સૂરિપદ ૧૫૮૭ માં ગુરૂએ આપ્યું હતું.

તેજ વરસમાં સત્તરમા સૈકાના જગત્ પ્રસિદ્ધ પુરૂષ હીરવિજય સૂરિની દીક્ષા વર્ષની શરૂઆતમાં થઇ જણાય છે અને તે પછી એમના દાદાગુરૂ આનંદવિમલનું સ્વર્ગગમન થયું હશે. દીક્ષા વખતે હીરવિજયજીની ઉમર બાર વર્ષની પૂર્ણ થતી હતી. દીક્ષાનો દિવસ સં. ૧૫૯૬ ના કારતક વદી ૨ પાટણમાં હતો.

સત્તરમા સૈકાની શરૂઆતમાં એ વાચક થયા. સં. ૧૬૦૮ પછી ૧૬૧૦માં સૂરિપદે આવતાં ભવ્યજીવોને પોતાની પ્રાભાવિક શક્તિથી મુગ્ધ કરવા લાગ્યા. સં. ૧૬૨૨માં તેમના ગુરૂ સ્વર્ગવાસ પામ્યા. તેથી પોતેજ ગચ્છનાયક થયા. આ જગત પ્રસિદ્ધ પુરૂષ મહાન ત્યાગી છતાં દુર્જનો તરફથી થએલી ઘણી મુશ્કેલીઓ સહીને ધર્મનો પ્રકાશ ફેલાવી રહ્યા હતા. આ સમયમાં ભારતવર્ષ ઉપર અકબર બાદશાહનું સામ્રાજ્ય તપતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતું. એક દિન સૂરિનો ઉજ્વળ યશ તે સમ્રાટના કાને અથડા-વાથી શહેનશાહને સૂરિનો સમાગમ કરવાનું દિલ થયું. તે મુજબ તેઓ ફતેહપુર સીક્રીમાં પહેલવહેલા સં. ૧૬૩૯ના જેઠ વદી ૧૩ ના મળ્યા. ત્યાંથી બાદશાહે કેટલાંક ઉપયોગી પુસ્તક સૂરીશ્વરને ભેટ કર્યાં, ને સર્વે સાથે આગ્રે ગયા. ત્યાં સૂરીશ્વરે બાદશાહને અહિંસા સંબંધી ઉપદેશ આપી એના ચિત્તને કોમળ બનાવ્યું. તે પ્રસંગે બાદશાહે પ્રસન્નતાથી સૂરીશ્વરને જગદ્-ગુરૂનું બિરૂદ આપ્યું હતું. અનુક્રમે સં. ૧૬૫૨ માં જગદ્ગુરૂ ઉનામાં સ્વર્ગ સીધાવ્યા. તેમની ૫૯ મી પાટે શ્રી વિજયસેન ભટ્ટારક તેજ વરસમાં થયા. ઈતિહાસ ઉપરથી જણાય છે કે અકબરશાહના વખતમાં ભારતવર્ષમાં લગભગ દશ ક્રોડ જૈન વસ્તી હતી ને શ્રીવિજયસેનને બાદશાહ અકબરે "કાલિ-સરસ્વતિ" નું બિરૂદ આપ્યું હતું. સં. ૧૬૭૧ માં ખંભાત નગરમાં એ સ્વર્ગે સંચર્યા. તેમની પછી ૬૦ મા પટ્ટધર વિજયદેવસૂરિ થયા.

જ્યારે શહેનશાહ જહાંગીર સં. ૧૬૬૧ માં તખ્તનશીન થયા પછી કેટલેક સમયે તે જ્યારે માંડવગઢમાં સૈન્ય સહિત પડાવ નાખીને પડયો હતો, તેણે ફરમાન લખીને વિજય દેવ સૂરિને બોલાવ્યા, જેથી સૂરીશ્વર ખંભાતમાંથી વિહાર કરતા માંડવગઢ આવીને બાદશાહને મળ્યા. બાદશાહે ખુશી થઇને "સવાઇ મહાતપાનું બિરૂદ આપ્યું.

એમણે વિજયસિંહ સૂરિને સં. ૧૬૫૪માં દીક્ષા આપી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સં. ૧૬૭૩ માં વાચક અને ૧૬૮૨માં સૂરિપદે સ્થાપ્યા હતા. પરન્તુ ૧૭૦૯ માં સ્વર્ગે જવાથી વિજયદેવ સૂરિએ પોતાની પછી આચાર્ય થયેલા વિજયપ્રભ સૂરિને પટ્ટધર નીમ્યા, ને ૧૭૧૦ માં તેમને પોતે આચાર્યપદ આપ્યું.

એક તરફ પટ્ટધરની પાટપરંપરાએ ૬૧ મા પટ્ટધર વિજયપ્રભસૂરિ થયા, ત્યારે વિજયસેન સૂરિના બીજા પટ્ટધર વિજયતિલક સૂરિ હતા. એ વિજયતિલકસૂરિએ શીરોહીમાં કમલવિજય પંડિતને સં. ૧૬૭૬ માં સૂરિપદ આપીને તેમનું નામ વિજયાનંદ સૂરિ સ્થાપ્યું ને પોતાના પટ્ટધર બનાવ્યા, એમણે વિજયરાજ સૂરિને પોતાના પટ્ટધર બનાવ્યા.

એ અરસામાં શ્રીમદ્ રાજસાગર અમદાવાદના નગરશેઠ શાંતિદાસની મદદથી વિજયદેવસૂરિ પાસેથી બલાત્કારે વાસક્ષેપ ને સૂરિમંત્ર મેળવીને આચાર્ય થયા. ત્યારથી સં. ૧૬૮૬ ના જેઠ માસના શનીવારથી સાગર ગચ્છનો સ્થાપના થઈ.

સત્તરમાં સૈકાના અંતમાં તપાગચ્છમાં ત્રણ તડા પડયા. વિજયદેવસૂરિનો પરિવાર દેવસુરગચ્છ, વિજયાનંસૂરિથી તેમનો પરિવાર અણુસુર ગચ્છને નામે ઓળખાતો, તેમાં વળી ત્રીજો સાગરગચ્છ ભળ્યો.

અઢારમા સૈકાની શરૂઆતમાં એવી રીતે વિજયસેનસૂરિની પાટે વિજયદેવસૂરિ બીજા વિજયસેનની પરંપરાએ વિજયાનંદસૂરિ ને રાજસાગરસૂરિ હતા. એમ જણાય છે. તે સમય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માં જ્ઞાનવિમલસૂરિ જેઓ પ્રખ્યાત હતા. જેમની પૂજાઓ, સ્તવનો અને સજ્જાય અત્યારે પણ હોંશથી ગવાય છે અને જેમનાથી વિમલગચ્છ ચાલ્યો આવે છે. તે જ્ઞાન વિમલસુરિ સંવત ૧૭૧૦ થી તે ૧૭૭૨ સુધીમાં હયાત હતા.

વિજયાનંદ સૂરિના પટ્ટધર જેમ વિજયરાજ સૂરિ હતા. તેમજ બીજા પણ તેમના પરિવારમાં દીક્ષિત વિજય સૌભાગ્ય સૂરિ, રત્નવિજય સૂરિ ને પંડિત ગોપ ગણિ હતા. એ સર્વે વિજયાનંદ સૂરિના પરિવારમાં હતા. વિજય સૌભાગ્યના વિજય લક્ષ્મી સૂરિ થયા. જેમણે સંવત ૧૮૩૪ના કાર્તિક સુદી, ૫ ને ગુરૂવારના રોજ ઉપદેશ પ્રાસાદ વૃત્તિ રચી. સંવત ૧૮૪૫ માં વીશ સ્થાનકની પૂજા રચી, ખંભાતમાં ચોમાસું કરીને વિજયા દશમીએ. તે સિવાય જ્ઞાન પાંચમના દેવવંદન આદિ પણ છે.

બીજા વિજયાનંદસૂરિના પરિવારમાં રત્નવિજય સૂરિ થયા, તેમના શિષ્ય તેમની પાટે હીરરત્ન સૂરિ થયા. અઢારમા સૈકાના મધ્ય ગાળામાં એ હીરરત્નના શિષ્ય ઉદયરત્નજી થયા છે. સંવત ૧૭૬૩ ના શ્રાવણ વદી ૨ ને દિવસે તેમણે ખંભાતમાં ચોમાસું રહીને શીયલસંબંધી નવવાડની સજ્ઝાય રચી હતી.

હીરરત્ન સૂરિ પછી તેમની પાટે જયરત્ન સૂરિ થયા, તેમની પાટે ભાવરત્ન સૂરિ થયા, ઉદય રત્નજીના સમકાલીન ઘણા વિદ્વાનો હતા. વિજયાનંદ સૂરિના શિષ્ય શાંતિ વિજય,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેમના શિષ્ય જગત પ્રસિદ્ધ માન વિજય ઉપાધ્યાય કે જેમની વિદ્વત્તાનાં તેજમાં પ્રાભાવિક યશોવિજયજીએ સ્વમુખે વખાણ કર્યાં છે, તેમણે-ધર્મ સંગ્રહ નામનો ગ્રંથ સંવત ૧૭૩૮ માં લખેલ છે. તેમજ ખરતર ગચ્છીય દેવચંદ્રજી પણ તેમના સમકાલીન મહાન્ વિદ્વાન્ હતા. તેમનો દીક્ષા સમય સંવત ૧૭૩૨ માં હતો. ઓગણીશમાં સૈકાની શરૂઆતમાં પણ તેઓ હતા. (લગભગ સંવત ૧૮૧૨ સુધી હતા.)

શ્રીમદ્ વિજયાનંદ સૂરિએ સંખેશ્વરજીની પાંચવાર યાત્રા કરી હતી. તેઓ પણ યશોવિજયજીના સમકાલીન જણાય છે. ઉદયરતનજી અઢારમા સૈકાના અંત સુધી વિદ્યમાન હોય એમ જણાય છે. તે સમયમાં અમદાવાદના નગરશેઠ શાંતિદાસના પુત્ર લક્ષ્મીચંદ શેઠ સત્તરમા સૈકાની શરૂઆતમાં હતા. તે પછી તેમના પુત્ર ખુશાલચંદ શેઠ નગરશેઠ તરીકે મધ્ય સમયમાં થયા હતા.

૬૨મી પાટે ઉદયરત્ન કવિવરના સમયમાં પ્રથમ વિજયપ્રભ સૂરિ અને તેમની પાટે તેમની પછી વિજય રત્ન સૂરિ થયા જણાય છે. વિજય રત્ન સૂરિને સંવત ૧૭૩૨ માં વિજય પ્રભ સુરિએ નાગોરમાં પોતાના પટ્ટધર બનાવ્યા છે. તે સંવત ૧૭૭૩ સુધી સૂરિ પદે રહ્યા છે, તેમની પછી ૬૩ મી પાટે વિજય ક્ષમા સૂરિ સંવત ૧૭૭૩ માં સૂરિપદે-ભટ્ટારક પદે થયા છે. તે અઢારમા સૈકાનાં અંત પર્યંત એટલે ૧૭૮૪ સુધી રહ્યા છે. તે સાલમાં તેઓ શ્રી માંગરોલમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વર્ગવાસ થયા ને તેમની પાટે વિજય દયા સૂરિ સંવત ૧૭૮૪ માં ૬૪ માં ભટ્ટારક થયા, તે ઓગણીશમા સૈકાની શરૂઆતમાં હતા. સામાન્ય રીતે અઢારમા સૈકાની શરૂઆતમાં માનવિજયજી ઉપાધ્યાય, યશોવિજયજી, જ્ઞાનવિમલ સૂરિ, વિજસેન સૂરિ, વિજયદેવ સૂરિ, વિજયસિંહ સૂરિ, વિજય તિલક સૂરિ, વિજયાનંદસૂરિ, ધર્મ સાગર ઉપાધ્યાય, રાજસાગર સૂરિ એ બધા અમુક અમુક આંતરે છતાં સમકાલિન હતા. તેમનાં વ્યાખ્યાનનો લાભ શાંતિદાસ શેઠ રસપૂર્વક લેતા હતા ને સંખેશ્વરની યાત્રાએ પધાર્યા હતા.

આવી રીતે સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાના દર્શને હજારો જૈન તેમજ જૈનેતરો ટોળાબંધ આવવા લાગ્યા, તેમ તેમ તેમ પ્રભુનો જીવતો જાગતો ચમત્કાર ધીમે ધીમે પ્રકાશવા માંડયો, ભક્તજનો ચમકયા–" પ્રભુ ! કળીયુગમાં પણ તમારો ચમત્કાર ? " પ્રભુની પ્રતિમા મૌનવાણીમાં ભણકારા કરતી કે " ચમત્કાર જેવી વસ્તુજ જગતમાં નથી. તે તો આત્માની શક્તિ છે "

વાંચક બંધુ ! પ્રભુના દર્શને એકાદ વાર મ્હાર સાથે તું ન આવે ? આવવાનું મન થાય ત્યારે શ્રદ્ધા અને ભકિતનાં ફુડા સાથે લેતો આવજે !

**સમાપ્ત.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## જૈન સસ્તી વાંચનમાળાનું નામ-

દરેક જૈન બંધુઓની જાણુમાં છે; કારણ કે નીચેનાં સં. ૧૯૭૯-૮૦ ના ગ્રાહકોને અપાયેલાં પુસ્તકોથી દરેકને સંપૂર્ણ સંતોષ થયો છે અને દીવસે દીવસે તેવું ઉપયોગી સાહિત્ય પ્રગટ થાય છે, દર વરસે માત્ર રૂા ૨) માં મળતા પુસ્તકોનો લાભ લેવા હવે કોઇ પણ જૈન બંધુ ચુકશે નહિ. ૫૦૦ થી પણ વધુ પૃષ્ટનાં પુસ્તકો નીયમીત મળે છે. છુટક કિંમત કરતાં ગ્રાહક થવાથી કિંમતમાં પણ ફાયદો થાય છે. માટે **વાંચો અને ખાત્રી કરો.**

સં. ૧૯૭૯નાં—

| | | |
|---|---|---|
| ૧ કુમારપાળચરિત્ર. સચિત્ર. | પૃષ્ટ ૨૦૦ | ૧-૪-૦ |
| ૨ ભક્તિમાળા | ૧૫૦ | ૦-૮-૦ |
| ૩ મહાસતી ચંદનબાળા | ૫૦ | ૦-૩-૦ |
| ૪ સ્થુલીભદ્રચરિત્ર. | ૫૦ | ૦-૩-૦ |
| ૫ શ્રાવક શ્રાવિકા ધર્મ. | ૫૦ | ૦-૨-૦ |
| | ૫૦ | ૨-૪-૦ |

સં. ૧૯૮૦ નાં—૧ શ્રી આદિનાથચરિત્ર સવિસ્તર.

| | | |
|---|---|---|
| પાકુ રેશમી પુંઠું ઉંચા કાગળ | ૨૭૫ | ૨-૦-૦ |
| ૨ શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો સચિત્ર | ૧૭૫ | ૧-૪-૦ |
| ૩ શ્રી ધનપાલ પુરોહિત યાને તિલકમંજરી. | ૬૫ | ૦-૪-૦ |
| | ૫૧૫ | ૩-૮-૦ |

સં. ૧૯૮૧ નાં—તથા ૧૯૮૨-૧ શ્રી સિદ્ધસેન દિવાકર અથવા

| | | |
|---|---|---|
| વિક્રમના સમયનું હિંદ. | ૩૨૫ | ૧-૮-૦ |
| ૨ શ્રી કેશી મુનિ અને પ્રદેશી રાજા. | ૧૦૦ | ૦-૬-૦ |
| ૩ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ ચરિત્ર. | ૨૫૦ | ૧-૮-૦ |
| ૪ જૈનોના મહાન્ રત્નો ભાગ ૧ લો, છપાય છે. | | |
| | | ૩-૬-૦ |

**જૈન સસ્તી વાંચનમાળા.**

ઠે૦ રાધનપુરી બજાર—**ભાવનગર.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust